૫. ક્ષમતા નિર્માણ અને
૬. આબોહવા પરિવર્તન જોખમ વ્યવસ્થાપન

જ્યારે આ બધા વિષયો અગાઉ NDMP માં સમાવવામાં આવ્યા હતા, તેને આ આવૃત્તિમાં તેને વધુ વિગતવાર વર્ણન કરવામાં આવેલ છે. આ ઉપરાંત, ત્રણ સામેલ કરેલ વિષયોનું વર્ણન કરતા પ્રકરણો છે:

(ક) ૨૦૧૫ પછીના વૈશ્વિક માળખાના DRR માટે સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણ કરવું
(ખ) સામાજિક સમાવેશ અને
(ગ) DRR ને મુખ્ય પ્રવાહમાં વાળવો

પ્રતિભાવ

પ્રારંભિક ચેતવણી મળ્યા પછી તરત જ લેવામાં આવેલા પ્રતિભાવ પગલાં , તોળાઈ રહેલી આપત્તિની પૂર્વાનુમાન કરવું અથવા ચેતવણી વિના કોઈ ઘટના બને તેવા સંજોગોમાં આપત્તિ પછીની સ્થિતિ છે. આપત્તિના પ્રતિભાવનું પ્રાથમિક લક્ષ્ય જીવન બચાવવું, સંપત્તિ, પર્યાવરણનું રક્ષણ કરવું અને આપત્તિ પછી માનવ અને અન્ય જીવંત પ્રાણીઓની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા નું છે. અસરગ્રસ્તોની શોધ અને બચાવ અને સંભવિત હોનારત અથવા ગૌણ આફતથી અસરગ્રસ્ત લોકોને બહાર કા ઢવા પર તાત્કાલિક ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પ્રતિભાવ વિભાગમાં, મુખ્ય ભૂમિકા ભજવ તા મંત્રાલયો અને સંસ્થાઓની ભૂમિકાઓ , કામગીરી અને જવાબદારીઓનું વર્ણન કરવામાં આવ્યું છે. જો કે, સંદર્ભો, જાણકારીના આધારે અને ટેકનોલોજી બદલાતી હોવાથી , વિવિધ મંત્રાલયો અથવા સંસ્થાઓની ધારણા કરવામાં આવેલી મુખ્ય ભૂમિકાઓમાં કોઈપણ ફેરફારને પ્રતિબિંબિત કરવા માટે આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ સમયાંતરે સુધારવી જોઈએ.

રાષ્ટ્રીય સ્તરે , કેન્દ્ર સરકારે આપત્તિ-વિશિષ્ટ પ્રતિભાવોના સંકલન માટે ચોક્કસ મંત્રાલયોને મધ્યસ્થીને જવાબદારીઓ સોંપી છે. આપત્તિ-વિશિષ્ટ મધ્યસ્થ મંત્રાલય વિવિધ સંબંધિત મંત્રાલયો અને વિભાગો વચ્ચે સંકલન ઝડપી અને કાર્યક્ષમ પ્રતિભાવ આપવા માટે જ્યાં આપત્તિ આવી હોય તે રાજ્ય સરકાર સાથે સંપર્ક કરશે. રાજ્ય સરકાર રાજ્ય , જિલ્લા અથવા તાલુકા સ્તરે જરૂરિયાત મુજબ ઘટના પ્રતિભાવ ટીમો (IRT) ને સક્રિય કરશે. રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશની વિનંતી મુજબ વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો પ્રતિભાવ પ્રયાસોમાં મદદ કરશે. રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ અને જિલ્લા માટે વિગતવાર આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓમાં જેની જવાબદારીઓ નિયત કરવામાં આવી છે તેવી વિવિધ સંસ્થાઓ ચોક્કસ પ્રતિભાવ પગલાં લેવા માટે જવાબદાર રહેશે. રાજ્યમાં પ્રતિ ભાવદના સંકલન માટે અન્ય સંસ્થાઓ દ્વારા સમર્થિત મધ્યસ્થ સંસ્થા DMD અને જિલ્લા કક્ષાએ DDMA હશે.

પૂર્વવત્ત સ્થિતિ અને પુનઃનિર્માણ

વૈશ્વિક સ્તરે , આપત્તિ પછીના પુનઃસ્થાપન અને પુનર્વસન તરફનો અભિગમ વધુ સારી રીતે નિર્માણમાં બદલાઈ ગયો છે. આપત્તિઓ સામાન્ય જનજીવનમાં નોંધપાત્ર વિક્ષેપ, ભારે દુઃખ, જીવન અને સંપત્તિના નુકસાનમાં પરિણમે છે. વૈશ્વિક પ્રયાસો પુનઃસ્થાપન, પુનર્વસન અને પુનઃનિર્માણના તબક્કાને વિકાસના પગલાં લેવામાં આપત્તિના જોખમને ઘટાડવા અને સમુદાયોને આપત્તિઓ માટે સ્થિતિસ્થાપક બનાવવા માટે વધુ સારી રીતે નિર્માણ કરવાની એક તક તરીકે માને છે. વધુ સારી રીતે નિર્માણ એ પર્યાવરણ નિર્માણ પૂરતું મર્યાદિત નથી અને અર્થવ્યવસ્થા , સામાજિક પ્રથાઓ, સંસ્થાઓ અને પર્યાવરણને આવરી લેતી તેની વ્યાપક અમલવારી છે. સેન્ડાઇ માળખાની કલ્પના છે કે હિસ્સેદારો આપત્તિ પછી વધુ સારી રીતે નિર્માણ કરવા માટે તૈયાર રહેશે. હાલની તંત્રવ્યવસ્થાને અસરકારક ટેકો

પૂરો પાડવા અને વધુ સારી રીતે અમલીકરણ કરવા માટે મજબૂતીકરણની જરૂર છે. આપત્તિ પુનઃસ્થાપન ખૂબ જ મુશ્કેલ અને લાંબા સમય સુધી લંબાય છે. વાસ્તવિક આપત્તિ, સ્થાન, આપત્તિ પહેલાની પરિસ્થિતિઓ અને તે સમયે ઉદ્ભવેલી સંભાવનાઓના આધારે પુનર્નિર્માણ બદલાશે. રાષ્ટ્રીય આપત્તિ એવ્યવસ્થાપન યોજના પૂર્વોક્ત સ્થિતિ માટે સામૂહિક માળખું પૂરું પાડે છે કારણ કે તે વધુ સારી રીતે નિર્માણના તમામ સંભવિત ઘટકોની સંભાવના રાખવી શક્ય નથી.

ક્ષમતા વિકાસ

ક્ષમતા વિકાસ તમામ સ્તરે સંસ્થાઓ , તંત્રવ્યવસ્થા અને તમામ હિસ્સેદારોની ક્ષમતાઓને મજબૂત બનાવે છે. યોજના ક્ષમતા વિકાસ માટે વ્યૂહાત્મક અભિગમની જરૂર છે અને તેને કાર્યક્ષમ બનાવવા માટે વિવિધ હિસ્સેદારોની સક્રિય ભાગીદારીની જરૂરિયાતને ઓળખે છે. યોજના યોગ્ય સંસ્થાકીય માળખું, વ્યવસ્થાપન પ્રણાલીઓ અને આપત્તિઓના અસરકારક નિવારણ અને સંચાલન માટે સંસાધનોની ફાળવણીના પડકારને ઉકેલે છે. આપત્તિ વ્યવસ્થાપનના તમામ તબક્કાઓ માટે ક્ષમતા વિકાસની આયોજન જરૂરિયાતો વર્ણવવામાં આવી છે.

ધિરાણ વ્યવસ્થા

આપત્તિ રાહતનું ધિરાણ સંઘીય રાજકોષીય સંબંધોનું મહત્વનું પાસું રહ્યું છે. આપત્તિ વ્યવસ્થાપન યોજના, ૨૦૦૯ અનુસાર આપત્તિ વ્યવસ્થાપનની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારોની છે. આનો અર્થ એ છે કે, આપત્તિ દરમિયાન બચાવ, રાહત અને પુનર્વસન પગલાં લેવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારોની છે. કેન્દ્ર સરકાર તાર્કિક અને નાણાંકીય સહાય દ્વારા તેમના પ્રયત્નોને પૂરક બનાવે છે. અધિનિયમ, ૨૦૦૫, આપત્તિ વ્યવસ્થાપન અને નાણાંકીય પાસાઓ સહિત તમામ સંબંધિત બાબતો માટે કાનૂની માળખું પૂરું પાડે છે. સમગ્ર આપત્તિ વ્યવસ્થાપન કાળચક્રનું ધિરાણ ભારત સરકારે ઠરાવેલ ધોરણો મુજબ થશે. વિકાસ યોજનાઓમાં જરૂરિયાતોને મુખ્ય પ્રવાહમાં લાવીને આપત્તિ જોખમ ઘટાડી શકાશે.

કરેલા સુધારાઓ – એક ઝલક

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાની આ સુધારેલ આવૃત્તિમાં આપત્તિ જોખમ ઘટાડા સંબંધિત ત્રણ અલગ વિષયલક્ષી પ્રકરણો ઉમેરવાને કારણે અગાઉની યોજના ના દસની સરખામણીમાં ચૌદ પ્રકરણોનો સમાવેશ કરાયો છે: (ક) ૨૦૧૫ પછીના ત્રણ વૈશ્વિક માળખામાં સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણ કરવું, (ખ) સમુદાય સામેલગીરી અને (ગ) મુખ્ય પ્રવાહમાં વાળવું. નીચેના જોખમોને લગતા નવા વિભાગો ઉમેરવામાં આવ્યા છે: (ક) વાવાઝોડું, આકાશી વીજળી પડવી , તોફાન, ધૂળની આંધી અને ભારે પવન, (ખ) વાદળ ફાટવું અને કરા પડવા (ગ) હિમ સરોવર વિસ્ફોટથી પૂર આવવું

(GLOF), (ઘ) ગરમીનું મોજું, (ચ) જૈવિક અને જાહેર આરોગ્ય કટોકટી (BPHE) અને (છ) જંગલ દવ ખતરો. આપત્તિ જોખમ ઘટાડા ના નીચેના પડકારોની કેટલીક વિગતવાર ચર્ચા કરવામાં આવી છેઃ (ક) આબોહવા પરિવર્તન જોખમો, (ખ) પશુધન, (ગ) પર્યાવરણ અને વન્ય જીવ (ઘ) સાંસ્કૃતિક ધરોહર સ્થળો, તેની આસપાસનો વિસ્તાર અને સંગ્રહાલયો અને (ચ) વૈશ્વિક મહાવિનાશકારી જોખમો. સમય મર્યાદાનો સમાવેશ અને સમયમર્યાદામાં યોજનાના વિવિધ તત્વોનું સૂચક જૂથ બનાવવું , એ ઉમેરવામાં આવેલ અન્ય મુખ્ય પાસાઓ છે. પ્રતિભાવો અને સઘન સમીક્ષાઓના આધારે , વિવિધ વિભાગોમાં વધુ વિગતો ઉમેરવામાં આવી છે.

યોજનાનું માળખું

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં ૧૪ પ્રકરણો છેઃ (૧) પ્રારંભિક, (૨) ખતરો જોખમ અને પડકારો, (૩) આપત્તિ જોખમ ઘટાડા માટે ૨૦૧૫ પછીના ત્રણ વૈશ્વિક માળખાને સુસંગત અને પરસ્પર મજબૂતીકરણ કરવું, (૪) આપત્તિ જોખમ ઘટાડામાં સામાજિક સામેલગીરી, (૫) આપત્તિ જોખમ ઘટાડાને મુખ્ય પ્રવાહમાં વાળવું, (૬) આપત્તિ સ્થિતિસ્થાપકતા નિર્માણ- જવાબદારી માળખું: ભાગ-ક, પ્રસ્તાવના, (૭) આપત્તિ સ્થિતિસ્થાપકતા નિર્માણ- જવાબદારી માળખું: ભાગ-ખ, (૮) તૈયારી અને પ્રતિભાવ , (૯) પૂર્વવત્ત સ્થિતિ અને શ્રેષ્ઠ નિર્માણ, (૧૦) ક્ષમતા વિકાસ- એક ઝલક, (૧૧) ધિકાણ વ્યવસ્થા, (૧૨) આપત્તિ જોખમ તંત્રને મજબૂત બનાવવું , (૧૩) આંતરરાષ્ટ્રીય સહકાર , અને (૧૪) યોજનાનું નિરીક્ષણ અને અદ્યતન કરવું.

૧.પ્રારંભિક

૧.૧ પાયાની સમજ

આપત્તિ જોખમ ઘટાડાનું સંયુક્ત રાષ્ટ્રનું કાર્યાલયની (UNISDR[1]) સુધારેલી પરિભાષા 'આપત્તિ' ને આ રીતે વ્યાખ્યા કરી છે:

> ‘‘પરસ્પર અસર પહોંચાડતી જોખમી ઘટનાઓ ની સ્થિતિ, અસુરક્ષા અને માનવી, સામગ્રી, આર્થિક અને પર્યાવરણીય નુકસાન અને અસરો પૈકી નીચેનામાંથી એક અથવા વધુ તરફ દોરી જતી ક્ષમતાને કારણે કોઈપણ સ્તરે સમુદાય અથવા સમાજની કામગીરીમાં વિક્ષેપ પાડવો’’(UNISDR 2016).

દુર્ઘટનાની અસર તાત્કાલિક અને સ્થાનિક હોઈ શકે છે પરંતુ ઘણી વખત તે વ્યાપક ફેલાય છે, ઘણી વખત ઘટના પછી લાંબા સમય સુધી ચાલુ રહે છે. સંસાધનોનો તાત્કાલિક ઉપયોગ કરીને સામનો કરવા માટે સમુદાય અથવા સમાજની ક્ષમતાને પડકાર અથવા પ્રભાવિત કરી શકે છે , અને તેથી આસપાસના અધિકારક્ષેત્રો, અથવા રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરોનો સમાવેશ કરતા જોખમોનો પ્રતિકાર કરવો. UNISDR આપત્તિને હાલની અસુરક્ષાની પરિસ્થિતિઓ , અને સંભવિત નકારાત્મક પરિણામો ઘટાડવા અથવા તેનો સામનો કરવા માટે અપૂરતી ક્ષમતા અથવા પગલાં જેવા ઘણા પરિબળોના સંયોજનનું પરિણામ માને છે . આપત્તિની અસરમાં જાનહાનિ, ઇજાઓ, રોગ અને માનવી ય શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી પર અન્ય નકારાત્મક અસરો ની સાથે મિલકતને નુકસાન, સંપત્તિનો નાશ, સેવાઓનું નુકસાન, સામાજિક અને આર્થિક વિક્ષેપ અને પર્યાવરણીય અધઃપતનનો સમાવેશ કરી શકાય છે.

આપત્તિ અધિનિયમ, ૨૦૦૫, આપત્તિ માટે નીચેની વ્યાખ્યાનો ઉપયોગ કરે છે:

> ‘‘આપત્તિ એટલે મહાવિનાશ, દુર્ઘટના, વિપત્તિ અથવા કુદરતી અથવા માનવસર્જિત કારણોથી ઉદ્ભવતા કોઈપણ વિસ્તારમાં ગંભીર ઘટના , અથવા અકસ્માત અથવા બેદરકારી ના કારણે જીવનનું નોંધપાત્ર નુકસાન માં પરિણમવું અથવા માનવી ય દુઃખ અથવા તેનું નુકસાન અને સંપત્તિનો નાશ, અથવા તેનું નુકસાન, અથવા પર્યાવરણનું અધઃપતન અને અસરગ્રસ્ત વિસ્તારના સમુદાયની સામનો કરવાની ક્ષમતા કરતા વધારે હોય તેવો પ્રકાર અથવા તીવ્રતા છે’’.

---

[1] આપત્તિ જોખમ ઘટાડાનું સંયુક્ત રાષ્ટ્રનું કાર્યાલયે ૧ લી મે ૨૦૧૯ ના રોજ તેના ટૂંકાક્ષરને સત્તાવાર રીતે UNISDR ને UNDRR કરી દીધું છે. જો કે, પહેલાનું ટૂંકું નામ UNISDR હજુ પણ આપત્તિ જોખમ ઘટાડવા માટેની આંતરરાષ્ટ્રીય વ્યૂહરચના હેઠળ પ્રકાશિત સંદર્ભોમાં વપરાય છે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના સરકારી સંસ્થાઓને આપત્તિ વ્યવસ્થાપન ચક્રના તમામ તબક્કાઓ માટે એક માળખું અને દિશા પૂરી પાડે છે (આકૃતિ ૧:૧). રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના એ અર્થમાં "ગતિશીલ દસ્તાવેજ" છે કે તે સમયાંતરે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રયાસો અને આપત્તિ વ્યવસ્થાપનમાં જ્ઞાનના આધારને ધ્યાનમાં રાખીને સુધારવામાં આવશે. તે આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓ , આપત્તિ વ્યવસ્થાપન ની રાષ્ટ્રીય નીતિ, ૨૦૦૯ માં આપવામાં આવેલ માર્ગદર્શન અને પ્રસ્થાપિત રાષ્ટ્રીય પ્રથાઓ અનુસાર છે. કેન્દ્ર અથવા રાજ્ય ની સંબંધિત સંસ્થાઓ આપત્તિના પ્રકાર અને તીવ્રતાના આધારે આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં વિવિધ તબક્કામાં આપત્તિ વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ હાથ ધરશે.

દરેક રાજ્યની અંદર, રાજ્ય સરકાર પ્રાથમિક રીતે આપત્તિ માટે જવાબદાર છે. જો કે, પરિસ્થિતિનો અસરકારક રીતે સામનો કરવા માટે રાજ્યના સંસાધનો અપૂરતા હોય ત્યાં રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર પાસે મદદ માગી શકે છે. આ ઉપરાંત , એવી પરિસ્થિતિઓ કે જેમાં કેન્દ્ર સરકારના આપત્તિ વ્યવસ્થાપનના અમુક પાસાઓમાં સીધી જવાબદારી હશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના આ બંને આવશ્યકતાઓ સાથે સંબંધિત હોવાથી મોટાભાગના કિસ્સાઓમાં કેન્દ્રીય સંસ્થાઓની સંબંધિત રાજ્ય સરકારોને ટેકો આપવાની ભૂમિકા રહેશે. અપવાદરૂપ સંજોગોને બાદ કરતા , રાજ્ય સરકારો પ્રથમ પ્રતિસાદકર્તાઓને તૈનાત કરશે અને આપત્તિ વ્યવસ્થાપનને લગતી અન્ય પ્રવૃત્તિઓ કરશે.



આકૃતિ ૧:૧ આપત્તિ વ્યવસ્થાપન ચક્ર

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના, આપત્તિ વ્યવસ્થાપન ચક્રના તમામ પાસાઓને આવરી લેતું માળખું પૂરું પાડે છે. તે આપત્તિ જોખમ ઘટાડવા , શમન, સજ્જતા, પ્રતિભાવ, પુનઃસ્થાપન અને સારી રીતે નિર્માણને આવરી લે છે. તે અસરકારક આપત્તિ વ્યવસ્થાપનના બહુવિધ જોખમોને આવરી લેતા

વ્યાપક માળખાની જરૂરિ યાત ઓળખે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના, એક સંકલિત અભિગમનો સમાવેશ કરે છે જે સરકારી સંસ્થાઓ, સંખ્યાબંધ અન્ય સંબંધિત સંગઠનો, ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને સ્થાનિક સમુદાયોની સામેલગીરીને સુનિશ્ચિત કરે છે.

જો જવાબદારીના માળખામાં કોઈપણ અસ્પષ્ટતાને દૂર કરવામાં આવી ન હોય, તો રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના જરૂરિયાતને ઓળખે છે . આથી, આપત્તિઓને સંભાળવામાં વિવિધ તબક્કે કોણ જવાબદાર છે તે સ્પષ્ટ કરે છે. આપત્તિ વ્યવસ્થાપનનાં તમામ તબક્કાઓ માં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના નો નિર્ધારિત રીતે અમલ કરવામાં આવે છે: (ક) શમન (નિવારણ અને જોખમ ઘટાડવું), (ખ) સજ્જતા, (ગ) પ્રતિભાવ અને (ઘ) પૂર્વવત્ત સ્થિતિ (લાંબા ગાળાના નિર્માણને તાત્કાલિક પુનઃસ્થાપિત કરવું વધુ સારું).

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના કેન્દ્ર અને રાજ્ય સરકારો અને ભારતમાં અન્ય સંબંધિત હિસ્સેદારો દ્વારા સંસાધનોને ઝડપ થી ચોક્કસ દિશામાં વાળવા અને અસરકારક આપત્તિ વ્યવસ્થાપન માટે ભૂમિકા ની સ્પષ્ટતા સાથે એક માળખું પૂરું પાડે છે. જ્યારે તે મુખ્યત્વે સરકારી સંસ્થાઓની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે , ત્યારે તે સંભવિત પ્રયોક્તા તરીકે સમુદાયો અને બિન-સરકારી સંસ્થાઓ સહિત આપત્તિ વ્યવસ્થાપનમાં સામેલ તમામ લોકોનો વિચાર કરે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના આપત્તિ વ્યવસ્થાપનના કાર્યક્ષેત્ર અને સંબંધિત સંસ્થાઓને તેમની જવાબદારીઓ અને જવાબ દેહીની ભૂમિકાઓને આવરી લે તું અને અસરકારક શમન , સજ્જતા વધારવા અને પૂરતો પ્રતિભાવ મેળવવા માટે જરૂરી એવું એક સારું સ્પષ્ટ માળખું પૂરું પાડે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ કરેલા પગલાં એ એક ગતિશીલ દસ્તાવેજ છે, તે નમૂનારૂપે છે પણ સંપૂર્ણ નથી. વૈશ્વિક પ્રથાઓ અને રાષ્ટ્રીય અનુભવોના આધારે , યોજના સમયાંતરે સમીક્ષાઓ અને અદ્યતનીકરણ દરમિયાન ફેરફારોનો સમાવેશ કરશે.

સુધારેલ UNISDR પરિભાષા મુજબ, આપત્તિ વ્યવસ્થાપન એ "આપત્તિઓમાંથી પ્રતિભાવ આપવા અને બહાર આવવા માટે સંગઠન , આયોજન અને ઉપયોગમાં લેવાના પગલાંની તૈયારી" છે અને આપત્તિ ખતરો વ્યવસ્થાપન એ "આ પત્તિ ખતરો ઘટાડવાની નીતિઓ અને વ્યૂહરચનાઓનો ઉપયોગ નવા આપત્તિ ખતરોને રોકવા માટે, હાલના આપત્તિના ખતરોને ઘટાડવા અને શેષ ખતરોનું સંચાલન કરવા માટે, સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા અને આપત્તિના નુકસાનને ઘટાડવામાં ફાળો આપે છે " (UNISDR 2016a). જે અર્થમાં આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ આપત્તિ વ્યવસ્થાપન શબ્દ પ્રયોગ આપત્તિ વ્યવસ્થાપન, આપત્તિ જોખમ ઘટાડો અને આપત્તિ જોખમ વ્યવસ્થાપન વચ્ચે સ્પષ્ટ ભેદ રાખ્યા વગર લગભગ આવરી લે છે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના, ૨૦૦૯ અને આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ દસ્તાવેજોમાં વપરાયેલ આપત્તિ વ્યવસ્થાપન શબ્દ આપત્તિ જોખમમાં ઘટાડો , આપત્તિ જોખમ

વ્યવસ્થાપન, આપત્તિની તૈયારી, આપત્તિ પ્રતિભાવ અને આપત્તિ પછીની પૂર્વવત્ત સ્થિતિ એ તમામ પાસાઓને આવરી લે છે. આ દસ્તાવેજ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ માં વ્યાખ્યાયિત કરેલ એ જ અર્થ સાથે શબ્દનો ઉપયોગ કરે છે:

''નીચેના માટે જરૂરી અથવા યોગ્ય એવા પગલાઓનું આયોજન કરવું, સંગઠન કરવું, સંકલન કરવું અને પગલાનો અમલ કરવાની સતત અને સંકલિત પ્રક્રિયા '' છેઃ (૧) કોઈપણ આપત્તિના ભય અથવા ખતરા સામે અગમચેતી, (૨) કોઈપણ આપત્તિના જોખમને અથવા તેની ગંભીરતા અથવા પરિણામ ને ઘટાડવું અથવા તીવ્રતાની માત્રા ઓછી કરવી , (૩) ક્ષમતા-નિર્માણ, (૪) કોઈપણ આપત્તિનો સામનો કરવાની તૈયારી, (૫) કોઈપણ ભય ફેલાવનાર આપત્તિ પરિસ્થિતિ અથવા આપત્તિ સામે તાત્કાલિક પ્રતિક્રિયા, (૬) કોઈપણ આપત્તિની અસરોની તીવ્રતા અથવા તીવ્રતાનું મૂલ્યાંકન (૭) સ્થળાંતર, બચાવ અને રાહત, અને (૮) પુનર્વસન અને પુનઃનિર્માણ.

અચાનક મોટા પાયે આપત્તિઓ (ભારે જોખમો) સિવાય , નાની વારંવારની ઘટનાઓ (વ્યાપક જોખમો) અને ધીમે ધીમે વિકાસિ ત આરોગ્ય, સલામતી, સુરક્ષા અને પર્યાવરણીય કટોકટી ની અસરોનો સંચય સમાજ અને ટકાઉ વિકાસ પર ગુપ્ત પરંતુ મોટી અસર કરે છે. આપત્તિનું જોખમ એ જાનહાની, ઈજા, અથવા નાશ પામેલી અથવા ક્ષતિગ્રસ્ત સંપત્તિનું સંભવિત નુકશાન છે જે ચોક્કસ સમયગાળામાં તંત્ર, સમાજ અથવા સમુદાયને થઈ શકે છે, જે ખતરો, એક્સપોઝર, અસુરક્ષા અને ક્ષમતાના કાર્ય તરીકે સંભવિત રીતે નક્કી કરવામાં આવે છે. UNISDR (2016) અનુસાર, આપત્તિ જોખમની પરિભાષા જોખમની ઘટનાઓ અને આપત્તિઓના વિચારને પ્રતિબિંબિત કરે છે કારણ કે તે સતત હાલની જોખમી પરિસ્થિતિઓનું પરિણામ છે. માપવા મુશ્કેલ હોય એવા આપત્તિના જોખમમાં વિવિધ પ્રકારના સંભવિત નુકસાનનો સમાવેશ થાય છે.

સ્વીકાર્ય જોખમ, અથવા સહનશીલ જોખમ, હાલની સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, તકનીકી અને પર્યાવરણીય પરિસ્થિતિઓના આધારે આપત્તિ જોખમને સ્વીકાર્ય અથવા સહનશીલ ગણવામાં આવે છે. ઇજનેરીના સંદર્ભમાં, સ્વીકાર્ય જોખમનો માળખાકીય અને બિન -માળખાકીય પગલાંનું મૂલ્યાંકન કરવા અને વ્યાખ્યાયિત કરવા વાપરવામાં કરવામાં આવે છે જે લોકો , મિલકત, સેવાઓ અને પ્રણાલીઓને સંભવિત નુકસાનને પસંદ કરેલા વિકલ્પોને સહનશીલ સ્તર સુધી ઘટાડવા માટે જરૂરી છે , તેવા જોખમો અને અન્ય પરિબળોની જાણીતી સંભાવનાઓ એવી સંજ્ઞા અથવા "સ્વીકૃત પ્રથા" અનુસાર આધારિત છે.

શેષ જોખમ એ આપત્તિનું જોખમ છે જે અસરકારક આપત્તિ જોખમ ઘટાડવાના પગલાં હોય ત્યારે પણ રહે છે અને જેના માટે કટોકટીનો પ્રતિભાવ અને પૂર્વવત્ત ક્ષમતા જાળવી રાખવી જોઈએ. આપત્તકાલીન સેવાઓ , સજ્જતા, પ્રતિભાવ અને પૂર્વવત્ત સ્થિતિ માટે અસરકારક ક્ષમતાઓ

વિકસાવવાની અને સમર્થન આપવાની સતત જરૂરિયાત , સલામતી છત્ર અને જોખમ પરિવહન તંત્ર જેવી સામાજિક આર્થિક નીતિઓ સાથે, સર્વગ્રાહી અભિગમના ભાગ રૂપે શેષ જોખમ હોવાનો અર્થ છે.

૧.૨ દ્રષ્ટિબિંદુ પરિવર્તન

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના, ૨૦૦૯ ભારતમાં આપત્તિ વ્યવસ્થાપનમાં સંસ્થાકીયકરણ દ્રષ્ટિબિંદુ પરિવર્તનને નિવારણ, શમન અને સજ્જતા પૈકી એકમાં પૂર્વ તૈયારી કરવા રાહત-કેન્દ્રિત અભિગમનો સંકેત આપે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના, જ્યારે કુદરતી ખતરો ટાળવું શક્ય નથી, ત્યારે પર્યાપ્ત શમન અને આપત્તિ જોખમ ઘટાડવાનાં પગલાં જોખમોને મોટી આફતો બન તી અટકાવી શકા ય તેને ધ્યાને લે છે. જ્યારે જોખમો શારીરિક, સામાજિક, આર્થિક અને પર્યાવરણીય અસુરક્ષાની સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે ત્યારે આપત્તિ જોખમ ઊભું થાય છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના આપત્તિ જોખમ ઘટાડવા અને શમન માટે નીચે આપેલા બહુપક્ષીય અભિગમને સૂચવે છે:

- તમામ વિકાસ પરિયોજનાઓમાં જોખમ ઘટાડવાના પગલાંનું સંકલન
- કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંયુક્ત પ્રયાસો થી જાણીતા ઉચ્ચ અગ્રતાવાળા વિસ્તારોમાં શમન પરિયોજનાઓ પ્રોજેક્ટ શરૂ કરવી
- રાજ્ય કક્ષાના શમન પરિયોજનાઓને પ્રોત્સાહન આપવું અને સહાય કરવી
- આપત્તિ પર સ્થાનિક જ્ઞાન પર ધ્યાન આપવું અને પદ્ધતિઓનો સામનો કરવો
- ધરોહર સંપતિના રક્ષણ માટે યોગ્ય ભાર આપવો

UNISDR એ સ્વીકારેલી પરિભાષા મુજબ,, આપત્તિના જોખમોને ઘટાડવાની કલ્પના અને પ્રથામાં જોખમોના ઘટાડા, લોકો અને મિલકતની ઓછી અસુરક્ષા, જમીન અને પર્યાવરણનું સારું સંચાલન, અને પ્રતિકૂળ ઘટનાઓ માટે સુધારેલી તૈયારી સહિત આપત્તિઓના કારણભૂત પરિબળોનું વિશ્લેષણ અને સંચાલન કરવાના વ્યવસ્થિત પ્રયત્નોનો સમાવેશ થાય છે . જ્યારે "આપત્તિ ઘટાડો " અને ‘‘આપત્તિના જોખમ ઘટાડો’’ આ બંને શબ્દોનો વ્યાપકપણે ઉપયોગ થાય છે , ત્યારે બાદમાં આપત્તિના જોખમોની ચાલુ પ્રકૃતિ અને આ જોખમોને ઘટાડવાની ચાલુ સંભાવનાની સારી ઓળખ આપે છે. ઘટાડાઓમાં જોખમો અને સંબંધિત આપત્તિઓની પ્રતિકૂળ અસરોને ઘટાડવા અથવા મર્યાદિત કરવા માટે જરૂરી વિવિધ પગલાંનો સમાવેશ થાય છે.

૧.૩ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના મુખ્ય સ્થંભો

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાના એક અર્થમાં, પાંચ મુખ્ય સ્તંભો કહી શકાય:

૧. રાષ્ટ્રીય કાનૂની આદેશોને અનુરૂપ - આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના, ૨૦૦૯

૨. ભારત જે કરાર પર હસ્તાક્ષર કરે છે તે મુજબ વૈશ્વિક ધ્યેયોને સાકાર કરવા માટે પારસ્પરિક રીતે આપત્તિ જોખમ ઘટાડવા માટે સેન્ડાઇ માળખા (SFDRR), ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) અને આબોહવા પરિવર્તન પર પેરિસ કરાર - આ માળખાના પરસ્પર મજબૂતીકરણ અને સુસંગતતા પ્રાપ્ત કરવા માટે આંતરરાષ્ટ્રીય સર્વસંમતિ સાથે સુસંગત

૩. આપત્તિ જોખમ ઘટાડા ની સમકાલીન રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ માટે પ્રધાનમંત્રીનો દસ સૂત્રી કાર્યક્રમ

૪. સર્વવ્યાપક અને જોડવાના સિદ્ધાંત તરીકે સામાજિક સમાવેશ

૫. આપત્તિ જોખમ ઘટાડા ને એક અભિન્ન લક્ષણ તરીકે મુખ્ય પ્રવાહમાં લાવવું

આ પાંચ 'સ્તંભો' ઉપરાંત અતિવ્યાપ્તિ અને બિન અતિવ્યાપ્તિ વિષયો તેમજ વિશેષ મહત્વના કેટલાક સૂક્ષ્મ તફાવતો છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાએ અગાઉની યોજનામાં સુધારો કરતી વખતે નોંધપાત્ર મહત્વાકાંક્ષી અને ભાવિ યોજનામાં આ બધાનું ભારે સંશ્લેષણ સ્વીકાર્યું છે , જે સ્વાભાવિક રીતે વૈશ્વિક સ્તરે સેન્ડાઇ માળખા સાથે સ્પષ્ટ રીતે જોડાયેલ પ્રથમ રાષ્ટ્રીય યોજના હતી. આ યોજનામાં 'લાંબા ગાળા ' તરીકે કલ્પના કરવામાં આવેલ સમયગાળો ૨૦૧૫ પછીના મુખ્ય વૈશ્વિક માળખાના અંતિમ વર્ષ ૨૦૩૦ સાથે સંલગ્ન છે.

૧.૪ કાયદાકીય આદેશ

સમગ્ર ભારત માટે એક રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના હોવાનો આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૧ આદેશ કરે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના, ૨૦૦૯ આપત્તિ વ્યવસ્થાપન પરની રાષ્ટ્રીય નીતિનો અમલ કરે છે અને આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમની જોગવાઈઓને અનુરૂપ વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો માટે પૂરતી આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓને ફરજિયાત બનાવે છે. જ્યારે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના સમગ્ર દેશ માટે આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત છે, ત્યારે ભારત સરકારે જાહેર કરેલ ખતરો-સંબંધિત મધ્યસ્થ મંત્રાલયો અને વિભાગોને સોંપવામાં આવેલી આપત્તિ માટે વિગતવાર આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરશે. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમની કલમ ૩૭ મુજબ, ભારત સરકારના દરેક મંત્રાલય અને વિભાગ ખતરો-સંબંધિત મધ્યસ્થ મંત્રાલયો હોય કે નહીં , તો પણ આપત્તિ નિવારણ, સજ્જતા, પ્રતિભાવ અને પુનઃસ્થાપનના ક્ષેત્રોમાં તેમાંથી દરેક કેવી રીતે રાષ્ટ્રીય પ્રયાસોમાં ફાળો આપશે તેની વિસ્તૃત આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરશે.

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમના આદેશ અનુસાર, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના આપત્તિ વ્યવસ્થાપન માટે તમામ મંત્રાલયો અને વિભાગોને ચોક્કસ અને સામાન્ય જવાબદારીઓ સોંપે છે.

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાને સમર્થન આપવા અને અમલમાં મૂકવા માટે વિવિધ મંત્રાલયોને જરૂરી જવાબદારી સોંપવાનો આદેશ આપે છે. તેથી, તમામ મંત્રાલયોએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં દર્શાવેલ તમામ ગર્ભિત અને સ્પષ્ટ જવાબદારીઓને પછી ભલે તે કામકાજના સામાન્ય નિયમોમાં સ્પષ્ટપણે નિર્દિષ્ટ કરેલી બાબતોની બહાર હોય તો પણ સ્વીકારવી ફરજિયાત છે. આપત્તિ વ્યવસ્થાપન ને સામાન્ય કામગીરીની બહાર જવાબદારીઓની ધારણા જરૂરી છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાને અલગ-અલગ આકસ્મિક યોજનાઓ, માન્ય સંચાલન પદ્ધતિ, નિયમો અને માર્ગદર્શિકાઓ દ્વારા માળખાકીય સંચાલન પ્રણાલીના તમામ સ્તરે પૂરક બનાવવામાં આવશે.

૧.૫ ૨૦૧૫ પહેલાના ત્રણ વૈશ્વિક માળખા- આપત્તિઓ, સ્થિર વિકાસ અને આબોહવા પરિવર્તનઃ પરસ્પર શક્તિશાળી અને સુસંગત બનાવવું

2015 માં ત્રણ વૈશ્વિક સીમાચિહ્ન કરારો અપનાવવા – આપત્તિ જોખમ ઘટાડા, ટકાઉ વિકાસ અને આબોહવા પરિવર્તનની પ્રતિક્રિયા ને સુસંગત બના વવા આપત્તિ જોખમ ઘટાડા સેન્ડાઇ માળખું (UNISDR ૨૦૧૬a), ટકાઉ વિકાસ લક્ષ્યો (UN ૨૦૧૫) અને COP21 પેરિસ કરાર પર આબોહવા પરિવર્તને (UNFCC ૨૦૧૫) નોંધપાત્ર તકો ઉઘાડી છે. ટકાઉ વિકાસ લક્ષ્યો અપનાવવા – ''પરિવર્તિત આપણું વિશ્વ: ૨૦૩૦ ટકાઉ વિકાસ લક્ષ્યો કાર્યક્રમ'' એ એક વૈશ્વિક પરિવર્તનશીલ યોજના છે જેમાં ગરીબી નાબૂદીનો મુખ્ય હેતુ છે. તેના પાયામાં, ટકાઉ વિકાસના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય પરિમાણોનું સંકલન છે. વૈશ્વિક આબોહવા પરિવર્તન પર પેરિસ કરાર ભારે હવામાનની ઘટનાઓ અને ધીમી શરૂઆતની ઘટનાઓ અને ક્ષતિ અને નુકસાન ના જોખમ ઘટાડવામાં ટકાઉ વિકાસની ભૂમિકા સહિત આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરો સાથે સંકળાયેલા ક્ષતિ અને નુકસાનને દૂર કરવા , ઘટાડવા અને બચાવના મહત્વ તરફ નિર્દેશ કરે છે.

ત્રણ વૈશ્વિક કરારોમાં આપત્તિ જોખમ ઘટાડવા અને સ્થિતિસ્થાપકતા સામાન્ય વિષય છે. ત્રણેય કરારો વિકાસને ટકાઉ બનાવવાનો એક સામાન્ય ઉદ્દેશ ધરાવે છે. સેન્ડાઇ માળખમાં માન્યતા પ્રાપ્ત સૌથી નોંધપાત્ર પરિવર્તન એ આપત્તિ વ્યવસ્થાપનથી વિપરીત આપત્તિ જોખમ ઘટાડવા પર વધુ ભાર આપે છે. આ ત્રણ કરારો આપત્તિ જોખમ ઘટાડવામાં ઇચ્છિત પરિણામોને જટિલ અને એકબીજા સાથે જોડાયેલી સામાજિક અને આર્થિક પ્રક્રિયાઓના પરિણામ તરીકે ઓળખે છે, જે ત્રણ કરારના કાર્યક્રમો પર અતિવ્યાપ્તિ થાય છે. આપત્તિ જોખમ ઘટાડો એ સ્વાભાવિક ટકાઉ વિકાસ છે અને આપત્તિઓ માટે પ્રતિરોધક ઇમારત છે. વધુમાં, કાર્યક્ષમ આપત્તિ જોખમ વ્યવસ્થાપન ટકાઉ વિકાસમાં ફાળો આપે છે.

મહત્વાકાંક્ષી લક્ષ્યો માટે મજબૂત પ્રતિબદ્ધતા અને આ આંતરરાષ્ટ્રીય કરારોના ઝડપી અમલીકરણ વૈશ્વિક પ્રાથમિકતા છે. ૨૦૧૫ પછીના કાર્યક્રમો વચ્ચેની પૂરકતા જોતાં, ત્રણ ક્ષેત્રોમાં કાર્યવાહીના સુમેળ

અને પરસ્પર મજબુત કરવાથી વધુ સારા પરિણામોમાં મદદ મળે છે. આમાના એકપણ વિકાસમાં જોખમ ઓછું કરવાને બદલે વધુ પેદા ન કરે એવી "નીતિ જોખમો" અથવા વિરોધાભાસી નીતિઓ ઘડવામાં નથી તેની ખાતરી કરવા પ્રયત્નો કરવા જોઈએ . ત્રણેય કરારોમાં સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સ્તરે રાજકીય માન્યતા, દેખરેખ, જાણકારી અને સમર્થક ભાગીદારીની જરૂર છે.

ઉભરતી વૈશ્વિક સર્વસંમતિને માન્યતા આપવા રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાએ આપત્તિ જોખમ ઘટાડા , ટકાઉ વિકાસ અને વૈશ્વિક આબોહવાનાં પડકારોને પહોંચી વળવાનાં પ્રતિભાવો સાથે જોડાયેલા ૨૦૧૫ પછીના ત્રણ વૈશ્વિક માળખાને અનુરૂપ રાષ્ટ્રીય પહેલને સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણ આપવાના પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કર્યો છે.

૧.૬ આપત્તિ જોખમ ઘટાડવા માટે વડાપ્રધાનશ્રીનો દસ સૂત્રી કાર્યક્રમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નવેમ્બર ૨૦૧૬ (આપત્તિ જોખમ ઘટાડવા પર એશિયન મંત્રી પરિષદ) ની નવી દિલ્હીમાં તેમના ઉદ્ઘાટન વક્તવ્યમાં દસ સૂત્રી કાર્યક્રમની જાહેરાત કરી હતી , જેને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં પણ સામેલ કરવામાં આવેલ છે. દસ મુખ્ય તત્વોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

૧. તમામ વિકાસ ક્ષેત્રોએ આપત્તિ જોખમ વ્યવસ્થાપનના સિદ્ધાંતોને આત્મસાત્ કરવા જોઈએ

૨. જોખમ રક્ષણમાં ગરીબ પરિવારોથી લઈને નાના મધ્યમ ઉદ્યોગ સાહસિકો સુધીના મુખ્ય - રાષ્ટ્રીય કોર્પોરેશનો સુધી દેશ અને રાજ્યો તમામનો સમાવેશ થવો જોઈએ

૩. આપત્તિ જોખમ વ્યવસ્થાપનમાં મહિલાઓનું નેતૃત્વ અને વધુ સામેલગીરી કેન્દ્રમાં હોવી જોઈએ

૪. આપત્તિના પ્રકાર અને જોખમોની વૈશ્વિક સમજ ણ વધારવા વૈશ્વિક સ્તરે જોખમ નકશાકરણમાં રોકાણ કરવું

૫. આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્રયાસોની કાર્યક્ષમતા વધારવા માટે ટેકનોલોજીનો લાભ લેવો

૬. આપત્તિ સંબંધિત મુદ્દાઓ પર કામ કરવા માટે વિશ્વવિદ્યાલયનું નેટવર્ક વિકસાવું

૭. આપત્તિ જોખમ ઘટાડવા માટે સોશિયલ મીડિયા અને મોબાઇલ તકનીકો દ્વારા પૂરી પાડવામાં આવતી તકોનો ઉપયોગ કરવો

૮. આપત્તિ જોખમ ઘટાડાને વધારવા માટે સ્થાનિક ક્ષમતા અને પહેલનું નિર્માણ કરવું

૯. આપત્તિઓમાંથી શીખવા જેવી દરેક તકનો ઉપયોગ કર વો અને તે હાંસલ કરવા માટે , દરેક આપત્તિમાં શીખેલા પર અભ્યાસ કરવો જોઈએ

૧૦. આપત્તિઓ માટે આંતરરાષ્ટ્રીય પ્રતિભાવમાં વધુ સુસંગતતા લાવવી

આપત્તિ જોખમ ઘટાડાના દસ સૂત્રીય કાર્યક્રમનું વર્ણન નીચે આપેલ છે:

પ્રથમ, તમામ વિકાસ ક્ષેત્રોએ આપત્તિ જોખમ વ્યવસ્થાપનના સિદ્ધાંતોને આત્મસાત્ કરવા જોઈએ. આ સુનિશ્ચિત કરશે કે તમામ વિકાસ પરિયોજનાઓ, હવાઇ મથકો, માર્ગો, નહેરો, હોસ્પિટલો, શાળાઓ, પુલોને યોગ્ય ધોરણો સાથે બાંધવામાં આવે અને તેઓ સેવા આપવા માંગતા સમુદાયોની પ્રતિકાર ક્ષમતામાં ફાળો આપે . આગામી બે દાયકામાં , વિશ્વના મોટાભાગના નવા માળખા એશિયામાં આવશે. આ તમામ માળખાકીય વિકાસ આપત્તિ સલામતીના શ્રેષ્ઠ ઉપલબ્ધ ધોરણોને અનુરૂપ કરવાની જરૂરિયાત તરફ નિર્દેશ સુનિશ્ચિત કરશે. આવો અભિગમ એક સુંદર રણનીતિ છે, જે લાંબા ગાળે સફળ થશે. તમામ સાર્વજનિક રોકાણોમાં આપત્તિ જોખમ વિચારણાઓ સામેલ હોવી જોઈએ. ભારતમાં, ''બધા માટે આવાસ '' કાર્યક્રમ અને ''સુંદર સ્થાનો'' પહેલ આવી તકોનું પ્રતિનિધિત્વ કરે છે. ભારત અન્ય ભાગીદાર દેશો અને હિસ્સેદારો સાથે મળીને આ ક્ષેત્રમાં આપત્તિ પ્રતિરોધક માળખાને પ્રોત્સાહન આપવા માટે ગઠબંધન અથવા તંત્ર રચના બનાવવા માટે કામ કરશે. આ ખતરો જોખમ મૂલ્યાંકન , આપત્તિ સ્થિતિસ્થાપક તકનીકો અને માળખાકીય ધિરાણમાં સંકલિત જોખમ ઘટાડવા માટેની પદ્ધતિઓ માટે નવું જ્ઞાન પેદા કરવામાં મદદ કરશે.

બીજું, ગરીબ પરિવારોથી શરૂ કરીને , નાના અને મધ્યમ ઉદ્યોગો તેમજ મોટા બહુરાષ્ટ્રીય કોર્પોરેશન- બધા ને આવરી લેતા જોખમ રક્ષણ તરફ કામ કરવું જરૂરી છે . હાલમાં, પ્રદેશના મોટાભાગના દેશોમાં, વીમાનો પ્રવેશ માત્ર મોટેભાગે મધ્યમ અને ઉચ્ચ-મધ્યમ આવક જૂથોમાં એક નાના વર્ગ સુધી મર્યાદિત જ છે. જોખમ વીમા કવચને વિસ્તૃત કરવા માટે વિશાળ અને નવીન વિચારવું જરૂરી છે. રાજ્યોની માત્ર નિયમન કરવામાં જ મહત્વની ભૂમિકા નથી પણ જેમને તેની સૌથી વધુ જરૂર છે તેમના માટે કવચ પ્રોત્સાહિત કરે છે. સૌથી ગરીબ લોકો માટે ધિરાણ અને જોખમ વીમો સુનિશ્ચિત કરવા માટે કેટલાક સખત પગલાં લેવામાં આવ્યા છે. જન ધન યોજના લાખો લોકોને બેંકિંગ પ્રણાલીમાં લાવી છે. સુરક્ષા વીમા યોજના જેને સૌથી વધુ જરૂર છે તેવા લાખો લોકોને જોખમ વીમો પૂરો પાડે છે. નવી શરૂ કરાયેલી ફસલ વીમા યોજના (પાક વીમો) લાખો ખેડૂતોને જોખમનું કવચ પૂરું પાડશે. આ ઘરેલુ સ્તરે પ્રતિકાર ક્ષમતાના મૂળભૂત નિર્માણના પાયા છે.

ત્રીજું, આપત્તિ જોખમ વ્યવસ્થાપનમાં વધુ સામેલગીરી અને નેતૃત્વને પ્રોત્સાહન આપવું જરૂરી છે. આપત્તિઓથી મહિલાઓ વધારે પ્રમાણમાં પ્રભાવિત થાય છે. તેમની પાસે અનન્ય શક્તિઓ અને આંતરદૃષ્ટિ પણ છે. આપત્તિઓથી પ્રભાવિત મહિલાઓની વિશેષ જરૂરિયાતોને સમર્થન આપવા માટે

ભારતે મોટી સંખ્યામાં મહિલા સ્વયંસેવકોને તાલીમ આપવી જોઈએ. આપત્તિ પછીના પુનઃનિર્માણમાં ભાગીદારી કરવા અને મહિલા સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન આપવા માટે મહિલા ઇજનેરો, કડિયા અને મકાન કારીગરોની પણ જરૂર છે જે આજીવિકા પુનઃસ્થાપનમાં મદદ કરી શકે.

ચોથું, વૈશ્વિક સ્તરે જોખમગ્રસત વિસ્તારોના નકશાકરણમાં રોકાણ કરવું જરૂરી છે. ભૂકંપગ્રસ્ત જોખમો સંબંધિત નકશાકરણ કરવા માટે વ્યાપકપણે સ્વીકૃત ધોરણો અને માપદંડો છે. તેના આધારે, ભારતે ભૂકંપ વિસ્તારના નકશા કર્યા છે , જેમાં પાંચ સૌથી વધુ ભૂકંપ ગ્રસ્ત અને બે ઓછા જોખમી છે. રાસાયણિક જોખમો, જંગલ દવ, ચક્રવાત, વિવિધ પ્રકારના પૂર જેવા આપત્તિ જોખમ માટે ભારતે વૈશ્વિક સ્તરે સ્વીકૃત ધોરણો અને શ્રેણીઓ અપનાવવાની જરૂર છે. એ ભારતને આપત્તિના જોખમોની પ્રકાર અને તીવ્રતાની અનુકરણ અને વિશ્વના અન્ય ભાગોમાં તેની સાથે સરખામણી કર વા સમજણ કેળવવાની ખાતરી કરવામાં મદદ કરશે.

પાંચમું, આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્રયાસો માં કાર્યક્ષમતા વધારવા માટે ટેકનોલોજીનો લાભ લેવાના પ્રયત્નો કરવા જોઈએ. ઇ-મંચ સંગઠનો અને વ્યક્તિઓને એકસાથે જોડે છે અને તેમને અનુભવ, ટેક્નોલોજી અને સંસાધનોનો નકશો અને વિનિમય કરવામાં મદદ કરે છે તે લાંબે ગાળે સામૂહિક અસરને વધારવા માટે માટે આગળ વધશે.

છઠ્ઠું, આપત્તિ-સંબંધિત પાસાઓ પર કામ કરવા માટે વિશ્વવિદ્યાલયનું નેટવર્ક વિકસાવવામાં મદદરૂપ થશે કારણ કે વિશ્વવિદ્યાલયો ને સામાજિક જવાબદારીઓ પણ હોય છે. સેન્ડાઇ માળખાના પ્રથમ પાંચ વર્ષોમાં , આપત્તિ જોખમ વ્યવસ્થાપનની સમસ્યાઓ પર એક સાથે કામ કરતા વિશ્વવિદ્યાલયોનું વૈશ્વિક નેટવર્ક તૈયાર કરવાનો પ્રયાસ કરી શકાય. આ નેટવર્કના ભાગરૂપે, વિવિધ વિશ્વવિદ્યાલય તેમના માટે સૌથી વધુ સંબંધિત આપત્તિના મુદ્દાઓ પર વિવિધ સંશોધન વિદ્યાશાખા નિષ્ણાત બની શકે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આવેલી યુનિવર્સિટીઓ દરિયાકાંઠાના જોખમોથી ખતરોનું સંચાલન કરવામાં નિષ્ણાત હોઈ શકે છે , અને પહાડી શહેરોમાં રહેતા લોકો પર્વતીય જોખમો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

સાતમું, સોશિયલ મીડિયા અને મોબાઇલ ટેકનોલોજી દ્વારા પૂરી પાડવામાં આવેલ તકોનો ઉપયોગ કરવો. સોશિયલ મીડિયા આપત્તિ પ્રતિભાવમાં પરિવર્તન લાવી રહ્યું છે. તે પ્રતિ ભાવ આપનાર સંસ્થાઓને ઝડપથી પોતાની જાતને ગોઠવવામાં અને નાગરિકોને સત્તાવાળાઓ સાથે વધુ સરળતાથી જોડાવા માટે સક્ષમ બનાવવામાં મદદ કરી રહ્યું છે. એક પછી એક આપત્તિમાં , અસરગ્રસ્ત લોકો એકબીજાને મદદ કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. આપત્તિ

વ્યવસ્થાપન માટે જવાબદાર લોકોએ સોશિયલ મીડિયાની સંભવિત ક્ષમતાને ઓળખવી જોઈએ અને આપત્તિ જોખમ વ્યવસ્થાપનના વિવિધ પાસાઓ સાથે સંબંધિત ઉપાયો તૈયાર કરવા જોઈએ.

આઠમું, આપત્તિ વ્યવસ્થાપન સ્થાનિક ક્ષમતાઓ અને પહેલ પર તૈયાર કરવું જોઈએ. આપત્તિ ખતરો વ્યવસ્થાપનનું કાર્ય , ખાસ કરીને ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં , એટલું વિશાળ છે કે રાજ્યની ઔપચારિક સંસ્થાઓ સક્ષમ સ્થિતિ સર્જવામાં શ્રેષ્ઠ સહાયક બની શકે છે. ચોક્કસ પગલા સ્થાનિક રીતે તૈયાર કરીને અને અમલમાં મૂકવા પડશે. છેલ્લા બે દાયકાઓમાં , મોટાભાગના સમુદાય આધારિત પ્રયાસો ટૂંકા ગાળા માટે આપત્તિની તૈયારી અને આકસ્મિક આયોજન સુધી મર્યાદિત રહ્યા છે. સ્થાનિક જોખમ ઘટાડવાના પગલાં ઓળખવા અને તેનો અમલ કરવા માટે સમુદાય આધારિત પ્રયાસોનો વ્યાપ વધારવો અને સમુદાયને ટેકો આપવો જરૂરી છે. આવા પ્રયાસો જોખમ ઘટાડે છે અને સ્થાનિક વિકાસ અને ટકાઉ આજીવિકા માટે તકો ઊભી કરે છે. આપત્તિ જોખમ ઘટાડવાનું સ્થાનિકીકરણ એ પણ સુનિશ્ચિત કરશે કે પરંપરાગત શ્રેષ્ઠ પ્રસાધનો અને સ્થાનિક જ્ઞાનનો સારો ઉપયોગ કરવામાં આવે. પ્રતિભાવ સંસ્થાઓએ તેમના સમુદાય સાથે વાતચીત કરવાની અને તેમને આપત્તિ પ્રતિભાવની આવશ્યક અભ્યાસથી પરિચિત કરવાની જરૂર છે. ઉદાહરણ તરીકે , જો સ્થાનિક અગ્નિ શમન સેવા દર અઠવાડિયે તેના વિસ્તારમાં એક શાળાની મુલાકાત લે, તો તે એક વર્ષના સમયગાળામાં હજારો બાળકોને સંવેદનશીલ બનાવે છે.

નવમું, આપત્તિમાંથી શીખેલી તક વ્યર્થ ન જાય તેની ખાતરી ક રવી. દરેક દુર્ઘટના પછી શીખેલા પાઠ પર ભાગ્યે જ લાગુ પડે તેવા અભ્યાસ અને અહેવાલો છે. ઘણી વખત એ જ ભૂલોનું પુનરાવર્તન થતું હોય છે. શીખવાની સક્રિય અને દ્રશ્ય વ્યવસ્થા હોવી જરૂરી છે. સંયુક્ત રાષ્ટ્ર આપત્તિની ઘટનાઓ, તેમની માત્રા અને રાહત , પુનર્વસન, પુનર્નિર્માણ અને પુનઃ સ્થાપન પછીની દસ્તાવેજી ફિલ્મોની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા શરૂ કરી શકે છે. આપત્તિ પછીની પૂ ર્વવત્ત સ્થિતિ એ ભૌતિક માળખાકીય દ્રષ્ટિએ માત્ર ''ભવિષ્યની અસુરક્ષા ઘટાડો'' કરવાની જ નહીં , પણ જોખમના સંચાલન માટે સુધારેલ સંસ્થાકીય પદ્ધતિઓની દ્રષ્ટિએ પણ એક તક છે. આ માટે, જોખમનું ઝડપથી મૂલ્યાંકન કરી શકે એવી પ્રણાલીઓ તૈયાર કરવાની જરૂર છે. ભારતે ભાગીદાર દેશો અને બહુપક્ષીય વિકાસ સંસ્થાઓ સાથે આપત્તિ પછી મકાનોના પુનઃ બાંધકામ માટે ટેકનિકલ સમર્થન સુવિધા સ્થાપિત કરવા માટે કામ કરવું જોઈએ.

દસમું અને છેલ્લું, આપત્તિઓ માટે આંતરરાષ્ટ્રીય પ્રતિભાવમાં ઘટનાના કારણમાં વધારે સુસંગતતા લાવવાની જરૂર છે. દુર્ઘટના પછી , સમગ્ર વિશ્વમાંથી આપત્તિ પ્રતિભાવો આવે છે. જો સામૂહિક છત્ર નીચે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે તો આ સામૂહિક શક્તિ અને એકતા વધારી શકાય છે.

સંયુક્ત રાષ્ટ્ર એક સામાન્ય પ્રતીક અને છાપ અંતર્ગત રાહત, પુનર્વસન અને પુનર્નિર્માણમાં મદદ કરનારા તમામ લોકો કાર્ય કરે તે વિશે વિચારી શકાય.

૧.૭ સામજિક ભાગીદારી

જોખમો માણસની સામાજિક પરિસ્થિતિઓના આધારે ભેદભાવ કરતા નથી , પરંતુ આપત્તિઓ સામે માણસો હંમેશા પ્રતિભાવો આપે છે. હાલની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓનો અર્થ એ થાય છે કે જ્યાં સૌથી વધુ અસુરક્ષિત જૂથો પણ બીજાની સરખામણીમાં અનેકગણું અસમાન રીતે પીડાય છે ત્યાં આપત્તિઓ વસ્તી વિષયક રીતે સમાન સમુદાયો માટે વિવિધ પરિણામો લાવી શકે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિ, ૨૦૦૯ ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે આર્થિક રીતે નબળા અને સામાજિક રીતે સીમાંત વર્ગ, મહિલાઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને લઘુમતીઓ આપત્તિઓ દરમિયાન વધુ ભોગ બને છે. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫, આપત્તિ વ્યવસ્થાપન ના કોઈપણ બાબતમાં ખાસ કરીને લિંગ, જાતિ, સમુદાય, વંશ અથવા ધર્મ પર આધારિત હોય એવા તમામ પ્રકારના ભેદભાવને પ્રતિબંધિત કરે છે. સામાજિક ભાગીદારી અધિકારો અને તકોની સમાનતા, વ્યક્તિનું ગૌરવ, વિવિધતાનો સ્વીકાર અને દરેક માટે પ્રતિકાર ક્ષમતામાં ફાળો આપવો, વય, લિંગ, અપંગતા અથવા અન્યના આધારે સમુદાયના સભ્યોને તરછોડવા નહીં.

૧.૮ આપત્તિ જોખમ ઘટાડાને મુખ્ય પ્રવાહમાં વાળવો

આપત્તિ અસરગ્રસ્ત પ્રદેશના વિકાસને નોંધપાત્ર રીતે પાછળ ધકેલી શકે છે અને તેની માત્રાના આધારે, દાયકાઓ અથવા વધુ સમય સુધી પુનરાવર્તી લાભો ઉલટાવી શકે છે. આપત્તિની સંભાવનાઓને સમજ્યા વિના અને પર્યાપ્ત જોખમ ઘટાડ્યા વિના વિકાસ, હાલના જોખમોને વધુ ખરાબ કરી શકે છે અને તેની સાથે નવા જોખમો લાવવાની સંભાવના , સંભવિત આફતોની નકારાત્મક અસરને વધારી શકે છે. આપત્તિ જોખમ ઘટાડાને મુખ્યપ્રવાહમાં વાળવો એ આપત્તિ પ્રતિકાર ક્ષમતા વધારવા, નુકશાન ઘટાડવા અને વિકાસ લક્ષ્યો તરફ પ્રગતિને ઝડપી બનાવવા માટે તમામ વિકાસલક્ષી પહેલોમાં આપત્તિ જોખમ ઘટાડાનું વ્યાપક અને મજબૂત સંકલન છે. વિકાસ અને આપત્તિ જોખમ ઘટાડો બંને એક સાથે વિકાસના તમામ પાસાઓ , નીતિઓ, આયોજન અને અમલીકરણમાં એકીકૃત રીતે સામેલ કરીને આપત્તિ જોખમ ઘટાડાને મુખ્યપ્રવાહમાં વાળવાનો એક અભિગમ છે. આબોહવા પરિવર્તનની અસર કેવી રીતે આબોહવા પરિવર્તનની અસર જોખમના દ્રશ્યોને બદલે છે તે લગભગ દરેક જળ-હવામાન ખતરો સાથે સંકળાયેલી અનિશ્ચિતતાઓને વધા રતા જોખમ ના ગુણાકાર તરીકે કામ કરતી હોવાથી , આપત્તિ જોખમ ઘટાડાને મુખ્ય પ્રવાહમાં વાળવા માટેના મજબૂત અભિગમ ને કુદરતી રીતે સંકલિત કરે છે. દુર્ભાગ્યપૂર્ણ હકીકત એ છે કે આપત્તિ જોખમ ઘટાડાને મુખ્યપ્રવાહમાં વાળવાનો નિર્ણય લેનારાઓ અને

વ્યવસાયીઓ એમ બંને કેટલાક અંશે અયોગ્ય રીતે સમજ્યા છે અથવા અસ્પષ્ટ રીતે અર્થઘટન કરવામાં તેમની નબળાઇને સુધારવાની જરૂર છે. નિઃશંકપણે, આગળ જતાં, આપત્તિ જોખમ ઘટાડાને મુખ્ય પ્રવાહમાં વાળવા વિકાસ અને આપત્તિ વ્યવસ્થાપન એમ બંનેમાં વધુ કેન્દ્રીય ભૂમિકા ની કલ્પના કરશે. આથી, તે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાના નીતિના મુખ્ય સ્તંભો પૈકીનો એક સ્થંભ છે. અનેક રીતે, માનક સંચાલન માર્ગદર્શિકા હેઠળના પગલાં અને આબોહવા પરિવર્તનના પ્રતિભાવો વિકાસની પહેલ માટે અભિન્ન છે અને આ બધામાં આપત્તિ પ્રતિકાર ક્ષમતા નિર્માણ સામાન્ય વિષય છે. આપત્તિ જોખમ ઘટાડાને મુખ્ય પ્રવાહ માં વાળવા માટે આપત્તિ પ્રતિકાર ક્ષમતાના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરીને આપત્તિ-વિશિષ્ટ યોજનાના પેટા-ઘટક તરીકે નહીં , પરંતુ તમામ વિકાસલક્ષી યોજનાઓમાં ચુસ્તપણે સંકલિત અભિગમ હોવો જોઈએ.

૧.૯ દૃષ્ટિકોણ

દ્રષ્ટિકોણ રાષ્ટ્રીય નીતિઓ, કાયદાઓ અને આપત્તિ જોખમ ઘટાડા માટે વડાપ્રધાનના દસ સૂત્રીય કાર્યક્રમ તેમજ આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓ, માળખા અને પ્રવચનોમાં પ્રતિબિંબિત લક્ષ્યોને આવરી લે છે:

તમામ સ્તરે આપત્તિઓનો સામનો કરવાની ક્ષમતા વધાર તી વખતે તમામ ક્ષેત્રોમાં ભારતને નોંધપાત્ર અને સામેલ આપત્તિ જોખમ ઘટાડાને હાંસલ કરવા ગરીબોથી શરૂ કરીને સ્થાનિક ક્ષમતાઓનું નિર્માણ કરીને અને આર્થિક, શારીરિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય સહિત વિવિધ સ્વરૂપોમાં જાનહાનિ, આજીવિકા, મિલકતના નુકસાનમાં નોંધપાત્ર ઘટાડો કરીને આપત્તિ પ્રતિકાર ક્ષમતા કેળવવી જોઇએ.

૧.૧૦ કાર્યક્ષેત્ર

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ અનુસાર, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિમાં નીચેનાનો સમાવેશ હશે:

(ક) આપત્તિને અટકાવવા અથવા તેની અસરોને ઘટાડવા માટે લેવાના થતાં પગલાં

(ખ) વિકાસ યોજનાઓમાં શમન પગલાંના સંકલન માટે લેવાના થતાં પગલાં

(ગ) કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિઓ અથવા આપત્તિને અસરકારક રીતે પ્રતિભાવ આપવા માટે સજ્જતા અને ક્ષમતા નિર્માણ માટે લેવાના થતાં પગલાં

(ઘ) ઉપર જણાવેલ ત્રણ પાસાઓના પગલાંના સંદર્ભમાં ભારત સરકારના વિવિધ મંત્રાલયો અથવા વિભાગોની ભૂમિકાઓ અને જવાબદારીઓ

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિ સમગ્ર દેશ માટે આપત્તિ વ્યવસ્થાપન માટે અતિ મહત્વપૂર્ણ આયોજનનું માળખું પૂરું પાડે છે , જેની સમયાંતરે સમીક્ષા અને અદ્યતન કરવું જોઈએ. યોજના અમલીકરણ માટે ધિરાણ માટે કેન્દ્ર સરકાર યોગ્ય જોગવાઈઓ કરશે. આપત્તિ વ્યવસ્થાપન, નિવારણ અને શમન, સજ્જતા, પ્રતિભાવ અને પૂર્વવત્ત સ્થિતિને આવરી લઇને આવશ્યક રીતે ઘણી સંસ્થાઓનો સમાવેશ કરે છે અને તે ભારત જેવા દેશમાં ખૂબ મોટા પણ વધારે છે. આથી, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિ ના સફળ અમલીકરણ અને અસરકારક જોખમ ઘટાડવા , પ્રતિભાવ અને પૂર્વવત્ત સ્થિતિને સુનિશ્ચિત કરવા માટે હિસ્સેદારો વચ્ચે આંતર- સંસ્થા સંકલન અને સહયોગ અત્યંત મહત્વ ધરાવે છે.

ભારતમાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિ કેન્દ્રીય મંત્રાલયો , વિભાગો અને અન્ય સંસ્થાઓ સંગઠન કરવા અને સંકલન કરવા માટે માળખું પૂરું પાડે છે અને કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે આપત્તિ અટકાવવા, સજ્જતા, પ્રતિભાવ અને પૂર્વવત્ત સ્થિતિ માટે તમામ ક્ષેત્રોમાં જવાબદારીઓ ની સોંપણી કરે છે. ભારતમાં આપત્તિ દરમિયાન સશસ્ત્ર દળો [2] અને કેન્દ્રીય સંસ્થાઓ ફાળવવી કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવેલા ધોરણો અને કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંમત સંબંધિત પ્રોટોકોલને આધીન રહેશે. કોઈપણ રાજ્ય આપત્તિ સમયે કોઈપણ સમયે કેન્દ્ર અને અન્ય રાજ્યોની મદદ અને સમર્થન માગી શકે છે. ઘટનાની ચોક્કસ આપત્તકાલીન સ્થિતિનો પ્રતિભાવ આપવાની જવાબદારી નિયુક્ત સંસ્થાઓની છે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે તૈયાર કરેલ વિગતવાર ખતરો-વિશિષ્ટ માર્ગદર્શિકા (જોડાણ-૧) આધારિત યોજના છે. અન્યથા ઉલ્લેખ કરેલ ન હોય ત્યાં સુધી , રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે બહાર પાડેલ માર્ગદર્શિકા આ દસ્તાવેજ માટે પ્રાથમિક સંદર્ભ તરીકે કામ કરે છે. વિવિધ જોખમો માટે આપત્તિ વ્યવસ્થાપનના એકંદર સંકલન માટે ભારત સરકારે અમુક કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોને ખતરો-વિશિષ્ટ મધ્યસ્થ જવાબદારીઓ માટે જાહેર કરે છે. વધુમાં, ભારત સરકાર આપત્તિ પછીના પ્રતિભાવોના તાત્કાલિક સંકલન માટે આપત્તિ મુજબ ચોક્કસ મંત્રાલયોને જાહેર કરે છે. આ જાહેર કરેલ મંત્રાલયો/ વિભાગોએ તેમને સોંપેલ ભૂમિકાઓ નિભાવવા માટે વિગતવાર આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવી આવશ્યક છે. તે જ સમયે , દરેક કેન્દ્રીય મંત્રાલય , વિભાગ, રાજ્ય અને જિલ્લાએ સંબંધિત આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ બનાવવી આવશ્યક છે જેમાં સ્પષ્ટ કરવામાં આવે છે કે કેવી રીતે દરેક એકમ આપત્તિઓને અસરકારક રીતે સંચાલિત કરવા માટે યોગદાન આપી શકે છે.

૧.૧૧ ઉદ્દેશો

[2] સશસ્ત્ર દળોમાં લશ્કર, હવાઇ અને તટરક્ષક દળનો સમાવેશ થાય છે

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિ, ૨૦૦૯ માં આપેલા આદેશ સાથે, રાષ્ટ્રીય યોજનાએ ૨૦૧૫ પછીના ત્રણ મોટા વૈશ્વિક માળખા અને વડાપ્રધાનના દસ સૂત્રીય કાર્યક્રમ સાથે સંકળાયેલા આપત્તિ જોખમ ઘટાડાના ક્ષેત્રમાં રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને સામેલ કરી છે. તદનુસાર, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિના વ્યાપક ઉદ્દેશો નીચે મુજબ છે:

૧. આપત્તિ જોખમ, જોખમો અને અસુરક્ષાની સમજણમાં સુધારો કરવો

૨. સ્થાનિકથી કેન્દ્ર સુધી તમામ સ્તરે આપત્તિ જોખમ તંત્રને મજબૂત બનાવવું

૩. માળખાકીય, બિન-માળખાકીય અને નાણાકીય પગલાં તેમજ વ્યાપક ક્ષમતા વિકાસ દ્વારા પ્રતિકાર ક્ષમતા માટે આપત્તિ જોખમ ઘટાડામાં રોકાણ કરવું

૪. અસરકારક પ્રતિભાવ માટે આપત્તિ સજ્જતા વધારવી

૫. પૂર્વવત્ત સ્થિતિ, પુનર્વસન અને પુનર્નિર્માણમાં "ભવિષ્યની અસુરક્ષામાં ઘટાડાને" ને પ્રોત્સાહન આપવું

૬. આપત્તિઓ અટકાવ અને આપત્તિ જોખમ અને જાનહાનિ, આજીવિકા, આરોગ્ય અને અસ્કયામતો (આર્થિક, શારીરિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય) ના નુકસાનના વાસ્તવિક ઘટાડાને પ્રાપ્ત કરવું.

૭. પ્રતિકાર ક્ષમતામાં વધારો કરવો, નવા, હાલના જોખમોમાં ઘટાડો કરવો અને શેષ જોખમોનું વ્યવસ્થાપન કરવું

૮. સંકલિત અને સામૂહિક અમલીકરણને આર્થિક, માળખાકીય, કાનૂની, સામાજિક, આરોગ્ય, સાંસ્કૃતિક, શૈક્ષણિક, પર્યાવરણીય, તકનીકી, રાજકીય અને સંસ્થાકીય પગલાંને આપત્તિ જોખમોના ઉદભવને અટકાવા અને જોખમોની અસુરક્ષાને પ્રોત્સાહન આપવું

૯. આપત્તિના જોખમો ઘટાડવા અને વ્યવસ્થાપન કરવા માટે સ્થાનિક સત્તાવાળાઓ અને સમુદાયો બંનેને ભાગીદાર તરીકે સશક્ત બનાવવા

૧૦. આપત્તિ વ્યવસ્થાપનના તમામ પાસાઓમાં વૈજ્ઞાનિક અને તકનીકી ક્ષમતાઓને મજબૂત કરવી

૧૧. બહુવિધ જોખમો અને સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપન માટે અસરકારક રીતે પ્રતિભાવ આપવા માટે તમામ સ્તરે ક્ષમતા વિકાસ કરવો

૧૨. આપત્તિ વ્યવસ્થાપનના વિવિધ પાસાઓ સાથે સંકળાયેલા વિવિધ મંત્રાલયો અને વિભાગોની ભૂમિકાઓ અને જવાબદારીઓ અંગે સ્પષ્ટતા કરવી

૧૩. તમામ સ્તરે આપત્તિ જોખમ નિવારણ અને શમનને પ્રોત્સાહન આપવું

૧૪. વિકાસલક્ષી આયોજન અને પ્રક્રિયાઓમાં આપત્તિ વ્યવસ્થાપનની બાબતોના મુખ્ય પ્રવાહને સરળ બનાવવો

૧૫. આપત્તિ જોખમ ઘટાડો એ સામાજિક રીતે સમાવર્તી, લિંગ સંવેદનાત્મક અને સશક્તિકરણની

ખાતરી કરવી

૧૬. ગંભીર જોખમોથી થતી ગરીબાઇને અટકાવવા અને આજીવિકા બચાવવા માટે ગરીબ સમુદાયોમાં પ્રતિકાર ક્ષમતાનું નિર્માણ કરવું અને મજબુત બનાવવું

૧૭. ટકાઉ ખેતી સહિત કૃષિ ક્ષેત્રની આપત્તિ જોખમ ઘટાડવાની અને આબોહવા અનુકૂલન વ્યૂહરચનાનો મુખ્ય પ્રવાહ વધારવો

૧૮. કૃષિ અને પશુધન માટે આપત્તિ જોખમ ઘટાડવાના પગલાં પર વિશેષ ધ્યાન આપવું

૧૯. આપત્તિની અસરોનો સામનો કરવા અને પૂર્વવત્ત સ્થિતિપ્રાપ્ત કરવા માટે આરોગ્ય પ્રણાલીઓ અને સમુદાયોની પ્રતિકાર ક્ષમતા વધારવા પ્રોત્સાહન આપવું

૨૦. આરોગ્ય સંભાળના તમામ સ્તરોમાં આપત્તિ જોખમ ઘટાડા ને સંકલિત કરીને આરોગ્ય પ્રણાલીઓની પ્રતિકાર ક્ષમતામાં વધારો કરવો

૨૧. આપત્તિ- પ્રતિકાર ક્ષમતામાં શાળાઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સુવિધાઓને પ્રોત્સાહન આપવું

૨૨. આપત્તિ જોખમ ઘટાડવામાં મહિલાઓના નેતૃત્વ અને સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવું

૨૩. જળ વ્યવસ્થાપનમાં આપત્તિ જોખમ ઘટાડા ને મુખ્ય પ્રવાહમાં વાળવાના પ્રયત્નોને મજબૂત કરવા અને પાણી સંબંધિત જોખમોની સંભવિત અસરોને ઓછી કરવી

૨૪. નવા અને હાલના નિર્ણાયક આંતરમાળખાની પ્રતિકાર ક્ષમતાને મજબૂત કરવી અને પ્રોત્સાહન આપવું

૨૫. આપત્તિ જોખમ ઘટાડવાની વિચારણાઓ અને નાણાંકીય અને રાજકોષીય સાધનો ના પગલાંનું એકીકરણ કરવું

૨૬. તમામ પરિયોજનાઓ અને યોજનાઓ (ગ્રામીણ અને શહેરી) ના વિકાસ અને અમલીકરણમાં આપત્તિ જોખમ ઘટાડાને મુખ્ય પ્રવાહમાં વાળવો

૨૭. આપત્તિ જોખમ પ્રતિરૂપ, મૂલ્યાંકન, નકશાકરણ, દેખરેખ અને બહુ આયામી જોખમની પૂર્વ ચેતવણી પ્રણાલીઓને મજબૂત બનાવવી

૨૮. બહુઆયામી જોખમી આપત્તિના જોખમો અને આબોહવા પરિવર્તનના દૃશ્યો સહિત પ્રાદેશિક આપત્તિ જોખમ મૂલ્યાંકન અને નકશાઓના વિકાસ પર વ્યાપક સર્વેક્ષણને પ્રોત્સાહન આપવું

૨૯. નદીના મુખ, પર્વતીય પ્રદેશો અને દરિયાકિનારો જેવા સંયુક્ત સંસાધનો સંબંધિત ઇકોસિસ્ટમ-આધારિત અભિગમોનો અમલ કરવો

૩૦. આપત્તિ જોખમ ઘટાડાના તમામ પાસાઓમાં વિ જ્ઞાન, ટેકનોલોજી અને પરંપરાગત જ્ઞાનનો અસરકારક ઉપયોગ કરવો

૧.૧૨ સમય માળખું – ટુંકા, મધ્યમ અને લાંબા ગાળાનું

યોજનામાં (T1), મધ્યમ (T2) અને લાંબા ગાળાના (T3) પગલાંનો અમલ અનુક્રમે ૨૦૨૦, ૨૦૨૭, ૨૦૩૦ (આકૃતિ ૧-૨) સુધીમાં પૂરો થવો જોઈએ. વર્ષ ૨૦૩૦ એ ૨૦૧૫ પછીના ત્રણેય આંતરરાષ્ટ્રીય કરારો-સેન્ડાઇ માળખું, ટકાઉ વિકાસ લક્ષ્યો અને પક્ષકારોની પરિષદ-૨૧ માટે અંતિમ સમયમર્યાદા છે. આ કરારો પર હસ્તાક્ષર કરીને , ભારતે પણ આ સમયમર્યાદા અપનાવી છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિમાં કલ્પના કરેલ તમામ પગલાઓની સુસંગતતા માટે પણ ૨૦૩૦ પૂર્ણતા છે. 'ટૂંકા', 'મધ્યમ અને 'લાંબા' ગાળાનો સંદર્ભ પૂર્ણ કરવા માટે જરૂરી સમયમર્યાદાનો છે અને અગ્રતાના કોઈપણ ક્રમને સૂચવતા નથી. આ અસ્થાયી છે અને ઘણા પરિબળો ખાસ કરીને તકનીકીના આધારે ફેરફારોને આધીન છે. કલ્પના કરવામાં આવેલા કેટલાક પગલાં લાંબા સમય ગાળામાંથી ટૂંકા ગાળામાં ફેરવી શકાય છે. જો કે, નાના સમય ગાળાના તમામ પ્રયત્નો પૂ રા કરવા માટે વધારાનો સમય ન લે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.



આકૃતિ ૧:૨ - ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાની સમય મર્યાદા

જ્યારે તમામ વર્ગોમાં ઠરાવેલ કેટલાક પગલાં-ટૂંકા , મધ્યમ અને લાંબા ગાળાના-પહેલેથી જ અમલીકરણ હેઠળ છે અથવા અદ્યતન કરવાની જરૂર છે , ઘણાને શરૂ કરવાની જરૂર છે. તમામ ત્રણેય ટૂંકા, મધ્યમ અને લાંબા સમય ગાળાના કેસોમાં ક્રમિક અર્થ હોવો જરૂરી નથી. હકીકતમાં, ઘણા કિસ્સાઓમાં, અતિવ્યાપ્તિ હોઈ શકે છે, તે જ સમયે શરૂ થઈ શકે છે જ્યારે કેટલાક કિસ્સાઓમાં , મધ્યમ અને લાંબા ગાળાના લક્ષ્યો પરનું અગાઉના તબક્કાનું કામ પૂ રૂં થવા પર આધારિત હોઈ શકે છે. તેમ છતાં, મધ્યમ અને લાંબા ગાળાની શ્રેણીઓ ઓછી અગ્રતા સૂચિત કરતી નથી પરંતુ તે કાર્યવાહી પૂરી કરવા માટે લાંબા સમયની જરૂર પડે છે; જો કે શક્ય તેટલી વહેલી તકે શરૂ કરવામાં આવે.

મંત્રાલયો, વિભાગો, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રસ્તાવિત પગલાંના અમલીકરણની સ્થિતિમાં નોંધપાત્ર તફાવત છે. દરેક કેન્દ્રીય મંત્રાલય , વિભાગ અને રાજ્ય સરકારે તેમની યોજના તૈયાર કરતી વખતે અથવા હાલની યોજનાઓને સુધારતી વખતે અમલીકરણ માટે સમયમર્યાદા અનુસાર તેમની આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓમાં બાબતોને યોગ્ય રીતે વર્ગીકૃત કરવી જોઈએ.

આપત્તિ પછી પૂર્વવત્ત સ્થિતિની પ્રાપ્તિના ત્રણ સમયગાળા છે: (ક) વહેલી-અઢાર મહિનાની અંદર, (ખ) મધ્યમ-પાંચ વર્ષની અંદર અને (ગ) લાંબા ગાળાની-પાંચથી દસ વર્ષની અંદર. આ વિશિષ્ટ આપત્તિ પર આધાર રાખે છે અને માત્ર પૂર્વવત્ત સ્થિતિની પ્રાપ્તિના કાર્યક્રમોના પ્રકારો સાથે સંબંધિત

છે. આથી, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિની સમયરેખા વગર માત્ર સામાન્ય શબ્દોમાં તેમની ચર્ચા કરી છે.

૧.૧૩ આપત્તિના પ્રકારો

આપત્તિઓ મુખ્યત્વે કુદરતી ખતરો અથવા માનવ-પ્રેરિત અથવા બંનેના સંયોજનથી પરિણમે છે. માનવ-પ્રેરિત પરિબળો કુદરતી આપત્તિની પ્રતિકૂળ અસરોને મોટા પ્રમાણમાં વધારી શકે છે. વૈશ્વિક સ્તરે પણ મોટા પાયે , આબોહવા પરિવર્તન પરની સંયુક્ત રાષ્ટ્ર આંતર-સરકારી પેનલે દર્શાવ્યું છે કે માનવ પ્રેરિત આબોહવા પરિવર્તનએ ભારે હવામાન ઘટનાઓની આવર્તન અને તીવ્રતા એમ બંનેમાં નોંધપાત્ર વધારો કર્યો છે. જ્યારે ભારે વરસાદ, ચક્રવાત અથવા ધરતીકંપ બધુ જ કુદરતી હોય છે, તેની અસર માનવ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઘણા પરિબળો દ્વારા સામાન્ય રીતે બગાડી શકે છે. મોટા પાયે ઔદ્યોગીકરણ અને શહેરીકરણ માનવ-પ્રેરિત આપત્તિઓની સંભાવના અને કુદરતી અને માનવ-પ્રેરિત આફતો બંનેમાંથી જીવન અને મિલકતને સંભવિત નુકસાનની હદમાં વધારો કરે છે. માનવ સમાજ ખતરો/ આફતોમાં વધારો કરે એવા રાસાયણિક, જૈવિક, વિકરણ અને પરમાણુ (CBRN) ભય અને ઘટનાઓ માટે સંવેદનશીલ છે.

૧.૧૩.૧ રાષ્ટ્રીય ખતરો ડિસ-ઇન્વેન્ટર[3] ની આપત્તિ માહિતી વ્યવસ્થાપન પદ્ધતિ દ્વારા ઉપયોગમાં લેવાતી વધુ સ્વીકૃત વર્ગીકરણ પ્રણાલી કુદરતી જોખમોથી ઉદ્ભવતી આફતોને પાંચ મુખ્ય વર્ગોમાં વર્ગીકૃત કરે છે અને સેન્ડાઇ લક્ષ્યોની દેખરેખ માટે વૈશ્વિક સ્તરે વપરાય છે:

(૧) ભૂ -ભૌતિક: જાનહાનિ, ઈજા અથવા અન્ય સ્વાસ્થ્ય અસરો, મિલકતને નુકસાન, આજીવિકા અને સેવાઓ ગુમાવવી, સામાજિક અને આર્થિક વિક્ષેપ અથવા પર્યાવરણીય નુકસાન થઈ શકે એવી ભૂસ્તરશાસ્ત્રીય પ્રક્રિયા અથવા ઘટના છે. આમાંની કેટલીક પ્રક્રિયાઓમાં જળ-ઋતુ પરિબળોમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે.

(૨) જળ વિજ્ઞાન : સામાન્ય જળ ચક્રમાં વિચલનો અને/અથવા પવન ફૂંકાવાના કારણે સરોવરો છલકાવાની ઘટનાઓ

(૩) જળ -ઋતુ- અલ્પજીવી/નાનીથી માંડીને મધ્યવર્તી વાતાવરણીય પ્રક્રિયાઓને કારણે થતી ઘટનાઓ (વર્ણપટમાં મિનિટથી માંડી દિવસો સુધી)

(૪) વાતાવરણીય: મધ્યમ આયુષ્યથી લઇને સૂક્ષ્મ પ્રક્રિયાઓને કારણે થતી ઘટનાઓ (આંતર-મોસમીથી ઘણા દશકો સુધી આબોહવા પરિવર્તનક્ષમતાના વર્ણપટમાં)

---

[3] http://www.desinventar.net/definitions.html (સપ્ટેમ્બર ૨૦, ૨૦૧૯)

(૫) જૈવિક: જૈવિક ઉત્પત્તિની પ્રક્રિયા અથવા ઘટના અથવા રોગકારક સૂક્ષ્મજીવો ના ઉદભવ, જાનહાનિ, માંદગી અથવા અન્ય આરોગ્ય ને અસરો એવા ઝેર અને જૈવ-સક્રિય પદાર્થો સહિત જૈવિક રોગવાહકો દ્વારા ફેલાતા, મિલકત નુકસાન, આજીવિકા અને સેવાઓ ગુમાવવી, સામાજિક અને આર્થિક વિક્ષેપ અથવા પર્યાવરણીય નુકસાન

શ્રેણીઓથી કુદરતી પરિબળો માં નિર્માણ થતી આપત્તિઓની આ પાંચ મુખ્ય શ્રેણીઓનું સંક્ષિપ્ત વર્ણન કોષ્ટક ૧-૧ માં આપવામાં આવ્યું છે. નીચેનું વર્ગીકરણ ચુસ્ત નથી. વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં, ઘણી આફતો વિવિધ પ્રકારની આપત્તિઓનું સંયોજન છે. વધુમાં, દુર્ઘટના સર્જાયા બાદ ગૌણ આફતો આવી શકે છે.

કોષ્ટકઃ ૧-૧ કુદરતી જોખમોની શ્રેણીઓ

	શ્રેણી	મુખ્ય ઘટના	ગૌણ આપત્તિનું ટુંકમાં વર્ણન
૧	ભૂ -ભૌતિક	ભૂકંપ/ માસ પૃથ્વીના પેટાળમાં મોટા પાયે હિલચાલ	• ભૂકંપ બાદ ભૂસ્ખલન; • ધરતીકંપોથી ઉદ્ભવેલી શહેરી આગ; • પ્રવાહીતા - ભૂકંપને કારણે ઘન સ્થિતિમાંથી પ્રવાહી સ્થિતિમાં (આંશિક) પાણીથી સંતૃપ્ત જમીનનું પરિવર્તન • પૃથ્વીનના પેટાળમાં મોટા પાયે હિલચાલ , સામાન્ય રીતે નીચે તરફ • ભૂકંપને કારણે જમીન ધ્રુજવાથી સપાટીની માટીનું વિસ્થાપન
		જ્વાળામુખી	• જ્વાળામુખી ફાટી નીકળવાથી જમીન ધ્રુજવાને કારણે માટીની સામગ્રીનું સપાટીનું વિસ્થાપન • લાવા, રાખ, ગરમ વરાળ , ગેસ અને ખનીજ સામગ્રીના જ્વાળામુખીના વિસ્ફોટો સહિત પૃથ્વીની સપાટીમાં બહાર/ છિદ્ર નજીક એક પ્રકારની ભૂસ્તરશાસ્ત્રીય ઘટના. • રાખ પતન; લહેર - જ્વાળામુખી ના ઢોળાવ પર જ્વાળામુખી ફાટવાના સમયે અથવા તેની વચ્ચે સપાટીની સામગ્રીનું ગરમ અથવા ઠંડુ મિશ્રણનું વહેવું • લાવા વહેવો • ખનીજ વહેવો - અત્યંત ગરમ વાયુઓ, રાખ અને ૧,૦૦૦ ડિગ્રી સેલ્સિયસથી વધુની અન્ય સામગ્રી જે વિસ્ફોટ દરમિયાન જ્વાળામુખી (૭૦૦ કિમી/કલાકથી વધુ) ની નીચે ઝડપથી વહે છે
		સુનામી	સુનામીઓનું વર્ગીકરણ કરવું મુશ્કેલ છે , તે દરિયાકાંઠાના પાણી

	શ્રેણી	મુખ્ય ઘટના	ગૌણ આપત્તિનું ટુંકમાં વર્ણન
			સંબંધિત સમુદ્રી પ્રક્રિયા છે. મોજાની લહેરો (ઊંડા સમુદ્રમાં થઇને મોટા મોજા સાથે) જે પાણીની અંદર ભૂકંપ, જ્વાળામુખી ફાટવા અથવા ભૂસ્ખલન દ્વારા મોટા પ્રમાણમાં પાણીના વિસ્થાપન દ્વારા પેદા થાય છે. સુનામી મોજાઓ સમગ્ર સમુદ્રમાં ખૂબ જ વધુ ઝડપે આવે છે પરંતુ જેમ જેમ છીછરા પાણી સુધી પહોંચે છે તેમ તેમ તે ધીમું થાય છે, અને મોજા વધુ તીવ્ર બને છે.
૨	જળ વિજ્ઞાન સંબંધી	• પૂર • ભૂ સ્ખલન • મોજા	• **હિમપ્રપાત**, પૃથ્વીની પોચી સામગ્રી , બરફ અથવા બરફનો મોટો સમૂહ જે ગુરુત્વાકર્ષણ બળ હેઠળ પર્વતની નીચે ઝડપથી સરકે છે, વહે છે અથવા પડે છે • **દરિયાકાંઠાનું ધોવાણ** - મોજા , પવન, ભરતી અથવા માનવશાસ્ત્રની પ્રવૃત્તિઓના કારણે કાંઠાની આસપાસ કાંપ અથવા ભૂમિગતનું કામચલાઉ અથવા કાયમી નુકસાન • **દરિયાકાંઠે પૂર** -દરિયાકિનારે સામાન્ય કરતાં વધારે પાણીનું સ્તર ભરતીના ફેરફારો અથવા વાવાઝોડાને કારણે પૂર આવે છે , જે દિવસોથી અઠવાડિયા સુધી ટકી શકે છે • કાટમાળનો પ્રવાહ , કાદવનો પ્રવાહ , ખડક પતન - ભારે વરસાદ અથવા ઝડપી બરફ/બરફ ઓગળે ત્યારે ભૂસ્ખલનનાં પ્રકારો મોટા પ્રમાણમાં વનસ્પતિ , કાદવ અથવા ગુરુત્વાકર્ષણ દળો દ્વારા નીચે ઢોળાવ તરફ મોકલે છે. • ક્ષણિક પૂર - ટૂંકા ગાળામાં ભારે અથવા વધુ પડતો વરસાદ જે તાત્કાલિક ધોધ વહન કરે છે , વરસાદ દરમિયાન અથવા પછી થોડીવારમાં અથવા થોડા કલાકોમાં પૂરની સ્થિતિ બનાવે છે • જળ પ્રવાહ પૂર - મેદાની પૂર (નદીના પૂર) માં સામાન્ય રીતે સૂકી જમીન પર ઝરણા જળમાર્ગ પાણીના છલકાવા માટે સામાન્ય અર્થ, જ્યાં વરસાદ પડ્યો (ક્ષણિક પૂર) ત્યાં દરિયાકિનારે અને તળાવો અથવા જળાશયો (દરિયાકાંઠે પૂર) તેમજ નજીક અથવા નજીકના પાણીના તળાવમાં સામાન્ય સ્તર કરતા વધારે બિંદુ • તરંગ ક્રિયા: પવનથી ઉત્પન્ન સપાટી તરંગો જે પાણીના કોઈપણ ખુલ્લા જળાશયોની સપાટી પર આવી શકે છે જેમ કે મહાસાગરો, નદીઓ અને તળાવો , વગેરે. તરંગનું કદ પવનની તાકાત અને પ્રવાસનું અંતર (આનયન) પર આધાર રાખે છે.

	શ્રેણી	મુખ્ય ઘટના	ગૌણ આપત્તિનું ટુંકમાં વર્ણન
૩	મોસમી	અલ્પજીવી, સૂક્ષ્મ-થી-મધ્યમ-સ્કેલ આત્યંતિક હવામાન અને વાતાવરણીય પરિસ્થિતિઓને કારણે જોખમ જે મિનિટોથી દિવસો સુધી ટકી શકે છે	• ચક્રવાત, તોફાન લહેર, ટોર્નેડો, ઉષ્ણતાનયન તોફાન, વિશેષ ઉષ્ણકટિબંધીય તોફાન, પવન • ઠંડીનું મોજું, ઝડપથી સીધી રેખામાં આગળ વધતું પવનનું ભારે તોફાન • ઊંચું તાપમાન, ધુમ્મસ, હિમ, બરફ, કરા, લૂ • આકાશી વીજળી, ભારે વરસાદ • રેતીનું તોફાન, ધૂળની ડમરી • હિમપાત, બરફ, શિયાળું તોફાન, બરફનું તોફાન
૪	આબોહવા સ્થિતિ	અસામાન્ય, આત્યંતિક હવામાન પરિસ્થિતિઓ લાંબા ગાળાના, મધ્યમથી સૂક્ષ્મ-સ્કેલ સંબંધિત વાતાવરણીય પ્રક્રિયાઓ આંતર-મોસમીથી ઘણા દશકા (લાંબા ગાળાની) આબોહવા પરિવર્તનશીલતા	• દુકાળ • સખત ગરમી/ઠંડી સ્થિતિ • જંગલ દવ/ જંગલી આગ • હિમ સરોવરનું ફાટવું (GLOF) • પાણીનું ઓસરવું
૫	જૈવિક	જંતુઓ અને ઝેરી પદાર્થોનો ઉદભવ	રોગચાળો: વાયરલ , બેક્ટેરિયલ, પરોપજીવી, ફંગલ અથવા પ્રિઓન ચેપ જંતુ ઉપદ્રવ, પશુ ભાગદોડ

૧.૧૩.૨ માનવ પ્રેરિત આપત્તિ

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિ, ૨૦૦૯ જણાવે છે કે વસ્તી વધારો , ઝડપી શહેરીકરણ અને ઔદ્યોગીકરણ, ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાં વિકાસ , પર્યાવરણીય અધઃપતન અને આબોહવા પરિવર્તન વિવિધ પ્રકારની આપત્તિઓ માટે અસુરક્ષા વધારે છે. અપૂરતી આપત્તિ સજ્જતાને કારણે , સમુદાયો અને પ્રાણીઓને અકસ્માતો (ઔદ્યોગિક, માર્ગ, હવા, રેલવે, નદી અથવા સમુદ્ર , મકાન ધરાશાયી થવા , આગ, ખાણમાં પૂર , શહેરી પૂર તેલ ફેલાવું , વગેરે) માનવ-પ્રેરિત અનેક પ્રકારના જોખમોથી વધે છે. રાસાયણિક, જૈવિક, વિકિરણ અને અણુ ભય અને ઘટનાઓને કારણે માનવ પ્રેરિત કૃત્યોના કારણે જોખમો ખૂબ ઊંચા ક્રમે છે. ઇરાદાપૂર્વક અથવા બિન -ઇરાદાપૂર્વકની પ્રવૃત્તિઓથી

ઉદ્ભવતી આતંકવાદી પ્રવૃત્તિઓ અને ગૌણ ઘટનાઓ પણ આ જોખમોમાં વધારો કરે છે અને પર્યાપ્ત તૈયારી અને આયોજન માટે આહવાન કરે છે.

૧.૧૪ સંસ્થાકીય માળખું

૧.૧૪.૧ રાષ્ટ્રીય કક્ષાએ



આકૃતિ ૧:૩ રાષ્ટ્રીય સ્તરની આપત્તિ વ્યવસ્થાપન - મૂળભૂત સંસ્થાકીય માળખું

નોંધઃ માત્ર સંકલન, નિર્ણય લેવા અને આપત્તિ વ્યવસ્થાપન માટે સંદેશાવ્યવહાર માટે સંસ્થાકીય માર્ગોને રજૂ કરે છે અને આદેશની કોઈ કડીને સૂચિત કરતું નથી.

આપત્તિ વ્યવસ્થાપનનું એકંદર સંકલન ગૃહ મંત્રાલયમાં નિહિત છે. સુરક્ષા મંત્રીમંડળ સમિતિ અને રાષ્ટ્રીય ખતરો વ્યવસ્થાપન સમિતિ એ આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત ઉચ્ચ-સ્તરના નિર્ણય લેવામાં સામેલ મુખ્ય સમિતિઓ છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ એ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન નીતિની મંજૂરી અને તેના અમલીકરણની સુવિધા માટે જવાબદાર સંસ્થા છે. આકૃતિ ૧-૩ રાષ્ટ્રીય સ્તરે આપત્તિ વ્યવસ્થાપન માટે મૂળભૂત સંસ્થાકીય માળખાનો યોજનાકીય દૃષ્ટિકોણ પૂરો પાડે છે. આકૃતિ

આપત્તિ વ્યવસ્થાપન માટે સંકલન , નિર્ણય લેવા અને સંદેશાવ્યવહાર માટે માત્ર સંસ્થાકીય માર્ગોનું પ્રતિનિધિત્વ કરે છે અને આદેશની કોઈપણ કડીને સૂચિત કરતું નથી.

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમમાં કોઈપણ આપત્તિને 'રાષ્ટ્રીય ખતરો અથવા 'રાષ્ટ્રીય આપત્તિ' તરીકે સૂચિત કરવાની કોઈ જોગવાઈ નથી. મોટા ભાગના કિસ્સાઓમાં , રાજ્ય સરકારો કેન્દ્ર સરકાર સાથે સહાયક ભૂમિકા ભજવીને આપત્તિ વ્યવસ્થાપન હાથ ધરશે. સામાન્ય રીતે કેન્દ્રીય સંસ્થાઓ રાજ્ય સરકારની વિનંતી પર ભાગ લેશે. દરેક રાજ્યની અંદર, રાજ્ય સ્તરે આપત્તિ વ્યવસ્થાપન માટે અલગ સંસ્થાકીય માળખું છે. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, રાજ્ય કક્ષાએ રાજ્ય રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને જિલ્લા કક્ષાએ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની સ્થાપનાની જોગવાઈ કરે છે. રાષ્ટ્રીય સ્તરે આપત્તિ વ્યવસ્થાપન માટે મહત્વની નિર્ણય લેતી સંસ્થાઓની ભૂમિકા , રચના અને ભૂમિકાનું સંક્ષિપ્તમાં કોષ્ટક ૧-૨ માં વર્ણન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય સંસ્થાઓની સામેલગીરીની સીમા આપત્તિના ફેલાવાનો પ્રકાર, માત્રા અને વહીવટી પ્રસાર પર આધારિત છે. જો પરિસ્થિતિને કેન્દ્ર સરકારની સીધી સહાય અથવા કેન્દ્રીય સંસ્થાઓની ફાળવણીની જરૂર હોય, તો કેન્દ્ર સરકાર તમામ જરૂરી સહાય પૂરી પાડશે.

કોષ્ટક- ૧-૨: આપત્તિ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય-સ્તરે નિર્ણયો લેનાર મુખ્ય સંસ્થાઓ

	નામ	રચના	મહત્વની ભૂમિકા
૧	**સુરક્ષા મંત્રીમંડળ સમિતિ (CCS)**	વડાપ્રધાન, સંરક્ષણ મંત્રી , નાણાં મંત્રી , ગૃહ મંત્રી અને વિદેશ મંત્રી	• જો કોઈ ઘટના સંભવિત સુરક્ષા અસરો ધરાવે તો રાષ્ટ્રીય સુરક્ષા દ્રષ્ટિકોણથી મૂલ્યાંકન કરવું • રાસાયણિક, જૈવિક, વિકિરણ અને પરમાણુ સંકટો અને સુરક્ષા અસરો સાથેની આફતોની તૈયારી , શમન અને સંચાલનના તમામ પાસાઓની દેખરેખ રાખવી. • આપત્તિ નિવારણ, શમન, સજ્જતા અને અસરકારક પ્રતિભાવ માટે જરૂરી માનવામાં આવતા પગલાં માટે નિર્દેશો આપીને રાસાયણિક , જૈવિક, વિકિરણ અને પરમાણુ ખતરોના જોખમોની સમયાંતરે સમીક્ષા કરવી.
૨	**રાષ્ટ્રીય ખતરો વ્યવસ્થાપન સમિતિ (NCMC)**	• કેબિનેટ સચિવ (અધ્યક્ષ) • આપત્તિ વ્યવસ્થાપન વિશેષ જવાબદારીઓવાળા મંત્રાલયો/ વિભાગોના સચિવો અને સંસ્થાઓ	• આપત્તિ પ્રતિભાવના આદેશ , નિયંત્રણ અને સંકલનની દેખરેખ રાખવી • ખતરો વ્યવસ્થાપન જૂથને જરૂરી લાગે તે વા નિર્દેશો આપવા • ખતરો પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ચોક્કસ પગલા માટે નિર્દેશો આપવા

	નામ	રચના	મહત્વની ભૂમિકા
કુદરતી જોખમો અને આબોહવાની ચરમસીમાથી નુકસાન અને જોખમોના અસરકારક ઘટાડાને શાસનના વિવિધ સ્તરે સંકલિત પગલાંની જરૂર છે. આ કરારોમાંથી ઉદ્ભવતા વૈશ્વિક લક્ષ્યોને સાંકળ તા સંસ્થાકીય એકીકરણ કરવાના પડકારો પૈકી સૌથી મોટો પડકાર છે. આપત્તિ જોખમ ઘટાડો અને આબોહવા પરિવર્તન અનુકૂલન આ તમામ તાજેતરના વૈશ્વિક કરારોમાં ધ્યાનમાં લેવામાં આવતા મુખ્ય એજન્ડાનો ભાગ છે. આ ત્રણેય કરાર વિકાસને ટકાઉ બનાવવાનો એક સામાન્ય ઉદ્દેશ છે. મહત્વાકાંક્ષી લક્ષ્યો માટે મજબૂત પ્રતિબદ્ધતા અને આ આંતરરાષ્ટ્રીય કરારોનું ઝડપી અમલીકરણ વૈશ્વિક પ્રાથમિકતા હોવી જોઈએ. ૨૦૧૫ પછીના એજન્ડા વચ્ચે પૂરકતાને જોતાં , આ દસ્તાવેજોની કુલ અસરનો લાભ લેવાથી વહેંચાયેલ મૂલ્ય બને છે. કરે છે

વિકાસમાં જોખમ ઘટાડવાને બદલે વધુ - પેદા કરે એવા તેમાંના દરેક "નીતિ જોખમો" અથવા , વિરોધાભાસી નીતિઓ નો ભાગ ન બને તેની ખાતરી કરવા માટે પ્રયાસો અમલમાં મૂકવા જરૂરી છે. એકન્દરે, ત્રણ માળખામાં અલગ અલગ પ્રાથમિકતાઓ , લક્ષ્યો અને કાર્યો પરસ્પર મજબૂતી વિના

સ્વતંત્ર રીતે અમલમાં મુકવામાં આવે તેના કરતાં વધુ સર્વગ્રાહી પ્રતિકાર ક્ષમતાનો એજન્ડા બને છે કારણ કે પ્રતિકાર ક્ષમતા નિર્માણ માટે વિકાસ, માનવતાવાદી પહેલ, આબોહવા પરિવર્તન અને આપત્તિ જોખમ ઘટાડાને પ્રતિભાવ આપતા વિવિધ ક્ષેત્રોમાં ફેલાયેલ હોય એવા પગલાંની જરૂર પડે છે.

બીજી ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ, સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભાએ આપત્તિઓને લઇને નુકસાનને ઘટાડવામાં વૈશ્વિક પ્રગતિને નિર્ધારણ કરવા માટે જરૂરી સૂચકાંકો જણાવ તો ઠરાવ A/71/644 અપનાવ્યો[44]. આ સૂચકાંકોની માહિતીના સંગ્રહ દ્વારા, યુએન સભ્ય દેશો સેન્ડાઇ માળખામાં વ્યાખ્યા કરેલ સાત વૈશ્વિક લક્ષ્યો સામે ૨૦૩૦ સુધીમાં મૃત્યુદર, અસરગ્રસ્ત વ્યક્તિઓ, આર્થિક નુકસાન અને મહત્વના માળખાને નુકસાન અને મૂળભૂત સેવાઓમાં વિક્ષેપ સહિત આપત્તિ જોખમ ઘટાડવાની કામગીરીમાં તેમની પ્રગતિને માપી શકે તેનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા આ આંતરરાષ્ટ્રીય માળખાઓની દેખરેખ સાથે પહેલેથી જ એકસૂત્રતા સ્વીકારી છે. યુએન આંકડાકીય આયોગે આંતર સંસ્થા અને નિષ્ણાત જૂથ દ્વારા ટકાઉ વિકાસ લક્ષ્ય પર વિકસિત સૂચકાંકો અપનાવ્યા છે , અને આ પ્રક્રિયા સેન્ડાઇ માળખા સાથે નજીકથી સંકલિત છે. ૬ જુલાઈ, ૨૦૧૭ ના રોજ યુએન સામાન્ય સભાએ વૈશ્વિક સૂચક માળખું અપનાવ્યું છે[45].

NDMP એ આપત્તિ જોખમ ઘટાડા, ટકાઉ વિકાસ અને આબોહવા પરિવર્તન (શમન અને અનુકૂલન) ના પ્રતિભાવમાં કાર્યો માટે રાષ્ટ્રીય માળખામાં સુસંગતતાની કલ્પના કરવાનો પ્રયાસ કર્યો છે. NDMP આ ત્રણ ક્ષેત્રોમાં પરસ્પર મજબૂતીકરણના પગલાંની ઓળખ કરે છે. આપત્તિ જોખમ ઘટાડાને મુખ્ય પ્રવાહમાં વાળવા ટકાઉ વિકાસ માટેની પહેલ અને વિકાસ કાર્યસૂચિના અંતર્ગત ભાગ તરીકે આબોહવા પરિવર્તનની અસરોને ઉકેલવા માટે લેવામાં આવેલા પગલાં સાથે સુમેળ કરી શકાય છે. આબોહવા પરિવર્તનની અસરોથી ઉદ્ભવતા ઘણા વધારાના પડકારો જે સંકટના જોખમના ગુણાકાર તરીકે કાર્ય કરે છે અને NDMP ના અમલીકરણમાં સંકલિત કરવા જોઈએ.

---

[44] યુએન સામાન્ય સભાનો ઠરાવ, 71/644, આપત્તિ જોખમ ઘટાડવા સંબંધિત સૂચકાંકો અને પરિભાષાઓ પર ઓપન-એન્ડેડ આંતર-સરકારી નિષ્ણાત કાર્યકારી જૂથનો અહેવાલ, A/71/644

[45] યુએન સામાન્ય સભાનો ઠરાવ , A/RES/71/313, ટકાઉ વિકાસ માટે ૨૦૩૦ એજન્ડા સંબંધિત આંકડાકીય આયોગનું કાર્ય



૨૦૧૫ પછીનું વૈશ્વિક માળખુ - રાષ્ટ્રીય પ્રયાસોમાં સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણ

આકૃતિ ૩-૬: ૨૦૧૫ પછીના વૈશ્વિક માળખું-રાષ્ટ્રીય પ્રયાસોમાં સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણ

વિકાસ, આપત્તિઓ અને સમાજના લગભગ તમામ પાસાઓ ને સમુદાય અને અર્થતંત્રના તમામ ક્ષેત્રોને વહેલા અને પ્રારંભિક તબક્કામાં આબોહવા પરિવર્તનના પ્રતિભાવ આવરી લેતા વૈશ્વિક માળખાની પલે પાર સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણ સુનિશ્ચિત કરવાના વિચારો છે. જ્યાં સુધી આપત્તિ જોખમ ઘટાડવાનો સવાલ છે ત્યાં પ્રતિકાર ક્ષમતા વધારવી એ એક મુખ્ય વિષય છે. આ બધી ચર્ચાઓ એકદમ સ્પષ્ટ કરે છે કે આ કાર્યોને જોખમ ઘટાડવાના મુખ્ય પ્રવાહથી અલગ કરી શકાતા નથી, જોકે તે વૈશ્વિક માળખામાં સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણની વિભાવનાઓની આગાહી કરતો એક એવો વિચાર છે. સમગ્ર માળખામાં અગાઉ (આકૃતિ ૩-૬) કલ્પના કરવામાં આવી હતી તેનાથી આગળ સુસંગતતા અને મજબૂતીકરણના વિચારો મુખ્યપ્રવાહના અવકાશને વિસ્તૃત કરે છે. SDG અને સેન્ડાઇ માળખાની સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણની કરેલી કલ્પનાને (આકૃતિ ૩-૭) માં દર્શાવવામાં આવી છે. તેવી જ રીતે, SDGs અને COP21 માટે આબોહવા પરિવર્તન કાર્યો પર પેરિસ કરાર આકૃતિ ૩-૮ માં દર્શાવવામાં આવ્યો છે. સુસંગતતા અને મજબૂતીકરણ સુનિશ્ચિત કરવા માટે કલ્પના કરેલા પગલાંની મુખ્ય પ્રવાહના પ્રકરણમાં ચર્ચા કરવામાં આવશે. ત્રણ વૈશ્વિક માળખમાં DRR માટે સંબંધિત ભારતની રાષ્ટ્રીય પહેલનો સારાંશ કોષ્ટક ૩-૧ માં આપવામાં આવ્યો છે.



આકૃતિ ૩.૭: SDGs અને સેન્ડાઇ માળખાની સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણની કલ્પના કરવી

સ્રોત: UNISDR[46]

[46] UNISDR, ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવા માટે સેન્ડાઇ માળખાની અમલ.
http://www.unisdr.org/files/50438_implemeningthesendaiframeworktoach.pdf (accessed Sep 20, 2019)



આકૃતિ ૩-૮: આબોહવા પરિવર્તન પગલા માટે SDGs અને COP21 ની સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણની કલ્પના સ્રોત: ક્લાઇમેટ ડિપ્લોમસી અને એડેલ્ફી[47]

કોષ્ટક ૩-૧: ત્રણ વૈશ્વિક ફ્રેમવર્કમાં DRR માટે સંબંધિત ભારતની રાષ્ટ્રીય પહેલ

	સેન્ડાઇ - વૈશ્વિક લક્ષ્યો	ટકાઉ વિકાસ લક્ષ્યો	COP21 - આબોહવા પરિવર્તન પર પેરિસ કરાર	DRR સંબંધિત રાષ્ટ્રીય પહેલ
૧	૨૦૦૫-૨૦૧૫ ની સરખામણીમાં ૨૦૩૦ સુધીમાં (૨૦૨૦-૨૦૩૦) વૈશ્વિક આપત્તિ મૃત્યુદર નોંધપાત્ર રીતે ઘટાડવો	SDG ૧, ૨, ૧૧, ૧૩	આત્યંતિક ઘટનાઓની રીતમાં ફેરફાર માટે આપત્તિ પ્રતિકાર ક્ષમતા અને અનુકૂલન વધારવાની જરૂર ગરીબી દૂર કરવા અને આપત્તિઓથી આર્થિક નુકસાન ઘટાડવા માટે GACC જોખમોને ઉકેલવું મહત્વનું છે	DRR, આર્થિક વિકાસ, GACC શમન અને અનુકૂલન માટે બહુવિધ યોજનાઓ અને પહેલ.

47 https://www.climate-diplomacy.org/publications/infographic-making-development-sustainable-throughclimate-action (accessed Sep 20, 2019)

	સેન્ડાઇ - વૈશ્વિક લક્ષ્યો	ટકાઉ વિકાસ લક્ષ્યો	COP21 - આબોહવા પરિવર્તન પર પેરિસ કરાર	DRR સંબંધિત રાષ્ટ્રીય પહેલ
૨	૨૦૦૫-૨૦૧૫ ની સરખામણીમાં ૨૦૩૦ સુધીમાં (૨૦૨૦-૨૦૩૦) આપત્તિગ્રસ્ત લોકોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટાડવી	SDG ૧, ૧૧, ૧૩	જોખમ સંવેદનશીલ આયોજન અને DRR ના અમલીકરણ દ્વારા પ્રતિકાર ક્ષમતા વધારવા માટે ઝડપી કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂકે છે	આપત્તિ નિવારણ અને DRR માટે ક્ષમતા વિકસાવવા માટે સંસાધનો અને ભંડોળની ફાળવણી તમામ સ્તરે DRR ને મજબૂત બનાવવું આપત્તિ- ક્ષમતા વિકાસને પ્રોત્સાહન આપવું વિકાસમાં DRR અને GACC ને અનુકૂલન મુખ્ય પ્રવાહમાં લાવવું
૩	પ્રત્યક્ષ રીતે આપત્તિ આર્થિક નુકસાનને નોંધપાત્ર રીતે ઘટાડે છે	SDG ૧, ૧૧	પેરિસ કરારનો ઉદ્દેશ વૈશ્વિક સરેરાશ તાપમાનમાં વધારો પૂર્વ-ઔદ્યોગિક સ્તરોથી બે ડિગ્રી સેલ્સિયસ નીચે રાખવાનો છે અને તેને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવા ના પ્રયાસોને આગળ ધપાવવાનો છે , આનાથી આબોહવા પરિવર્તનના જોખમો અને અસરોને નોંધપાત્ર રીતે ઘટાડશે.	DRR માટે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતા માટે PM દસ સૂત્રી કાર્યક્રમમાં સ્પષ્ટ થાય છે INDC મુજબ GACC ને ઘટાડવા અને અનુકૂલન માટે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતા
૪	મહત્વના માળખાને નુકસાન અને મૂળભૂત સેવાઓ (આરોગ્ય, શિક્ષણ, વગેરે) ના વિક્ષેપને નોંધપાત્ર રીતે ઘટાડે છે.	SDG ૧, ૪, ૯, ૧૧ ,	વૈશ્વિક તાપમાન લક્ષ્યના સંદર્ભમાં પર્યાપ્ત અનુકૂલન પ્રતિભાવ સુનિશ્ચિત કરવા અનુકૂલનશીલ ક્ષમતા વધારવા, પ્રતિકાર ક્ષમતા મજબૂત કરવા અને સંવેદનશીલતા ઘટાડવા	DRR ને પ્રાથમિક, માધ્યમિક અને તૃતીય આરોગ્ય સંભાળમાં સંકલિત કરીને અને આપત્તિ દવાના ક્ષેત્રમાં તાલીમ ક્ષમતાઓને પ્રોત્સાહન અને વધારીને રાષ્ટ્રીય આરોગ્ય પ્રણાલીઓની ક્ષમતા માં

	સેન્ડાઇ - વૈશ્વિક લક્ષ્યો	ટકાઉ વિકાસ લક્ષ્યો	COP21 - આબોહવા પરિવર્તન પર પેરિસ કરાર	DRR સંબંધિત રાષ્ટ્રીય પહેલ
			માટે વૈશ્વિક અનુકૂલન લક્ષ્યો	વધારો કરવો . તંદુરસ્ત જીવન અને સુખાકારીને પ્રોત્સાહનની ખાતરી કરવા મહત્વના માળખા આપત્તિના નુકસાનમાં અને મૂળભૂત સેવાઓમાં વિક્ષેપ નોંધપાત્ર ઘટાડો કરવો આવશ્યક છે.
૫	આપત્તિ જોખમ ઘટાડવાની વ્યૂહરચનામાં નોંધપાત્ર વધારો કરવો	SDG ૧, ૩, ૬, ૧૧, ૧૩	અનુકૂલન, ટકાઉ વિકાસ , પર્યાવરણીય વ્યવસ્થાપન અને આપત્તિ જોખમ ઘટાડવા માટે સારી રીતે સંકલિત અભિગમ સાથે આપત્તિઓથી આર્થિક નુકસાન ઘટાડવા માટે નિર્ણાયક એવા GACC જોખમોને ઉકેલવા	GACC ને ઘટાડવા અને અનુકૂલન માટે NAPCC ટકાઉ રાષ્ટ્રીય કૃષિ મિશન આબોહવા પ્રતિરોધક કૃષિ પર રાષ્ટ્રીય પહેલ
૬	રાષ્ટ્રીય કાર્યોને પૂરક બનાવવા આંતરરાષ્ટ્રીય સહકારમાં નોંધપાત્ર વધારો કરવો	SDGs હાંસલ કરવા માટે સક્રિય આંતરરાષ્ટ્રીય સહકાર સાધવો	COP21 લક્ષ્યો હાંસલ કરવા માટે INDCs અને આંતરરાષ્ટ્રીય સહયોગ આધારિત GACC ને વૈશ્વિક પ્રતિભાવ માટે દેશો દ્વારા મજબૂત પ્રતિબદ્ધતાઓ	ભારત ૨૦૧૫ પછીના અને અન્ય વૈશ્વિક માળખાના અમલીકરણમાં સક્રિય સભ્ય છે
૭	બહુ-જોખમી પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ અને આપત્તિ જોખમ માહિતી અને આકારણીઓની ઉપલબ્ધતા અને મેળવવામાં નોંધપાત્ર વધારો કરવો	SDG 3, ૧૩	પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ, જોખમ આકારણી અને વ્યવસ્થાપન સુધારવા પર ભાર મૂકવો	વિવિધ ક્ષેત્રોમાં અને બહુ-જોખમો માટે પ્રારંભિક ચેતવણી અને માહિતી પ્રણાલીને સુધારવા માટે રાષ્ટ્રીય રોકાણો.

નોંધ: તમામ કેન્દ્રીય મંત્રાલયોની વૈશ્વિક માળખા સાથે સંબંધિત રાષ્ટ્રીય લક્ષ્યો હાંસલ કરવા માટે ચોક્કસ જવાબદારીઓ છે.

સેન્ડાઇ માળખાનું પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે, સેન્ડાઇના સાત લક્ષ્યો હેઠળ, ૩૮ સૂચકોનો સમૂહ (૩.૨.૨ ની જેમ જ પરિશિષ્ટ -૩) સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે જે હાયગો કાર્ય માળખાના સમયગાળા એટલે કે, ૨૦૦૫-૧૫ ના સંદર્ભમાં ટકાવારીમાં ફેરફારની દ્રષ્ટિ સામે માપવા જોઇએ. ૨૦૦૫-૧૫ ના સમયગાળા માટે આ ક્ષેત્રીય વિભાજિત પાયા રેખાની માહિતી કેન્દ્રીય મંત્રાલય/ વિભાગ અને રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા એકઠી કરવામાં આવશે. આ દરમિયાન, નીતિ આયોગે ૧૬૯ લક્ષ્યો ધરાવતા ૧૭ SDGs ની પ્રગતિ પર નજર રાખવા માટે ૩૦૬ રાષ્ટ્રીય સૂચકાંકો ધરાવતું રાષ્ટ્રીય સૂચક માળખું (NIF) અપનાવ્યું છે. SFDRR અને SDGs માં સ્પષ્ટ સ્થાપિત જોડાણ હોવાથી, આ NIF, અન્ય લોકો ઉપરાંત, DRR પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરતા લક્ષ્યો ૧.૫.૧, ૧.૫.૨, ૧૧.૫.૧, ૧૧.બી.૧ અને ૧૧.બી.૨ માટે રાષ્ટ્રીય સૂચકાંકોનો સમાવેશ કરે છે. NDMP માં ઉપયોગમાં લેવાતી સમયમર્યાદા ૨૦૧૫ પછીના વૈશ્વિક માળખા સાથે સહ-જોડાણ છે, જે ૨૦૩૦ માં પૂરૂં થશે.

૪ આપત્તિ જોખમ ઘટાડામાં સામાજિક સામેલગીરી

૪.૧ પૃષ્ઠભૂમિ

આપત્તિની પરિસ્થિતિઓ આદર્શ સામાજિક વ્યવસ્થા અને માળખાકીય અસમાનતાઓ પર ઘણા પ્રશ્નો ઊભા કરે છે જેને આપત્તિ પ્રતિભાવ સહિત ધ્યાનમાં લેવાની જરૂર છે. આપત્તિની વ્યવસ્થાપન અસરગ્રસ્ત, ખાસ કરીને રાહત અને પૂર્વવત્ત સ્થિતિ માટે સ્વાભાવિક રીતે અજાણ્યા 'પીડિતો' અથવા 'બચેલા' લોકોને એક સમાન જૂથ તરીકે જોવાનું વલણ ધરાવે છે . આ લિંગ, જાતિ અથવા વર્ગ (Fordham ૧૯૯૯) માં હાલની વિષમતા અને અસમાનતાઓને દૂર કરવામાં સ્વાભાવિક રીતે અસમર્થતા તરફ દોરી જાય છે. જોખમો ભેદભાવ કરતા નથી , પણ લોકો કરે છે. પ્રવર્તમાન અસમાનતાઓથી દૃષ્ટિહીન બનીને વ્યવસ્થાપન અન્યાયી બની શકે છે. હાલની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓનો અર્થ એ છે કે આપત્તિઓ વસ્તી વિષયક રીતે સમાન સમુદાયો માટે પણ ભિન્ન પરિણામો તરફ દોરી શકે છે. અનિવાર્યપણે , સૌથી સંવેદનશીલ જૂથો બીજા કરતા વધુ સહન કરે છે. આ પ્રકરણ આપત્તિ જોખમ ઘટાડવાના મહત્વ પર ભાર મૂકે છે કે આપત્તિનો સામનો કરવાની ક્ષમતાઓને અસમાન ઉકેલનો સ્વીકાર કરીને અસમાનતા અને સામાજિક બહિષ્કારને કારણે કેટલાક વર્ગો સામાજિક પ્ર થામાં તેમના સ્થાનને કારણે આત્યંતિક ઘટનાઓ અને આપત્તિઓમાં બીજા કરતા વધુ સહન કરે છે. સામાજિક બિન મહત્વના વિશાળ પડકારોનો સામનો કરવો , સામાજિક બહિષ્કાર અને અન્ય અસમાનતાઓ કાર્યક્ષેત્રની બહાર છે. જો કે, આપત્તિ જોખમ ઘટાડાએ સામાજિક રીતે સમાવેશન માટે આપત્તિ જોખમ ઘટાડાને દરેક શક્ય પ્રયાસ સુનિશ્ચિત કરવા સામાજિક વાસ્તવિકતાઓનું ધ્યાન રાખવું જોઈએ

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ (પ્રકરણ ૧૧, વિભાગ ૬૧) તમામ પ્રકારના ભેદભાવ પર - પછી તે લિંગ, જાતિ, સમુદાય, વંશ અથવા ધર્મ પર આધારિત હોય - આપત્તિ જોખમ ઘટાડવા, આપત્તિ રાહત અથવા અસરગ્રસ્ત લોકોને માનવીય સહાય સંબંધિત કોઈપણ પ્રવૃત્તિઓમાં પ્રતિબંધ મૂકે છે. આપત્તિ વ્યવસ્થાપન રાષ્ટ્રીય નીતિ , ૨૦૦૯ ની પ્રસ્તાવના લખે છે કે આર્થિક રીતે નબળા અને સામાજિક રીતે હાંસિયામાં ધકેલાયેલા વર્ગ, મહિલાઓ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ આપત્તિઓ દરમિયાન વધુ સહન કરે છે. આપત્તિ માટે સમુદાયની સંવેદનશીલતા, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ પર આધારિત છે. વંચિતતાનું ચક્ર તેમની સંવેદનશીલતામાં વધારો કરે છે એવું નથી, પણ તેમને મૂળભૂત અધિકારોની સુલભતાને નકારી ને ધીમે ધીમે નિર્ણય લેવાની પ્રક્રિયામાંથી દૂર કરે છે.

સામાજિક સમાવેશની અસંખ્ય વ્યાખ્યાઓ અને ખ્યાલો છે , અને ઘણી ચર્ચાઓ પછી પણ, વ્યાખ્યા પર કોઈ સર્વસંમતિ થઇ નથી. ૧૯૯૫ માં કોપનહેગનમાં યોજાયેલ સામાજિક વિકાસ માટે વિશ્વ

સંમેલન, સમાવિષ્ટ સમાજને બધા માટેના સમાજ તરીકે વ્યાખ્યાયિત કરે છે , જેમાં દરેક વ્યક્તિ, દરેક અધિકારો અને જવાબદારીઓ સાથે સક્રિય ભૂમિકા ભજવે છે. સમાવિષ્ટ સમાજ નિષ્પક્ષતા, સમાનતા, સામાજિક ન્યાય, માનવ ગૌરવ, માનવ અધિકારો અને સ્વતંત્રતાઓના મૂળભૂત મૂલ્યો તેમજ વિવિધતાને સ્વીકારવાના સિદ્ધાંતો પર આધારિત છે. એક તરફ વ્યક્તિનો અનુભવ અને આત્મ-પ્રેરણા માટે સામાજિક સમાવેશની શક્યતાઓ, અને બીજી બાજુ, બહિષ્કાર કારણોને દૂર કરવા અને તમામ માટે સમાન તકો સુનિશ્ચિત કરવા સામાજિક ક્ષમતાને અસર કરે છે (UNDESA, ૨૦૦૮).

સામાજિક બહિષ્કારનો અર્થ ભેદભાવ, વંચિતતા અને અસ્વીકારના તમામ અનુભવો પ્રગટ કરે છે, પછી ભલે તે કોઈ પણ લક્ષણ પર આધારિત હોય પછી તે જાતિ, લિંગ, ક્ષમતાઓમાં તફાવતો, વંશીયતા, સંપ્રદાય, ધર્મ, જાતીય અભિગમ અથવા અન્ય કોઈ લક્ષણ હોય. સામાજિક બહિષ્કારની અને અભિવ્યક્તિઓ જાતિ, ધાર્મિક સંબંધો, લિંગ પૂર્વગ્રહ, વિકલાંગ લોકો પ્રત્યેના પૂર્વગ્રહો અને ઘણા બધા દ્વારા પ્રભાવિત કઠોર સામાજિક સ્તરીકરણ પ્રથાઓ ઊંડે સુધી મનમાં ઘર કરી ગઇ છે. સામાજિક બહિષ્કારને સ્થિતિ (અવરોધો અને પ્રક્રિયા) તરીકે જણાય છે જે સામાજિક સમાવેશને અવરોધે છે. સામાજિક બહિષ્કાર એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિઓ અથવા જૂથો આંશિક રીતે જેમાં તે રહે છે તે સમાજના જીવનના તમામ પાસાઓમાં સંપૂર્ણ ભાગીદારીમાંથી તેમની સામાજિક ઓળખ, ઉંમર, લિંગ, જાતિ, નપુસંકતા, સંસ્કૃતિ અથવા ભાષા, અને/અથવા શારીરિક, આર્થિક, સામાજિક અસુવિધાના આધારે બહિષ્કાર કરવામાં આવે છે.

જ્યારે લોકો ભેદભાવના અનેક સ્તરોનો સામનો કરતા હોય અને તેઓ સત્તાના અસમાન સંબંધોમાં જકડાયેલા હોય, ત્યારે ઘણીવાર બહિષ્કાર સૌથી આઘાતજનક હોય છે. ઘણા કિસ્સાઓમાં પણ તેઓ વસ્તીનો નોંધપાત્ર હિસ્સો ધરાવ તા હોવા છતાં ઘટનાને વધુ ખરાબ કરવા માટે , તેઓ ઘણી વખત આપત્તિ ઘટાડા અથવા કટોકટી પ્રતિભાવ કાર્યક્રમોમાં 'અદ્રશ્ય' રહે છે. સામાજિક રીતે બહિષ્કૃત જૂથોમાં આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં ધ્યાનમાં લેવામાં આવતી ન હોય એવી આપત્તિ પહેલા, આપત્તિમાં અને આપત્તિ પછી સંદર્ભ વિશેષ અને વિવિધ જરૂરિયાતો હોય છે. સમાવેશક આપત્તિ જોખમ વ્યવસ્થાપન અધિકારો અને તકોની સમાનતા , વ્યક્તિનું ગૌરવ, વિવિધતાનો સ્વીકાર, અને દરેક માટે પ્રતિકાર ક્ષમતામાં યોગદાન આપવું, વય, લિંગ, અપંગતા અથવા અન્યના આધારે કોઈપણ સમુદાયના સભ્યોને તરછોડવા નહીં. ભારતના સંદર્ભમાં, આપત્તિ જોખમ ઘટાડા માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સામાજિક સમાવેશ પર વધારાનો ઝોક નીચેના પર રહેશે:

1. જાતિ આધારિત સંવેદનશીલતા
2. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (SC&ST)
3. વૃદ્ધો

4. બાળકો અને
5. વિકલાંગો (PWD)

૪.૨ જાતિગત દૃષ્ટિકોણ અને આપત્તિ જોખમ ઘટાડો

૪.૨.૧ જાતિગત સંવેદનશીલતા

સામાન્ય રીતે , જાતિ બાબત ગતિશીલ પરિબળોના જટિલ મિશ્રણમાંથી ઉદ્ભવે છે જેમાં વિવિધ ભૂમિકાઓ અને જવાબદારીઓ , કુશળતા અને ક્ષમતાઓ , સંવેદનશીલતા, સત્તા સંબંધો , સંસ્થાકીય માળખા અને લાંબા સમયથી ચાલતી પરંપરાઓ અને વલણનો સમાવેશ થાય છે. જાતિ સંબંધોની વિશિષ્ટતાઓ સમાજના સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોના આધારે બદલાઈ શકે છે. જો કે , ભૂમિકાઓ, જવાબદારીઓ અને ઓળખના મૂળભૂત જાતિગત વિભાગો સમગ્ર વિશ્વમાં વિવિધ માત્રા પ્રચલિત છે. જાતિગત સંબંધોમાં પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે ઘણું અસંતુલન (લિંગ અંતર) છે , જે ઐતિહાસિક રીતે પુરૂષો માટે ભારે પિતૃપ્રધાન સમાજમાં પ્રભાવશાળી છે. નીતિ નિર્માતા, વિકાસકર્તા અને ફાળો આપનાર અને આપત્તિ જોખમ ઘટાડા પ્રક્રિયાઓના લાભાર્થી તરીકે આપત્તિ જોખમ ઘટાડામાં આ તમામ મહિલાઓને સમાન અધિકારો અને સમાન ભાગીદારનો દરજ્જો ભોગવતા અટકાવે છે.

લિંગ, પુરુષ અને સ્ત્રી હોવા સાથે સંકળાયેલ સામાજિક લક્ષણો અને તકો અને સ્ત્રીઓ , પુરુષો, છોકરીઓ અને છોકરાઓ વચ્ચેના સંબંધો , તેમજ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કરે છે. આ લક્ષણો, તકો અને સંબંધો સામાજિક રીતે બાંધવામાં આવે છે , શીખવામાં આવે છે અને સમય જતાં બદલાતા રહે છે. જાતિગત ગેરફાયદા - સંસાધનોની અસમાન ઉપલબ્ધિ, કાનૂની સુરક્ષા , નિર્ણય લેવાની સત્તા અને તેમનો પ્રજનન બોજ અને હિંસા પ્રત્યેની તેમની નબળાઈ - આપત્તિઓની અસરો માટે પુરુષો કરતાં સ્ત્રીઓને સતત વધુ સંવેદનશીલ બનાવે છે. મહિલાઓ માટે આપત્તિઓ ઉમેરો કરે છે, કાયમી કરે છે અને લિંગ અસમાનતા વધારે છે , ખરાબ પરિસ્થિતિઓને વધુ ખરાબ બનાવે છે. માટે મહિલાઓ જે સંભવિત યોગદાન આપી શકે છે તેને ઘણી વખત નજરઅંદાજ કરવામાં આવે છે અને આપત્તિઓ માટે સમુદાય પ્રતિકાર ક્ષમતા નિર્માણમાં મહિલા નેતૃત્વને વારંવાર અવગણવામાં આવે છે.

આપત્તિ જોખમ ઘટાડવા માટે લિંગ પરિપ્રેક્ષ્ય આપત્તિઓથી બચવા , સજ્જતા, સામનો કરવા અને સ્વાસ્થ્ય માટે અલગ લિંગ-વિશિષ્ટ ક્ષમતા અને નબળાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે (WCDRR ૨૦૧૫). આપત્તિ પહેલાની પરિસ્થિતિની સરખામણીમાં આપત્તિ પછીના પુનઃનિર્માણ કાર્યક્રમો મહિલાઓને વધુ સંવેદનશીલ બનાવી શકે છે , વધુ સારી રીતે નિર્માણ કરવાના ઉદ્દેશને હરાવી શકે છે. આપત્તિઓ પછી મહિલાઓ સામે હિંસામાં વધારો , ઘરેલુ હિંસા અને છૂટાછેડાના દર નોંધાયા છે (Fothergill ૧૯૯૮).તેઓ આપત્તિની પરિસ્થિતિમાં દુર્વ્યવહારમાં વધારે સંવેદનશીલ બને છે. તેઓ

સ્વચ્છતા સુવિધા મેળવવા માટે તકલીફનો સામનો કરે છે. ગોપનીયતાનો અભાવ જાતિ સતામણીનું જોખમ વધે છે. કેટલીક પરિસ્થિતિઓમાં, છોકરીઓ અને યુવતીઓને અવૈદ્ય વેપરીઓ દ્વારા જાળમાં ફસાવવાનું અને વહેલા લગ્ન કરાવવાનું જોખમ રહેલું છે. તેઓને સંસાધનો અને સંસ્થાઓ પર નિયંત્રણ ન હોવાથી રાહત મેળવવા અને સ્વાસ્થ્યથી મહિલાઓને અવગણવાનું વલણ છે (Parkinson ૨૦૧૧). મહિલા પ્રધાન પરિવારો, એકાકી મહિલા અને વિધવાઓ માહિતી મેળવવા અને આવશ્યક નાણાંકીય સહાય અને સ્વાસ્થ્ય અને પુનઃનિર્માણમાં તકલીફ અનુભવે છે.

આપત્તિ પછી, એવી ઘણી પરિસ્થિતિઓ છે જેમાં મહિલાઓ ઘરેલુ અને જાતીય હિંસાનો શિકાર બને તેવી સંભાવના છે. એવા કિસ્સાઓ છે કે મહિલાઓ જાતીય શોષણના ડરથી આશ્રયસ્થાનોનો ઉપયોગ કરવાનું ટાળે છે. મહિલાઓ કુપોષણથી પીડિત થવાની શક્યતા વધારે છે કારણ કે જ્યારે તેઓ ગર્ભવતી હોય અથવા સ્તનપાન કરાવતી હોય ત્યારે તેમને પોષણની ચોક્કસ જરૂરિયાતો હોય છે. દુષ્કાળ દરમિયાન, ખોરાકની અછતની પરિસ્થિતિઓમાં , મહિલાઓ તેમના ખોરાકના સેવન સાથે સમાધાન કરનાર પ્રથમ છે. તેઓ સામાન્ય રીતે ઘણાં ઘરેલુ કાર્યો જેમ કે પીવાનું પાણી લાવવું અને દૂરથી બળતણ લાવવાનો ભારે બોજો હોય છે. મહિલાઓ અને છોકરીઓને સામાન્ય રીતે તરણ જેવી જીવનરક્ષક કુશળતા મેળવવાની તક આપવામાં આવતી નથી કારણ કે લિંગ પૂર્વગ્રહ તેમને જોખમોનો સામનો કરવામાં ઓછી સક્ષમ બનાવે છે. જ્યારે તેઓ પોતે ઘાયલ હોય ત્યારે પરિવારની સંભાળ લેવી અને પોષણકર્તા તરીકેની તેમની પરંપરાગત લિંગ ભૂમિકા , આપત્તિ પછીની પરિસ્થિતિઓમાં ઘાયલ અને બીમાર હોય ત્યારે તેમની સંભાળ રાખવી પડે છે.

આપત્તિ પછીના આયોજન દરમિયાન , મહિલાઓ અને છોકરીઓની રાહત અને સ્વાસ્થ્યની જરૂરિયાતોને નજરઅંદાજ કરવામાં આવે છે કારણ કે આપત્તિ વ્યવસ્થાપન લગભગ પુરૂષ પ્રભુત્વ ધરાવતી હોય છે , જેમાં મહિલાઓની ભાગ્યે જ ભાગીદારી હોય છે. તેઓને વળતરની કાર્યવાહી માં ઘણીવાર અવગણવામાં આવે છે. જ્યારે મોટાભાગની મહિલાઓ પાસે જંગમ અથવા સ્થાવર મિલકતો (જમીન અથવા અસ્કયામતો) ની ઔપચારિક માલિકી હોતી નથી , જેઓ માલિકી ધરાવે છે તેમને પણ ઘરે વિવિધ દબાણ અને કાર્યવાહીમાં લિંગ સંવેદનશીલતાના અભાવને કારણે ઔપચારિકતા પૂરી કરવી મુશ્કેલ લાગે છે. સામાન્ય રીતે, તેમનું નુકસાન ઓછું મૂલ્યવાન અને વળતર વગરનું રહે છે.

પહેલેથી અસ્તિત્વમાં રહેલી સામાજિક અસુરક્ષા અને સામાજિક-આર્થિક દબાણ દ્વારા આપત્તિના જોખમો કેવી રીતે ફેલાયા છે તે બરાબર સમજવું જરૂરી છે. ઘણી વખત, અજાણતા, સામાજિક સ્થિતિ અને લિંગની ભૂમિકાઓને કારણે , મહિલાઓ પુનઃનિર્માણ પ્રક્રિયામાં ઓછી માંગ કરે છે. ઘણા અવરોધો નિર્ણય લેવાની અને પુનઃનિર્માણ પ્રક્રિયાઓમાં મહિલાઓની ભાગીદારીને મનાઇ કરે છે. તેમ છતાં , આપત્તિઓ લિંગ સંબંધોને બદલીને અને સામાજિક અને વર્તણૂકીય સુધારા સરળ બનાવીને મહિલાઓની

સ્થિતિ સુધારવાની તકો પૂરી પાડે છે. આપત્તિ પછીની પૂર્વવત્ત સ્થિતિ મહિલા સશક્તિકરણની તકો રજૂ કરે છે. આ પ્રચંડ પડકારો હોવા છતાં , લિંગ પૂર્વગ્રહ અને અસમાનતા વચ્ચે , ભારતમાં હાથ ધરવામાં આવેલા કેટલાક પુનર્નિર્માણ કાર્યક્રમોએ આપત્તિ દ્વારા ખોલવામાં આવેલી તકોનો લાભ લઈને મહિલાઓને સશક્ત બનાવવાનો પ્રયાસ કર્યો છે.

આપત્તિ પછીના "નવી અને વધુ પ્રગતિશીલ લિંગ ભૂમિકાઓ અને સંબંધો ઉભરી આવવા અને પુનઃનિર્માણની તકો પૂરી પાડે કે મહિલાઓ અને છોકરીઓની સામેલગીરીની તકો પૂરી પાડે અને મહિલાઓને નેતૃત્વની ભૂમિકાઓ ભજવવાની તકો અને વિકાસ પદ્ધતિઓ ના નિર્દેશામાં વધુ સારી રીતે કાર્ય કરવાની તક પૂરી પાડે પુનઃનિર્માણની અપેક્ષા છે. "(UNISDR ૨૦૧૫a). આપત્તિ જોખમ ઘટાડા માટે લિંગ પરિપ્રેક્ષ્ય આપત્તિઓથી બચવા, સજ્જતા, સામનો કરવા અને સાજા થવા માટે અલગ લિંગ-વિશિષ્ટ ક્ષમતા અને સંવેદનશીલતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે (WCDRR ૨૦૧૫). આપત્તિની અસરો લિંગ તટસ્થ નથી, તેથી આપત્તિ પછીના પૂર્વવત્ત સ્થિતિ કાર્યક્રમોમાં લિંગ ન્યાય અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે પૂરતું ધ્યાન આપવું જરૂરી છે.

આપત્તિની પરિસ્થિતિઓમાં, પ્રતિકાર ક્ષમતા નિર્માણમાં સક્રિય ફાળો આપનારાઓના મુખ્ય સિદ્ધાંત સાથે આયોજન અને અમલીકરણની પ્રક્રિયામાં મહિલાઓને કેન્દ્રમાં રાખવાની જરૂર છે. સેન્ડાઇ માળખું માત્ર આપત્તિ પછીના પુનઃનિર્માણમાં મહિલાઓને સંબંધિત મુદ્દાઓને ઉકેલવાની જરૂરિયાત પર ભાર મૂકે છે એટલું જ નહીં પરંતુ આપત્તિ પછીના પુનઃનિર્માણમાં મહિલાઓ માટે મુખ્ય ભૂમિકાની કલ્પના પણ કરે છે: પ્રતિભાવ અને પુનઃનિર્માણ દરમિયાન મહિલાઓ અને વિકલાંગોએ જાહેરમાં નેતૃત્વ અને લિંગ-સમાનતા અને સાર્વત્રિક રીતે સુલભ અભિગમોને પ્રોત્સાહન આપવું જોઈએ.

લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે , નવા બંધાયેલા મકાનો પતિ અને પત્નીના સંયુક્ત નામોમાં નોંધવાની જરૂર છે. જેમની પાસે જમીનનો ખિતાબ ન હોય એવી વિધવાઓ અને અવિવાહિત મહિલાઓને આશ્રયસ્થાનો પ્રાપ્ત કરવાથી અવગણવા જોઈએ નહીં. મહિલાઓ વધુ સુરક્ષિત , આત્મવિશ્વાસ અને લાગણી અનુભવે કે તેઓ તેમના જીવનમાં ક્યારેય તેમના માથા ઉપર છત વગર રહેશે નહીં. જ્યાં મહિલાઓ સુરક્ષિત ગૃહનિર્માણ ટેકનોલોજીના અમલીકરણની દેખરેખ નીચે નેતૃત્વની ભૂમિકા ભજવી શકે ત્યાં જાત મહેનતે કરેલા નવા બાંધકામ (ODR) ને અનુકરણ શકાય છે. સામાજિક સુરક્ષાના પગલાં અને આવક પેદા કરવાની પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓને સશક્ત બનાવવાના હેતુથી કાર્યક્રમો તૈયાર કરવામાં આવશે. મહિલા સ્વ -સહાય જૂથો આજીવિકાની તકોની ગોઠવણ ઊભી કરી શકે છે. તેને પરંપરાગત આવક ઉત્પન્ન કરતી પ્રવૃત્તિઓથી આગળ વધવાની જરૂર છે અને કડિયા, સુથાર, સ્થાનિક ઉત્પાદનોનો વેપાર , આવાસ, સ્વચ્છતા અને અન્ય સામગ્રી વગેરે માટે સ્થાનિક દુકાનો ચલાવવાની કુશળતા વધારવાનું લક્ષ્ય ધરાવે છે.

૪.૨.૨ લૈંગિક અને લઘુમતી જાતિઓ

ખરેખર લિંગ-સંવેદનશીલ બનવા માટે , વિપરીત લિંગી (હિજડા)[48] સહિત વિવિધ જાતીય અભિગમની ચિંતાઓ દૂર કરવી જરૂરી છે. વિપરીત લિંગી લોકો સંસાધનો , સેવાઓ અને તકો મેળવવાથી વંચિત રહે છે. સામાજિક અને આર્થિક અસુરક્ષા ઉપરાંત, તેઓ જે કલંક અને ભેદભાવનો ભોગ બને છે , તે તેમને ઘણા આપત્તિ નિવારણ/પ્રતિભાવ કાર્યક્રમોથી વંચિત રાખે છે , જે આપત્તિના નકારાત્મક પ્રભાવોને દૂર કરવાની તેમની ક્ષમતાને અવરોધે છે. જો કે, આપત્તિ જોખમ વ્યવસ્થાપનનો અભિગમ, જાતીય અને જાતીય લઘુમતીઓની જરૂરિયાતો અને સ્થળને નજરઅંદાજ કરે છે. આપત્તિઓના જોખમને ઘટાડવા માટે તૈયાર સંસ્થાકીય અને કાનૂની માળખા સામાન્ય રીતે આવા વર્ગો પર મૌન રહે છે. તે તાજેતરમાં ગણ્યાગાંઠ્યાં કેસ અભ્યાસોએ આપત્તિમાં લૈંગિક અને લિંગ લઘુમતીઓના ભાવિ પર પ્રકાશ પાડ્યો છે. જાતીય અને લિંગ લઘુમતીઓ દ્વારા સામનો કરવામાં આવતી આપત્તિ સંબંધિત સંવેદનશીલતા પરના મોટાભાગના સંશોધનો સહમત થાય છે કે તેઓ ઘણી વખત આપત્તિઓથી વધુ ગંભીર રીતે અસરગ્રસ્ત હોય છે કારણ કે તેઓ અવરોધોનો અથવા અન્ય લોકો માટે ઉપલબ્ધ રક્ષણના સાધનોના અભાવનો સામનો કરે છે. રોજિંદા જીવનમાં જાતીય અને લિંગ લઘુમતીઓની અત્યંત હાંસિયામાં ધકેલી દેવાયેલી પરિસ્થિતિઓ આપત્તિની પરિસ્થિતિઓનો સામનો કરતી વખતે તેમને વધુ જોખમમાં મૂકે છે. જો આપત્તિ જોખમ ઘટાડા નીતિઓ અને વ્યવહાર સામાજિક વાસ્તવિકતાઓથી અંધ રહે તો તેમની અસુરક્ષા વધશે. આપત્તિની જ્યારે અમલીકરણ દરમિયાન તેમની ખાસ ગણતરી કરવામાં આવે ત્યારે પરિસ્થિતિઓમાં વિપરીત લિંગી જેવા હાંસિયામાં ધકેલાયેલા જૂથની ચિંતાઓનો ઉકેલ લાવવાની સંભાવના વધારે છે છે. ઉદાહરણ તરીકે , આપત્તિ જોખમના ઘટાડાના વિવિધ તબક્કામાં આવા તમામ વર્ગોના સમાવેશની ખાતરી કરવાની જરૂરિયાત પર ભાર મૂકી શકાય છે.

૪.૩ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ

અમુક જાતિઓ અને આદિવાસીઓ - અનુસૂચિત જાતિઓ અને આદિવાસીઓ - ભારતીય બંધારણમાં ઐતિહાસિક રીતે વંચિત લોકો તરીકે માન્ય કરેલ છે અને સ્વીકૃત નીતિઓ અને પગલાં લેવાં માટે બંધારણની બે અનુસૂચિમાં સૂચિબદ્ધ કરેલ છે. પ્રથમ અનુસૂચિ વિવિધ રાજ્યોમાં ૧,૧૦૮ જાતિઓની અને બીજી સૂચિ ૭૪૪ આદિવાસીઓની સ્વીકૃત નીતિઓ અને પગલાંની યાદી આપે છે. યાદીબદ્ધ જાતિઓ અનુસૂચિત જાતિ (SC) તરીકે ઓળખાય છે અને યાદીબદ્ધ જનજાતિઓ અનુસૂચિત જનજાતિ

---

[48] "વિપરીત લિંગી" અથવા "વિપરીત" શબ્દ જન્મ સમયે નક્કી થતી લિંગથી અલગ હોય એવી વ્યક્તિઓને આવરી લે છે. તેમાં LGBTQ સમલિંગકામી સ્ત્રી, સમલિંગી સંબંધો ધરાવનાર, ઉભયલિંગી, વિપરીત લિંગી, સંદિગ્ધ, અથવા વિચિત્ર અને ઉભયલિંગી ઉપરાંત કેટલાક બીજાનો સમાવેશ થાય છે (LGBTQ+).

(ST) તરીકે ઓળખાય છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, SC અને ST ભારતની વસ્તીના અનુક્રમે ૧૬.૬% (૨૦.૧૪ કરોડ) અને ૮.૬% (૧૦.૪૩ કરોડ) છે.

આદિવાસી સમુદાયોની ખૂબ ઓછા પ્રમાણમાં સ્વીકૃતિમાં, આ સમુદાયોની સમસ્યાઓની અન્ય ઘણી સંસ્થાઓ વ્યાપક વિષયોની તપાસના ભાગરૂપે આદિવાસીઓની સ્થિતિની તપાસ કરી છે તે ઉપરાંત સરકારે તપાસ માટે વર્ષોથી અનેક સમિતિઓ અને આયોગની રચના કરી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ અને ૧૯૯૫ માં તેને લગતા નિયમોમાં સુધારો કરીને તેમને વધુ અસરકારક બનાવવામાં આવ્યા છે.

સુધારેલ અત્યાચાર નિવારણ અધિનિયમ, ૨૦૧૫ કેટલાક વર્ગો પર કેટલાક ગુનામાં સ્પષ્ટ વ્યાખ્યા કરી છે , અધિકારીઓની ચોક્કસ જવાબદારીઓ અને નિશ્ચિત ભૂમિકાઓ અને જવાબદારીઓ અને અત્યાચારના કેસોની તપાસ અને ન્યાયિક કાર્યવાહી અંગે સ્પષ્ટ સમયરેખા નિર્ધારિત કરી છે.

૪.૩.૧ અનુસૂચિત જાતિ

જાતિ આધારિત ભેદભાવ ભારત નો તિહાસિક વારસો છે. શ્રેણીબદ્ધ જ્ઞાતિ સમાજમાં , અનુસૂચિત જાતિઓ ઘણી વખત સામાજિક બહિષ્કાર, અસ્પૃશ્યતા અને અનેક પ્રકારના છડેચોક તેમજ અપ્રગટ ભેદભાવનો સામનો કરે છે. આને માન્યતા આપતા, ભારતના બંધારણના અનુચ્છેદ ૧૫ માં, 'ધર્મ, જાતિ, કૂળ, જાતિ અથવા સ્થાનના આધારે ભેદભાવ પર પ્રતિબંધની જોગવાઈ કરે છે ; અને સજાને પાત્ર ગુનો બનાવતો અનુચ્છેદ ૧૭ માં 'અસ્પૃશ્યતા નાબૂદીની જોગવાઈ કરે છે. અનુસૂચિત જાતિના સમુદાયોને એકબાજુ હડસેલવાનું ધ્યાનમાં રાખીને , બંધારણની જોગવાઈઓને સુરક્ષિત કરવા અને ચોક્કસ ફરિયાદોની તપાસ માટે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૯૫ અને ત્યારબાદ ૨૦૧૫ નો સુધારો અત્યાચાર અને ભેદભાવ સામે કાનૂની રક્ષણ પૂરું પાડે છે. કોઈપણ પ્રવૃત્તિઓમાં અથવા માનવતાવાદી સહાય પૂરી પાડતી વખતે કોઈ ભેદભાવપૂર્ણ વ્યવહાર નથી તેની ખાતરી કરવા માટે પ્રયાસો કરવા જોઇએ. આપત્તિ જોખમ ઘટાડાએ ખાસ કરીને જાતિ સંબંધિત પડકારોને ઓળખવા જોઈએ અને જાતિ-દ્રષ્ટિહીન અભિગમ અપનાવવો જોઈએ નહીં.

મોટાભાગના એસસી અને એસટી સમુદાયો પૂરગ્રસત મેદાનો, અસુરક્ષિત દરિયાકાંઠાના વિસ્તારો અને અસ્થિર ટેકરીઓ જેવી સીમાંત જમીનો સાથે ગરીબીમાં રહેતા હોવાનું વલણ છે તે ખૂબ જોખમી છે. અનુસૂચિત જાતિ અને આદિવાસી સમુદાયોના રહેઠાણ સામાન્ય રીતે પછી તે શહેર માં હોય કે ગ્રામીણ વિસ્તારોમાં હોય એકબાજુ હોય છે. આ વસાહતો ઓછી સેવા આપતા વિસ્તારોમાં હોય છે જેમાં સાચી માહિતીની ઓછી ઉપલબ્ધતા , મૂળભૂત સુવિધાઓનો મેળવવાનો અભાવ અને આપત્તિ પ્રતિકાર

ક્ષમતાના માળખાની અપૂરતી સુવિધા હોય છે. મકાનો સામાન્ય રીતે અસુરક્ષિત અને નબળી ગુણવત્તાના હોય છે. શહેરી વિસ્તારોમાં તેઓ સામાન્ય રીતે અસુરક્ષિત જમીન માલિકી અને ઘણી વખત અનધિકૃત ઝૂંપડપટ્ટીઓ હોય છે. જોખમી વસવાટ પરિસ્થિતિઓ , લાંબી ગરીબી અને સુવિધાઓના અભાવ સાથે મળીને તેઓ આપત્તિના સમયે રોગોના ફાટી નીકળવાની સંભાવના ધરાવે છે. SC અને ST સમુદાયોની મહિલાઓ માટે , જાતિ આધારિત સામાજિક અવગણનાના કારણે લિંગ આધારિત ભેદભાવ અને હિંસા તીવ્ર બને છે અને તેનો સામનો કરવો વધુ મુશ્કેલ બને છે.

આપત્તિ પછીની પરિસ્થિતિઓમાં અને આપત્તિ નિવારણ આયોજન અને અમલીકરણ પ્રવૃત્તિઓમાં વહેલી તકે પૂર્વ ચેતવણી, સ્થળાંતર, રાહત સહાય , પુનર્વસવાટ અને અન્ય કોઈપણ પ્રક્રિયામાં સામાજિક સમાવેશ પદ્ધતિઓ સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ જેથી તેઓની અસુરક્ષા પ્રણાલીગત પૂર્વગ્રહો થી વધે નહી તે સુનિશ્ચિત કરવું જોઈએ . ઉદાહરણ તરીકે , સ્થળાંતર, રાહત સામગ્રીનું વિતરણ, નુકસાનનું મૂલ્યાંકન, મકાન પ્લોટની ફાળવણી વગેરેમાં ભેદભાવભર્યા વ્યવહારના કોઈ બનાવ ન હોય તેની ખાતરી કરવા માટે ખાસ પ્રયાસો કરવા જોઈએ.

૪.૩.૨ અનુસૂચિત જનજાતિ

ભારતીય બંધારણએ આદિવાસી સમુદાયોની ઓળખ , પરંપરાઓ અને રિવાજોને તેમના વિકાસની અવગણના કર્યા વિના રક્ષણ માટે અનુસૂચિ ૫ અને ૬ બનાવ્યું છે. આને પંચાયતો વિસ્તરણ અનામત વિસ્તારો (PESA), ૧૯૯૬ માં વધુ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આદિવાસી સમુદાયો તેમની ભૌગોલિક સ્થિતિ તેમજ સામાજિક બહિષ્કારને કારણે અલગ રહેવાનું વલણ ધરાવે છે. આદિવાસી સમુદાયો સામાજિક-સાંસ્કૃતિક સુમેળ, પરંપરાગત જ્ઞાન, જંગલ અને કુદરતી પ્રર્યાવરણની આસપાસ સામાજિક સંબંધો અને તેમની પરંપરાના આધારે સમુદાય શાસિત સંપન્ન સરળ સમાજ છે. આદિવાસી સમુદાયોને તેમના કુદરતી સંસાધનો અને પર્યાવરણ સાથે ખૂબ નજીકથી એકબીજા પર આધારિત સંબંધો છે. કેટલાક આદિવાસી જૂથો જંગલ વિસ્તારોમાં કુદરતી વસવાટમાંથી ક્યારેય બહાર ગયા નથી.

કુદરતી આપત્તિની અસરને ઘટાડવાનો મૂળભૂત ઝોક બે ગણો હોવો જોઈએ: (ક) કુદરતી સંસાધન આધારને પુનઃસ્થાપિત કરીને આદિવાસી લોકોને આત્મનિર્ભર બના વવા અને (ખ) આપત્તિ પછી , સમયસર અને યોગ્ય રાહત અને પુનર્વસન યોજના આપવી. આદિવાસી વિકાસ મંત્રાલય અને રાજ્ય વિભાગો આદિવાસી નેતાઓ અને નિષ્ણાતો સાથે પરામર્શ કરીને હસ્તક્ષેપની યોજના તૈયાર કરશે. હસ્તક્ષેપો પર સમુદાયની ભાગીદારી અને માલિકી હોય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આદિવાસી ગામો PESA આપત્તિ સજ્જતા , રાહત અને પુનર્વસન યોજનાઓ અનુસાર તેમની યોજનાઓ જાતે કરવા સક્ષમ હોવા જોઈએ.

૪.૪ બાળકો

સંયુક્ત રાષ્ટ્ર બાળકોના અધિકારો સંમેલન, ૧૯૮૯ માં (યુએન ૧૯૮૯) તમામ બાળકો માટે માનવ અધિકારોની પુષ્ટિ કરવા માટેનું પ્રથમ કાનૂની રીતે બંધનકર્તા આંતરરાષ્ટ્રીય સંમેલન બન્યું. તે બાળકોના પૂરતો ખોરાક , પાણી, આશ્રય અને શિક્ષણના અધિકાર ને નક્કી કરે છે. આપત્તિની પરિસ્થિતિઓમાં તેઓ દુર્વ્યવહાર, ઉપેક્ષા, જાતીય શોષણ અથવા હેરફેરથી મુક્ત હોવા જોઈએ , અને સલામત અને સહાયક વાતાવરણમાં મોટા થવા માટે સક્ષમ હોવા જોઈએ. બાળકો તેમની ઉંમર અને અપરિપક્વ માનસિક-સામાજિક સમજને કારણે સંવેદનશીલ હોય છે.

આપત્તિમાં સંભાળ અને રક્ષણ માટે ટેકા માટે અરાજકતા અને ધોવાણ તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને ભારે અસર કરી શકે છે જેના કારણે બાળકો ને આઘાત લાગે છે. તેમની સંવેદનશીલતા જોતા, બાળકોને પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા અને તેમના અધિકારો નું ઉલ્લંઘન ન થાય તેની ખાતરી કરવા માટે કટોકટીની પરિસ્થિતિઓ દરમિયાન વિશેષ સહાય અને ધ્યાનની જરૂર છે. બાળ અધિકારો અને બાળ ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ) અધિનિયમ, ૨૦૦૦ (જેજે અધિનિયમ) પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન જણાવે છે કે બાળકોને દુરુપયોગ, ઉપેક્ષા અને શોષણ સામે રક્ષણ આપવાનો અધિકાર છે. આપત્તકાલીન પરિસ્થિતિઓમાં બાળકો ને અલગતા , ચિંતા, આઘાત, કેટલાક તેમના પરિવારોથી અલગ થવાનો, તેમના માતાપિતાને ગુમાવવાનો, જાતિગત હિંસા અને તસ્કરીનો સામનો કરવો પડે છે . કેટલાકને બાળ મજૂર તરીકે ભરતી કરવાના જોખમનો સામનો કરવો પડે છે. આપત્તિ દરમિયાન, જ્યારે વ્યાપક અને/અથવા વ્યવસ્થિત હિંસા થાય ત્યારે બાળકોની શારીરિક અખંડિતતા જોખમમાં હોય છે. બાળકોને ઘણીવાર શિક્ષણ અને મનોરંજનમાં વિક્ષેપ , અપૂરતા ખોરાક અને પોષણ તરફ દોરી જતી ગંભીર ઉદાસીનતાનો સામનો કરવો પડે છે . આપત્તિ પછીની પરિસ્થિતિઓમાં , આંગણવાડી અને શાળાઓ શક્ય તેટલી વહેલી તકે ખોલવી જોઈએ. બાંધકામોને નુકસાન થવાના કિસ્સામાં, બાળકોની સેવાઓને મેળવવાની કામચલાઉ/ કટોકટીની જોગવાઈ ની સ્વીકૃતી આપવી જરૂરી છે. રાજ્ય સરકારો પોષણ સહાય બમણી કરવા આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓમાં ખોરાક નો પુરવઠો વધારી શકે છે. ઘણી રાજ્ય સરકારો આપત્તિની પરિસ્થિતિઓમાં મર્યાદિત સમય માટે આ કરી રહી છે.

બાળ ન્યાય અધિનિયમ, ૨૦૦૦ બાળકોની સંભાળ , રક્ષણ અને પુનર્વસવાટ માટે બાળ સુરક્ષા એકમોની સ્થા પવાની જોગવાઈઓ સુનિશ્ચિત કરે છે. બાળકોને પોષણ, મનોરંજન માટે બાળકલક્ષી જગ્યાઓ, હિંસા અને અપહરણ સામે રક્ષણ, તેમના જૈવિક પરિવારોમાં પુનઃસ્થાપિત કરવા, રાજ્યની વિશિષ્ટ પાલક માતાપિતા સહાય સેવાઓ/ યોજનાઓનો ઉપયોગ કરીને સંભાળ અને સુરક્ષા પૂરી પાડવાની સ્થિતિમાં નથી તેવા અનાથ અને એકલ માતાપિતાના બાળકોના સમુદાય આધારિત

પુનર્વસવાટને પ્રોત્સાહન આપ વા આવા એકમો ગામડા અને તાલુકા કક્ષાએ ખોલવા જોઇએ. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય સાથે રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અને રાજ્યના સમકક્ષ (સામાન્ય રીતે , રાજ્ય બાળ સુરક્ષા સોસાયટી) બાળ અધિકાર અધિનિયમ, ૨૦૧૫ હેઠળ સહાય તંત્ર વ્યવસ્થા ઊભી કરી શકે છે અને સમયાંતરે તમામ મોટી આફતોમાં બાળકોની સંભાળ અને રક્ષણની સ્થિતિનું નિરીક્ષણ કરી શકે અને સમયસર પગલાં લેવાની ભલામણ કરી શકે છે.

૪.૫ વૃદ્ધો

વિશ્વ વૃદ્ધ થઈ રહ્યું છે. વિશ્વની વસ્તીના અંદાજે ૭૦૦ મિલિયન અથવા ૧૦ ટકા લોકો પહેલેથી જ ૬૦ વર્ષથી વધુ વયના છે, અને ૨૦૩૦ સુધીમાં ૧૦ વર્ષથી ઓછી વયના ૬૦ ટકા થી વધુ લોકો હશે. જ્યારે આ વિકાસની સફળતાનું પ્રતિનિધિત્વ કરે છે, આપત્તિ જોખમ ઘટાડાના પ્રતિભાવોને સ્વીકારવામાં નિષ્ફળતા વધુ આબોહવા અને આપત્તિની ઘટનાઓના સંયોજન સાથે વૃદ્ધ વસ્તી વિષયક વલણ વૃદ્ધોની જોખમો અને આપત્તિઓ માટે સંવેદનશીલતામાં વધારો કરવાની ક્ષમતા ધરાવે છે. છતાં, વૃદ્ધોની ચોક્કસ જરૂરિયાતો અને શક્તિઓને આપત્તિ જોખમ ઘટાડા માં ઘણીવાર યોગ્ય વિચારણા આપવામાં આવતી નથી. ભારત સરકારનો 'ભારતમાં વૃદ્ધો' (CSO ૨૦૧૬), અહેવાલ, વિવિધ સત્તાવાર આ;કડાના આધારે વૃદ્ધ વસ્તીની વિગતવાર આંકડાકીય રૂપરેખા રજૂ કરે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બીજા રાષ્ટ્રોની જેમ , ભારતમાં પણ વસ્તીના વય માળખામાં આયુષ્યમાં અપેક્ષિત વધારાના કારણે, મૃત્યુદર ઘટવો, ઓછા રોગ, જીવનની ગુણવત્તા, અને સારી આરોગ્ય સંભાળ જેવા ઘણા પરિબળોના સંયોજનના પરિણામે વૃદ્ધોના પ્રમાણમાં પરિવર્તન આવ્યું છે. વૃદ્ધ વસ્તી કહેવાતી આ અસાધારણ ઘટના, સમગ્ર વિશ્વમાં વસ્તી વિષયક વલણ છે.

૨૦૧૧ ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી મુજબ , લગભગ ૧૦૪ મિલિયન વૃદ્ધો (૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના); ૫૩ મિલિયન સ્ત્રીઓ અને ૫૧ મિલિયન પુરુષો છે . વૃદ્ધ વસ્તીનો હિસ્સો અને કદ બંને સમયાંતરે વધી રહ્યા છે. ૧૯૬૧ માં ૫.૬% થી વધીને ૨૦૧૧ માં ૮.૬% પ્રમાણ થયું છે (પુરુષો ૮.૨% અને સ્ત્રીઓ ૯.૦%). ગ્રામીણ અને શહેરી વર્ગીકરણની દ્રષ્ટિએ, ૭૧% વૃદ્ધો ગ્રામીણ અને ૨૯% શહેરી વિસ્તારોમાં છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, વૃદ્ધો વચ્ચે જાતિ ગુણોત્તર ૧૦૦૦ પુરુષો દીઠ ૧૦૩૩ મહિલાઓ છે. જન્મ સમયે સ્ત્રીઓ માટે ૬૯.૩ વર્ષ અને પુરુષો માટે ૬૫.૮૪ વર્ષ અપેક્ષિત આયુષ્ય છે. ૬૦ વર્ષની ઉંમરે, જીવનની સરેરાશ બાકી આયુષ્ય આશરે ૧૮ વર્ષ (પુરુષો માટે ૧૬.૯ અને સ્ત્રીઓ માટે ૧૯.૦) હોવાની શક્યતા છે. ૭૦ વર્ષની ઉંમરે , (પુરુષો માટે ૧૦.૯ અને સ્ત્રીઓ માટે ૧૨.૩) તે ૧૨ વર્ષથી ઓછી હતી . ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ વૃદ્ધાવસ્થાના અવલંબનનો ગુણોત્તર ૧૪.૨%

(સ્ત્રીઓ ૧૪.૯%, પુરુષો ૧૩.૬%) છે. વૃદ્ધોમાં સૌથી સામાન્ય અશક્તતામાં જાતે હલનચલન અશક્તતા અને દૃષ્ટિ અશક્તતા હતી.

હેલ્પેજ ઇન્ડિયા મુજબ, આપત્તિઓ દરમિયાન વૃદ્ધો સામાન્ય રીતે લાઇનમાં છેલ્લે હોય છે , ભીડમાં ગુમ જવાની અને અત્યંત સંવેદનશીલ હોવાની સંભાવના હોય છે [49]. આપત્તિઓ દરમિયાન બીજાની સરખામણીમાં આપત્તિ જોખમ વ્યવસ્થાપનના તમામ તબક્કામાં વૃદ્ધોની સંવેદનશીલતા પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓમાં યોગ્ય પ્રારૂપ દ્વારા વૃદ્ધોને પ્રાથમિક જૂથ તરીકે ગણવાની જરૂર છે. વૃદ્ધોની મનોવૈજ્ઞાનિક નબળાઈઓ, હરવા-ફરવાની શારીરિક દુર્બળતા, ઘટતી જતી સંવેદનાત્મક જાગૃતિ, નબળું સ્વાસ્થ્ય તેમજ નબળા સામાજિક અને આર્થિક મર્યાદાઓ , આફતો માટે સજ્જતા, તેમની અનુકૂલનક્ષમતાને બાધારૂપ અને પ્રતિભાવ ક્ષમતાની વિવશતા પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

આપત્તિ જોખમ ઘટાડામાં વૃદ્ધો માટે સંયુક્ત રાષ્ટ્રો અધિકારપત્ર-૧૪ (UNISDR ૨૦૧૪) આપત્તિ જોખમ ઘટાડામાં આવરી લીધેલા અભિગમના ત્રણ મુખ્ય સિદ્ધાંતો પર કેન્દ્રિત કરે છે અને આ મુખ્ય સિદ્ધાંતોને આધીન ચૌદ લઘુત્તમ ધોરણો છે. ત્રણ સિદ્ધાંતો નીચે મુજબ છે:

૧. જરૂર છે: વૃદ્ધોની ચોક્કસ જરૂરિયાતો છે જે આપત્તિ જોખમ ઘટાડાની તમામ પ્રવૃત્તિઓને સમજવા અને તેનો પ્રતિભાવ આપવો જરૂરી છે.

૨ અદૃશ્ય : ઘણીવાર વૃદ્ધોની સંવેદનશીલતા અને ક્ષમતાઓ ને અવગણવામાં આવે છે ; જોખમમાં રહેલા વૃદ્ધો અને બીજા લોકો દૃશ્યમાન અને સમર્થિતની ખાતરી કરવા માટે આપત્તિ જોખમ ઘટાડામાં લોકોની ઉંમર અને જાતિ આધારિત માહિતી મેળવવી જરૂરી છે.

૩. અમૂલ્ય: વૃદ્ધોમાં આપત્તિ જોખમ ઘટાડામાં અમૂલ્ય સંપતિ જેવું વર્ષોનું જ્ઞાન, કૌશલ્ય અને શાણપણ હોય છે અને આપત્તિ જોખમ ઘટાડામાં અપનાવવા, મૂલ્ય આંકવા અને ભાગ લેવા માટે વૃદ્ધોને ટેકો આપીને જોડવા જોઈએ.

આ અધિકારપત્ર નીતિઓ, વ્યૂહરચનાઓ અને પ્રથાઓમાં ખામીઓ પર કામ કરવા માટે સામાન્ય રીતે મોટાભાગે વૃદ્ધ લોકોના આપત્તિ જોખમોનો ઓછો પ્રતિભાવ આપે એવી સરકારો, દાતાઓ અને સંસ્થાઓ પાસે મજબૂત પ્રતિબદ્ધતાની માંગ કરે છે . તેઓએ વૃદ્ધ લોકોના અધિકારોને સ્વીકારવા અને પૂરા કરવા અને તેમની ક્ષમતા અને યોગદાનને જોડવું જોઈએ. આ અધિકારપત્ર સરકારો, બિન સરકારી સંગઠનો, આપત્તિ જોખમ ઘટાડા અને વૃદ્ધ નિષ્ણાતો તેમજ વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ સાથે

[49] હેલ્પેજ ઇન્ડિયા , https://www.helpageindia.org/our-work/welfare-development/disaster-management/ (accessed Sep 20, 2019)

પરામર્શ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોની સંભાળ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭ પરિવાર અથવા નજીકના સંબંધીઓનો કોઈ ટેકો ન હોય એવા વરિષ્ઠ નાગરિકની સુખાકારી માટે કાનૂની માળખું પૂરું પાડે છે. આપત્તિ પછીની પરિસ્થિતિઓમાં , વૃદ્ધોની જરૂરિયાતોને તેઓને લગતી વિશેષ ચિંતાઓને ધ્યાનમાં રાખીને બીજાઓ સાથે જોડવાને બદલે અલગથી વિચારવામાં આવે તે જરૂરી છે. વરિષ્ઠ નાગરિકો તેમના નજીકના વિસ્તારમાંથી વિસ્થાપિત ન થાય તે માટે સમુદાય આધારિત વરિષ્ઠ નાગરિકો સમર્થન તંત્ર રાખવું આવકાર્ય છે. આમાં સ્થાનિક સમુદાયોને કેવી રીતે તેઓ વરિષ્ઠ નાગરિકોને મદદ કરી શકે છે અને વૃદ્ધોને ટેકો આપવા અંગે તેમની જાગૃતિ કેળવી શકે તે માટેના પ્રયાસોનો સમાવેશ થવો જોઈએ. જિલ્લા આપત્તિ જોખમ ઘટાડા યોજના કુટુંબના કોઈપણ ટેકા વગર જીવતા વરિષ્ઠ નાગરિકોની યાદી તૈયાર કરી શકે છે. આપત્તિ પછીની પરિસ્થિતિમાં, પરિસ્થિતિની ગંભીરતાને જોતા, જિલ્લા કલેક્ટર વૃદ્ધો માટે કામચલાઉ વ્યવસ્થા ગોઠવવા અને ખોરાક , દવા, આશ્રય અને અન્ય જરૂરિયાતો જેવી વ્યક્તિગત જરૂરિયાતોની સંભાળ રાખવા માટે હાકલ કરી શકે છે. જરૂરી હોય તો વરિષ્ઠ નાગરિકોની મિલકત અને સંપત્તિની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરી શકાય છે.

૪.૩ વિકલાંગો

વિકલાંગતા એક સંદર્ભિત અને પરિણામી ખ્યાલ છે. વિકલાંગના અધિકારો પરનું સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCRPD) તેના પ્રથમ અનુચ્છેદમાં જણાવે છે કે: “ "વિકલાંગોમાં જેઓ લાંબા સમયથી શારીરિક, માનસિક, બૌદ્ધિક અથવા સંવેદનાત્મક ખોડ ધરાવે છે જે વિવિધ અવરોધો સાથે સંવાદ સ્થાપવા અન્ય લોકો ની જેમ સમાન ધોરણે સમાજમાં તેમની સંપૂર્ણ અને અસરકારક ભાગીદારીને અવરોધે છે એવા લોકોનો સમાવેશ થાય છે." સંમેલન , તેના અનુચ્છેદ ૧૧ અને ૩૨ માં, વિકલાંગો આપત્તિ રાહત, આપત્તકાલીન પ્રતિભાવ અને વ્યૂહરચનાઓનો લાભ લે અને તેમાં ભાગ લે એ જરૂરી હોવાનું જણાવે છે. ડિસેમ્બર ૨૦૧૫ માં વિકલાંગ તા અને આપત્તિ જોખમ વ્યવસ્થાપન પર ઢાકા ઘોષણાને અપનાવી સ્વીકારે છે કે: "અપંગતા ને સાથે જોડવાના મહત્વ ને સમાવતો આપત્તિ જોખમ વ્યવસ્થાપનને (DRM) ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) સાથે સમગ્ર સમાજની પ્રતિકારક્ષમ બનાવે , વિકાસના લાભોની રક્ષા કરે અને આપત્તિના નુકસાનને ઘટાડે એ સમજણ પર સમાવેશ કરવો જોઇએ."

ભારતમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ વિકલાંગોની વસ્તી ૨.૬૮ કરોડ છે, જે વસ્તીના ૨.૨% થાય છે. આમાંથી ૫૬% પુરુષો અને ૪૪% સ્ત્રીઓ છે. કુલ વસ્તીમાં , પુરુષ અને સ્ત્રીની વસ્તી અનુક્રમે ૫૧% અને ૪૯% છે. મોટાભાગના વિકલાંગો (આશરે ૬૯%) ગ્રામીણ વિસ્તારોમાં રહે છે , જે ગ્રામીણ

વસ્તીનો લગભગ સરખો હિસ્સો છે. UNISDR[50] દ્વારા ૨૦૧૩ માં વૈશ્વિક સર્વેક્ષણમાં ૧૩૭ દેશોમાં અને આઠ બિન-શાસિત પ્રદેશોમાં વિકલાંગતા ધરાવતી ૫,૭૧૭ વ્યક્તિઓ માટે મૃતકો અને ઘાયલ વિકલાંગોની વિવાદિત, આપત્તિઓ અને અન્ય કટોકટીની પરિસ્થિતિઓમાં સંખ્યા અપ્રમાણસર વધારે છે તેની તપાસ કરવામાં આવી હતી. સર્વેક્ષણ દર્શાવે છે કે ૭૨.૯% વિકલાંગો પાસે વ્યક્તિગત સજ્જતાની કોઈ યોજના નથી. વિશ્વભરના વિકલાંગો કહે છે કે તેમની જરૂરિયાતો વિશે ભાગ્યે જ તેમની સલાહ લેવામાં આવે છે. સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે અચાનક આપત્તિની સ્થિતિમાં , માત્ર ૨૦% વિકલાંગો મુશ્કેલી વિના તરત જ સ્થાળાંતર કરી શકે છે, જ્યારે મોટાભાગનાને અમુક હદે મુશ્કેલી હશે અથવા તે બિલકુલ સ્થાળાંતર કરી શકશે નહીં. ૨૦૧૫ માં અપંગોના આંતરરાષ્ટ્રીય અભ્યાસમાં (HI ૨૦૧૫) જાણવા મળ્યું છે કે ૭૫% વિકલાંગો માને છે કે તેઓ કુદરતી આફતો અને વિવાદ જેવી કટોકટી માટે માનવતાવાદી પ્રતિભાવોથી અલિપ્ત રહે છે.

એવું ધ્યાનમાં આવ્યું છે કે વિકલાંગ વ્યક્તિઓને ઘણીવાર નજરઅંદાજ કરવામાં આવે છે અને આમ માત્ર જોખમ ઘટાડવા અને આપત્તિ પ્રતિભાવ પગલાંમાં જ અલિપ્ત રાખવામાં આવતા નથી પરંતુ તે બીજાઓ કરતા વધારે જોખમમાં પણ હોય છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે સંબંધિત માર્ગદર્શિકા[51] બહાર પાડી છે જેની સંદર્ભ લેવો જરૂરી છે.

સમગ્ર આપત્તિ જોખમ વ્યવસ્થાપન ચક્રની અવગણના , આપત્તિ જોખમ ઘટાડા પ્રવૃત્તિઓમાં મર્યાદિત સામાજિક ભાગીદારી ની સામેલગીરી અંગેની બાબતોને, માહિતી અને સેવાઓની ઓછી ઉપલબ્ધિ, ગરીબી, રાહત કામગીરી દરમિયાન આછો પ્રકાશ, મૂળભૂત જરૂરિયાતોને અનુરૂપ પ્રતિભાવનો અસ્વીકાર અને ચોક્કસ જરૂરિયાતોને અવગણવામાં આવે છે. ૨૦૧૩ ના UNISDR સર્વેક્ષણમાં વિકલાંગો દ્વારા ઓળખવામાં આવેલી સૌથી સામાન્ય પ્રાથમિકતા આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગોની સામેલગીરી વધારવા માટે આપત્તિ જોખમ ઘટાડા - સંબંધિત પ્રવૃત્તિઓમાં વિકલાંગોની સામેલગીરી માટે છે. સર્વેમાં પડોશીઓ અને સ્થાનિક આપત્તિ જોખમ ઘટાડા સમુદાયને સાંકળતી સહાયક નીતિઓ, કાયદાઓ અને સહાયક પ્રણાલીઓની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

આપત્તિ જોખમ ઘટાડાના પ્રયાસો ખાસ કરીને અસરગ્રસ્ત વસ્તીમાં વિકલાંગોની સંવેદનશીલતાને અન્ય લોકો સાથે જોડવાને બદલે અલગથી ઉકેલવી કરવી જોઈએ. આપત્તિ પછી કોઈ વિકલાંગ છૂટી ન જાય તે માટે ખાસ ધ્યાન આપવું જોઈએ. સ્થાનિક સમુદાય આધારિત પ્રયાસો અને સમર્થક પ્રણાલી, જેમાં મિત્રતા પ્રણાલીને પ્રોત્સાહન આપવા સહિત દરેક વિકલાંગ પાસે પડોશમાં રહેતી એક અથવા વધુ વ્યક્તિઓ હોય છે જે સહાય ક મિત્ર તરીકે કામ કરવા માટે જવાબદાર હોય છે. પડોશીઓ કેવી રીતે

[50] https://www.unisdr.org/archive/35032 (accessed on Sep. 20, 2019)

[51] અપંગતા સમાવેશી આપત્તિ જોખમ ઘટાડા અંગે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માર્ગદર્શિકા, NDMA, 2019.

વિકલાંગોને મદદ કરી શકે અને તાલીમ આપી શકે તે અંગે તેઓને જાગૃત કરવા જોઈએ. વિકલાંગોએ કટોકટીમાં મદદ માટે આધાર રાખી શકે એવા પડોશીઓને ઓળખવા માટે સક્રિય પ્રવૃત્તિઓ પણ કરવી જોઈએ. એક કરતાં વધુ "મિત્ર" રાખવા સારું છે, ખાસ કરીને કાર્યસ્થળ, ઘર અથવા શાળા જેવા અલગ અલગ વિસ્તારોમાં વિકલાંગો વધુ સમય વિતાવે છે . વધુ લોકો મદદ કરી શકે છે તે વધુ સારું છે. વિકલાંગો માટે તેમના મદદગારો અથવા સાથીઓને તેમની ખાસ જરૂરિયાતો વિશે સારી રીતે માહિતગાર રાખવા અને મદદગારોને તેઓ માટે જવાબદાર હોય તેવા લોકો સાથે નિયમિત સંપર્કમાં રહેવાનું પણ મહત્વનું છે. સ્થાનિક સ્તરે વિગતવાર આપત્તિ પ્રતિભાવ આયોજન માં વિકલાંગોની ખાસ સંભાળ જરૂરિયાતની યાદીઓ નો સમાવેશ કરવો જોઈએ. આપત્તિ પછીની પરિસ્થિતિમાં , આપત્તિ વ્યવસ્થાપન માટે જવાબદાર સંસ્થાઓ વિકલાંગોને કામચલાઉ અવરોધ મુક્ત અને મૈત્રીપૂર્ણ સુવિધાઓ સ્થાપિત કરી શકે છે . જો જરૂરી હોય તો તંત્ર વિકલાંગોની મિલકત અને સંપત્તિની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરી શકે છે.

૪.૭ આપત્તિ વ્યવસ્થાપનને સમાવેક બનાવવું

દરેક સ્તરે, તબક્કા અને પગલાં પર, આપત્તિ જોખમ ઘટાડાના પ્રયાસોને માનવાધિકારની સાર્વત્રિક ઘોષણાના અનુચ્છેદ-૧ દ્વારા માર્ગદર્શન આપવાની જરૂર છે:

> "બધા મનુષ્યો સ્વતંત્ર અને ગૌરવ અને અધિકારોમાં સમાન જન્મે છે. તેઓ તર્ક અને અંતરાત્માથી અને એકબીજા સાથે ભાઈચારાની ભાવનાથી સંપન્ન રીતે વર્તવું જોઈએ."

આપત્તિ જોખમ ઘટાડાના પ્રયાસો તેના જટિલ અને વૈવિધ્યસભર પ્રકૃતિને સ્વીકારીને પડકાર તરીકે સામાજિક સમાવેશનો સ્વીકાર કરવો જોઈએ. સામાજિક સમાવેશ વ્યૂહરચના આપત્તિ જોખમ ઘટાડાના તમામ પાસાઓમાં સામાજિક રીતે નોંધપાત્ર ઘટાડી અથવા દૂર કરી શકે એવા વ્યવહારુ ઉદ્દેશો અને કાર્યોની શ્રેણીને ઓળખવી આવશ્યક છે . આપત્તિ જોખમ ઘટાડામાં સમાવેશને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક વ્યૂહરચનાઓ તૈયાર કરવાની જરૂર છે. આપત્તિ જોખમ ઘટાડા સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓ-સરકારી, બિનસરકારી અથવા આંતરરાષ્ટ્રીય-તમામ સીમાંત વર્ગો અને ખાસ કરીને નબળા જૂથોની જરૂરિયાતોનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવા અને સહાયતા માટે નિર્ધારિત પ્રતિકાર ક્ષમતાના ધોરણોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા માટે વિશેષ પ્રયાસો કરવા જરૂરી છે. સંવેદનશીલતા નકશાકરણના પ્રયાસો તમામ સંબંધિત પરિબળોને યોગ્ય રીતે ઓળખવામાં સક્ષમ છે તેની ખાતરી કરવા માટે કાળજી લેવી જોઈએ. તમામ સામાજિક રીતે બાકાત કરાયેલા વર્ગોના અધિકારો અને હક્કોની અનુભૂતિની સુવિધા માટે પ્રયાસો કરવા જરૂરી છે. સામાજિક સમાવેશને પ્રોત્સાહન આપવા માટે આગળનો સંભવિત માર્ગ સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે કારણ કે સમાવિષ્ટતા સમાજના વિવિધ વર્ગોની સક્રિય ભાગીદારી પર નિર્ભર કરે છે.

આપત્તિ જોખમ ઘટાડાના તમામ પાસાઓમાં સામાજિક સમાવેશ વિષયલક્ષી નિર્ણય છે. જ્યારે આ પ્રકરણ આપત્તિ જોખમ ઘટાડામાં સામાજિક સમાવેશના મહત્વ પર એકંદર પરિપ્રેક્ષ્ય પૂરું પાડે છે , ત્યારે તેના મહત્વને વિવિધ વર્ગો અને સંબંધિત જવાબદારી માળખામાં વધારાના ભાર આપવામાં આવે છે. સામાજિક સમાવેશ નિર્ણય લેવાના પાસા હોવા છતાં , તે સૂચક ગૌણ - વિષયલક્ષી ક્ષેત્રો સાથે જવાબદારીના માળખામાં આપત્તિ જોખમ ઘટાડા માટે એક વિશિષ્ટ વિષયોના ક્ષેત્ર તરીકે ઉમેરવામાં આવે છે.

૪.૮ જવાબદારી માળખું – સામાજિક સમાવેશ

સામાજિક સમાવેશ તમામ પ્રકારના જોખમો અને આપત્તિઓ માટે સુસંગત અલગ વિષયલક્ષી ક્ષેત્ર હોવાથી, જવાબદારીઓ દરેક સંસ્થાઓની રહે છે. જો કે, સ્પષ્ટતા માટે દરેક પેટા સાથે સંબંધિત મુખ્ય સંસ્થાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
૧	જાતિ	લીડ સંસ્થાઓ: MSJE અને MWCD મુખ્ય ભૂમિકાઓ ધરાવતી	• જાતિ સંવેદનશીલ DRR અભિગમો માટે માર્ગદર્શન અને સમર્થન • અભ્યાસ અને સંશોધન • વર્તમાન નિયમો, ધોરણો અને નિર્દેશોમાં ફેરફાર અને સમીક્ષા માટે આધાર[52] • વીમા/ જોખમ સ્થાનાંતરણને પ્રોત્સાહન આપ વું; વીમા પ્રદાતાઓ તરફથી જાતિ-સંવેદનશીલ ઉત્પાદનો/	લીડ સંસ્થાઓ: DSJE, DWCD મુખ્ય ભૂમિકાઓ ધરાવતી સંસ્થાઓ: SDMA, DMD$ સહાયક	• DRR જાતિને સમાવિષ્ટ અને મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ખાસ પ્રયાસો સુનિશ્ચિત કરવા • DRR ના કોઈપણ તબક્કે જાતીય અને લિંગ લઘુમતીઓને અવગણવામાં ન આવે તેવી કોઈ ભેદભાવપૂર્ણ પ્રથાઓ નથી તેની ખાતરી કરવી, • વિપરિત લિંગી જેવા જાતીય અને લિંગ લઘુમતીઓની વધારાની સંવેદનશીલતાને ઓળખવી • HRVCA - સ્ત્રીઓ અને વિપરિત લિંગી ની સંવેદનશીલતાની કાળજી લેવા માટે જોખમ આકારણી • લિંગ સંવેદનશીલ અભિગમને સમર્થન આપવા માટે માહિતી અને આંકડા સંચાલનનો ઉપયોગ - DDMA અને

[52] માલિકી, ભાડુઆત અધિકારો, મુદત અધિકારો અને કોઈપણ અન્ય નિયમો/ ધોરણો કે જે સમાવિષ્ટ DRM ને સુનિશ્ચિત કરવા માટે સંબંધિત છે તેના સંદર્ભમાં પ્રવર્તમાન નિયમો અને ધોરણોનો સંદર્ભ છે.

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
		સંસ્થાઓ: MHA, NDMA, NIDM, MHFW સહાયક સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી તમામ સંસ્થાઓ	ઝુંબેશને પ્રોત્સાહિત કરવું • માર્ગદર્શિકા, IEC, માસ મીડિયા ઝુંબેશ • ક્ષમતા વિકાસ માર્ગદર્શિકા • અભ્યાસક્રમના વિકાસમાં DRR ની જાતિ ચિંતાઓનો સમાવેશ • ભેદભાવપૂર્ણ વ્યવહાર , હિંસા અને દુરુપયોગ અટકાવવા , ચકાસણી અને તપાસ કરવા અંગે માર્ગદર્શન • અપહરણ અટકાવવા અને રોકવા માટે આંતર- સંસ્થા સહયોગ • જાતિ-સંવેદનશીલ મનો-સામાજિક સહાય , આપત્તિ પછીના પુનર્વસન (આર્થિક , સામાજિક વગેરે) માટે કેન્દ્રીય સંસ્થાઓ તરફથી સહાય	સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી તમામ સંસ્થાઓ	SDMA • લિંગ સંવેદનશીલ DRR સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગોનું સંકલન કરવું • આશ્રયસ્થાનો/ કામચલાઉ આશ્રયસ્થાનો/ રાહત શિબિરો - ચોક્કસ જરૂરિયાતો માટે જોગવાઈ • પર્યાવરણને સક્ષમ કરવું • લિંગ સંવેદનશીલ બનાવવા માટે હાલના નિયમો , ધોરણો અને નિર્દેશોમાં સમીક્ષા અને ફેરફારો કરવા • તાલીમ, જાગૃતિ, નકલી નિદર્શન , વ્યાવસાયિક તાલીમ / કૌશલ્ય વિકાસ • નેતૃત્વ સશક્તિકરણ, ખાસ કરીને DRR માં • લિંગ સંવેદનશીલ અભિગમ સાથે અભ્યાસક્રમ વિકાસ • વિશિષ્ટ જ્ઞાન ઉત્પાદનો • વીમાને પ્રોત્સાહન આપવું • રાજ્ય મહિલા આયોગની સહાયથી DRR પગલાંનું જાતિ ઓડિટ • પુનઃબાંધકામ કરાયેલા મકાનોના પતિ અને પત્નીના નામે સંયુક્ત માલિકી અને આપત્તિ પછીની પૂર્વવત્ત સ્થિતિ માટે સહાય હેઠળ પૂરી પાડવામાં આવેલી સંપત્તિની ખાતરી કરવી

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
૨	અનુસૂચિત જાતિ (SC) અને જનજાતિ (ST)	લીડ સંસ્થાઓ: MSJE અને MWCD મુખ્ય ભૂમિકાઓ ધરાવતી સંસ્થાઓ: MHA, NDMA, NIDM, MHFW સહાયક સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે	• માર્ગદર્શન અને સમર્થન • SC સમુદાયો માટે DRR પડકારો પર અભ્યાસ અને સંશોધનને પ્રોત્સાહન આપવું • આપત્તિ પ્રતિભાવ અને શમન વ્યૂહરચનાઓ પર આદિવાસી સમુદાયો માટે યોગ્ય અને સ્વીકાર્ય અભ્યાસ ક્રમ અને સંશોધનને પ્રોત્સાહન આપવું • DRR ની જરૂરિયાતો સાથે સુસંગત બનાવવા માટે હાલના નિયમો, ધોરણો અને નિર્દેશોની સમીક્ષા અને સુધારો કરવો • વીમા/ જોખમ સ્થાનાંતરણને પ્રોત્સાહન આપવું • માર્ગદર્શિકા, IEC, માસ મીડિયા ઝુંબેશ	લીડ સંસ્થાઓ: DSJE, DWCD મુખ્ય ભૂમિકાઓ ધરાવતી સંસ્થાઓ: SDMA, DMD$ સહાયક સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી તમામ સંસ્થાઓ	• HRVCA ખાસ કરીને SC/ST સંવેદનશીલતાનો સમાવેશ કરવા માટે જોખમ આકારણી (સ્થાનિક, પ્રવર્તમાન ભેદભાવ પ્રથાઓ , કોઈપણ હોય, DRR માં માહિતી મેળવવા, જોખમ ઘટાડવાના સંસાધનો મેળવવા અવરોધો ઊભા કરે) • DRR ના વિવિધ તબક્કામાં આપત્તિ પછીની પરિસ્થિતિઓમાં આદિવાસી ઓળખ , પરંપરાઓ અને રિવાજોનું રક્ષણ કરવું • સમુદાયની સંસ્કૃતિ , પરંપરા, રહેઠાણો અને પર્યાવરણ તંત્રને અપરિવર્તનીય નુકસાન ન કરે તેની DRR માં લીધેલા પગલાં ખાતરી કર વી • સંબંધિત મુદ્દાઓને સમર્થન આપવા માટે માહિતી અને આંકડા સંચાલનનો ઉપયોગ કરવો - DDMA અને SDMA • DRR માં એસસી/એસટી માટેની યોજનાઓમાં સંબંધિત વિભાગો વચ્ચે સંકલન કરવું • ભેદભાવ વગર આશ્રયસ્થાનો/ કામચલાઉ

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
		પરોક્ષ રીતે સંકળાયેલી તમામ સંસ્થાઓ	• ક્ષમતા વિકાસ માર્ગદર્શિકા અભ્યાસક્રમના વિકાસમાં DRR વિશે SC/ST ની ચિંતાઓનો સમાવેશ કરવો		આશ્રયસ્થાનો/ રાહત શિબિરો • ભાગીદારી માટે સક્ષમ વાતાવરણની ખાતરી કરવી • SC/ST વસાહતોમાં DRR લાગુ કરવાની જરૂરિયાતોને પહોંચી વળવા હાલના નિયમો , ધોરણો અને નિર્દેશોની સમીક્ષા અને સુધારો કરવો (દા.ત. પુનઃસંયોજન, સામાજિક આવાસ, સંકટ પ્રતિરોધક બાંધકામ) • તાલીમ, જાગૃતિ, નકલી નિદર્શન, વ્યાવસાયિક તાલીમ / કૌશલ્ય વિકાસ • નેતૃત્વ સશક્તિકરણ, ખાસ કરીને DRR માં • SC/ST સમુદાયોના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને અભ્યાસક્રમ વિકાસ • વિશિષ્ટ જ્ઞાન ઉત્પાદનો • વીમા પ્રોડક્ટ/ ઝુંબેશને પ્રોત્સાહન આપવું સામાજિક ઓડિટમાં DRR નો ભેદભાવ વગરનો અમલ સામેલ કરવો

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
3	બાળકો	લીડ સંસ્થાઓ: MWCD, MHRD, MOLJ, NCPCR મુખ્ય ભૂમિકાઓ ધરાવતી સંસ્થાઓ: MHA, NDMA, NIDM	• બાળકો માટે વિવિધ DRR પહેલ માટે માર્ગદર્શન અને સમર્થન • બાળકોની સુરક્ષા અને સલામતી માટે નિયમનકારી અને સંસ્થાકીય જરૂરિયાતોની સમીક્ષા કરવી • બાળકો માટે DRR પહેલનું -પૂર્વ શાળા, શાળાએ જતા અને શાળામાં જતા ન હોય તેવા બાળકોનું નિરીક્ષણ અને દેખરેખ • આપત્તિગ્રસ્ત બાળકોની યોગ્ય સુરક્ષા અને સંભાળ માટેના પગલાં અમલમાં મૂકવા માટે સમર્થન	લીડ સંસ્થાઓ: DWCD, EDD, SCPS મુખ્ય ભૂમિકાઓ ધરાવતી સંસ્થાઓ: SDMA, DMD$, HD સહાયક સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે	• બાળકોની વિવિધ સંસ્થાઓની આપત્તિ સજ્જતા અને સલામતી માટે ખાસ વ્યવસ્થા કરવી.[53] • શાળાઓમાં સલામતી અને આપત્તિ સજ્જતાને સુનિશ્ચિત કરવા માટે નિયમનકારી પગલાં લેવા • બાળકોની તમામ શાળાઓ અને સંસ્થાઓમાં નિયમિત નકલી પ્રદર્શન અને અન્ય સજ્જતાનાં પગલાં લેવા • પ્રારંભિક ચેતવણી અને આપત્તિ પછી બાળકોની સંસ્થાઓ પર વિશેષ ધ્યાન આપવું • આપત્તિ પછીની પરિસ્થિતિઓમાં બાળકોને અલગતા , ચિંતા, આઘાતનો સામનો કરવો પડતો નથી , તેમના પરિવારો અથવા માતાપિતાથી અલગ ન પડે તેની ખાતરી કરવી • બાળ દુરુપયોગ અટકાવવા અને રોકવા માટે પૂરતા પગલાં

[53] આમાં બાળકો માટે સમર્પિત તમામ ખાનગી અને જાહેર સંસ્થાઓ નો -પાલક સંભાળ કેન્દ્રો , કિન્ડરગાર્ટન, પૂર્વશાળાઓ, ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોની સંભાળ માટેની સુવિધાઓ, અનાથાલયો, બાળકોના ઘરો, આશ્રય ગૃહો વગેરે અને સંભાળ અને રક્ષણ માટે નિયુક્ત તમામ સંસ્થાઓ. કિશોર ન્યાય પ્રણાલી હેઠળ બાળકો નો સામવેશ થાય છે.

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
		સહાયક સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી તમામ સંસ્થાઓ	• બાળકોના કલ્યાણ માટે કામ કરતી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી આપત્તિગ્રસ્ત બાળકોને સહાય મેળવવી • આપત્તિ પછી તરત જ અને PDR દરમિયાન બાળકોની સંભાળ અને રક્ષણ માટે NCPCR તરફથી માર્ગદર્શન અને સહાય મેળવવી	સંકળાયેલી તમામ સંસ્થાઓ	લેવા અને બાળ તસ્કરી સામે સખત તકેદારી રાખવી • આપત્તિ પછીની પરિસ્થિતિમાં બાળ મજૂરીને રોકવા અને બંધ કરવા માટે પગલાં લેવા • બાળ અધિકારો અને સુરક્ષાના સંરક્ષણ સાથે સંકળાયેલી પોલીસ, CWC, JJB, CARA અને DCPU કિશોર ન્યાય તમામ એજન્સીઓ અને મુખ્ય કર્મચારીઓને સંવેદનશીલ બનાવો, • અસરગ્રસ્ત બાળકોની સમુદાય આધારિત સંભાળ અને રક્ષણને પ્રોત્સાહન આપવું. • SCPS એ બાળકો માટે આપત્તિ પછીના ખતરાઓનું નિરીક્ષણ કરવા માટે પગલાં લેવા જોઈએ અને બાળ અધિકારો અને રક્ષણ માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં મધ્યસ્થ સંસ્થાએ સાથે મળીને પગલાં લેવા જોઈએ.
૪	વૃદ્ધો	લીડ સંસ્થાઓ: MHFW, MSJE	• વૃદ્ધોની DRR જરૂરિયાતોને પહોંચી વળવા માર્ગદર્શન અને સહાય • આફતોમાં વૃદ્ધો દ્વારા સામનો	લીડ સંસ્થાઓ: HFWD, DSJE મુખ્ય ભૂમિકાઓ	• સમુદાયોમાં વૃદ્ધ વ્યક્તિઓની વધારાની સંવેદનશીલતા વિશે સ્થાનિક સમુદાયોને સંવેદનશીલ બનાવ વા અને વૃદ્ધોને મદદ કરવા માટે પડોશી જૂથો અથવા જવાબદાર વ્યક્તિઓને પ્રોત્સાહન આપવું

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
		મુખ્ય ભૂમિકાઓ ધરાવતી સંસ્થાઓ: MHA, NDMA, NIDM સહાયક સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી તમામ સંસ્થાઓ	કરવામાં આવતા પડકારો અંગે જાગૃતિને પ્રોત્સાહન આપવું • વૃદ્ધોના કલ્યાણ માટે કાર્યરત સંસ્થાઓ અને સંગઠનોને વૃદ્ધો માટે DRR પ્રયાસોને સમર્થન આપવા માટે કુશળતા વિકસાવવી • વૃદ્ધોની સુખાકારી માટે કાર્યરત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી આપત્તિ-અસરગ્રસ્ત વિસ્તારોમાં વૃદ્ધો માટે સહાય એકત્રિત કરવી	ધરાવતી સંસ્થાઓ: SDMA, DMD$ સહાયક સંસ્થાઓ: DRR સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી તમામ સંસ્થાઓ	• વૃદ્ધો માટે વૃધ્ધાશ્રમો , નિવૃત્તિ ગૃહો અને વૃદ્ધ આશ્રય ગૃહો જેવી વિવિધ સંસ્થાઓની આપત્તિની સજ્જતા અને સલામતી માટે ખાસ વ્યવસ્થા કરવી. • DRR માટે સમુદાયની પહેલ સાથે વૃદ્ધોના કલ્યાણ માટે કામ કરતી સંસ્થાઓને જોડવી • પર્યાપ્ત સહાય વિના જીવતા તમામ વૃદ્ધ વ્યક્તિઓની સૂચિ તૈયાર કરવી , સમયાંતરે તેમની પરિસ્થિતિની સમીક્ષા કરવી અને સોશિયલ નેટવર્ક (પડોશીઓ , સંબંધીઓ, મિત્રો) ની સ્થિતિ અને તેમના સમર્થનની અન્ય વ્યવસ્થા તપાસ વી • જોખમની સીઝનમાં અથવા વહેલી ચેતવણી પછી , વૃદ્ધોને જાણ અને સજ્જતાની ખાતરી કરવા માટે પગલાં લેવા • વૃદ્ધો જેટલો ફાળો આપી શકે તેટલો આપત્તિની તૈયારી અને આયોજનમાં તેઓને સામેલ કરવા • દરેક વિસ્તારોમાં વૃદ્ધોની તબીબી અને આરોગ્ય સહાય જરૂરિયાતોનું મૂલ્યાંકન કર વું અને નિર્ણાયક વસ્તુઓનો સ્ટોક જાળવવો • સ્થળાંતર અથવા આપત્તિ પછીની પરિસ્થિતિ પછી વૃદ્ધોની

કેન્દ્રીય / રાજ્ય એજન્સીઓ અને તેમની જવાબદારીઓ					
	DRR માટે પેટા વિષયલક્ષી ક્ષેત્ર	કેન્દ્ર (લીડ સંસ્થાઓ)	કેન્દ્રની જવાબદારી	રાજ્યની (લીડ સંસ્થાઓ)	રાજ્યની જવાબદારી
					મિલકત અને સંપત્તિના રક્ષણ પર વિશેષ ધ્યાન આપવું
આપત્તિ પ્રતિભાવની સૌથી વધુ ચિંતામાં તાત્કાલિક આપત્તિ રાહત સહિત તાત્કાલિક અને ટૂંકા ગાળાની જરૂરિયાતોનો સમાવેશ થાય છે. આપત્તિ જોખમનો વ્યક્તિઓ , સમુદાયો, સંગઠનો, દેશો અને આંતરરાષ્ટ્રીય સમુદાયની પ્રતિભાવ ક્ષમતાઓની ગતિવિધિ સહિત અસરકારક , કાર્યક્ષમ અને સમયસર પ્રતિભાવ જાણકારી સજ્જતા પગલાં પર આધાર રાખે છે. સંસ્થાકીય પ્રતિભાવમાં ઘણીવાર આપત્તકાલીન સેવાઓ અને જાહેર સહાયની જોગવાઈ દ્વારા જાહેર અને ખાનગી ક્ષેત્રો અને સમુદાય ક્ષેત્રો તેમજ સમુદાય અને સ્વયંસેવકોની ભાગીદારીનો સમાવેશ થાય છે. " આપત્તકાલીન સેવાઓ" એ આપત્તકાલીન અને આપત્તિની પરિસ્થિતિઓમાં લોકો અને મિલકતની સેવા અને રક્ષણ માટે ચોક્કસ જવાબદારી ધરાવતી વિશિષ્ટ સંસ્થાઓનો મહત્વનો સમૂહ છે. તેમાં મુલકી સુરક્ષા અધિકારીઓ અને પોલીસ અને અગ્નિ સેવાઓ સાથે અન્ય ઘણા લોકોનો સમાવેશ થાય છે. પ્રતિભાવ તબક્કે અને પછીના પૂર્વવત્ત સ્થિતિ વચ્ચે સ્પષ્ટ ભેદ નથી. કેટલાક કામચલાઉ આવાસ અને પાણી પુરવઠો , પૂર્વવત્ત સ્થિતિના તબક્કા જેવા પ્રતિભાવ પગલાં સારી રીતે વિસ્તૃત થઈ શકે છે.

UNISDR (૨૦૧૬) દ્વારા વ્યાખ્યા કર્યા મુજબ સજ્જતામાં , સંભવિત નિકટવર્તી અથવા વર્તમાન આફતોની અસરમાંથી અને પૂર્વવત્ત સ્થિતિને અસરકારક રીતે અપેક્ષિત પ્રતિભાવ આપવા સરકારો, સંગઠનો, સમુદાયો અને વ્યક્તિઓએ વિકસિત કરેલી જાણકારી અને ક્ષમતાઓનો સમાવેશ થાય છે. આપત્તિ જોખમ વ્યવસ્થાપનના સંદર્ભમાં સજ્જતાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અને તમામ પ્રકારની કટોકટીઓને

અસરકારક રીતે હાથ ધરવા જરૂરી ક્ષમતા નિર્માણ કરવા અને સતત પૂર્વવત્ત સ્થિતિના પ્રતિભાવથી વ્યવસ્થિત સંક્રમણો હાંસલ કરવાનું લક્ષ્ય છે.

સજ્જતા આપત્તિના જોખમોના યોગ્ય વિશ્લેષણ અને પૂર્વ ચેતવણી પ્રણાલીઓ સાથે સારી રીતે સંકળાયેલ પર આધારિત છે, અને જેમાં આકસ્મિક આયોજન , સાધનો અને પુરવઠાનો સંગ્રહ , સંકલન, સ્થળાંતર, અને જાહેર માહિતી માટે વ્યવસ્થાઓની ગતિવિધિ , અને સંકળાયેલ તાલીમ અને ક્ષેત્રીય પ્રયોજન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ઔપચારિક સંસ્થાકીય , કાનૂની અને અંદાજપત્રીય ક્ષમતાઓ દ્વારા સમર્થિત હોવા જોઈએ. " તત્પરતા" ને લગતો શબ્દ જરૂર પડે ત્યારે ઝડપથી અને યોગ્ય રીતે પ્રતિભાવ આપવાની ક્ષમતાનું વર્ણન કરે છે.

આપત્તિઓ માટે સ્થાનિક કક્ષાના લોકોની સજ્જતા આપત્તિઓની અસરોને ઓછી કરવામાં અને વધુ સારો પ્રતિભાવ આપવા માટે મદદ કરી શકે છે. પંચાયતી રાજ સંસ્થા દ્વારા સ્થાનિક સ્તરે આપત્તિઓનો સામનો કરવા લોકોને તૈયાર કરવામાં સમુદાયની ભાગીદારી ખૂબ આગળ વધી શકે છે. આપત્તિઓના કિસ્સામાં , પંચાયતી રાજ સંસ્થા લોકો અને સ્થાનિક સંસાધનોને એકત્રિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

સજ્જતાના આધારે , વિનાશકારી ઘટના નજીકમાં છે અને જ્યાં સુધી સંબંધિત અધિકારીઓ તેને પૂરી થયેલી જાહેર ન કરે ત્યાં સુધી ચાલે તે સ્પષ્ટ થાય કે તરત જ પ્રતિભાવ પ્રક્રિયા શરૂ થાય છે. મર્યાદિત માહિતી અને સંસધાનો સાથે અત્યંત વિવશ સમયની પરિસ્થિતિઓમાં ભારે તણાવના સમયગાળામાં પ્રતિભાવ હાથ ધરવામાં આવે છે. આપત્તિ વ્યવસ્થાપનના વિવિધ તબક્કાઓમાં તેને સૌથી વધુ ધ્યાનમાં આવે એવું માનવામાં આવે છે. પ્રતિભાવમાં માત્ર શોધખોળ અને બચાવ , પ્રાથમિક સારવાર અને કામચલાઉ આશ્રયસ્થાનો જેવી તાત્કાલિક જરૂરિયાતોને સીધી રીતે ધ્યાન આપવા જેવી પ્રવૃત્તિઓ સામેલ નથી, પણ પ્રયાસોને સંકલન અને આધાર આપવા માટે જરૂરી વિવિધ પ્રણાલીઓની ઝડપી ગતિશીલતાનો પણ સમાવેશ થાય છે. અસરકારક પ્રતિભાવ માટે , તમામ હિસ્સેદારો જોખમો, તેના પરિણામો, કાર્યવાહી યોજનાઓ અંગે સ્પષ્ટતા અને તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓથી સારી રીતે વાકેફ હોવા જોઈએ.

કોઈપણ કટોકટીને જીવન બચાવવા, નુકસાનને નિયંત્રિત કરવા અને કોઈપણ ગૌણ આફતોને રોકવા માટે ઝડપી પ્રતિક્રિયાની જરૂર છે. મોટાભાગના કિસ્સાઓમાં , જિલ્લા, તાલુકા, અથવા અન્ય સંસ્થાઓ (તબીબી આગ, પોલીસ, નાગરિક પુરવઠા, નગરપલિકાઓ) ના ઘટના પ્રતિભાવ ટીમ (IRT) ના સભ્યો જેવા પ્રથમ પ્રતિભાવ આપનારાઓ સ્થાનિક સ્તરે કટોકટીનું તાત્કાલિક વ્યવસ્થાપન કરે છે. જો કટોકટી તેમની ક્ષમતા કરતાં વધી જાય, તો સ્થાનિક વહીવટીતંત્રે જિલ્લા વહીવટીતંત્ર અથવા રાજ્ય સરકારની મદદ લેવી જોઈએ. જો રાજ્ય સરકાર તેને જરૂરી માને તો તે કેન્દ્રની મદદ લઈ શકે છે.

મંત્રીમંડળ સુરક્ષા સમિતિ દેશના સંરક્ષણ, કાયદો અને વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા, વિદેશી બાબતોની આંતરિક અથવા બાહ્ય સુરક્ષાની અસરો ધરાવતી નીતિ વિષયક બાબતો અને રાષ્ટ્રીય સુરક્ષા પર અસર કરતા આર્થિક અને રાજકીય મુદ્દાઓ સાથે સંબંધિત છે. જો આપત્તિમાં ગંભીર સુરક્ષા અસરો હોય તો મંત્રીમંડળ સુરક્ષા સમિતિ નિર્ણય લેવામાં સામેલ થશે. રાષ્ટ્રીય કારોબારી સમિતિ કોઈ પણ ભયજનક આપત્તિની પરિસ્થિતિ અથવા આપત્તિમાં જ્યાં કેન્દ્રીય સહાયની જરૂર હોય ત્યાં પ્રતિભાવનું સંકલન કરશે. રાષ્ટ્રીય કારોબારી સમિતિ રાજ્યની કોઈ ચોક્કસ ભયાનક આપત્તિની પરિસ્થિતિમાં અથવા આપત્તિના પ્રતિભાવમાં તેમના દ્વારા લેવામાં આવનારા પગલાંના સંબંધમાં ભારત સરકારના સંબંધિત મંત્રાલયો/વિભાગો, રાજ્ય સરકારો અને રાજ્ય સત્તાધિકારીઓને જરૂરિયાતો અનુસાર નિર્દેશ આપી શકે છે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ તમામ પ્રકારની આપત્તિઓના પ્રતિભાવ સહિતની આપત્તિ વ્યવસ્થાપન ચક્રના તમામ તબક્કામાં આપત્તિ જોખમ વ્યવસ્થાપનમાં સુવિધાજનક ભૂમિકા ભજવે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ બળ (NDRF) ને સામાન્ય દેખરેખ, નિર્દેશો અને નિયંત્રણ સત્તા સોંપશે અને તેનો ઉપયોગ કરશે. રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિ ગંભીર અથવા રાષ્ટ્રીય અસર ધરાવતી મોટી કટોકટીઓ પર વિચાર કરશે. આમાં સુરક્ષા માટે સુરક્ષા દળો અને/ અથવા ગુપ્તચર એજન્સીઓ સાથે ખૂબ નજીકથી સંકળાયેલ એવી આતંકવાદ (આતંકવાદ વિરોધી), કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિઓ, શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો, અપહરણ, હવાઈ અકસ્માતો, પરમાણુ/ કિર્ણોત્સસર્ગ આતંકવાદની ધમકીઓ, રસાયણ, જૈવ, કિર્ણોત્સસર્ગ, પરમાણુ કટોકટી, પરંપરાગત હથિયારોનું વિસ્ફોટ, ખાણની આપત્તિઓ, જેવી નજીકની સંડોવણીની જરૂર હોય તેવા બનાવોનો કટોકટી, બંદર અને બારૂની કટોકટીઓ, જંગલ આગ, કુદરતી તેલ ક્ષેત્રની આગ અને તેલ રેલાવાનો સમાવેશ થાય છે.

આપત્તિની સ્થિતિમાં તાત્કાલિક પ્રતિભાવ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને વિશિષ્ટ એજન્સીઓના સહયોગથી સ્થાનિક સત્તાવાળાઓની છે. કેન્દ્ર સરકાર પરિવહન અને નાણાકીય સહાય પૂરી પાડીને, NDRF, સશસ્ત્ર દળો, CAPF અને અન્ય ખાસ એજન્સીઓને ગોઠવીને ચોક્કસ પ્રકારની આપત્તિઓનો પ્રતિભાવ આપવા માટે રાજ્ય સરકારની કામગીરીને પૂરક બનાવે છે. તે રાજ્ય સરકારની વિનંતી મુજબ આયોજન અને તેના અમલીકરણમાં રાજ્ય સરકારને મદદ કરવા નિષ્ણાતોની નિમણૂક કરશે.

૮.૨ સંસ્થાકીય માળખુ

પ્રકરણ -૧ આપત્તિ વ્યવસ્થાપનના તમામ પાસાઓને આવરી લેતી સંસ્થાકીય વ્યવસ્થાઓની ઝાંખી પૂરી પાડે છે. પ્રતિભાવના ક્ષેત્રમાં ચોક્કસ કાર્યો, ભૂમિકાઓ અને જવાબદારીઓ છે, જેનો અગાઉ ઉલ્લેખ કર્યો છે, તે આપત્તિ વ્યવસ્થાપનનું સૌથી જટિલ અને સમય-સંવેદનશીલ પાસું છે. આ વિભાગ માં મંત્રાલયો અને

સંસ્થાઓની કામગીરી અને જવાબદારીઓનો સારાંશ છે જે હાલની માર્ગદર્શિકા અનુસાર આપત્તિ પ્રતિભાવમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. મંત્રાલયો અને સંસ્થાઓએ વિચારેલ મુખ્ય ભૂમિકાઓમાં કોઈપણ ફેરફારને અસર આપવા માટે યોજનાને સમયાંતરે અદ્યતન કરવામાં આવશે.

કોઈ એક સંસ્થા કે વિભાગ એકલા હાથે કોઈપણ માત્રાની આપત્તિની પરિસ્થિતિને સંભાળી શકે નહીં. વિવિધ વિભાગોએ તેની અસર ઘટાડવાના ઉદ્દેશ થી આપત્તિનું વ્યવસ્થાપન કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૩૭ (એ) કેન્દ્ર સરકારના વિભાગો/ મંત્રાલયોને શમન, સજ્જતા અને પ્રતિભાવ ના ઘટકોને ધ્યાનમાં રાખીને આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવાનો આદેશ આપે છે. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૨૨(૨), ૨૪, ૩૦ અને ૩૪ વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવનારી આપત્તિ વ્યવસ્થાપનને લગતી વિવિધ ફરજો સ્પષ્ટ રીતે નિર્ધારિત કરે છે.

પ્રતિભાવ પ્રણાલી માટે સંસ્થાકીય વ્યવસ્થામાં નીચેના ઘટકો આવેલા છે:

(ક) મધ્યસ્થ કેન્દ્રીય મંત્રાલયો તમામ જરૂરી પ્રતિ ભાવ અને સંસાધનોના એકત્રીકરણ માટે રાષ્ટ્રીય સ્તરે સંકલન માટે આપત્તિ-વિશિષ્ટ જવાબદારીઓ ધરાવે છે.

(ખ) કેન્દ્રીય સંસ્થાઓ પૂર્વ ચેતવણી પ્રણાલીઓ અને સતર્કતા માટે આપત્તિ-વિશિષ્ટ જવાબદારી ધરાવે છે.

(ગ) રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ બળ (NDRF)

(ઘ) રાજ્ય આપત્તિ પ્રતિભાવ બળ (SDRF)

હાલમાં ગૃહ મંત્રાલય ના આપત્તિ વ્યવસ્થાપન વિભાગમાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ કેન્દ્ર (NERC) કાર્યરત છે અને ગૃહ મંત્રાલય દ્વારા આપત્તકાલીન પ્રતિભાવ (ICR -ER) માટે સંકલિત નિયંત્રણ કક્ષ ની સ્થાપના કરવામાં આવી છે. તે નીચેના નિયંત્રણ કક્ષો સાથે જોડાયેલ હશે:

- તમામ સંસ્થાઓને કટોકટી-વિશિષ્ટ પૂર્વ ચેતવણીઓ આપવા માટે નિયુક્ત કરવામાં આવી છે
- રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર (SEOC)
- જિલ્લા કટોકટી સંચાલન કેન્દ્ર (DEOC)
- NDRF
- સંકલિત સુરક્ષા કર્મચારીઓ (IDS)
- MEA
- CAPFs

૮.૩ રાષ્ટ્રીય પૂર્વ ચેતવણી પ્રણાલી

૮.૩.૧ કુદરતી સંકટ-વિશિષ્ટ પૂર્વ ચેતવણીઓ માટે નિયુક્ત કેન્દ્રીય સંસ્થાઓ

કોષ્ટક ૮-૧: કુદરતી આપત્તિ-વિશિષ્ટ પૂર્વ ચેતવણીઓ માટે નિયુક્ત કેન્દ્રીય સંસ્થાઓ

ક્રમ	આપત્તિ	મંત્રાલય	સંસ્થા
૧	હિમપ્રપાત	સંરક્ષણ	બરફ અને હિમપ્રપાત અભ્યાસ સંસ્થાન (SASE)
૨	શીત લહેર	ભૂમિ વિજ્ઞાન	ભારતીય હવામાન વિભાગ (IMD)
૩	વાવાઝોડુ	ભૂમિ વિજ્ઞાન	ભારતીય હવામાન વિભાગ (IMD) પ્રાદેશિક વિશિષ્ટ હવામાન કેન્દ્ર (RSMC) વિવિધ વિસ્તારો માટે ઉષ્ણકટિબંધીય ચક્રવાત ચેતવણી કેન્દ્રો (TCWC)
૪	અનાવૃષ્ટિ	કૃષિ અને ખેડૂત કલ્યાણ	કેન્દ્રીય અનાવૃષ્ટિ રાહત આયુક્ત (CDRC) અને પાક હવામાન નિરીક્ષણ જૂથ (CWWG)
૫	ભૂકંપ	ભૂમિ વિજ્ઞાન	ભારતીય હવામાન વિભાગ (IMD)
૬	રોગચાળો	આરોગ્ય, પરિવાર કલ્યાણ	આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MHFW)
૭	પૂર	જળ શક્તિ	કેન્દ્રીય જળ આયોગ (CWC)
૮	ગરમી લહેર	ભૂમિ વિજ્ઞાન	ભારતીય હવામાન વિભાગ (IMD)
૯	ભૂસ્ખલન	ખનીજ	ભારતીય ભૌગોલિક સર્વેક્ષણ (GSI)
૧૦	સુનામી	ભૂમિ વિજ્ઞાન	ભારતીય રાષ્ટ્રીય સમુદ્રી માહિતી સેવા કેન્દ્ર (INCOIS)

ભારત સરકારે વિવિધ કુદરતી આફતોની શરૂઆતનું નિરીક્ષણ કરવા, પર્યાપ્ત પૂર્વ ચેતવણી પ્રણાલીઓ (EWS) ની સ્થાપના કરવા અને જ્યાં વહેલી ચેતવણી અને હાલમાં ઉપલબ્ધ તકનીકો અને પદ્ધતિઓ દ્વારા નિરીક્ષણ શક્ય હોય ત્યાં કોઈપણ સંભવિત જોખમને લગતી જરૂરી ચેતવણીઓ/ સતર્કતાનો પ્રસાર કરવા, તમામ જોખમો માટે વિશિષ્ટ સંસ્થાઓની નિયુક્તિ કરી છે (કોષ્ટક ૮-૧). આ એજન્સીઓ ગૃહ મંત્રાલયને માહિતી પૂરી પાડે છે, જે વિવિધ સંચાર ચેનલો દ્વારા ચેતવણીઓ અને સતર્કતાઓ જહેર કરશે. પૂર્વ ચેતવણી પ્રણાલીઓ માટે જવાબદાર સંસ્થાઓ યોગ્ય કાર્ય વાહીના ક્રમમાં સાધનોની જાળવણી કરશે અને તેમની કાર્યક્ષમતા ચકાસવા માટે પ્રયોગાત્મક અભ્યાસ કરશે. તેઓ સંબંધિત રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્રને સંદેશાવ્યવહારની તમામ સંભવિત પદ્ધતિઓ અને જાહેર ઘોષણાઓ દ્વારા આવા ચેતવણીઓ અને સતર્કતા જાહેર જનતા વચ્ચે પ્રસારિત કરશે.

૮.૨.૩ કેન્દ્રીય સંસ્થાઓ/વિભાગોની ભૂમિકા

રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ કેન્દ્ર (NERC) અદ્યતન કરેલ માહિતીની પૂર્વ ચેતવણી સંસ્થાઓ સાથે સતત સંપર્ક જાળવવા માટે સંચાર અને સંકલન કેન્દ્ર તરીકે કાર્ય કરશે. છેવટે તેને આપત્તકાલીન પ્રતિભાવ રિસ્પોન્સ સંકલિત નિયંત્રણ કક્ષ (ICR-ER) તરીકે અદ્યતન કરવામાં આવશે. તે તમામ ઉપલબ્ધ સંચાર ચેનલો અને તૈત્ર દ્વારા રાજ્ય આપત્તકાલીન સંચાલન કેન્દ્ર (SEOC) અને જિલ્લા આપત્તકાલીન સંચાલન કેન્દ્ર (DEOC) ને જાણ કરશે. ગૃહ મંત્રાલયનો નો આપત્તિ વ્યવસ્થાપન વિભાગ નિયુક્ત કરેલ પૂર્વ ચેતવણી સંસ્થાઓ, વિવિધ મધ્યસ્થ મંત્રાલયો અને રાજ્ય સરકારો સાથે વાતચીત અને સંકલન કરશે. તે NDRF, સશસ્ત્ર દળો અને CAPFs તરફથી વધારાની કુમક રવાના કરશે અને સંસાધનોને ખસેડવા માટે પરિવહન યોજનાઓ એકસાથે કરશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગૃહ મંત્રાલયની જરૂરિયાતો અનુસાર પ્રતિભાવના સમગ્ર સંકલનને ટેકો આપશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ સામાન્ય માર્ગદર્શન આપશે અને NDRF ની ગોઠવણીના નિર્ણયો લેશે. NDRF રાજ્ય સરકારની વિનંતીના આધારે જરૂરિયાત મુજબ ફાળવવામાં કરવામાં આવશે. NDRF હંમેશા ક્રિયાશીલ તૈયારીમાં રહેશે.

૮.૪ રાષ્ટ્રીય સ્તરે પ્રતિભાવનું સંકલન

રાષ્ટ્રીય સ્તરે , કેન્દ્ર સરકારે આપત્તિ-વિશિષ્ટ પ્રતિભાવોના સંકલન કરવા માટે ચોક્કસ મંત્રાલયોને મધ્યસ્થ જવાબદારીઓ સોંપી છે (કોષ્ટક ૧-૩, પ્રકરણ - ૧). પ્રકરણ - ૧ માં વર્ણવ્યા મુજબ , રાષ્ટ્રીય કારોબારી સમિતિ કોઈપણ ભયજનક આપત્તિની પરિસ્થિતિ અથવા આપત્તિના કિસ્સામાં પ્રતિભાવનું સંકલન કરશે. રાજ્ય સરકાર રાજ્ય, જિલ્લા અથવા તાલુકા કક્ષાએ ઘટના પ્રતિભાવ ટીમને (IRT) સક્રિય કરશે અને રાજ્ય આપત્તકાલીન સંચાલન કેન્દ્ર સાથે સંકલન સુનિશ્ચિત કરશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ પ્રતિભાવ પ્રણાલીને મજબૂત કરવા માટે જરૂરી તકનીકી સહાય પૂરી પાડશે.

પ્રથમ પ્રતિભાવ આપનારાઓ અને રાહત શક્ય એટલા ઓછા સમયમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચે તે જરૂરી છે. વારંવાર અપૂરતી પૂર્વ સજ્જતાને કારણે સ્થા ન નક્કી કરવા લાદવામાં આવેલા વાસ્તવિક અવરોધો, દુર્ઘટનાના પ્ર કારને અને સૌથી અનિચ્છનીયતાને કારણે અસામાન્ય વિલંબ થાય છે. ઘણી પરિસ્થિતિઓમાં, છ થી બાર કલાકનો વિલંબ પણ ખૂબ મોડો અથવા અસ્વીકાર્ય સાબિત થશે. બાબતોને વધુ ખરાબ કરવા માટે , રાહત દેખભાળ ખૂબ જ અપૂર્ણ અથવા અસંગઠિત સ્વરૂપે આવે છે જેમાં ઘણી સંસ્થાઓ સંકલિત યોજના વિના, એક સાથે ટાળવા માટે પદ્ધતિઓ વિના અને આશ્રય, કપડાં, ખોરાક અથવા દવા જેવા રાહતના વિવિધ પાસાઓને યોગ્ય પ્રાથમિકતા આપ્યા વિના એકબીજા થી સ્વતંત્ર રીતે કાર્ય કરે છે . સંચાલનકીય પરિપ્રેક્ષ્યમાં, મોટાભાગના જોખમોમાં પડકારો એકસરખા હોય છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે આપત્તિઓના અસરકારક , કાર્યક્ષમ અને સર્વગ્રાહી સંચાલન (પરિશિષ્ટ - ૧ માં યાદી આપી છે)

માટે ઈન્સીડન્ટ રિસ્પોન્સ સિસ્ટમ (IRS) માર્ગદર્શિકા તૈયાર કરી છે. રાષ્ટ્રીય સત્તામંડળની IRS માર્ગદર્શિકાના અમલથી રાજ્યોને મોટાભાગની આપત્તિ પ્રતિભાવ પરિસ્થિતિઓમાં સામાન્ય છે એવી કામગીરીના નિશ્ચિત ધોરણ નક્કી કરવામાં મદદ મળશે, વિવિધ વિભાગો અને અન્ય સંસ્થાઓની ભૂમિકાઓમાં સ્પષ્ટતા આવશે.

રાજ્ય અને જિલ્લા વહીવટીતંત્ર IRS માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ પ્રતિભાવ દરમિયાન વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે ઘટના નિયંત્રક સ્થળ, રાહત શિબિર, આધાર, કામચલાઉ વિસ્તાર, શિબિર અને હેલિપેડ જેવી વિવિધ સેવા સ્થળો નક્કી કરશે. રાજ્ય અને સ્થાનિક વહીવટીતંત્રે સુધારેલ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન યોજના અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન યોજનાનો વ્યાપક રીતે આ વ્યવસ્થાઓ વિશેની માહિતીનો ફેલાવો અને પ્રચાર કરવો જ જોઇએ. આપત્તિ પ્રતિભાવ કામગીરી બહુપક્ષીય, સમય-સંવેદનશીલ, અત્યંત ઝડપી ગતિશીલ અને મોટે ભાગે અણધારી હોવાથી , તેને ઝડપી મૂલ્યાંકન, કેટલાક વિભાગો વચ્ચે ગાઢ સંકલન, ઝડપી નિર્ણય લેવાની , માનવ સંસાધનો અને મશીનરીની ઝડપી ગોડવણી તેમજ સઘન દેખરેખની જરૂર છે. વિલંબ અટકાવવા અને નિયંત્રણ કડીને લગતી અસ્પષ્ટતા દૂર કરવા માટે , રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન યોજના અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં IRS મુજબ પ્રતિભાવ સંગઠનને સ્પષ્ટપણે સ્પષ્ટતા કરવી આવશ્યક છે. આ યોજનાઓએ યોગ્ય જવાબદારી અને જવાબદે હી માળખા સાથે વહીવટી તંત્રના વિવિધ સ્તરોએ IRT ની વિવિધ જવાબદારીઓ માટે નિમણૂક પામેલા કર્મચારીઓની સ્પષ્ટ ઓળખ કરવી જ જોઇએ. સૈન્ય, NDRF, CAPF, અને આંતરરાષ્ટ્રીય શોધ ખોળ અને બચાવ સલાહકાર જૂથ (INSARAG) જેવી બહુવિધ સંસ્થાઓની સામેલગીરીના કિસ્સામાં એકીકૃત આદેશના અમલીકરણની જોગવાઈ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન યોજના માં હોવી જોઈએ. સમયાંતરે કૃત્રિમ પ્રયોગો દ્વારા આપત્તિ વ્યવસ્થાપન યોજનાનું પરીક્ષણ અને પૂર્વાભ્યાસ કરવો જ છે.

૮.૫ આગ અને આપત્તકાલીન સેવાઓ (F&ES)

બંધારણીય જોગવાઈઓ (વિભાગ-૭ 7, અનુસૂચિ -૧૨, અનુચ્છેદ ૨૪૩) મુજબ શહેરી સ્થાનિક સંસ્થાઓ (મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓ) ના આદેશ માં આવે છે. વહીવટી અને સંચાલન માળખાં અને પ્રણાલીઓ એક રાજ્યથી બીજા રાજ્યમાં બદલાય છે. હાલમાં ગૃહ મંત્રાલય સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આગ અને આપત્તકાલીન સેવા નું આયોજન કરવા સુરક્ષા, નિવારણ, સુધારાઓ અને કાયદા અંગે સલાહ આપવામાં આવે છે. આગ અને આપત્તકાલીન સેવાની પ્રાથમિક ભૂમિકા આગની ઘટનાઓને પ્રતિભાવ આપવાની છે. જો કે, અગ્નિશમન ઉપરાંત, મકાન ધરાશાયી, માર્ગ અકસ્માતો, માનવ અને પશુ બચાવ, અને અન્ય કેટલાક આપત્તકાલીન જેવા આગ અને આપત્તકાલીન સેવા અન્ય આપત્તકાલીન સાદને સંભાળે છે. આગ અને આપત્તકાલીન સેવા ની ભૂમિકા બહુ-લક્ષી બની ગઈ છે. આગ અને આપત્તકાલીન સેવાની ભૂમિકા ખાસ કરીને શહેરી વિસ્તારોમાં નિવારણ ક્ષેત્ર સુધી વિસ્તરે છે. આગ અને આપત્તકાલીન સેવા આપત્તિની

પરિસ્થિતિઓને પ્રતિભાવ આપતી સંસ્થાઓના જૂથનો અભિન્ન ભાગ છે. આગ અને આપત્તકાલીન સેવા આપત્તિ પછી પ્રથમ કલાકમાં પ્રથમ પ્રતિભાવ આપનારાઓમાંની એક છે અને જીવન અને સંપત્તિ બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. એટલા માટે, આગ અને આપત્તકાલીન સેવા ની ક્ષમતાઓને પૂરતા પ્રમાણમાં સજ્જ અને વિકસિત કરવી હિતાવહ છે. વધુમાં, અગ્નિશમન કર્મચારીઓને સાધનોના ઉપયોગ અને જાળવણીમાં સતત તાલીમ પણ આપવી જોઈએ.

આગ અને આપત્તકાલીન સેવા આપત્તકાલીન પ્રતિભાવ પ્રણાલીનું મુખ્ય ઘટક છે. તે નગરપાલિકાના કાર્યો સાથે સંકળાયેલા બંધારણના ૧૨ મી અનુસૂચિ હેઠળ આવે છે. હાલમાં, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ આગ અને આપત્તકાલીન સેવા નું સંચાલન કરી રહ્યા છે. ગૃહ મંત્રાલય અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલયોને આગ સંરક્ષણ, નિવારણ અને સંબંધિત કાયદા અંગે તકનીકી સલાહ આપશે. જ્યારે કેટલાક રાજ્યોમાં , આગ અને આપત્તકાલીન સેવા મહાનગરપાલિકાના અધિકારક્ષેત્ર હેઠળ છે, અને બીજામાં તે ગૃહ વિભાગ હેઠળ છે. માત્ર થોડા રાજ્યોએ પોતાનો અગ્નિ અધિનિયમ ઘડ્યો છે.

સાધનસામગ્રી માટે લાગુ પડતા ધોરણો અને કર્મચારીની તાલીમના પ્રકારો, માત્રા અને ધોરણો તકનીકી પ્રગતિ અને ઉભરતી સારી વૈશ્વિક પદ્ધતિઓને આધીન છે. આ ઉપરાંત , વિવિધ વિસ્તારો અને પરિસ્થિતિઓને કારણે પ્રાદેશિક તફાવતો અને સ્થાનિક પડકારો જોતાં , અસરકારક ઉપયોગ અને ગોઠવણ કરવા માટે અમુક અંશે નવીનતા , વૈવિધ્યપણું અને અનુકૂલન જરૂરી છે. સાધનોની સંચાલન કાર્યક્ષમતા જાળવી રાખવા પુનર્ગઠન અને પુનર્રચના એમ બંને જરૂરી છે. દાખલા તરીકે, કેટલાક શહેરોમાં જ્યાં રસ્તા સાંકડા હોય છે અને મોટા સાધનો ઝડપ લઇ જઇ શકતા નથી, તેથી સાધનોને લઇ જવાની પૂરતી ક્ષમતા ધરાવતા નાના વાહનો પર ગોઠવેલ નાના માપના સાધનોનો ઉપયોગ કરવો જરૂરી બની શકે છે . એ જ રીતે, મોટા ભાગના ગ્રામીણ અથવા ઓછા વિકસિત વિસ્તારો કરતા , મોટા શહેરોમાં ગોઠવેલા આવા સાધનોની જાળવણી અને વ્યવસ્થાપન કરવું મુશ્કેલ હોય છે. તેથી, વિશિષ્ટતાઓ અથવા નમૂનારૂપ યાદી આપવાને બદલે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના કડક ગુણવત્તા નિયંત્રણ અને પરીક્ષણને આધીન શ્રેષ્ઠ પદ્ધતિઓ અને સૌથી યોગ્ય તકનીકો અપનાવવા માટે જવાબદાર સંસ્થાઓને આદેશ આપે છે.

દરેક રાજ્યોમાં, આગ અને આપત્તકાલીન સેવા રાજ્યો દ્વારા કરવામાં આવેલી પહેલ અને ભંડોળની ઉપલબ્ધતા અનુસાર વધી છે. ભારત સરકારે આગ સલામતી માટે ટેકનો-કાનૂની શાસનને મજબૂત કરવા માટે ઘણી પહેલ કરી છે. મોટા કાયદાકીય ફેરફારો કરવા ઉપરાંત , સરકાર સુધારા કરવા યોગ્ય ઘણા કાયદાઓની સમીક્ષા પણ કરી રહી છે. ભારત સરકારે સંસ્થાકીય સુધારા અને આગ અને આપત્તકાલીન

સેવાના સંગઠનાત્મક પુનર્ગઠન માટે પણ પગલાં લીધા છે. જો કે, આગ અને આપત્તકાલીન સેવાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે આધુનિકીકરણ ના મોટા ફેરફારોને અમલમાં મૂકવાની જવાબદારી રાજ્ય સરકારોની છે.

૮.૬ રાજ્યોની કેન્દ્રીય સહાયની વિનંતીઓનો પ્રતિભાવ આપવો

ભૂકંપ, વાવાઝોડું, ચક્રવાત અને સુનામી જેવી વિનાશક આપત્તિઓ મોટી જાનહાનિમાં પરિણમે છે અને મિલકત અને માળખાકીય સુવિધાઓને ભારે નુકસાન પહોંચાડે છે. ભારત સરકારે ગંભીર આપત્તિથી ભારે પ્રભાવિત રાજ્ય સરકાર અથવા કેન્દ્રશાસિત પ્રદેશને મદદ કરવા માટે આવશ્યક સેવાઓની ઝડપી અને અસરકારક સેવા પહોંચડવા માટે સુધારક્ષમ પ્રતિભાવ તંત્રની સ્થાપના કરી છે. આપત્તિ વ્યવસ્થાપન એ રાજ્ય સરકારોની જવાબદારી તરીકે ગણવામાં આવે છે , અને તેથી આપત્તિ દરમિયાન બચાવ , રાહત અને પુનર્વસન પગલાં લેવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારોની છે. કેન્દ્ર સરકાર , રાજ્ય સરકારો ની વિનંતીથી ગંભીર આપત્તિમાં પરિવહન અને નાણાકીય સહાય થી તેમની કામગીરી પૂરી પાડે છે. આવી કટોકટીનો પ્રતિભાવ આપવા માટે જિલ્લા અને રાજ્યના વહીવટનાં સંસાધનો માં વધારો થાય છે અને તેમને કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગો અને NDRF, સશસ્ત્ર દળો , CAPF અને વિશેષ મંત્રાલયો/ સંસ્થાઓ જેવી સંસ્થાઓની મદદની જરૂર પડી શકે છે.

૮.૭ એક કરતાં વધુ રાજ્યોને અસર કરતી આપત્તિઓનું વ્યવસ્થાપન

અમુક સમયે, એક રાજ્યમાં થતી આપત્તિઓની અસર બીજા રાજ્યોના વિસ્તારોમાં ફેલાય છે. તેવી જ રીતે, પૂર વગેરે જેવી અમુક આપત્તિઓના સંદર્ભમાં નિવારક પગલાં એક રાજ્યમાં લેવાની જરૂર પડી શકે છે, કારણ કે તેની અસર બીજા પર પડી શકે છે. રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા કક્ષાની વ્યવસ્થા ધરાવતી ભારતની વહીવટી શ્રેણીબદ્ધતા એક કરતાં વધુ રાજ્યોને અસર કરતી આપત્તિઓના સંદર્ભમાં પડકારો રજૂ કરે છે. આવી પરિસ્થિતિઓ વ્યવસ્થાપનના સંકલિત અભિગમ નું આહવાન કરે છે, જે ઘટના પહેલા, તે દરમિયાન અને પછી પોતાની જાતને સામાન્ય રીતે પ્રસ્તુત કરે તેના તદન જુદા મુદ્દાઓની હારમાળાને પ્રતિભાવ આપી શકે છે. રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિ આવી બહુરા જ્ય આપત્તિઓને સંભાળવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ આવી પરિસ્થિતિઓની ઓળખને પ્રોત્સાહન આપશે અને રાજ્યો અને કેન્દ્રીય મંત્રાલયો , વિભાગો અને અન્ય સંબંધિત સંસ્થાઓ દ્વારા તેમની સાથે વ્યવહાર કરવા માટે સંકલિત વ્યૂહરચના માટે તંત્રરચનાની સ્થાપનાને પ્રોત્સાહન આપશે.

૮.૮ પ્રતિભાવ પ્રણાલી સક્રિય કરવી

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના આપત્તિ ચક્રના તમામ તબક્કાઓ એટલે કે શમન , સજ્જતા, પ્રતિભાવ અને પૂર્વવત્ત સ્થિતિ દરમિયાન કાર્યરત રહે છે. જો કે , આપત્તિ ચેતવણી મળ્યેથી અથવા આપત્તિની ઘટના પર આપત્તિ પ્રતિભાવ પ્રણાલી (પરિસ્થિતિના આધારે સક્રિય થયેલ તમામ સહાયક કાર્યો સાથે આંશિક અથવા સંપૂર્ણ રીતે) સક્રિય કરી શકે છે. સંબંધિત નિરીક્ષણ સત્તાવાળાઓએ (રાષ્ટ્રીય અને રાજ્ય બંને) આપત્તિની ઘટના ની જાણ સૌથી ઝડપી માધ્યમથી દ્વારા રાષ્ટ્રીય કારોબારી સમિતિ ને કરવી. રાષ્ટ્રીય કારોબારી સમિતિ આપત્તિની (ગંભીરતા, તાકીદ અને ઘટનાની તીવ્રતા) માત્રાની પરિસ્થિતિની માંગને અનુરૂપ કટોકટી મદદની કામગીરીને સક્રિય કરશે.

આપત્તિના કિસ્સામાં રાષ્ટ્રીય પ્રતિભાવ માટે સક્રિયકરણ ક્રમ નીચે મુજબ છે:

૧. આપત્તિની સ્થિતિમાં સંબંધિત રાજ્ય સરકાર સીધી જવાબદારી ઉપાડશે.

૨. કેન્દ્રશાસિત પ્રદેશોના કિસ્સામાં ગૃહ મંત્રાલય સીધી જવાબદારી ઉપાડશે.

૩. જ્યારે સંબંધિત રાજ્ય સરકાર રાહત સામગ્રીની આંતર -રાજ્ય ફેરવણી, પરિવહન , હવાઇ શોધખોળ, બચાવ અને રાહત કામગીરી સહિત કેન્દ્રીય સહાય , નાણાકીય, પરિવહન અથવા સંસાધનો માટે ચોક્કસ વિનંતી કરે ત્યારે કેન્દ્રીય સંસ્થાઓનો પ્રતિભાવ કાર્યરત થશે.

૪. કેન્દ્રીય સંસ્થાઓની ભારત સરકારના પ્રાથમિક અધિકારક્ષેત્રના કિસ્સામાં આંતરરાષ્ટ્રીય સહાયતા સંગઠન, ઊંચા સમુદ્ર પર પ્રતિભાવ , અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સહાયથી આપત્તિઓની અસર મૂલ્યાંકન, અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી નાણાકીય સહાય સીધી સામેલગીરી લાગુ પડશે.

૮.૯ આપત્તકાલીન કામગીરી અને જવાબદારીઓ: કેન્દ્ર અને રાજ્ય

આપત્તિ પછીના પ્રતિભાવમાં આપત્તિ-વિશિષ્ટ પાસાઓ હોવા છતાં , આપત્તકાલીન કામગીરી તમામ આપત્તિઓ માટે વ્યાપકપણે સામાન્ય છે અને ચોક્કસ મંત્રાલયો, વિભાગો અથવા સંસ્થાઓ તે આપત્તકાલીન પ્રતિભાવ આપી શકે છે. આ ઉપરાંત, ઘણી વખત, અનેક જોખમો અને ગૌણ આપત્તિઓ મોટી આપત્તિ ને નોતરે છે. તેથી, પ્રતિભાવ આંતરિક રીતે બહુ-જોખમી અભિગમને નોતરે છે. તેથી, તમામ પ્રતિભાવ પ્રવૃત્તિઓનો સારાંશ તમામ પ્રકારની આપત્તિઓને લાગુ પડતી એક જવાબદારીના માળખામાં કરવામાં આવ્યો છે. પ્રતિભાવ જવાબદારી માળખું પ્રતિભાવનો મુખ્ય વિષય નક્કી કરે છે . તે પ્રતિભાવના મુખ્ય વિષય માટે જવાબદાર કેન્દ્ર અને રાજ્ય સરકારની સંસ્થાઓ નક્કી કરે છે. પ્રતિભાવ માટે જવાબદાર તમામ સંસ્થાઓએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની ઘટના પ્રતિભાવ પ્રણાલી માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ, જે યોગ્ય જવાબદારી અને જવાબદારીઓના વિભાજનને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. જુદા જુદા

મંત્રાલયો અને વિભાગોએ પ્રતિભાવ અસર વિશેષ આપત્તકાલીન સહાય પૂરી પાડવી જોઈએ. કેન્દ્ર સરકારની કેટલીક સંસ્થાઓ મુખ્ય ભૂમિકા ભજવશે, જ્યારે અન્ય સહાયક ભૂમિકામાં હશે.

રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગ એટલે કે આપત્તિ વ્યવસ્થાપન મધ્યસ્થ વિભાગ અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ પ્રતિભાવના સંકલન માટે રાજ્ય સ્તરે મુખ્ય સંસ્થાઓ છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ જિલ્લા સ્તરે પ્રતિભાવના સંકલન માટે અગ્રણી સંસ્થા છે. વિવિધ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો, સંસ્થાઓ અને રાજ્ય સરકારોએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની માર્ગદર્શિકાઓ અનુસાર અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાની સુસંગતતા અનુસાર પોતાની સંકટ ચોક્કસ પ્રતિભાવ યોજનાઓ તૈયાર કરવી જોઈએ. તેઓએ હંમેશા પ્રતિભાવ માટે સજ્જતા સુનિશ્ચિત કરવી જોઈએ અને નિયમિત બનાવટી નિદર્શનો કરવા જોઈએ અને સમયાંતરે તત્પરતાના પરીક્ષણો કરવા જોઈએ , અને મંત્રાલયો/ વિભાગોએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને સ્થિતિની જાણ કરવી જોઈએ. આપત્તિ પ્રતિભાવ માટે જવાબદાર સંસ્થાઓએ બહુવિધ જોખમોને ધ્યાનમાં લેતા હોય અને ઓછામાં ઓછા ખરાબ થી લઇને વધુ ખરાબ કેસો સુધીના વિવિધ પરિદ્રશ્યોની કલ્પના કરી ને તેમના વ્યક્તિગત પરિદ્રશ્ય-આધારિત યોજનાઓ અને માન્ય સંચાલન યોજના તૈયાર કરવી જોઈએ. પરિદ્રશ્ય-આધારિત આયોજન પ્રવૃત્તિ તમામ સ્તરે પ્રતિભાવ સંસ્થાઓની તૈયારીનો ભાગ હોવો જોઈએ. આપત્તિ પ્રતિભાવના મુખ્ય કાર્યો જવાબદારીના માળખામાં આપવામાં આવ્યા છે અને સરળ સંદર્ભ માટે મૂળાક્ષરો મુજબ યાદી આપી છે:

૧. સંદેશાવ્યવહાર
૨. સાંસ્કૃતિક વિરાસત સ્થળો, તેમના પરિસર અને સંગ્રહાલયો - સંરક્ષણ અને જાળવણી
૩. માહિતી મળવવી અને વ્યવસ્થાપન
૪. પ્રાણીઓના મૃતદેહોનો નિકાલ
૫. પીવાનું પાણી/ પાણી ખેંચવાના પંપ/ સ્વચ્છતા સુવિધાઓ
૬. પ્રારંભિક ચેતવણી, નકશા, ઉપગ્રહ માહિતી, માહિતી પ્રસાર
૭. લોકો અને પ્રાણીઓનું સ્થળાંતર
૮. અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુધન માટે ઘાસચારો
૯. ખોરાક અને આવશ્યક પુરવઠો
૧૦. બળતણ
૧૧. આવાસ અને કામચલાઉ આશ્રયસ્થાનો
૧૨. માનવ મૃતદેહોની વ્યવસ્થા
૧૩. માધ્યમોનો સંપર્ક
૧૪. તબીબી સંભાળ

૧૫. વીજળી

૧૬. જાહેર આરોગ્ય

૧૭. પશુધન અને અન્ય પ્રાણીઓનું પુનર્વસન અને સલામતીની ખાતરી, પશુ ચિકિત્સા

૧૮. રાહત કામગીરી

૧૯. રાહત સામગ્રી પરિવહન અને પુરવઠો વ્યવસ્થાપન

૨૦. લોકો અને પ્રાણીઓની શોધ અને બચાવ

૨૧. પરિવહન

૮.૧૦ સજ્જતા અને પ્રતિભાવ માટે જવાબદારી માળખું

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
૧	સંદેશાવ્યવહાર	અગ્રણી સંસ્થાઓ: MCOM, DOT સહાયક સંસ્થાઓ: MOR, MOCI, MOD, ટેલીકોમ સેવા પ્રદાતા	• નિયમિત સમયાંતરે સચોટ માહિતી મેળવવા માટે તમામ પૂર્વ ચેતવણી સંસ્થાઓ (જેવી કે IMD, CWC, વગેરે) અને નિયંત્રણ કક્ષ (કેન્દ્ર/ રાજ્ય) ખોટકા સામે સલામત સંદેશાવ્યવહાર માટેની વિગતવાર યોજનાઓ • આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં આપત્તકાલીન સંચારની પુનઃસ્થાપના • આપત્તિની ઘટના પછી સંચારને પુનઃસ્થાપિત કરવા માટે વિગતવાર તકનીકી યોજનાઓ સાથે આપત્તકાલીન પ્રતિભાવ ટીમો હાજર રાખવી • આપત્તિ સંચાર માટે સમર્પિત રેડિયો આવર્તન પૂરું પાડવું • V-SAT ટર્મિનલ, VHF રીપીટર્સ, અનામત WT VHF સેટ, ફરતો મોબાઇલ ટાવર વગેરે સાથે મોબાઇલ સંદેશાવ્યવહાર એકમો લગાવવા. • કટોકટીના સમયે સંસાધનોની સરળ ઉપલબ્ધતા માટે -સરકારી અને પુરવઠો પૂરો પાડનારા ખાનગી સાથે આપત્તિ પૂર્વે કરાર સહિત આકસ્મિક યોજનાઓ • રાજ્ય સરકાર સાથે સંયુક્ત રીતે અસરગ્રસ્ત	અગ્રણી સંસ્થાઓ: IPRD સહાયક સંસ્થાઓ: State/UT, SDMA, RD, DMD$^{\$}$, SEOC, DDMA, સંબંધિત બધા વિભાગો	• તમામ પ્રારંભિક ચેતવણી સંસ્થાઓ સાથે સલામત સંચાર યોજના તૈયાર કરવી • રાજ્ય કક્ષાની ઘટના પ્રતિભાવ ટીમનો પરિવહન વિભાગ પ્રતિભાવ માટે ક્ષેત્રીય કક્ષાના ઘટના પ્રતિભાવ ટીમને અસરકારક સંચાર સહાય પૂરી પાડવા માટે કેન્દ્રીય સંસ્થાઓ સાથે સંકલન કરવું • લેન્ડલાઇન પર સહયોગ તરીકે રાજ્ય અને જિલ્લા આપત્તકાલીન સંચાલન કેન્દ્રને સેટેલાઇટ ફોન/ VHF/ HF થી સજ્જ કરવું • નિયમિત પરીક્ષણ દ્વારા તમામ સંચાર સાધનો, ખાસ કરીને સેટેલાઇટ ફોન તમામ દિવસોમાં ચોવી કલાક સારી સ્થિતિમાં રાખવા • ટેલિફોન અને HAM સહિતના સંદેશાવ્યવહાર માટેની યોજનાઓ

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			વિસ્તારોમાં કામચલાઉ સંચાર સુવિધાઓ સ્થાપવા માટેની સંચાલકીય યોજના • અસરગ્રસ્ત વિસ્તારો અને સંસાધન એકત્રીકરણ વિશે વિશ્વસનીય અને અધિકૃત માહિતીની આપલે માટે કેન્દ્ર, રાજ્ય અને અન્ય નિયંત્રણ કક્ષ વચ્ચે સુરક્ષિત, સલામત સંચાર નેટવર્ક • જ્યારે અન્ય તમામ સંદેશાવ્યવહાર પદ્ધતિઓ નિષ્ફળ જાય, ત્યારે જેમનો સંપર્ક કરી શકાય અને કટોકટીના સ્થળે ગોઠવી કરી શકાય એવા HAM ઓપરેટરોની રાજ્યવાર યાદી તૈયાર કરવી, અદ્યતન કરવી અને સાચવી રાખવી. • મોબાઇલ સેવા આપનારા આંતર-સંચાલનક્ષમતા (જરૂરિયાત મુજબ અને અધિકૃત તરીકે વિવિધ આવર્તન બેન્ડનો ઉપયોગ કરીને અધિકારક્ષેત્રો , શાખાઓ અને સરકારના સ્તરો વચ્ચે વાતચીત કરવાની કટોકટી પ્રતિભાવ આપવાની ક્ષમતા)		ક્ષેત્રીય કક્ષાના ઘટના પ્રતિભાવ ટીમ સાથે સરળ સંકલન માટે તૈયાર રાખવા • કેન્દ્રીય સંસ્થાઓ અને વિવિધ સેવા પ્રદાતાઓ સાથે સંકલન માટે આચરસંહિતા અને જવાબદારીઓ નિર્ધારિત કરવી જેમનો સંપર્ક કરી કટોકટીના સ્થળે ગોઠવી શકાય એવા HAM ઓપરેટરોની જિલ્લાવાર યાદી તૈયાર કરવી, અદ્યતન કરવી અને સાચવી રાખવી. • ક્ષતિગ્રસ્ત સુવિધાઓને પુનઃસ્થાપિત કરવા અને કટોકટીના ધોરણે કામચલાઉ સુવિધાઓ સ્થાપિત કરવા માટે ટેલિકોમ સેવા પ્રદાતાઓ સાથે બંધનકર્તા કરાર કરવા • વિવિધ ટેલિકોમ સેવા પ્રદાતા વચ્ચે આંતર-કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવી

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
૨	સાંસ્કૃતિક ધરોહર સ્થળો , તેમનો પરિસર[58] અને સંગ્રહાલયો[59] - સંરક્ષણ અને જાળવણી	અગ્રણી સંસ્થાઓ: MOCU સહાયક સંસ્થાઓ: MHUA, MTOU, MOLJ	• સ્થળાંતર, તાત્કાલિક પ્રતિભાવ આચારસંહિતા અને કાર્યવાહી વગેરે સહિત કટોકટીના પ્રતિભાવ માટે સર્વગ્રાહી યોજના તૈયાર કરવાની સુવિધા • વિશિષ્ટ સહાયને એકત્રિત કરવી • નુકસાનની યાદી અને દસ્તાવેજીકરણમાં સહાય કરો	અગ્રણી સંસ્થાઓ: ARHD સહાયક સંસ્થાઓ: SDMA, DMD$, DDMA, SEOC, SDRF, F&ES, ULBs, PRIs, CUD, TOD, SPWD	• સંગ્રહાલયો / સાંસ્કૃતિક ધરોહર સ્થળો અને પરિસર સાથે જોડાયેલા લોકોની સલામતી. • સાઇટ/પરિસર દ્વારા પ્રસ્તુત ચોક્કસ પડકારોને ધ્યાનમાં લઇને સ્થળાંતર, તાત્કાલિક પ્રતિભાવ આચારસંહિતા અને કાર્યવાહી વગેરે સહિતની વ્યાપક યોજના • વ્યવસ્થાપકો, વહીવટકર્તાઓ અને સ્થળો અથવા પરિસર તેમજ સ્થાનિક હિસ્સેદારોના પ્રતિનિધિઓનો સમાવેશ કરી કટોકટી ટીમ બનાવવી • કામચલાઉ આશ્રય વિસ્તારો તરીકે કામ આપે એવા સ્થળાંતર માર્ગો , જગ્યાઓ અને આ માર્ગો ની ઓળખ અને જગ્યાઓને સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવા માટે દિશાસૂચક, નકશા, મુદ્રિત સાહિત્ય, વગેરેનું વ્યાપક વિતરણ

[58] સાંસ્કૃતિક ધરોહર સ્થાળો , અને આસપાસનો વિસ્તાર માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માર્ગદર્શિકાઓ

[59] સંગ્રહાલયો માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માર્ગદર્શિકાઓ

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					કરવું • વિવિધ પ્રકારનો કટોકટી પુરવઠો અને સાધનોની ઓળખ અને મેળવવાની સરળતા માટે તેમનો સંગ્રહ કરવો જોઈએ
3	માહિતી મેળવવી અને વ્યવસ્થાપન	અગ્રણી સંસ્થાઓ: MHA, NDMA સહાયક સંસ્થાઓ: NIDM, MOIB, MCOM, MOST, MOES, MOJS, MOEFCC, સંકટ-વિશિષ્ટ જવાબદારીઓ સાથે મંત્રાલયો/ વિભાગો	• રાજ્ય સરકારો અને કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગો બંને દ્વારા બચાવ , પ્રતિભાવ અને રાહત તબક્કાઓ માટે જરૂરી તમામ આવશ્યક સેવાઓનો યોગ્ય રેકોર્ડ જાળવવો • આપત્તિ પ્રતિભાવ વિશે કેન્દ્ર અને રાજ્ય સરકારોની માહિતીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મજબૂત જાણકારી તંત્રની સ્થાપના કરવી	અગ્રણી સંસ્થાઓ: DMD$ સહાયક સંસ્થાઓ: State/UT, RD, SEOC, SDMA, DDMA, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો , અન્ય તમામ સંબંધિત વિભાગો.	• SDMA ના પ્રતિનિધિ રાજ્ય કક્ષાએ આયોજન વિભાગ સાથે ઘટના કાર્યયોજના બનાવવા અને માહિતીના પ્રસાર માટે કામ કરવું • જિલ્લા સ્તરે એકની રચના (DEOC ના ભાગ રૂપે આવકાર્ય) અને તમામ આવશ્યક સેવાઓ (IRS માર્ગદર્શિકામાં આપેલા નમૂના મુજબ) ની અસરકારક જાણકારી અને સંકલન માટે પ્રતિભાવ તબક્કા દરમિયાન મદદ કરે એવા માહિતી મેળવવા/ અદ્યતન કરવા માટે સમર્પિત સંસાધનો મૂકવા

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
૪	પશુઓના મૃતદેહોનો નિકાલ	અગ્રણી સંસ્થાઓ: MAFW, MAHDF સહાયક સંસ્થાઓ: MHA, MHFW	• રાષ્ટ્રીય માર્ગદર્શિકા અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને અનુસરવામાં જરૂર પડ્યે સ્પષ્ટતા પૂરી પાડવી • ફોરેન્સિક, આનુવંશિક અભ્યાસ વગેરે જેવા પુરાવા નોંધવા અને મૃતકોની માહિતીને સંકલિત કરવા માટે સંબંધિત વિવિધ રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ અને સંસ્થાઓ પાસેથી સહાયની સુવિધા આપવી. • જો જરૂરી જણાય તો, રાજ્ય વહીવટીતંત્રની ક્ષમતાઓ બહારના કોઈપણ જાહેર આરોગ્ય પડકારોનો સામનો કરવા માટે રાજ્ય સરકારને સહાય કરવી	અગ્રણી સંસ્થાઓ: AHD સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA, AGD, પોલીસ, બીજા તમામ સંબંધિત વિભાગો	• SDP અને DDMP માં SOP ને રાષ્ટ્રીય માર્ગદર્શિકા [60] મુજબ અપનાવવી અને તેનો યોગ્ય રીતે અમલ કરવો • રાષ્ટ્રીય માર્ગદર્શિકા મુજબ IRS માં પશુઓના મૃતદેહો વ્યવસ્થાપન જૂથને સક્રિય કરવું • રાજ્ય તેમજ જાહેર જનતા બંને માટે અન્ય કોઈ આરોગ્ય સંકટ ન સર્જાય તે માટે અગાઉથી નક્કી કરેલા સ્થળોએ મૃતદેહો શબને દૂર કરવા/ નિકાલ કરવા માટે કર્મચારીઓને સજ્જ અને તાલીમ આપવાનું સુનિશ્ચિત કરવું. • મૃતદેહના નિકાલ કરવામાં રોકેલા કર્મચારીઓ ચેપગ્રસ્ત ન થાય તે માટે તેઓને ભલામણ કરેલ સલામત કીટ અને અંગત સુરક્ષાનો ઉપયોગ કરવો

[60] રાષ્ટ્રીય માર્ગદર્શિકાઓ - આપત્તિ પછી મૃતકોનું વ્યવસ્થાપન, ૨૦૧૦

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					• ધોરણો અનુસાર નાણાકીય રાહત વિતરણના પગલાં લેવા.
૫	પીવાનું પાણી/ પાણી ખેંચવાના પંપ/ સ્વચ્છતા સુવિધાઓ	અગ્રણી સંસ્થાઓ: MDWS, MFPI સહાયક સંસ્થાઓ: MOJS, MORD, MHFW, MCAFPD	• આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ મુજબ રાહતના ન્યૂનતમ ધોરણો સાથે કડક પાલનને પ્રોત્સાહન આપવું • આપત્તિગ્રસ્ત વિસ્તારોને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવા અને પાણીજન્ય રોગોના ફેલાવાને રોકવા સંબંધિત રાજ્ય સરકારને સહાય કરવી. • આપત્તિ પછી રોગચાળા ના અચાનક ફેલાવાને રોકવા અને ઘટાડવા , પાણી અને ખોરાકના દૂષણ તેમજ અન્ય જાહેર આરોગ્ય સંબંધિત સમસ્યાઓના માટે જાહેર આરોગ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અસરગ્રસ્ત રાજ્યને સહાય કરવી. • સંકલિત વીજળી સ્રોતની પ્રણાલીવાળા RO ગોઠવેલા અને થેલા સુવિધાવાળી સ્થિતિમાં વાહન ઉત્પાદકોએ આદેશ આપ્યાના સામાન્ય રીતે ૬ કલાકની અંદર વાહનોની વ્યવસ્થા કરવી. • માંગણી મળ્યેથી રાજ્ય સરકારને ક્લોરિનની ગોળીઓની સરળ ઉપલબ્ધતા કરવી • સામાન્ય રીતે વિનંતીના ૧૨ કલાકમાં ઉપલબ્ધ	અગ્રણી સંસ્થાઓ: WSD સહાયક સંસ્થાઓ: રાજ્યો/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA, HFWD, **CDEF,** અન્ય સંબંધિત બધા વિભાગો	• આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ મુજબ રાહતના ન્યૂનતમ ધોરણો સાથે કડક પાલનને પ્રોત્સાહન આપવું • આપત્તિગ્રસ્ત વિસ્તારોને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડ વું અને પાણીજન્ય રોગોના ફેલાવાને રોકવો • પીવાલાયક પાણીની અછત હોય ત્યારે કટોકટીના પાણી પુરવઠો પૂરો પાડવો • આપત્તિ પછી રોગચાળા ના અચાનક ફેલાવાને રોકવા અને ઘટાડવા, પાણી અને ખોરાકના દૂષણ તેમજ અન્ય જાહેર આરોગ્ય સંબંધિત સમસ્યાઓના માટે જાહેર આરોગ્યની જરૂરિયાતોનો પ્રતિભાવ આપવો. • જળ સંસાધન અને પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ રાજ્ય કક્ષાના

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			કરાવવા માટેની શરતો સાથે હેવી ડ્યુટી પાણી ખેંચવાના પંપ ગોઠવેલા વાહન આપવા માટે કંપનીઓ સાથે વ્યવસ્થા કરવી. • આપત્તિ પૂર્વ કરારો/ માલ પૂરો પાડનારા સાથેના કરારો દ્વારા આરોગ્યપ્રદ ફરતા શૌચાલયોની ઝડપી ઉપલબ્ધતાને સરળ બનાવવી • માલ પૂરો પાડનારા સાથે પૂર્વ કરાર દ્વારા પેકેજ્ડ પીવાના પાણીની ઝડપી ઉપલબ્ધતાની સરળતા કરવી. • રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની વિનંતી મુજબ , જ્યારે પીવાલાયક પાણીની અછત હોય ત્યારે કટોકટીના પાણી પુરવઠાના આયોજનમાં સહાય કરવી		IRT ના લોજિસ્ટિક વિભાગ ક્ષેત્રિય સ્તરની IRT ને અસરકારક સેવાઓ મળી શકે તે માટે કામ કરવું. • પીવાના પાણીને ટેન્કર દ્વારા પહોંચાડવા માટે જરૂરી વ્યવસ્થા કરવી • ક્લોરિનની ગોળીઓ પહોંચાડવા માટે જરૂરી વ્યવસ્થા કરવી • સંકલિત વીજળી સ્રોતની પ્રણાલીવાળા RO ગોઠવેલા અને થેલા સુવિધા વાળી સ્થિતિમાં વાહન ઉત્પાદકોએ આદેશ આપ્યાના સામાન્ય રીતે ૬ કલાકની અંદર વાહનોની વ્યવસ્થા કરવી. • સામાન્ય રીતે વિનંતીના ૧૨ કલાકમાં ઉપલબ્ધ કરાવવા માટેની શરતો સાથે હેવી ડ્યુટી પાણી ખેંચવાના પંપ ગોઠવેલા વાહન આપવા માટે કંપનીઓ સાથે વ્યવસ્થા કરવી. • આપત્તિ પૂર્વ કરારો/ માલ પૂરો

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					પાડનારા સાથેના કરારો દ્વારા આરોગ્યપ્રદ ફરતા શૌચાલયોની ઝડપી ઉપલબ્ધતાને સરળ બનાવવી
૬	પ્રારંભિક ચેતવણી, નકશા, ઉપગ્રહ ડેટા , માહિતી પ્રસાર	અગ્રણી સંસ્થાઓ: ભારત સરકારે સૂચિત વિવિધ આપત્તિઓ માટે કોષ્ટક ૮-૧ જુઓ સહાયક સંસ્થાઓ: સંબંધિત NDMA માર્ગદર્શિકામાં વર્ણવ્યા મુજબ મંત્રાલયો અને એજન્સીઓ	• આગાહી, ચેતવણીઓ, સતર્કતા જાહેર કરવી • માનવ અને સંપત્તિના નુકશાનને ઘટાડવા માટે વહેલી ચેતવણીઓ (શક્ય હોય ત્યાં) આપવી • તમામ કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગો/ સંસ્થાઓ અને રાજ્ય સરકારને ચેતવણીઓ અને માહિતીનો પ્રસાર કરવો • જોખમ મૂલ્યાંકન અને આગાહી માટે ઉપગ્રહ છબીઓ અને અન્ય વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવો	અગ્રણી સંસ્થાઓ: DMD$ સહાયક સંસ્થાઓ : State/UT, SDMA, RD, SEOC, DDMA, તમામ સંબંધિત વિભાગો	• જીવન અને સંપત્તિનું નુકસાન ઘટાડી શકાય t[df8[જિલ્લા વહીવટીતંત્ર , સ્થાનિક સત્તાવાળાઓ અને મોટા ભાગના લોકોને આપત્તિથી અસરગ્રસ્ત થવાની સંભાવના ધરાવનારાને વહેલા ચેતવણી સંકેતોને પ્રસારિત કરવા • છેવાડાના વિસ્તાર સુધી ચેતવણીઓ અને માહિતીનો પ્રસાર કરવો • મળેલી માહિતીના યોગ્ય સંકલન/ વિશ્લેષણની ખાતરી કરવી જોખમ મૂલ્યાંકન અને આગાહી માટે ઉપગ્રહ છબીઓ અને અન્ય વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવો

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
૭	લોકો અને પ્રાણીઓનું સ્થળાંતર	અગ્રણી સંસ્થાઓ: MHA સહાયક સંસ્થાઓ: MOD, CAPF, MRTH, MOR, MOCI, મંત્રાલયો/ વિભાગો સંકટ-વિશિષ્ટ જવાબદારીઓ સાથે, NDRF,	રાજ્ય સરકારને તેની વિનંતી પર મોટી આપત્તિ સંભાવનાવાળા વિસ્તારોમાંથી લોકો અને પ્રાણીઓને બહાર કાઢવામાં ટેકો આપવો <u>વિશેષ પરિસ્થિતિ</u> • દૂરના વિસ્તારો અને ટાપુઓમાંથી મોટી સંખ્યામાં લોકોનું સ્થળાંતર કરવું (દા.ત. ચક્રવાતના કિસ્સામાં આંદામાન અને નિકોબાર ટાપુઓ , લક્ષદ્વીપ ટાપુઓ વગેરે) • ખરાબ હવામાન , ભૂસ્ખલન, અચાનક પૂર અને હિમપ્રપાતના કારણે દૂરના હિમાલયના વિસ્તારોમાં ફસાયેલા મુલાકાતીઓ/યાત્રાળુઓને બહાર કાઢવા • ચક્રવાતના કિસ્સામાં ઊંચા સમુદ્રમાંથી માછીમારોનું સ્થળાંતર	અગ્રણી સંસ્થાઓ: DMD$ સહાયક સંસ્થાઓ: State/UT, SDMA, SDRF, RD, SEOC, F&ES, DDMA, CDEF, તમામ સંબંધિત વિભાગો	• ખાલી કરાવવા લાયક લોકો અને પ્રાણીઓની સંખ્યા અને ખાલી કરાવવાની રીત જેવી ખાલી કરાવવાની જરૂરિયાતોનું ઝડપી મૂલ્યાંકન કરવું • વિકલાંગો ને ખાલી કરાવવા માટે ખાસ ધ્યાન • સ્થળાંતર માટે પરિવહન અને સંસાધનોને એકત્રિત કરવા • અસરગ્રસ્ત લોકો અને પ્રાણીઓના કામચલાઉ સ્થળાંતર માટે સ્થળો નક્કી કરવા અને તૈયાર કરવા • અસરગ્રસ્ત રાજ્ય સરકારને પૂરા પાડવામાં આવનાર હેલિકોપ્ટર , એરક્રાફ્ટ, હાઇ સ્પીડ બોટ અને જહાજો જેવા સ્થળાંતર માટે સંસાધનોની જરૂરિયાતોને ઓળખો. • જરૂરી જણાય તો કેન્દ્રીય સંસાધનો માટે વિનંતી કરવી • જરૂરી સંસાધનો મેળવવા માટે કેન્દ્રીય સંસ્થાઓ સાથે સંકલન કરવું

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
		CDEF			• પરિસ્થિતિ પર નજર રાખવી • ઝડપી ગોઠવણી માટે SDRF ના જરૂરી સંસાધનો/ એકમો/ બટાલિયન નક્કી કરવી • લોકો અને પ્રાણીઓના સ્થળાંતર માટે પુસ્તિકા/નિયમ સંગ્રહ અને એસઓપી તૈયાર કરવી • દરેક મોટી ઘટના પછી DMPs અને SOPs ની સમીક્ષા અને સુધારણા કરવી • સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને સ્થળાંતર યોજના તૈયાર કરવી અને સમયાંતરે તેને અદ્યતન કરવી • કૃત્રિમ/નકલી નિદર્શન હાથ ધરવું • વ્યવસ્થાપન યાદી તૈયાર કરવી • સ્થળાંતર કરવામાં મદદ કરી શકે તેવી સંસ્થાઓ/ સંગઠનની યાદી તૈયાર કરવી • વેબ આધારિત સંસાધન યાદી અને તેના નિયમિત અદ્યતનીકરણ

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
૮	અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુધન માટે ઘાસચારો	અગ્રણી સંસ્થાઓ: MAFW, MAHDF સહાયક સંસ્થાઓ: MRTH, MOR	• જ્યારે જરૂરી હોય ત્યારે , અનાવૃષ્ટિ અથવા અછતની સ્થિતિમાં તંગીને પહોંચી વળવા માટે ઘાસચારો અને પશુ આહાર એકત્રિત કરવો • ગોદામો અથવા દૂરના વિસ્તારોમાંથી અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારાના પરિવહનની સુવિધા આપવી • ઘાસચારો અને અન્ય સહાય આપવા માટે જાહેર સાહસો અને ખાનગી સંસ્થાઓની યાદી કરવી	અગ્રણી સંસ્થાઓ: AHD સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA, EFD, AGD, પશુ કલ્યાણ સંગઠનો	• અનાવૃષ્ટિ અથવા અછતની સ્થિતિમાં તંગીને પહોંચી વળવા માટે ઘાસચારો અને પશુ આહાર એકત્રિત કરવો • ગોદામો અથવા મેળવવાના કેન્દ્રોમાંથી અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારાના પરિવહનની સુવિધા કરવી • ઘાસચારા સંસાધન અને એકત્રીકરણ કેન્દ્રોનું આયોજન કરવું • ઘાસચારો અને પશુઓના આહાર માટે સંગ્રહ કેન્દ્રો ઊભા કરવા • ઘાસચારો અને અન્ય સહાય આપવા માટે જાહેર સાહસો અને ખાનગી સંસ્થાઓની યાદી કરવી
૯	આહાર અને આવશ્યક પુરવઠો	અગ્રણી સંસ્થાઓ: MCAFPD, MFPI સહાયક	<u>નીચેની સુવિધાઓ કરવી</u> • આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં પૂરતા અને યોગ્ય ખોરાક પુરવઠાની ઉપલબ્ધતા • અનાજ • ખાવા માટે તૈયાર/ રાંધેલ ખોરાક/ ભોજન	અગ્રણી સંસ્થાઓ: FCSD સહાયક સંસ્થાઓ: State/UT, SDMA,	• અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ પ્રતિભાવ માટે ક્ષેત્રીય સ્તરના IRT ને અસરકારક સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય કક્ષાના IRT ના પરિવહન વિભાગ સાથે કામ કરવું

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
		સંસ્થાઓ: MRTH, MOCI, MOR, MSJE, MHA, FCI	• વ્યૂહાત્મક સ્થાન પર આવશ્યક પુરવઠનું પરિવહન • આવશ્યક ભોજનની વસ્તુઓના ફેમિલી પેક જરૂરી માત્રામાં પૂરા પાડવા માટે વિક્રેતાઓ સાથે સમજૂતી કરાર કરવા • શિશુઓ/ નાના બાળકોની જરૂરિયાતો પૂરી કરવા માટે વસ્તુઓનો પુરવઠો • સ્તનપાન કરાવતી માતાઓ માટે પરામર્શ • આપત્તિ પ્રભાવિત વિસ્તારોની જરૂરિયાત મુજબ જરૂરી અનાજ આપવા માટે FCI સંગ્રહશક્તિ સુવિધાઓ વધારવી	RD, DMD$, SEOC, DDMA, CDEF, તમામ સંબંધિત વિભાગો	• અનાજ, ખાવા માટે તૈયાર/ રાંધેલ ખોરાક/ ભોજન, આવશ્યક ભોજનની વસ્તુઓના ફેમિલી પેક પૂરા પાડવા માટે વિક્રેતાઓ સાથે સમજૂતી કરાર કરવા • અસરગ્રસ્ત વિસ્તારોમાં સામુહિક રસોડા કરવા માટે સંસ્થાઓ, ટ્રસ્ટો અને પેઢીઓ સાથે કરાર/ સમજૂતી કરાર કરવા • જરૂરિયાતને પ્રમાણે, સંબંધિત કેન્દ્રીય મંત્રાલય સાથે સંકલન કરીને પુરવઠો સમયસર સ્થળે પહોંચે તેની ખાતરી કરવી • પુરવઠો મેળવવા, લેખિત નોંધ (હસ્ત લિખિત અથવા કોમ્પ્યુટરાઈઝ્ડ) જાળવવા અને જરૂરી સ્થળોએ વિતરણ કરવા માટે સ્થાનિક સ્તરે સમર્પિત ટીમને ગોઠવવી. • ખાતરી કરો કે અનાજના ગોદામોમાં પૂરતો જથ્થો અને તે પ્રમાણમાં જોખમ મુક્ત સ્થળોએ આવેલ

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					હોવાની ખાતરી કરવી • શિશુઓ/ નાના બાળકોની જરૂરિયાતો પૂરી કરવા માટે વસ્તુઓનો પુરવઠો • સ્તનપાન કરાવતી માતાઓ માટે પરામર્શ
૧૦	બળતણ	અગ્રણી સંસ્થાઓ: MPNG સહાયક સંસ્થાઓ: MOD, MOR, MRTH,MOCI	• સરકારને રાહત, બચાવ અને સામાન્ય જનતા માટે પૂરતા પ્રમાણમાં પેટ્રોલ, તેલ અને ડીઝલ પેટ્રોલ પંપ પર ઉપલબ્ધ અને કાર્યરત રાખવા • રાજ્ય સરકારના ધનિષ્ઠ સંકલનમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં સામાન્ય લોકો તેમજ કટોકટી પ્રતિભાવકર્તા/સાધનો માટે પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને એલપીજી ગેસનો પૂરતો પુરવઠો રાખવો • આવા વિસ્તારોમાં જટિલ પુરવઠા કડીને કારણે થતા વિલંબને ટાળવા માટે ડુંગરાળ વિસ્તારોમાં બળતણનું ઝડપી એકત્રીકરણ કરવું	અગ્રણી સંસ્થાઓ: FCSD સહાયક સંસ્થાઓ: State/UT, SDMA, RD, DMD$^{\$}$, SEOC, DDMA, અન્ય તમામ વિભાગો	• પ્રતિભાવ માટે ક્ષેત્રીય કક્ષાના IRT ને કાર્યક્ષમ સેવાઓ (સ્થળ પર રહેલા) આપવા માટે સંબંધિત વિભાગો/ સંસ્થાઓ સાથે રાજ્ય કક્ષાના IRT નો લોજિસ્ટિક વિભાગે સંકલન કરવું • કેન્દ્રિય મંત્રાલય સાથે બળતણની જરૂરિયાતનું મૂલ્યાંકન કર વું અને સ્પષ્ટ કરો અને સ્થાનિક વ્યવસ્થાઓ દ્વારા બળતણ લેવાનું સંકલન કરવું. • સંબંધિત વિભાગ દ્વારા સ્થાનિક પરિવહન માટે ટેન્કરો/ અન્ય વાહનોની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી. • સંબંધિત સંસ્થાઓ સાથે વ્યૂહાત્મક સ્થળોએ બળતણનો સંગ્રહ કરવા માટેની પદ્ધતિ ઊભી કરવી

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
૧૧	આવાસ અને કામચલાઉ આશ્રયસ્થાનો	અગ્રણી સંસ્થાઓ: MHUA, MORD સહાયક સંસ્થાઓ: MHA, MRTH, MOR, HUDCO, BMTPC, CBRI	• આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ મુજબ રાહતના લઘુતમ ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવું • આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કામચલાઉ , સલામત, આરોગ્યપ્રદ અને સુરક્ષિત રહેવાની જગ્યાઓ પૂરી પાડવાની કામગીરીમાં સંબંધિત રાજ્ય સરકારને સહાય કરવી. • અસરગ્રસ્ત વસ્તીને આશ્રયસ્થાનો/ તંબુ પૂરા પાડવા • રાહત શિબિરો સ્થાપ વી અને પ્રતિભાવ આપનારાઓની જરૂરિયાતો પૂરી કરવી • સામાન્ય રીતે ઓર્ડર આપ્યાના ૨૪ કલાકની અંદર તૈયાર બનાવેલા આશ્રયસ્થાનો અને તંબુ સ્થળે પહોંચાડવા માટે ઉત્પાદકો/ વિક્રેતા સાથે અગાઉ થી અને લાંબા ગાળાનું જોડાણ કરવું • અસ્થાયી આશ્રયસ્થાનો , તંબુઓ અને અન્ય બિન-ખાદ્ય સંસાધનોનો જથ્થો જાળવવા માટે સંબંધિત NDRF પ્રાદેશિક એકમ સાથે સારી રીતે સંકલિત	અગ્રણી સંસ્થાઓ: UDD સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA, અન્ય તમામ વિભાગો.	• આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ મુજબ રાહતના લઘુતમ ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવું • રાજ્ય કક્ષાના IRT ના પરિવહન વિભાગને પ્રતિભાવ માટે ક્ષેત્રીય સ્તરના IRT ને કાર્યક્ષમ સેવાઓ આપવા માટે રેલવે સાથે સંકલન કરવું • IRS માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ રાહત શિબિર, આધાર, શિબિર વગેરે સુવિધાઓ ઊભી કરવા માટેના વૈકલ્પિક સ્થળો અગાઉથી નક્કી કરવાઅને સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવેશ કરવો • ગ્રામ્ય સ્તર સુધી તંબુ/ આશ્રયસ્થાનોએ પહોંચાડવા માટે આશ્રયસ્થાન વિક્રેતા નક્કી કરવા અને જરૂરિયાત મુજબ ટૂંકી સૂચના (સામાન્ય રીતે ૨૪ કલાકથી ઓછા)

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			પ્રાદેશિક પરિવહન સુવિધાઓ (દેશના પાંચ મુખ્ય પ્રદેશોને આવરી લેતી) સ્થાપિત કરવી.		પર પહોંચાડવા માટે સમજૂતી કરાર કરવા • પ્રાદેશિક ગોદામો/ ભંડારો/ ERCs ભંડાર, ટેન્ટ , તાડપત્રી અને કામચલાઉ આશ્રય સામગ્રી • જરૂરિયાત મુજબ, તંબુઓ/ આશ્રયસ્થાનો સમયસર સ્થળ પર પહોંચ્યાની સંબંધિત કેન્દ્રીય મંત્રાલય સાથે સંકલન કરીને ખાતરી કરવી • તંબુ/ આશ્રય વસ્તુઓ મેળવવા માટે સ્થાનિક સ્તરે સમર્પિત ટીમને ગોઠવવી • તમામ ભૌતિક હિલચાલના નોંધ (હસ્ત લિખિત અથવા કોમ્પ્યુટરાઈઝ્ડ) અને જરૂરી સ્થળોએ વિતરણની વિગતો નિભાવવી
૧૨			• અનાવૃષ્ટિ સહિતની આપત્તિના કારણે તકલીફવાળા પ્રાણીઓ માટે પશુધન તંબુ/ આશ્રયસ્થાનો ઊભા	અગ્રણી સંસ્થાઓ:	• SDMP માં પ્રાણીઓના સ્થળાંતર , સલામતી અને પુનર્વસનની જોગવાઈઓ સામેલ કરવી • અનાવૃષ્ટિ સહિતની આપત્તિના

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
	પશુધન અને અન્ય પ્રાણીઓ: પશુ ચિકિત્સા , પુનર્વસન અને સલામતીની ખાતરી	અગ્રણી સંસ્થાઓ: MAFW, MAHDF સહાયક સંસ્થાઓ: MRTH, MOR	કરવા સમર્થન આપવું • તંબુ/ આશ્રયસ્થાનોમાં રહેલા પ્રાણીઓની સંભાળને ટેકો આપવો • રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશને પશુધન તંબુ/ આશ્રયસ્થાનો યોગ્ય સંચાલન અને ચલાવવામાં મદદ કરવી • પ્રાણીઓના યોગ્ય પુનર્વસનમાં સહાય કરવી • અનાવૃષ્ટિગ્રસ્ત સહિત દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારો ના પશુધનને પશુ ચિકિત્સા પૂરી પાડવા માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની જરૂરિયાતો પૂરી કરવી	AHD સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA, EFD, AGD, પ્રાણી કલ્યાણ સંગઠનો	કારણે તકલીફ વાળા પ્રાણીઓ માટે પશુધન તંબુ/ આશ્રયસ્થાનો ઊભા કરવા • તંબુ/ આશ્રયસ્થાનોમાં રહેલા પ્રાણીઓની યોગ્ય કાળજી લેવી • પશુધન તંબુ/ આશ્રયસ્થાનો યોગ્ય સંચાલન અને ચલાવવા ની ખાતરી કરવી • પ્રાણીઓનું યોગ્ય પુનર્વસન • અનાવૃષ્ટિગ્રસ્ત વિસ્તારો સહિત , દુર્ઘટનાગ્રસ્ત પશુધનને પશુ ચિકિત્સા પૂરી પાડવી
૧૩	મૃતદેહોનું વ્યવસ્થાપન	અગ્રણી સંસ્થાઓ: MHA, NDMA, NDRF	• રાજ્ય સરકાર દ્વારા આપત્તિના પ્રકાર અને સામનો કરવામાં આવતા પડકારોના આધારે માર્ગદર્શન અને સહાય આપવી • સંબંધિત NDMA માર્ગદર્શિકા[61] અને IRC જેવા આંતરરાષ્ટ્રીય ધારાધોરણોમાં સૂચવ્યા મુજબ	અગ્રણી સંસ્થાઓ: SDRF સહાયક સંસ્થાઓ :	• NDMA માર્ગદર્શિકા[62] મુજબ SDMP અને DDMP માં SOP અપનાવા અને તેનો યોગ્ય રીતે અમલ કરવો • રાષ્ટ્રીય માર્ગદર્શિકા મુજબ રાજ્ય અને જિલ્લા સ્તરે IRS માં મૃતદેહો

[61] NDMA માર્ગદર્શિકાઓ - આપત્તિ પછી મૃતકોનું વ્યવસ્થાપન, ૨૦૧૦

[62] NDMA માર્ગદર્શિકાઓ , પૂર્વોક્ત

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
		સહાયક સંસ્થાઓ: MOD, CAPF, MHFW, MHA, MRTH, MOR, જોખમો-વિશિષ્ટ જવાબદારીઓવાળા સાથે મંત્રાલયો/ વિભાગો,CDEF	ભલામણ કરેલ આંતરરાષ્ટ્રીય પ્રથાઓનું પાલન કરવાની જરૂર હોય ત્યારે સ્પષ્ટતા કરવી • ફોરેન્સિક, DNA અભ્યાસ, વગેરે જેવા પુરાવા નોંધવા અને મૃતકોની માહિતી સંકલન કરવા સંબંધિત વિવિધ રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ અને સંસ્થાઓ તરફથી સહાયની સુવિધા આપવી. • જો જરૂરી હોય તો , રાજ્ય વહીવટીતંત્રની ક્ષમતાઓ બહારના કોઈપણ જાહેર આરોગ્ય પડકારોનો સામનો કરવા માટે રાજ્ય સરકારને સહાય કરવી	રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, F&ES, DDMA, CDEF, અન્ય તમામ વિભાગો	વ્યવસ્થાપન જૂથ ઊભા કરવા • ઘટના બાદ શક્ય તેટલી વહેલી તકે બચી ગયેલા અને મૃતકોની શોધખોળ અને સારવાર માટે પ્રશિક્ષિત ટુકડીઓ ગોઠવવી • સારવાર ટીમ મૂળભૂત અંગત રક્ષણાત્મક કીટનો ઉપયોગ કરશે અને પૂરતી સાવચેતીઓનું પાલન કરશે • મૃતકોની ઓળખ , પુરાવા નોંધવા, પરિવહન અને દફન (એટલે કે , ધોરણો અનુસાર નિકાલ) કરવા માટે આચારસંહિતાનું પાલન કરવું • તમામ શક્ય રીતે મૃતકોનું ગૌરવ જાળવવા માટે આચારસંહિતાનું પાલન કરવું • જો જરૂરી હોય તો , જ્યાં શક્ય હોય ત્યાં પૂરતી સુવિધાઓ સાથે કામચલાઉ શબઘર ઊભા કરવા

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					• ખાસ કિસ્સાઓમાં, બચી ગયેલા અને કટોકટી કર્મચારીઓની સલામતીને ધ્યાનમાં રાખીને ચોક્કસ પ્રકારની આપત્તિમાં પીડિતો માટે યોગ્ય વ્યવસ્થા અને સંબંધિત આચારસંહિતાનું પાલન કરવું. • મૃતકોના વ્યવસ્થાપન માટેની પ્રક્રિયાને વ્યાપક પ્રસિદ્ધિ આપીને પ્રભાવિત સમુદાયને જાણ કરવી • અનુગ્રહ સહાય છૂટી કરવા માટે તાત્કાલિક પગલાં લેવા • ધાર્મિક અને સાંસ્કૃતિક સંવેદનશીલતાના આદર સાથે મૃતકોનું શક્ય તેટલા નૈતિક સંચાલન કરવાની ખાતરી કરવી • મનો-સામાજિક આધાર [63] પર રાષ્ટ્રીય માર્ગદર્શિકા અનુસાર

[63] રાષ્ટ્રીય માર્ગદર્શિકાઓ – આપત્તિઓમાં મનો-સામાજિક સહયોગ અને માનસિક આરોગ્ય સેવાઓ, ૨૦૦૯

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					મનોવૈજ્ઞાનિક અસરો સાથે વર્તન કરવું • રાષ્ટ્રીય માર્ગદર્શિકામાં આપ્યા મુજબ મૃતકોની યાદી નોંધવી , મૃતદેહની ઓળખ અને તમામ સંબંધિત માહિતી જેવા યોગ્ય દસ્તાવેજોની ખાતરી કરવી
૧૪	માધ્યમો સાથે સંબંધો	અગ્રણી સંસ્થાઓ: MOIB, MHA, NDMA સહાયક સંસ્થાઓ: MCOM, MOST, MOES,	• પ્રતિભાવ અને રાહત કામગીરીને સરળ બનાવવા માટે તમામ હિસ્સેદારોને વાસ્તવિક અથવા સંભવિત આપત્તિ પરિસ્થિતિ વિશે માહિતી મેળવવી, પ્રક્રિયા કરવી અને ફેલાવો કરવો ; આપત્તિ અને આપત્તિ પીડિતો વિશે માહિતી અદ્યતન કરવી; સમૂહ માધ્યમો સાથે સંપર્કો જાળવવા ; આપત્તિની અસર અને અસરગ્રસ્ત લોકોના કલ્યાણ માટે લેવામાં આવેલા પગલાઓ વિશે લોકોને જાણ કરવી • પ્રભાવિત સમુદાયો અને વ્યક્તિઓની ગૌરવ અને ગોપનીયતાનો આદર કરતા સ્વીકૃત વૈશ્વિક ધોરણો મુજબ માધ્યમોએ આપત્તિ કવરેજ માટે નૈતિક	અગ્રણી સંસ્થાઓ: IPRD સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA	• કાર્યક્ષમ સેવાઓ આપવા માટે માહિતી અને જનસંપર્ક વિભાગ રાજ્ય કક્ષાના IRT ના માહિતી અને મીડિયા અધિકારી તરીકે નિયમન અધિકારી સાથે કામ કરશે • આપત્તિના કવરેજ માટે નૈતિક માર્ગદર્શિકા તૈયાર કરવી અને તમામ માધ્યમ સંસ્થાઓ સાથે આપ-લે

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
		MOJS, MOEFCC, જોખમો-વિશિષ્ટ જવાબદારીઓ સાથે મંત્રાલયો/ વિભાગો	માર્ગદર્શિકા અને સંબંધિત નિયમનકારી સંસ્થાઓ દ્વારા સ્વ-નિયમન તેમજ દેખરેખ દ્વારા માર્ગદર્શિકા અપનાવવા મીડિયા સાથે કામ કરવું • આપત્તિઓ પહેલા , તે દરમિયાન અને પછી (જો લાગુ પડે તો) માધ્યમો અને જાહેર જનતાને શું કરવું અને શું ન કરવું વગેરે ચેતવણીઓ , પ્રસારિત કરવાની પદ્ધતિઓ • જાણકારી આપવા માટે યોગ્ય સમયપત્રક (આપત્તિની તીવ્રતાના આધારે દરરોજ એક વખત/ બે વાર/ ત્રણ વખત) અને સરકાર વતી માધ્યમો સાથે વાતચીત કરવા માટે મધ્યસ્થ અધિકારી નિયુક્ત કરવા.		કરવી • આપત્તિઓ પહેલા , તે દરમિયાન અને પછી (જો લાગુ પડે તો) માધ્યમો અને જાહેર જનતાને શું કરવું અને શું ન કરવું વગેરે ચેતવણીઓ, પ્રસારિત કરવાની યોજનાઓ તૈયાર કરવી
૧૫			• તબીબી કટોકટી જરૂરિયાતોનું મૂલ્યાંકન કર વું (જો કેન્દ્રીય સહાયની જરૂર હોય તો) • અસરગ્રસ્ત રાજ્યને તેની આપત્તિ પછીની કટોકટીની તબીબી સંભાળ માટે વિનંતીના પ્રતિભાવમાં તબીબી સહાય • આપત્તિ વિસ્તારમાં લશ્કરી એકમોની જે વી આપત્તિ-		• પરિસ્થિતિ અનુસાર કેન્દ્રીય સંસ્થાઓના સંકલનમાં તબીબી કટોકટીની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવું • પ્રતિભાવ માટે ક્ષેત્રીય કક્ષાના IRT ને કાર્યક્ષમ સેવાઓ (તબીબી એકમ)

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
	તબીબી સંભાળ	અગ્રણી સંસ્થાઓ: MHFW સહાયક સંસ્થાઓ: MOD, CAPF, MOR	અસરગ્રસ્તો માટે આઘાત-સંભાળ ધરા વતી અને ભાંગી પડેલી સ્થાનિક સામાન્ય તબીબી અને સર્જિકલ સુવિધાઓના કામચલાઉ વિકલ્પ તરીકે કામ આપે એવી ફરતી હોસ્પિટલો • વૈશ્વિક ધોરણોને અનુરૂપ ક્ષેત્રીય હોસ્પિટલમાં ક્રમશ સુધારો લાવવો • ઓપરેશન સુવિધા, વીજ સ્ત્રોતો , કટોકટી સમયે તાત્કાલિક બોલાવી શકાય તેવા સમર્પિત પ્રશિક્ષિત અને સહાયક તબીબી ડોક્ટરો સાથે ફરતા તબીબી સંભાળ એકમો • સામાન્ય રીતે બીપી, ડાયાબિટીસ, હૃદયની સમસ્યાઓ, સામાન્ય બીમારી વગેરે જેવી દવાઓ તેમજ બ્લીચિંગ પાવડર, ક્લોરિનની ટિકડીઓ જેવી જોગવાઈઓ સાથે ફરતા તબીબી સમર્થક એકમ; ધાત્રી માતાઓ, વડીલો અને ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો જેવા વિશિષ્ટ જૂથોને પૂરક પોષણ. • ક્ષતિગ્રસ્ત હોસ્પિટલો તેમજ આંતરમાળખાને ફરી ઊભા કરવા માટે રાજ્ય સરકારોને સમયસર તકનીકી	અગ્રણી સંસ્થાઓ: HFWD સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, SDRF, F&ES, DDMA, CEDF, અન્ય તમામ વિભાગો	આપવા માટે રાજ્ય કક્ષાના IRT ના પરિવહન વિભાગ સાથે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ કામ કરે • હોસ્પિટલોનો જિલ્લાવાર ભંડાર (સરકારી અને ખાનગી બંને) , પથારીની ઉપલબ્ધતા , અન્ય માળખાકીય વિગતો સાથે ડોકટરો , સહાયકો અને અન્ય પ્રશિક્ષિત કર્મચારીઓ ઉપલબ્ધ હોય અને તેને નિયમિત ધોરણે અદ્યતન કરવું • સ્થાનિક સ્તરે આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓમાં હોસ્પિટલ મુજબ માહિતી સામેલ કરવી • કટોકટીની પરિસ્થિતિઓમાં સામાન્ય દવાઓની સરળ ઉપલબ્ધતા માટે કંપનીઓ સાથે જોડાણ કરવું • ઊભી કરેલી વિવિધ સુવિધાઓમાં તેમજ હોસ્પિટલોમાં રોગોના

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			સહાય • આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ મુજબ રાહતના લઘુતમ ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવું • રાસાયણિક, જૈવિક, કિરણોત્સર્ગી અને પરમાણુ કટોકટીઓને સંભાળવા માટે વિશેષ સુવિધાઓ વિકસાવવી • કેન્દ્રીય અધિકાર ક્ષેત્ર હેઠળ તમામ હોસ્પિટલોમાં કટોકટી વિભાગને મજબૂત બનાવવો • માનસિક-સામાજિક આધાર અને માનસિક તબીબી સેવા (PSSMHS) વ્યાવસાયિક, સહાયક- વ્યાવસાયિક અને પ્રશિક્ષિત સમુદાય સ્તરના કાર્યકરોને એકત્રિત કરવા • PSSMHS માટે રાજ્ય સરકારને સહાય કરવી		ફેલાવાને રોકવા માટે હંમેશા આરોગ્યપ્રદ સ્થિતિ હોવી જોઇએ • રાજ્યના આરોગ્ય વિભાગ અને કેન્દ્રીય સંસ્થાઓ વચ્ચે સંકલન માટે મજબૂત આચારસંહિતા ઊભી કરવી • આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ મુજબ રાહતના લઘુતમ ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવું • રાજ્યની તમામ મોટી હોસ્પિટલોમાં ક્ષમતા વધારવાની યોજના ઘડવી • રાસાયણિક, જૈવિક, કિરણોત્સર્ગી અને પરમાણુ કટોકટીઓને સંભાળવા માટે વિશેષ સુવિધાઓ વિકસાવવી • રાજ્યની તમામ મુખ્ય હોસ્પિટલોના કટોકટી વિભાગને મજબૂત બનાવવો • PSSMHS વ્યાવસાયિકો, સહાયક-વ્યાવસાયિકો અને પ્રશિક્ષિત સમુદાય

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					સ્તરના કાર્યકરોને ગોઠવવા • તાત્કાલિક PSSMHS જરૂરી હોય તે ઓળખવા અને PSSMHS નું આયોજન કરવું
૧૬	વીજળી	અગ્રણી સંસ્થાઓ: MPWR સહાયક સંસ્થાઓ: MNRE, MPNG, વીજ ઉત્પાદન/ વિતરણ કંપનીઓ	• પાવર માળખાના સમારકામમાં સંબંધિત રાજ્ય સરકારને સહાય કરવી ; આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કર વો; ઝડપથી વીજ પુરવઠો સ્થાપવામાં વીજ કંપનીઓને મદદ કરવી • સામાન્ય વીજ પુરવઠો ફરી શરૂ થાય ત્યાં સુધી જનરેટર સેટ, સોલર ફાનસ, ફરતા ટાવર લાઇટ વગેરે જેવા વીજળીના વૈકલ્પિક સ્ત્રોતોની વ્યવસ્થા • સામાન્ય રીતે ઓર્ડર આપ્યાના ૨૪ કલાકની અંદર કટોકટી પુરવઠા માટે વિક્રેતાઓ સાથે ગોઠવણ કરવી • વીજ પુરવઠો તેમજ માળખાને પુનઃસ્થાપિત કરવા માટે રાજ્ય સરકારની વિનંતી પર તકનીકી સહાય	અગ્રણી સંસ્થાઓ: SEB, DISCOM સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA	• વીજળી બોર્ડ અને વીજળી વિતરણ કંપનીઓ પ્રતિભાવ માટે ક્ષેત્રીય સ્તરના IRT ને અસરકારક સેવાઓ આપવા માટે રાજ્ય કક્ષાના IRT ના પરિવહન વિભાગ સાથે કામ કરવું • સામાન્ય રીતે આદેશ આપ્યાના ૬ થી ૧૨ કલાકની અંદર મહત્વની સુવિધાઓ માટે વૈકલ્પિક પદ્ધતિઓ સાથે વીજ પુરવઠો ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે આપત્તિ પૂર્વેની વ્યવસ્થા • વીજ પુરવઠો અને માળખાકીય સુવિધાઓના પુનઃસ્થાપનમાં કેન્દ્ર અને પડોશી રાજ્ય સરકારો સાથે

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
					તકનીકી સહાય માટે આપત્તિ પૂર્વે કરાર • વીજ ઉત્પાદન કંપનીઓ સાથે કટોકટી દરમિયાન સ્થળ પર ઝડપી ગોઠવણ માટે ફરતા વીજ પુરવઠા એકમો અથવા અન્ય વ્યવસ્થા કરવી
૧૭	જાહેર આરોગ્ય	અગ્રણી સંસ્થાઓ: MHFW સહાયક સંસ્થાઓ: MOD, CAPF, MOR	• જાહેર આરોગ્યનું મૂલ્યાંકન કર વું (જો કેન્દ્રીય સહાયની જરૂર હોય તો) • જાહેર આરોગ્ય IRS અમલમાં મદદ • જૈવિક કટોકટીનો પ્રતિભાવ આપવો • રોગચાળાના સર્વેક્ષણ પદ્ધતિનું સંચાલન • પ્રયોગશાળા સહાય પૂરી પાડવી • માહિતી પ્રણાલીઓનું સંચાલન • જોખમ સંદેશાવ્યવહાર કરવો • જાહેર આરોગ્ય સંચાલન (દવાઓ અને રસીઓ) , બિન-ઔષધીય હસ્તક્ષેપોને ટેકો આપવો • રોગ પ્રતિકારકતા , જંતુમુક્તિ, રસીકરણ અને રોગ	અગ્રણી સંસ્થાઓ: HFWD સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, SDRF, F&ES, DDMA, CEDF, અન્ય તમામ વિભાગો	• સાર્વજનિક આરોગ્ય IRS ને સક્રિય કરવું • પરિસ્થિતિ અનુસાર કેન્દ્રીય સંસ્થાઓ સાથે સંકલનમાં જાહેર આરોગ્ય જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવું • જૈવિક કટોકટીના કિસ્સામાં કેન્દ્રીય સંસ્થાઓ સાથે સંકલન કરવું • રોગચાળાના સર્વે ક્ષણ માટે કેન્દ્રીય સંસ્થાઓ સાથે સંકલન કરવું • જાહેર આરોગ્ય સંચાલન (દવાઓ અને રસીઓ) , બિન-ઔષધીય હસ્તક્ષેપોની વ્યવસ્થા કરવી

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			નિયંત્રણ પગલાંઓને ટેકો આપવો		રોગ પ્રતિકારકતા , જંતુમુક્તિ, રસીકરણ અને રોગ નિયંત્રણ પગલાંઓ લેવા
૧૮	સ્વ રોજગાર	અગ્રણી સંસ્થાઓ: MORD, MOPR, MHA સહાયક સંસ્થાઓ: MLBE, MOJS, MDWS, MAFW	• રાહતનાં પગલાં તરીકે અનાવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં કામ મેળવવા માંગતા લોકોને રોજગારી આપવા માટે પરિયોજનાઓ બનાવવી • આવી યોજનાઓ માટે નાણાકીય સહાય પૂરી પાડવી	અગ્રણી સંસ્થાઓ: COR સહાયક સંસ્થાઓ: State/UT, AGD, DRD, DMD$, SDMA, DDMA	• રાહતનાં પગલાં તરીકે અનાવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં કામ મેળવવા માંગતા લોકોને રોજગારી ની તકો આપવી • વેતનની ઝડપી અને ત્વરિત ચુકવણીની ખાતરી કરવી • કામ માંગતા લોકોની આરોગ્ય તપાસણી કરવી • રોજગાર યોજનાઓના અમલીકરણ માટે આપત્તિ પ્રતિભાવ નિધિ સહિત વિવિધ ભંડોળમાંથી ઉપાડ કરવો
૧૯	રાહત સંચાલન અને પુરવઠા સાંકળ વ્યવસ્થાપન	અગ્રણી સંસ્થાઓ: MHA, જોખમો-વિશિષ્ટ	• આપત્તિ-અસરગ્રસ્ત રાજ્ય સરકારને રાહત અને ખોરાક, તબીબી અને બિન-ખાદ્ય સામગ્રીના કટોકટી પુરવઠાની ઉપલબ્ધતા માટે સંચાલનનું આયોજન કરવા માટે જરૂરી ટેકો આપવો.	અગ્રણી સંસ્થાઓ: DMD$ સહાયક સંસ્થાઓ:	• રાજ્યમાં રાહત સામગ્રીની અવરજવર માટે એરપોર્ટ/રેલવે સ્ટેશન પર એક પરિવહન કેન્દ્ર ઊભું કરવું • રાજ્યમાં રાહત સામગ્રી લઇ જવા

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
		જવાબદારીઓ સાથેના મંત્રાલયો સહાયક સંસ્થાઓ: MOD, MOR, MRTH, MOCI, MCAFPD, MFPI, MAFW	• ખોરાકનો આપત્તકાલીન પુરવઠો અને કેટલાક કિસ્સાઓમાં પીવાના પાણી; પ્રાથમિક સારવાર પેટી; કામચલાઉ આશ્રયસ્થાનો, રાહત સામગ્રી માટે ટેકો આપવો • અસરગ્રસ્ત રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને કટોકટી રાહત જરૂરિયાતોનું ઝડપી મૂલ્યાંકન કરવું • રાહત સામગ્રીના વહન માટે એરપોર્ટ/રેલવે સ્ટેશન પર એક ગતિશીલતા કેન્દ્ર ઊભું કરવું • રાહત સામગ્રી લઇ જવા માટે વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવી • દેશના જુદા જુદા ભાગોમાંથી સામગ્રીના પરિવહનનું સંકલન કરવું અને પડોશી રાજ્યોમાંથી આવતી રાહત સામગ્રીનું સંકલન અને ટેકો આપવો • અન્ય કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો/ સંસ્થાઓ માટે પરિવહન (હવાઇ, રેલ, માર્ગ, જળમાર્ગ) નું સંકલન કરવું • આપત્તિ પ્રતિભાવ અને અસરગ્રસ્ત રાજ્યને સામગ્રી પહોંચાડવા જોડાયેલ કેન્દ્રીય સંસ્થાઓ શોધવી,	State/UT, SDMA, RD, SEOC, DDMA, અન્ય તમામ વિભાગો	માટે વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવી • દેશના જુદા જુદા ભાગોમાંથી મળેલી રાહત અને આપત્તકાલીન સામગ્રી સ્વીકારવા અને વિતરણ કરવાની વ્યવસ્થા કરવી • કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગો/ સંસ્થાઓ સાથે પરિવહન (હવાઇ, રેલ, માર્ગ, જળમાર્ગ) નું સંકલન કરવું • જો સામાન્ય વાહન ન પહોંચી શકે તો અસરગ્રસ્ત સ્થળોએ રાહત સામગ્રી પહોંચાડવા માટે પરિવહનના વૈકલ્પિક માધ્યમો ગોઠવો

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			મેળવવી સંસાધનો આપવા • અસરગ્રસ્ત રાજ્ય/જિલ્લામાં રાહત સામગ્રી પહોંચાડવા માટે પરિવહનના વૈકલ્પિક માધ્યમો અપનાવવા		
૨૦	લોકો અને પ્રાણીઓની શોધખોળ અને બચાવ	અગ્રણી સંસ્થાઓ: MHA, NDRF સહાયક સંસ્થાઓ: MOD, CAPF, MHFW, MHA, MRTH, MOCI, MOR, જોખમો-વિશિષ્ટ જવાબદારીઓ સાથે મંત્રાલયો/ વિભાગો, CDEF	• કેન્દ્રની પ્રારંભિક ચેતવણી સંસ્થાઓ અને EOC અને રાજ્ય/ જિલ્લા , કેન્દ્રીય મંત્રાલયો વચ્ચે સલામત સંદેશાવ્યવહાર • ટૂંકી સૂચનાથી NDRF મોકલવાની તત્પરતામાં પૂરતો સહયોગ • ઝડપી પ્રતિભાવ ટીમો ગોઠવવી • ઝડપી તબીબી પ્રતિભાવ ટીમો ગોઠવવી • દવાઓ, રસીઓ, જંતુનાશક પદાર્થો, ધાબળા, તાડપત્રી, તંબુ, બોટ, ઝાંખો પ્રકાશ , ટોર્ચ, દોરડા વગેરે માટે વિક્રેતા સાથે સમજૂતી કરાર એ શરતે કરવો કે તેઓ ટૂંકી સૂચના (સામાન્ય રીતે ૨૪ કલાકની અંદર) પૂરા પાડે. • અન્ય સંલગ્ન રાજ્યોમાંથી બચાવ/ રાહત સામગ્રી તાત્કાલિક અસરગ્રસ્ત રાજ્યમાં મોકલવા માટે	અગ્રણી સંસ્થાઓ: DMD$ સહાયક સંસ્થાઓ: રાજ્ય/UT, SDMA, RD, SEOC, SDRF, F&ES, DDMA, CDEF, અન્ય તમામ વિભાગો	• IRTs (રાજ્ય, જિલ્લા, પેટા વિભાગ અને તાલુકા) ના તાલીમબદ્ધ વિવિધ અધિકારીઓ અને તેમના સંબંધિત વહીવટી અધિકારક્ષેત્રમાં પ્રતિભાવ માટે સક્રિય કરવામાં આવે • તાલીમ પામેલી SDRF ટીમો, અસરગ્રસ્ત વિસ્તારોમાં ટૂંકી સૂચના પર જવા માટે સજ્જ કરવી • સમર્પિત તાલીમબદ્ધ માનવબળ સાથે શોધખોળ, બચાવ અને પ્રતિભાવ માટે અત્યાધુનિક સાધનોનું વ્યૂહાત્મક ગોઠવણી • દવાઓ, રસીઓ, જંતુનાશક પદાર્થો , ધાબળા, તાડપત્રી, તંબુ, બોટ, ઝાંખો

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			એસઓપી • જરૂરિયાત મુજબ સશસ્ત્ર દળો અને CAPF મોકલવી • QRTs અને QMRTs ની ગોઠવણ માટે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલન • કિનારા અને દરિયાઇ પાણીમાં એસએઆર		પ્રકાશ, ટોર્ચ, દોરડા વગેરે માટે વિક્રેતા સાથે સમજૂતી કરાર એ શરતે કરવો કે તેઓ ટૂંકી સૂચના (સામાન્ય રીતે ૨૪ કલાકની અંદર) પૂરા પાડે. • સંકલન માટે પસંદ કરેલ અધિકારી અધિકારી વધારાની જરૂરિયાતો (અન્ય કેન્દ્રીય મંત્રાલયોની મદદ સહિત) માટે MHA/NDMA સાથે નિયમિત સંપર્કમાં રહે • QRTs ની ગોઠવણ • QMRTs ની ગોઠવણ
૨૧	પરિવહન	અગ્રણી સંસ્થાઓ: MRTH, MOR,	• આપત્તિ પછી પરિવહનની જરૂરિયાતોને યોગ્ય રીતે સંભાળવી જેથી કટોકટીની પ્રતિક્રિયા અને પૂર્વવત્ત સ્થિતિની કામગીરી સમયસર થાય; જાહેર પરિવહન ચાલુ કરવું; આવશ્યક ચીજવસ્તુઓની પરિવહન ફરી શરૂ કરવું • હેવી ડ્યુટી ખોદકામ, ઝાડ કાપવા, દાંતાવાળી ઊંચકવાની મશીનરી અને અન્ય જરૂરી સાધનો ક્યાં	અગ્રણી સંસ્થાઓ: TRAD સહાયક સંસ્થાઓ:	• વાહનવ્યવહાર વિભાગ પ્રતિભાવ માટે ક્ષેત્રીય સ્તર IRT ને કાર્યક્ષમ સેવાઓ (સ્થળ સમર્થક એકમ) આપવા રાજ્ય કક્ષાના IRT ના લોજિસ્ટિક વિભાગ સાથે કામ કરશે • રાહત સામગ્રી , પ્રતિભાવ આપનારનારાના પરિવહન માટે

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
		MOCI સહાયક સંસ્થાઓ: MHA, MOD, NHAI, MOSH, NDRF, MHFW	તો વ્યૂહાત્મક અથવા કેન્દ્રિય સ્થળોએ ભેગી કરવી. • બચાવ અને રાહત ટીમોને તેમની સામગ્રી સાથે અવરજવર માટે રસ્તાઓ અને રાજમાર્ગોનું ઝડપી સમારકામ/ મૂળ સ્થિતમાં લાવવા માટે સંસાધનો અને સાધનોની ઝડપી ગોઠવણ કરવી • સંબંધિત મંત્રાલયો સાથે ઘનિષ્ઠ સંકલનમાં ભારે મશીનરી (જેમ કે પાણી ખેંચવાના પંપ, બોટ, વગેરે) ને રસ્તા પર લઈ જવા માટે ક્રિયાશીલ યોજનાઓ • રેલવે સેવાઓને જલદી ચાલુ કરવા, રાહત સામગ્રી/ બચાવ સાધનો અને કર્મચારીઓની અવરજવર માટે વધારાના રેલવે વેગન , કન્ટેનર અને મુસાફર કોચ પૂરા પાડવા અને અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા/ ફસાયેલા મુસાફરોને રાજ્ય સરકાર સાથે પરામર્શ કરવા માટે ક્રિયાશીલ યોજનાઓ અમલમાં મૂકવી • જ્યાં નિવારક પગલાં તરીકે વીજળી ખોરવાઈ/ બંધ છે તેવા આપત્તિ અસરગ્રસ્ત વિસ્તારોમાં આપત્તિમાં ડીઝલ રેલવે એન્જીન અને ડ્રાઈવરોની ઉપલબ્ધતા-	રાજ્ય/UT, SDMA, RD, DMD$, SEOC, DDMA, EFD, SPWD, અએરપોર્ટ અધિકારી, અન્ય તમામ વિભાગો	વાહનની જરૂરિયાત ની વ્યવસ્થા કરવી • આકસ્મિક કાર્ય યોજના મુજબ IRT ના વિવિધ સક્રિય વિભાગના પરિવહનની જરૂરિયાત પૂરી કરવી • ભારતીય રેલવે અસરકારક સેવાઓ (ગ્રાઉન્ડ સપોર્ટ યુનિટ) માટે રાજ્ય કક્ષાના IRT ના લોજિસ્ટિક વિભાગ સાથે કામ કરશે • રેલવે ટ્રેકની પુ નઃસ્થાપના કરવી અને વહેલી તકે રેલવેની કામગીરી શરૂ કરવી • રાહત સામગ્રીના પરિવહન માટે કેન્દ્ર સરકાર સાથે સંકલન કરવું • એરપોર્ટમાં અને તેની નજીક: AAI રાજ્ય કક્ષાના IRT ના લોજિસ્ટિક વિભાગને (ગ્રાઉન્ડ સપોર્ટ યુનિટ) કાર્યક્ષમ સેવાઓ આપવા અને

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			આવી આપત્તકાલીન પ્રણાલીનું તત્પરતાની સમયાંતરે સમીક્ષા દ્વારા ખૂબ જ ટૂંકી સૂચના પર એકત્રિત કરી શકાય એવા કામ કરનારાઓની યાદી જાળવી રાખવી • રેલવેમાં આપત્તિની પરિસ્થિતિઓમાં કામ કરવાનો અનુભવ ધરાવતી આપત્તકાલીન સેવા જૂથ ઊભું કરવું • જો જરૂરી હોય તો કામચલાઉ આશ્રયસ્થાનો તરીકે રેલ કોચ હાજર રાખવા માટે આકસ્મિક યોજના • આરોગ્ય મંત્રાલયના પરામર્શમાં ઇજાગ્રસ્ત દર્દીઓને ખસેડવા/ સારવાર માટે રેલવે હોસ્પિટલ/ ફરતી રેલ એમ્બ્યુલન્સનું સક્રિય કરવી • શોધખોળ અને બચાવ માટે રેલવે પાસે ભારે સાધનોની સરળ ઉપલબ્ધતા • એરપોર્ટ રનવેની ઝડપી પુનઃસ્થાપના અને રાહત ટીમો/ પુરવઠા/ સાધનો , ફસાયેલા મુસાફરો વગેરેના પરિવહનની સુવિધા માટે હવાઈ ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટેની યોજના અમલમાં મૂકવી		રાહત કામગીરીના સંકલન માટે મધ્યસથ અધિકારીને પણ કાર્યક્ષમ સેવાઓ આપશે. • કેન્દ્ર સરકારના વિશિષ્ટ પ્રતિભાવ દળ સાથે વહેલી તકે હવાઈ સેવાનું પુનઃસ્થાપન કરવું • હવાઈ સહાય પૂરી પાડવા માટે રાજ્ય અને જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલન • જો જરૂરી હોય તો અસરગ્રસ્ત લોકોને પરિવહન કરવાની જરૂરિયાતો પૂરી કરવી

સજ્જતા અને પ્રતિભાવ					
	આપત્તકાલીન કામગીરી*	કેન્દ્રીય/રાજ્ય મંત્રાલયો/વિભાગો અને તેમની જવાબદારીઓ			
		કેન્દ્ર#	કેન્દ્રની જવાબદારી	રાજ્ય#	રાજ્યની જવાબદારી
			• રાજ્ય સરકાર સાથે સક્રિય સંકલનમાં સંસાધનો અને સાધનો મેળવવા અને મોકલવામાં સરળ સંકલન માટે નિયંત્રક કક્ષ સક્રિય કરવો • કટોકટી દરમિયાન રાત્રી ઉતરાણ માટે પ્રશિક્ષિત માનવશક્તિની ઉપલબ્ધતા • આરોગ્ય વિભાગ સાથે ગા ઢ સંકલનમાં પ્રશિક્ષિત માનવશક્તિ અને સાધનો સાથે વ્યૂહાત્મક સ્થળોએ હવાઇ એમ્બ્યુલન્સની ઉપલબ્ધતા.		

નોંધોઃ (#) સરકારના દરેક મંત્રાલય, વિભાગ અથવા સરકારી સંસ્થા - કેન્દ્ર અને રાજ્ય નો ખાસ ઉલ્લેખ કરેલ ન હોય તો પણ આપત્તિ, સ્થાન અને સંદર્ભને આધારે પ્રત્યક્ષ અને પરોક્ષ સહાયક ભૂમિકા એમ બંને રહેશે. (*) આ પ્રતીક ધરાવતા મંત્રાલય, વિભાગ અથવા સંસ્થા પાસે મધ્યસ્થ અથવા મુખ્ય ભૂમિકા છે અથવા માનવામાં આવે છે , જ્યારે ઉલ્લેખિત અન્યની સીધી અથવા સ્પષ્ટ સહાયક ભૂમિકા છે. ($) આપત્તિ વ્યવસ્થાપન વિભાગ: આપત્તિ વ્યવસ્થાપન માટે મધ્યસ્થ વિભાગ તરીકે કાર્યરત રાજ્ય સરકારનો વિભાગ, દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં એકસમાન નથી.

૯ પૂર્વવત્ત સ્થિતિ અને સારૂં નિર્માણ

૯.૧ અવકાશ

'ભવિષ્યના આપત્તિના જોખમને ટાળવા અથવા ઓછા કરી આપત્તિગ્રસ્ત સમુદાય અથવા તો સમાજની સાંસ્કૃતિક અને પર્યાવરણીય મિલ્કતો , પધ્ધતિઓ અને આર્થિક , શારીરિક બાબતોને જોડતી પ્રવૃત્તિઓ લાંબા ગાળાના ટકાઉ વિકાસના સિદ્ધાંતો સાથે આજીવિકા અને આરોગ્યના પુન'સ્થાપન કે સુધારણા સુસંગત બને તેવી રીતે ''સારૂં પુર્ન:નિર્માણ કરીએ'' (UNISDR ૨૦૧૬)

કટોકટીનો તબક્કો સમાપ્ત થયા પછી તરત જ પુન:સ્થાપન અને પુનર્નિર્માણનું કાર્ય ફરી શરૂ થાય જે કાર્ય પૂર્વ-અસ્તિત્વમાં રહેલી વ્યૂહરચનાઓ અને નીતિઓ પર આધારિત હોવું જોઈએ કે જે પુન:કામકાજ કરવા માટે લોક ભાગીદારીને સક્ષમ બનાવી સંસ્થાકીય જવાબદારીઓને સગવડરુપ બને . પુનઃપ્રાપ્તિનું લક્ષ્ય આજીવિકા પુનઃસ્થાપિત કરવા નું હોય છે , જે આપત્તિનું જોખમ ઘટાડે એવા ટકાઉ વિકાસના માર્ગ તરફ વળે છે . પુનઃપ્રાપ્તિને રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક.એવા યોગ્ય સ્તરે ચાલુ વિકાસ પ્રક્રિયાના અભિન્ન ભાગ તરીકે સ્વીકારવી જોઈએ: તે જે સંદર્ભમાં થશે તે વર્તમાન સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓ અને અસરગ્રસ્ત રાજ્યો અને સમુદાયોની આંતરિક અશક્તિ દ્વારા આકાર લેશે. આપત્તિમાંથી ફરી બેઠા થવા માટે સરકાર અને સમુદાયોની ક્ષમતાને પુર્ન સ્થાપિત કરવા અને આપત્તિઓનો સામનો કરવાની ક્ષમતાઓને મજબૂત કરવા અને ભવિષ્યમાં આપત્તિના જોખમને ઘટાડવાનો આ પુનઃપ્રાપ્તિ પ્રક્રિયાઓનો હેતુ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વિકાસના અવરોધોને ઘટાડવા માટે પુર્ન નિર્માણની તકનો લાભ લેવા પુર્નઃસ્થાપનથી પૂર્વ-આપત્તિ કરતા વધુ સારી ધારણાઓ 'સામાન્ય' તરફ આગળ વધે છે. પુન સ્થાપન કાર્યક્રમો , આપત્તિ પછી પ્રજામાં વધેલી જાહેર જાગરૂકતા અને અને તેને જોડીને આપત્તિ જોખમ ઘટાડવાનાં પગલાં વિકસાવવા અને અમલમાં મૂકવા અને "સારા પુર્નઃનિર્માણ" સિદ્ધાંતને લાગુ કરવાની મૂલ્યવાન તક છે. આપત્તિ પછીના પુનઃસ્થાપન અને પુનર્વસન પ્રત્યેનો અભિગમ વૈશ્વિક સ્તરે વધુ સારા નિર્માણમાં ફેરવાઈ ગયો છે.

જ્યારે આપત્તિઓથી સામાન્ય જીવનમાં નોંધપાત્ર વિક્ષેપ , ભારે નુકસાન અને જાનમાલના નુકશાનમાં પરિણમે છે ત્યારે વૈશ્વિક તકો પુનઃપ્રાપ્તિ, પુનર્વસન અને પુનર્નિર્માણના તબક્કાને આપત્તિના જોખમ ઘટાડવાને વિકાસના પગલાં અને નિર્માણમાં "બિલ્ડ બેક બેટર"ને એક તક તરીકે માને છે.આપત્તિના જોખમ ઘટાડવાઆ કાર્યક્રમને વિકાસના પગલાંમાં એકીકૃત કરી અને સમુદાયોને આપત્તિઓ માટે સ્થિતિસ્થાપક બનાવવા જોઇએ.

આપત્તિ બાદ હિસ્સેદારો બિલ્ડ બેક બેટર માટે તૈયાર થશે એવી સેન્ડાઇ ફ્રેમવર્ક ને અપેક્ષા છે. કે. હાલની વ્યવસ્થાને અસરકારક ટેકો પૂરો પાડવા અને વધુ સારું અમલીકરણ કરવા માટે મજબૂતીકરણની જરૂર પડી શકે છે. આપત્તિમાંથી ફરી બેઠા થવું ખૂબ જ મુશ્કેલ અને લાંબા સમય માંગી લેનારું હોય છે .

પુનર્નિર્માણ વાસ્તવિક આપત્તિ , સ્થળ,આપત્તિ પૂર્વેની પરિસ્થિતિઓ અને તે સમયે ઉદ્ભવતી સંભવિતતાઓના આધારે બદલાશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમ પુનઃ સ્થાપન માટે સામાન્ય માળખું પૂરું પાડે છે કારણ કે મકાનના પ્રત્યેક સંભવિત ભાગની વધુ સારી અપેક્ષા રાખવી શક્ય નથી.

પુનર્નિર્માણ અને પુનર્વસન માટેની યોજના સૌથી ખરાબ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે જેમાં રાજ્ય અને જિલ્લા વહીવટીતંત્રની ક્ષમતા ઓછી પડશે અને આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં સામાન્ય સ્થિતિને ફરીથી સ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકારની સહાયની જરૂર પડશે. આપત્તિ બાદ વિવિધ આવશ્યક અને મૂળભૂત સેવાઓને પુનઃસ્થાપિત કરવામાં સરકાર અને તેના વિકાસ ભાગીદારોની ભૂમિકા માટે આ પ્રકરણ સામાન્ય માળખું પૂરું પાડે છે.આ સહયોગમાં મોટા ભાગની એજન્સીઓ-સરકારી અને બિનસરકારી સંસ્થાઓના સંકલિત કાર્યને સામેલ કરશે.તમામ એજન્સીઓએ પ્રવૃત્તિઓના પ્રતિભાવ ઉપર નજીકથી દેખરેખ રાખવી જરૂરી છે. વ્યાપક પુન સ્થાપન યોજના વિકસાવવા માટે ઘટનાની તીવ્રતા અને ઝડપ , અસરગ્રસ્ત ભૌગોલિક વિસ્તાર અને અસરગ્રસ્ત વસ્તીની સંભવિત અનપેક્ષિત જટિલ જરૂરિયાતોને લગતી મહત્વની જાણકારી મેળવવી જરૂરી છે.

૯.૨ અભિગમ

પુનઃનિર્માણ અને પુનઃસ્થાપિત માટેનો અભિગમ નેશનલ પ્રોગ્રામ ફોર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૯ના માર્ગદર્શનથી અપનાવવામાં આવેલ છે. તેની મુખ્ય કલમો/ વિભાગો નીચે આપેલ છે:

નેશનલ પ્રોગ્રામ ફોર ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનપીડીએમ) ના ફકરા ૯.૧.૧માં કહેવાયું છે કે - પ્રતિકૂળતાને તકમાં રૂપાંતરિત કરવા માટે પુર્નઃનિર્માણની પ્રક્રિયાનો અભિગમ વ્યાપક હોવો જોઈએ. આપત્તિ પ્રતિકારક સુવિધાઓનો સમાવેશ 'વધુ સારી રીતે નિર્માણ' કરવા માટેનો માર્ગદર્શક સિદ્ધાંત હશે. વિચારેલી યોજનાઓ અસરગ્રસ્ત વિસ્તારોઅથવા તેમના પડોશમાં સમુદાયોના ભૌતિક , સામાજિક - સાંસ્કૃતિક અથવા આર્થિક વાતાવરણ પર કોઈ આડઅસર ન કરે.તેવી ટેકનોલોજીની યોગ્ય પસંદગી અને પ્રોજેક્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટની સ્થાપના કરવી જરૂરી છે. પુર્નઃનિર્માણ અને પુન સ્થાપનના તબક્કા દરમિયાન અમલીકરણ માટે મનો-સામાજિક સહાય અને આઘાત પરામર્શ કરવા માટેની પધ્ધતિઓ વિકસાવવાની જરૂર છે.

એનપીડીએમના ફકરા ૯.૨.૧ જણાવે છે કે - મકાનોના પુર્નઃનિર્માણની યોજનાઓ અને ડિઝાઇનમાં સરકાર, અસરગ્રસ્ત સમુદાય, બિન સરકારી સંગઠ્ઠનો અને ઔદ્યોગિક ક્ષેત્રની પ્રક્રિયા સહભાગી હોવી જરૂરી છે. આયોજન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ માલિક સંચાલિત બાંધકામ એક પસંદગીનો વિકલ્પ છે, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઔદ્યોગિક ક્ષેત્રના યોગદાનને પ્રોત્સાહિત કરવામાં આવશે. પુર્ન નિર્માણ કાર્યક્રમ સરકારે નિર્ધારિત કરેલા ગુણાત્મક સ્પષ્ટીકરણોની મર્યાદામાં રહેશે.

એનડીપીએમ ના ફકરા ૯.૩.૧ મુજબ આવશ્યક સેવાઓ , સામાજિક માળખાગત સુવિધાઓ અને વચગાળાના આશ્રયસ્થાનો/છાવણીઓ શક્ય તેટલા ટુંકા સમયમાં ઉભા કરવામાં આવશે. કાયમી પુર્ન નિર્માણ માટે, આદર્શ રીતે, મકાનોના નિર્માણ સહિતનું કામ બેથી ત્રણ વર્ષમાં પૂર્ણ થવું જોઈએ. સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો અને રાજ્ય સરકારોએ પુર્ન નિર્માણની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સમર્પિત પ્રોજેક્ટ ટુકડી બનાવવી જોઈએ.

એનપીડીએના ફકરા ૯.૩.૨માં જણાવાયું છે કે અત્યંત આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં પુનર્નિર્માણ માટેની યોજનાઓ રાબેતા મુજબના સમયગાળા દરમિયાન તૈયાર કરવી જરૂરી છે , કે જેથી તેમાં વિવિધ હિસ્સેદારો સાથે પરામર્શ કરીને સ્થાપત્ય અને માળખાકીય ડિઝાઇનનો સમાવેશ થઈ શકે છે.

એનપીડીએમ ના પેરા ૯.૫.૧ .માં સૂચવાયુ છે કે આપત્તિઓ દ્વારા અસરગ્રસ્ત લોકોની કાયમી આજીવિકાના પુર્નસ્થાપન કરવા પર ભાર મૂકવો જોઈએ અને ગૃહીણીઓના નેતૃત્વવાળા આવાસો , કારીગરો, ખેડૂતો અને ખૂણામાં ધકેલાયેલા અને નબળા વર્ગના લોકોની જરૂરિયાતો પર રાજ્ય સરકારોએ વિશેષ ધ્યાન આપવું જોઈએ.

૯.૩ પુર્ન પ્રાપ્તિની પ્રક્રિયાઃ

અસરકારક આપત્તિ પછીની પુર્ન પ્રાપ્તિ સામાન્ય રીતે નીચેના ત્રણ વ્યાપક પાસાઓ ધરાવે છે:

અ) પુર્ન પ્રાપ્તિના ભૌતિક પાસાઓ અર્થાત ક્ષતિગ્રસ્ત ખાનગી મકાનો તથા પૂરાતન ઐતિહાસિક ઇમારતો તેમજ કટોકટીરુપ સાર્વજનિક માળખાનું પુર્ન નિર્માણ અને પુર્ન સ્થાપન

બ) પુર્ન પ્રાપ્તિના આર્થિક પાસાઓ એટલે કે આજીવિકા , ઉત્પાદકીય પ્રવૃત્તિઓ અને બજાર સેવાઓ

ક) સામાજિક પુન પ્રાપ્તિ એટલે કે વ્યક્તિગત , કૌટુંબિક અને સમુદાયની કામગીરી અને સુખાકારીના સામાજિક અને મનોવૈજ્ઞાનિક પાસાઓ

પુર્ન પ્રાપ્તિ કાર્યક્રમો હેઠળ ચાવીરુપ હસ્તક્ષેપોને ચાર વિશાળ મથાળા હેઠળ વર્ગીકૃત કરી શકાય છે:

- શારીરિક
- આર્થિક
- સામાજિક
- ક્રોસ કટીંગ ક્ષેત્રો

આપત્તિ બાદ આપત્તિ પછીની જરુરી આકારણી (પીડીએનએ) હાથ ધરવી જ જોઈએ , જે સરકારની દોરવણી હેઠળની ગતિવિધી હશે. આપત્તિના આધારે આ ગતિવિધી રાજ્ય સરકાર અને કેન્દ્ર તથા રાજ્ય

સરકારોના સંયુક્ત પ્રયાસો દ્વારા હાથ ધરવામાં આવી શકે છે.આંતરરાષ્ટ્રીય સમુદાયને પુર્ન સ્થાપન અને પુનર્નિર્માણમાં મદદ કરવા માટે (પીડીએનએ) એક મંચ પણ પ્રદાન કરશે કે જ્યાં આવી સહાયની જરૂર છે. એક વ્યવસ્થિત (પીડીએનએ) પુર્ન સ્થાપન અને પુર્ન નિર્માણના આયોજન માટે વિશ્વસનીય આધાર પૂરો પાડશે જેમાં જોખમ ઘટાડવાના પગલાં સામેલ છે.

સામાન્ય રીતે, પીડીએનએ માં 'નુકશાન અને ખોટની આકારણી (ડેમેજ એન્ડ લોસ એસેસમેન્ટ ') (DALA), 'માનવનાપુર્નવસનની જરુરિયાતની આકારણી હ્યમન રિકવરી નીડ્સ એસેસમેન્ટ (HRNA) અને ' પુર્નર્વસન માળખું' નો સમાવેશ થાય છે. ડાલા વાસ્તવમાં જથ્થાત્મક છે જેનો ઉપયોગ જોખમી ઘટનાથી થતા નુકસાન અને તે પછીના આર્થિક નુકસાનને મૂલવવા માટે થઈ શકે છે .અર્થતંત્રની વૃદ્ધિ, બાહ્ય ક્ષેત્ર અને મહેસૂલી થાપણ પર સંભવિત પરિણામો તેમજ ઘરોમાં અથવા વ્યક્તિઓની આવક અને આજીવિકામાં ઘટાડાને કારણે થતી અસર ઉપર ડાલા પ્રકાશ પાડે છે. એચઆરએનએ આપત્તિઓની સામાજિક અસર પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે આફતો કેવી રીતે જીવનની સ્થાનિક ભાત , સામાજિક માળખા અને સંસ્થાઓને અસર કરે છે તેનું વિશ્લેષણ કરે છે.ઘરગથ્થુ અથવા વિશ્લેષણના અન્ય એકમોમાંથી મળેલા પ્રાથમિક ડેટાનું વિશ્લેષણ એચઆરએનએમાં સામેલ છે અને અસરગ્રસ્ત સમુદાયના દૃષ્ટિકોણથી પુર્નર્વસન અને પુનર્નિર્માણની ઉંડી સમજ આપે છે. પુર્નર્વસન માળખું પીડીએનએની મર્યાદામાં ક્ષેત્રીય મૂલ્યાંકનોમાંથી પુર્નર્વસનની ભલામણોનો સારાંશ આપેછે. તે બીબીબીને નાણાં આપવાની યોજનાઓ સહિત પુર્ન વસવાટ માટે ટૂંકી , મધ્યમ અને લાંબા ગાળાની પ્રાથમિકતાઓની રૂપરેખા આપે છે,

સેન્ડાઇ માળખાના ટેકામાં વધુ સારા (યુએનઆઇએસડીઆર ૨૦૧૭) નિર્માણ પરત્વે યુએનઆઇએસડીઆર પરામર્શક દસ્તાવેજમાં નીચે પ્રમાણે જણાવાયું છે:

આપત્તિ વ્યવસ્થાપન કાર્યોમાં સૌથી વધુ જટિલ એ પુર્નર્વસન છે , જેમાં સૌથી મોટી સંખ્યા અને વિવિધ હિસ્સેદારોનો સમાવેશ થતો હોવાથી અને સમુદાયની સામાજિક અને આર્થિક સફળતા પર લાંબા ગાળાની સૌથી મોટી અસર થાય છે. અહીં રહેલા અસંખ્ય સંબંધો બંધાવવા જોઈએ અને તેમાં નિર્ભરતા હોવી જોઈએ જેને પ્રોત્સાહન આપવું જોઈએ, જેમાંથી ઘણા પુર્નર્વસનના હિસ્સેદારોથી સંપૂર્ણપણે અજાણ હોય છે જે સામાન્ય રીતે આપત્તિ પછીના સંદર્ભની બહાર કામ કરે છે. એક સર્વસમાવેશક અને વ્યાપક આપત્તિ પુર્નર્વસન કરવા માટેનું માળખું પુર્નર્વસન પ્રક્રિયાને સરળ બનાવવા માટે ભાવી સંમત માર્ગ તરીકે કામ કરે છે જ્યારે બિલ્ડ બેક બેટર સિદ્ધાંતોનું પાલન સુનિશ્ચિત કરવા માટે વિકાસના માર્ગને જાળવી રાખે છે અથવા સુધારી પણ શકે છે . પુર્નર્વસન સૌથી સફળ ત્યારે થાય છે કે જ્યારે સમુદાયો , સંસ્થાઓ અને વ્યક્તિઓની વ્યાપક જરૂરિયાતો સંકલિત રીતે હાથ ધરવામાં આવે છે જે પુર્નર્વસનના માળખાને સક્ષમ કરે છે.

આપત્તિ પુનર્વસનની પ્રક્રિયા ભાગ્યે જ વ્યવસ્થિત ક્રિયાઓનો સમૂહ છે. તે નીચેની એવી ઘણી સંલગ્ન પ્રવૃત્તિઓની બનેલી હશે.

- નુકસાન અને જરૂરિયાતોનું મૂલ્યાંકન (પીડીએનએ, ડાલા, એચઆરએનએ)
- સંસ્થાકીય વ્યવસ્થા અને ભંડોળ યોજના સહિત પુનર્વસનનું માળખું વિકસાવવું
- સામાજિક રીતે સંમિલીત પુનર્વસન સુનિશ્ચિત કરવાના પગલાંઓ
- અનુકૂળ આબોહવા પરિવર્તન અને ટકાઉ વિકાસ પર ધ્યાન કેન્દ્રિતકરો
- ક્ષતિગ્રસ્ત બાંધકામો તોડીપાડી , કાટમાળ સાફ કરી દૂર કરવો અનેતેનો પર્યાવરણીય રીતે સલામત નિકાલ
- સંચાર નેટવર્ક સહિત ઉપયોગિ સેવાઓનું પુર્ન સ્થાપન જ નહી તેનેઅપગ્રેડ કરવી
- મુખ્ય પરિવહન જોડાણોની પુન-સ્થાપના
- કામચલાઉ આવાસ અને વિગતવાર મકાનના નિરીક્ષણો
- પુનર્વિકાસનું આયોજન
- પર્યાવરણીય આકારણીઓ
- પુર્ન નિર્માણ
- વિકાસની વિવિધ પહેલમાં ડીઆરઆરને સંકલિત કરવો
- નાણાકીય વ્યવસ્થાપન
- આર્થિક પ્રભાવનું વિશ્લેષણ

પુર્નવસનની પ્રક્રિયાના મુખ્ય પગલાંઓ/ ગતિવિધીઓ અને તેમાં સામેલ પ્રક્રિયાઓનો કોષ્ટક ૯-૧ માં સારાંશ આપવામાં આવ્યો છે:

કોષ્ટક ૯-૧:પુર્નવસનની પ્રક્રિયાના મુખ્ય પગલાં અને સામેલ મુખ્ય પ્રક્રિયાઓ

	મુખ્ય પગલાઓ	પ્રક્રિયાઓ
૧	આપત્તિ પછીની આકારણી અને વિશ્વસનીય નુકસાનની આકારણી જરૂરી છે	• પ્રારંભિક આકારણીના અહેવાલો • નુકસાન અને ખોટના ડેટાનું સંકલન અને પ્રસાર • સરકારની આગેવાનીમાં અને માનવતાવાદી પ્રતિભાવ સંસ્થાઓ દ્વારા મદદરૂપ આપત્તિના નુકસાનનું મૂલ્યાંકન અને સર્વગ્રાહી મૂલ્યાંકનના પ્રારંભિક નુકસાનના સર્વેક્ષણો • ક્ષેત્ર, તાલુકા અને જિલ્લાઓમાં નુકસાન , ખોટ અને જરૂરિયાતો માટે માત્રાત્મક અને ગુણાત્મક

		આધારરેખા • પુર્નવસન કાર્યક્રમ માટે પરિણામોની દેખરેખ અને મૂલ્યાંકન યોજના •પ્રારંભિક અને વિશ્વસનીય નુકસાન અને જરૂરિયાતોના મૂલ્યાંકન માટે સૌથી યોગ્ય અને ઉપલબ્ધ પ્રક્રિયાઓ અને પદ્ધતિ પસંદ કરવી
૨	બિલ્ડ-બેક બેટર (બીબીબી) માટે દ્રષ્ટિ વિકસાવવી	• ઉચ્ચ સ્તરીય બેઠકો તેમજ નિષ્ણાતો , મુખ્ય હિસ્સેદારો અને નાગરિક સમાજ સાથે વિશાળ અને સર્વગ્રાહી વ્યાપક પરામર્શ •સરકારમાં અને બહારના હિસ્સેદારો વચ્ચે સર્વસંમતિ સાધવી
૩	વિકાસ કાર્યક્રમો અને લક્ષ્યો સાથે બીબીબીની સુસંગતતા સુનિશ્ચિત કરો	• સરકારના લાંબા ગાળાના વ્યાપક વિકાસ લક્ષ્યો અને પ્રગતિ સાથે પુર્નવસનની દ્રષ્ટિને જોડવા માટે ટોચનાં સ્તરે ચર્ચાઓ અને વૃદ્ધિ અને ગરીબી ઘટાડવાની વ્યૂહરચના
૪	પુર્નવસનનીદ્રષ્ટિમાં સ્થિતિસ્થાપકતા અને બીબીબીનો સમાવેશ	પૃષ્ઠભૂમિ ઉપર પરામર્શ અને અભ્યાસ: • આપત્તિ પ્રતિરોધક શારીરિક પુર્નવસન • ઝડપી આર્થિક પુર્નવસન માટે વિકલ્પો • જાતિ અને સમાનતાની બાબતો • આંતરિક સંવેદનશીલતામાં ઘટાડો • કુદરતી સંસાધન અને પર્યાવરણીય સંરક્ષણ • સામાજિક પુર્નવસન
૫	સમગ્ર ક્ષેત્રોમાં પુર્નવસનનું સંતુલન કરવું	• જાહેર અને ખાનગી ક્ષેત્રોના બીબીબી કાર્યક્રમોનું સંતુલન કરવું • વ્યક્તિઓ અને સમુદાયો વચ્ચે સંપત્તિના બિન-ભેદભાવપૂર્ણ અને ન્યાયી વિતરણ માટેના ધોરણોને પ્રોત્સાહન આપવું •પુર્નવસન માટે પુર્ણનિર્માણની કામગીરીને પ્રાધાન્ય આપવું •આપત્તિ-અસરગ્રસ્ત સમુદાયોના જીવન અને આજીવિકાના પુર્ન સ્થાપન ઉપર લક્ષ કેન્દ્રીત કરવું

		• પુર્નવસન માટેની લોકોની અપેક્ષાઓના સંદર્ભમાં અસરગ્રસ્તવસ્તીની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવવી
૬	પુર્નવસન માટે ક્ષેત્રોને પ્રાધાન્ય આપવું	આવાસ, પાણી અને સ્વચ્છતા , શાસન, પરિવહન, વીજળી, સંચાર આંતરમાળખું , પર્યાવરણ, આજીવિકા, પ્રવાસન, સામાજિક સુરક્ષા , આરોગ્ય અને શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રો સંબંધિત મહત્વ નક્કી કરવી

૯.૪ પ્રારંભિક, મધ્ય અને લાંબા ગાળાની પુર્નવસન

યુએનઆઇએસડીઆરની નોંધ છે કે , આપત્તિ પછી લોકોમાં વધેલી જાગરૂકતા અને સામેલગીરી સાથે આપત્તિના જોખમ ઘટાડવાનાં પગલાં લેવામાં અને અમલમાં મૂકવા અને BBB સિદ્ધાંતને લાગુ કરવા માટે પુર્નવસન કાર્યક્રમો શ્રેષ્ઠ તક પૂરી પાડે છે. જો તે ને વ્યવસ્થિત રીતે અમલમાં મુકવામાં આવે તો જોખમ ઘટાડવાની વ્યૂહરચનાનો મહત્વનો ઘટક છે અને પુર્નવસનની પ્રક્રિયા અસરગ્રસ્ત સમુદાયને વધુ ગરીબ અને વંચિત થતા અટકાવે છે. જ્યારે આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ સરકારને પુનર્વસન અને પુર્ન નિર્માણ પ્રવૃત્તિઓ હાથ ધરવાનો આદેશ આપે છે ત્યારે આપત્તિ વ્યવસ્થાપન વ્યૂહરચનાના ભાગ રૂપે ઉપયોગમાં લેવાતા ઘટક તરીકે 'પુર્ન નિર્માણ' નો તે સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરતો નથી. જો કે, આપત્તિ વ્યવસ્થાપન રાષ્ટ્રીય નીતિ, ૨૦૦૯ 'સુરક્ષિત વિકાસ' એકંદરે ભૌતિક, સામાજિક અને આર્થિક મિલ્કતોને સંલગ્ન છે ત્યાં આપત્તિ વ્યવસ્થાપન સાતત્ય ના છ પાસાઓ પૈકી એક પુર્વવત્ત સ્થિતિ ને માન્યતા આપે છે.

આપત્તિ પુર્નવસન કાર્યક્રમો સામાન્ય રીતે ત્રણ વિશિષ્ટ તબક્કામાં આગળ વધે છે જેમાં શ્રેણીબધ્ધતા પ્રાથમિકતા અને સગવડરુપ બહુવિધ ક્ષેત્રિય અભિગમને સ્વીકારે છે. પુર્નવસનના ત્રણ તબક્કાઓમાં યોગ્ય નીતિઓ અને કાર્યક્રમોનું આયોજન અને અમલ કરવામાં આવે છે જે: અ) પ્રારંભિક, બ) મધ્ય-ગાળાના, અને ક) લાંબા ગાળાના છે. જે કોષ્ટક ૯-૨ માં ટુંકમાં વર્ણવવામાં આવ્યા છે.

કોષ્ટક ૯.૨ પુર્નવસનના તબક્કાઓ

પુર્નવસન તબક્કો	સમયગાળો	સંક્ષિપ્ત વર્ણન
પ્રથમ	૧૮ મહિના	રોકડ વેતન, બજારો, વાણિજ્ય અને વેપાર ની ફરી શરૂઆત , સામાજિક સેવાઓની પુર્નસ્થાપના , પરિવર્તનશીલ અને કામચલાઉ આશ્રયસ્થાનો
મધ્ય સત્ર	5 વર્ષની અંદર	અસ્કયામતો અને આજીવિકા , આવાસ, માળખાગત સુવિધાઓ,

	(પ્રારંભિક પુર્નવસન સાથેસહમતી)	જાહેર ઇમારતો અને સાંસ્કૃતિક ઐતિહાસિક ઇમારતો માટે પુર્નનિર્માણની યોજનાઓ.
લાંબો ગાળો	૧૦ વર્ષની અંદર	વિકાસકીય યોજનાઓ સાથે અમલવારી: આંતરમાળખાને મજબૂત કરવું , પર્યાવરણીય, શહેરી અને ક્ષેત્રીય આયોજન

પુર્નવસન માળખાની ધ્યાનાકર્ષક જોગવાઇઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

૧) સંસ્થાકીય વ્યવસ્થાઓ: રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને સ્થાનિક (શહેરી અને ગ્રામીણ) સ્તરે સંસ્થાકીય પદ્ધતિઓ સુનિશ્ચિત કરવી કે જે પુર્નવસનમાં ભૂમિકાઓ અને જવાબદારીઓને સ્પષ્ટપણે નિર્ધારિત કરવી

૨) સંકલન: પુર્નવસનના ઉદ્દેશોને સાકાર કરવા માટે આંતર રાષ્ટ્રિય-સંસ્થાઓ, ખાનગી ક્ષેત્ર, સમાજ સેવી સંગઠનો વચ્ચે આંતરિક સંકલન અત્યંત મહત્વનું છે.

૩) સાર્વજનિક-ખાનગી ભાગીદારી (પીપીપી): ખાનગી ક્ષેત્રની ભાગીદારી મોટા જાહેર હિત માટે લેવી જોઇએ અને પુર્નવસનની કામગીરીમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સરળ બનાવવા માટે જાહેર-ખાનગી ભાગીદારી એક અસરકારક રસ્તો છે.

૪) માહિતી અને સંચાર ટેકનોલોજી (આઇસીટી): પુર્નવસનમાં આઇસીટીનો અસરકારક ઉપયોગ કરી તમામ સહભાગીઓમાં સંદેશાઓના પ્રસાર અને આ કાર્યક્રમના તમામ પાસાઓ પર માહિતી પૂરી પાડવી

૫) નિર્ણય સમર્થન પધ્ધતિ (ડીએસએસ): પર્યાપ્ત પ્રમાણમાં આ પધ્ધતિની સ્થાપના કરવી કે જેમાં મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ (એમઆએસ), ડેટાબેઝ, અવકાશી ડેટા મેનેજમેન્ટ ટેકનોલોજીનો ઉપયોગ સામેલ હોય.

૬) નિષ્ણાત ટીમ: વિવિધ ક્ષેત્રોમાં વ્યાવસાયિક કૌશલ્ય અને તેની ટીમ

૭) સમુદાયની ભાગીદારી: કાર્યક્રમોની રચના અને અમલીકરણમાં સમુદાયોની સક્રિય ભાગીદારી, સમુદાયની યોગ્ય પહોંચ, સશક્તિકરણ અને લિંગ સમાનતા.

૮) નિરિક્ષણ અને મૂલ્યાંકન (એમ ઇ) તાંત્રિક અને સામાજિક ઓડીટ સામેલ હોય તેવી પુર્નવસનની પ્રક્રિયામાં પારદર્શિતાને ઉત્તેજન આપવા માટે નિરીક્ષણ અને મૂલ્યાંકન એક મહત્વનો ભાગ છે.

૯.૫ પુર્ન નિર્માણઃ-

આપત્તિગ્રસ્ત વિસ્તાર કે વિસ્તારોમાં પુર્નવસનના લાંબાગાળાના પુર્નવિકાસના પ્રયાસો હાથ ધરતી વખતે સામાજિક-આર્થિક સધ્ધરતાનેપુર્ન સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.પુર્નનિર્માણના

તબક્કામાં સરકારો (રાજ્ય અને કેન્દ્ર) અને અન્ય એજન્સીઓ દ્વારા સમય અને સંસાધનોની નોંધપાત્ર પ્રતિબદ્ધતા જરૂરી છે . એ નોંધનીય છે કે આ પૈકીની મોટાભાગની પ્રતિબદ્ધતા પરંપરાગત કટોકટી વ્યવસ્થાપન કાર્યક્રમોના ક્ષેત્રની બહાર હશે. પુર્ન નિર્માણ નિર્માણના પડકાર મોટા ભાગે સામેલ આપત્તિજનક ઘટનાનું પરિણામ હશે કે જેણે ખૂબ મોટા વિસ્તારમાં અને/અથવા ખૂબ મોટી વસ્તીને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. પુનર્નિર્માણના આ પ્રયાસોમાં જે સામેલ છે: તેમાં:

દુર્ઘટનાથી ક્ષતિગ્રસ્ત જાહેર માળખાકીય સુવિધાઓ અને સામાજિક સેવાઓનું પુર્ન નિર્માણ, જે લાંબા ગાળે પૂર્ણ થઈ શકે છે

• જે મકાનો નાશ પામ્યા છે તેને બદલવા માટે પૂરતા પ્રમાણમાં આવાસની પુર્ન -સ્થાપના

• નોકરીઓ/ આજીવિકા કે જે ખોવાઈ ગઈ હતી તેની પુર્ન સ્થાપના

•આપત્તિગ્રસ્ત વિસ્તારોના આર્થિક આધારની પુર્ન સ્થાપના

૯.૬ પુર્ન નિર્માણનું સંકલનઃ-

પુર્નવસનની કામગીરી માટે સરકારના અનેક સ્તરોએ કેન્દ્ર ,રાજ્ય,ખાનગી ક્ષેત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સહાય માટે વિશિષ્ટ જવાબદારી ધરાવતા હોદ્દેદારોની સંસ્થાઓમાં સંકલનની જરૂર છે.

૯.૬.૧ કેન્દ્ર સરકાર

કેન્દ્ર સરકારની ભૂમિકામાં અન્ય સહીત અન્યનો સમાવેશ થશે:

• વિવિધ હિસ્સેદારો સાથે સંકલન

• દાનમાં મળેલ સંસાધનો અને સ્વયંસેવક સંબંધિત અરજ અને તેનાસંચાલનને સરળ બનાવો

• પુર્નવસનનામુદ્દાઓને તાત્કાલિક ઉકેલવા માટે વિવિધ હિસ્સેદારો સાથે સંકલન કરો.

• "જરૂરિયાત આધારીત" અને કેન્દ્ર સરકારની ક્ષમતા ના ધોરણો અનુસાર હોય તેવા સંસાધનો પૂરા પાડો.

૯.૬.૨ રાજય સરકાર

નુકસાનનું મૂલ્યાંકન અને પુર્નવસન અને પુર્ન નિર્માણના તમામ તબક્કાઓની(શરુઆતથી લાંબા ગાળાના) રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની જવાબદારી છે. જેના કેટલાક મુખ્ય કાર્યો છે:

• જરૂરિયાત અને નુકસાનની આકારણીની કામગીરીનું નેતૃત્વ લઇ અને ટેકો આપો

• આપત્તિની તીવ્રતા અને વ્યક્તિગત જરૂરિયાતોના મૂલ્યાંકન સંબંધિત સંબંધિત ડેટા પુરા પાડો

• કેન્દ્ર/રાજ્ય સરકારની સહાય સંબંધિત પુર્નનિર્માણ સંબંધિતઉપલબ્ધ જાહેર માહિતી અને શિક્ષણ કાર્યક્રમોમાં ભાગ લેવો અને સહયોગ આપવો.

• પુર્ન નિર્માણ વ્યવસ્થાપન માટે કેન્દ્ર સરકાર અને અન્ય હિસ્સેદારો સાથે સંકલન

૯.૬.૩ ખાનગી ક્ષેત્ર

આપત્તિ વ્યવસ્થાપનમાંખાનગી ક્ષેત્રને સાંકળીને તેમને આવકારવાની જરૂરિયાત છે અને તેમના વ્યવસાયોની વ્યવસ્થાપન પદ્ધતિઓમમાં આપત્તિના જોખમને એકીકૃત કરવા માટે નીચેના ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રને સામેલ કરવાની જરૂર છે:

- તકનીકી સપોર્ટ
- પુર્નનિર્માણના પ્રયાસ
- તેમની પોતાની સંપત્તિના જોખમોને આવરી લેવા સહિત જોખમ વ્યવસ્થાપન
- પુર્નનિર્માણના પ્રયાસો માટે નાણાકીય સહાય
- જોખમથી વાકેફ પુર્ન નિર્માણના પ્રયાસોમાં રોકાણ

૯.૬.૪ સ્વૈચ્છિક સંગઠનો અને આંતર રાષ્ટ્રિય સહાય સંસ્થાઓ નીચેની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે:

૧. સંયુક્ત જરૂરિયાત અને નુકસાનની આકારણી

૨. પુર્ન નિર્માણ પ્રક્રિયામાં ખાસ કરીને જ્યાં સુધી આદેશની જરૂર હોય ત્યાં સરકારી કામગીરીને ટેકો આપો

૩. પુર્ન નિર્માણ અને પુર્નર્વસન કામોને તકનીકી સહાય પૂરી પાડો

૪. પુનર્નિર્માણ અને પુનર્વસન યોજના સંબંધિત જાહેર માહિતીના પ્રસારમાં સરકારને સહાય કરો

૫. સ્થાનિક સમુદાયોની તાલીમ અને ક્ષમતા વિકાસ

૯.૭ પુર્નવસન

૯.૭.૧ પાશ્વભૂમિકા

પુનર્વસન આપત્તિમાંથી બહાર આવવાનો એક અભિન્ન ભાગ છે ,અન્ય પુર્નનિર્માણને સંસ્થાકીય સુધારણા અને મજબુત માળખાકીય સુવિધાઓ અને સેવાઓની સુધારણાને એકંદર ગતિશીલ અને મધ્યવર્તી વ્યૂહરચના તરીકે નિર્ધારિત કરી શકાય છે ; જેનો રાજકીય,આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં અસરગ્રસ્ત વસ્તીની પહેલ તેમજ ટકાઉ વિકાસના પુનરાવર્તન અને ક્રિયાઓને ટેકો આપવાનો હેતુ છે.સામાન્ય રીતે , પુનર્વસન પેકેજમાં ક્ષતિગ્રસ્ત ભૌતિક માળખાનું પુર્ન નિર્માણ અને આપત્તિ-પ્રેરિતમનોવૈજ્ઞાનિક સમસ્યાઓને ઉકેલવાનાં પગલાં તેમજ અસરગ્રસ્ત પ્રદેશમાં લોકોના આર્થિક અને સામાજિક પુનર્વસનનો સમાવેશ થાય છે. પુનર્વસનને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે:

- શારીરિક

- સામાજિક
- આર્થિક અને માનસિક

૯.૭.૨ શારીરિક પુર્નસ્થાપન

શારીરિક પુર્નવસન એ એક મહત્વનો ચહેરો છે જેમાં સમાવેશ છેઃ

- ભૌતિક માળખાનું પુર્નનિર્માણ જેવા કે મકાનો , ઇમારતો, રેલવે, રસ્તાઓ, સંદેશાવ્યવહાર નેટવર્ક, પાણી પુરવઠો, વીજળી વગેરે.
- મેનેજમેન્ટ વોટરશેડ,કેનાલ સિંચાઈ, સામાજિક વનીકરણ, પાક સ્થિરીકરણ, વૈકલ્પિક પાક તકનીકો, રોજગાર સર્જન, રોજગાર નિર્માણ અને પર્યાવરણીય સંરક્ષણ માટે ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના વ્યૂહ
- કૃષિ, કારીગરો અને પશુપાલનનું પુનર્વસન,
- ખેતીના સાધનો, જમીન સ્થાનાંતરણ માટે જમીનનું સંપાદન,જમીન ઉપયોગના આયોજનનું-પાલન, સરળ ઝોનિંગ, નુકસાન રહિત મકાનોની પુર્નમરામત અથવા મજબૂતીકરણ અને મોડેલ મકાનોના નિર્માણ માટે સબસિડીની પૂરતી જોગવાઈ.

૯.૩.૭ સ્થળાંતર

સ્થળાંતર એ શારીરિક પુનર્વસન પ્રક્રિયાનો ખૂબ જ સંવેદનશીલ ભાગ છે અને તે સુનિશ્ચિત થવું જોઈએ કે જરૂરિયાત આધારિત વિચારણાઓ અને નહીં કે બાહ્ય પરિબળોને ધ્યાને લઇ સ્થાનાંતરણ નીતિ અપનાવવી જોઈએ અસરગ્રસ્ત વસ્તી સાથે પરામર્શ કરીને અને રાજ્ય સરકારના માર્ગદર્શન . હેઠળ સ્થાનાંતરણની જરૂરિયાતો સ્થાનિક સત્તાવાળાઓ નક્કી કરશે જે આપત્તિના પ્રકાર અને નુકસાનના .પ્રમાણને લગતા માપદંડોને લાગુ કરશેસ્થાનાંતરણના પ્રયાસોમાં હંમેશા નીચેની પ્રવૃત્તિઓ સામેલ હોવી જોઈએ:

- શક્ય હોય ત્યાં સુધી ગૌણ વિસ્થાપન ટાળો
- જ્યારે સ્થાનાંતરણ અનિવાર્ય હોય ત્યારે એસસી અને એસટી સાથે સંકળાયેલા સિમાંત સમુદાયોને વિશ્વાસમાં લઇ સામાજિક રીતે ખાતરી કરી તેઓને સમાવિષ્ટ કરી હાથ ધરવામાં આવે.
- જાતિ પ્રક્રિયાઓને શક્ય તેટલી સંવેદનશીલ બનાવવી અને જાતીય અને લિંગ લઘુમતીઓની જરૂરિયાતો પર યોગ્ય વિચારણા કરવી
- અસરગ્રસ્ત સમુદાયોની સંમતિ મેળવવી

• જમીન નિર્ધારણ અને ફાળવણી પ્રક્રિયા સ્પષ્ટપણે પારદર્શિતા અને પર્યાપ્ત ફરિયાદ નિવારણ તેમજ વાટાઘાટો પદ્ધતિઓ અપનાવવામાં આવે તે સુનિશ્ચિત કરો.

• આગળ વધતા પહેલા શહેરી/ ગ્રામીણ જમીન ઉપયોગના આયોજનને ધ્યાનમાં લેવા

• વૈવિધ્યપૂર્ણ સ્થાનાંતરણ પેકેજો પૂરા પાડો.

• સ્થળાંતરની પ્રક્રિયા હાથ ધરવા માટે સત્તાઓનું વિકેન્દ્રીકરણ કર વી શક્ય હોય ત્યાં સુધી લાગુ પડતા સ્થાનાંતરણનું સ્થળ તેમની ખેતીની જમીન અને/અથવા આજીવિકાના સ્ત્રોતોની નજીક હોય તેની ખાતરી કરવી.

• શક્ય હોય ત્યાં સ્થાનાંતરિત સમુદાયો માટે જરુરી આજીવિકા પુનર્વસન પગલાંની જોગવાઈ સુનિશ્ચિત કરવું.

૯.૭.૪ સામાજિક પુર્નવસન

સામાજિક પુનર્વસન પણ આપત્તિ પુનર્વસનનો મહત્વનો ભાગ છે. કારીગરો , વૃદ્ધો, અનાથો, એકલી સ્ત્રીઓ અને નાના બાળકો જેવા સંવેદનશીલ જૂથોને આપત્તિઓની અસરથી બચવા માટે ખાસ સામાજિક સહાયની જરૂર પડશે. પુનર્વસન યોજનામાં એવા ઘટકો હોવા જોઈએ કે જે એ હકીકતને નજર અંદાજ કરતા ના હોય કે પીડિતોએ સંપૂર્ણપણે સામાજિક અજાણ્યા વાતાવરણમાં ફરીથી સામાજિકીકરણ અને ગોઠવણોની સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

૯.૭.૫ શૈક્ષણિક પ્રવૃત્તિ પુર્ન ધમધમતી કરવી

મોટી આફતમાં શૈક્ષણિક સવલતોને મોટા પ્રમાણમાં અસર કરી શકે છે પરિણામે બાળકો પર નોંધપાત્ર તણાવ આવી શકે છે. તેથી , નીચે દર્શાવેલ પગલાં બાળકોને સ્વસ્થ થવા અને પરિસ્થિતિનો સામનો કરવામાં મદદરૂપ થશે:

• શિક્ષકો અને બાળકો સાથે નિયમિત પરામર્શ કરો

• બાળકોને શાળાઓમાં નિયમિત આવવા માટે પ્રોત્સાહિત કરો

• બાળકોને લેખન સામગ્રી અને ઘરકામ આપો

• બાળકોને શાળામાં પૂર્વવત સ્થિતિના પુનરુત્થાનને લગતી તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા કરો.

• વિદ્યાર્થીઓને સ્વ-વિકાસમાં સકારાત્મક ભૂમિકા ભજવવા માટે અનુકૂળ વલણ કેળવા ય તેવા પ્રયાસ કરવા.

• ગ્રામ કક્ષાએ શિક્ષણ સમિતિઓની રચના કરો

• શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સરળ સંચાલન કરી શકે તેવા સ્થાનિક જુથોને તારવો

૯.૭.૬ જાહેર કામદારો, બાળકો મહિલાઓ, અને વડીલોનું પુર્નવસન

મોટી આપત્તિ પછી વૃદ્ધો , સ્ત્રીઓ અને બાળકો વધુ સંવેદનશીલ હોય છે. આથી નીચેના પગલાં તેમના પુનર્વસનમાં મદદરુપ થશે:

- વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકોના પુનર્વસન માટે કૌટુંબિક વાતાવરણને તારવો.
- નિરાધાર , વિધવા અને અનાથને તેમના વિસ્તૃત પરિવાર સાથે જોડવા માટે પ્રયાસ કરો ,જો તે શક્ય ન હોય તો પાલક પરિવારોની જાણકારી મેળવો
- મહિલાઓ અને બાળકોના માનસિક સ્વાસ્થ્યને મજબૂત કરવા માટે તેઓ સાથે નિયમિત પરામર્શ ગોઠવો
- મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે વિવિધ તાલીમ કાર્યક્રમો શરૂ કરો
- સુવિધાઓ અને આરોગ્ય સંભાળ પૂરી પાડવા સહિત પબ્લીક વર્કસ ડિપાર્ટમેન્ટને ટેકો આપવાનાં પગલાં લેવા
- મહિલાઓ અને બાળકો માટે લાંબા ગાળાના પુનર્વસન પેકેજમાંઆરોગ્ય , પોષણ અને સ્વચ્છતા પર યોગ્ય ધ્યાન આપવો
- આંગણવાડીઓ (ડે-કેર સેન્ટર્સ) , અને વૃધ્ધાશ્રમોને શક્ય તેટલા ટુંકાસમયમાં કાર્યરત/કે ફરી પૂર્વવત કરવો
- ગામ દીઠ ઓછામાં ઓછું એક બહુહેતુક સમુદાયિક કેન્દ્ર સ્થાપવું
- બ્લોક સ્તરે સ્ત્રી બાળ ઘરો બનાવવા માટે પ્રયાસ કરવો
- અનાથો અને બાળકોના કૌશલ્ય સુધારણા માટે વ્યાવસાયિક તાલીમ શિબિરોની સ્થાપના કરવી
- સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન આપવું

૯.૭.૭ આર્થિક પુર્નવસન

આર્થિક પુનર્વસનના મુખ્ય ઘટકો આજીવિકાનું પુર્ન સ્થાપન અને વ્યવસાયો , વેપાર અને વાણિજ્યના સાતત્યને નિશ્ચિત કરે છે . આપત્તિ પછીના પુનર્નિર્માણનું મહત્વનું પાસુ આપત્તિગ્રસ્ત સમુદાયો માટે રોજગાર અને આવક ઉત્પન્ન કરવાની તકો પુર્ન સ્થાપિત કરવાનું છે .આવશ્યક સંપત્તિના વિનાશ અથવા નુકશાનથી આજીવિકાની તકો ગંભીર રીતે અસ્તવ્યસ્ત થાય છે; પરિણામે લોકો સામાન્ય આવક ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિઓમાં જોડાવા માટે અસમર્થ હોય છે ; જેથી તેઓ નિરાશ અને માનવતાવાદી સહાય પર નિર્ભર બને છે આર્થિક પુર્વવત સ્થિતિ હાંસલ કરવાનું આ બાબ .ત ઉપર આધારિત હોવું જોઈએ:

- હાલની આજીવિકાની વ્યૂહરચના અને વ્યવસાયોના ટકાઉપણાનું વિશ્લેષણ

- હાલના અને ભવિષ્યના જોખમોનું સર્વગ્રાહી વિશ્લેષણ
- અસરગ્રસ્ત પરિવારોની નબળાઈઓ
- કૂશળતા અને જ્ઞાન સહિત બાહ્ય પ્રભાવો અને સંસ્થાઓ સાથે જોડાણની સુલભતા
- બજારોમાં કાર્યરત પ્રવેશ

એનપીડીએમના ફકરા ૯ મુજબ ૧.૫. રાજ્ય સરકારોએ આપત્તિઓથી અસરગ્રસ્ત લોકોની કાયમી આજીવિકાની પુર્ન સ્થાપનાને યોગ્ય મહત્વ આપવું જોઈએ અને મહિલાઓની જરૂરિયાતો , પાકા ઘરો, કારીગરો, ખેડૂતો અને સીમાંત અને નબળા વર્ગના લોકો પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

૯.૭.૮ માનસિક પુર્નઃસ્થાપન

આપત્તિ પુનર્વસનનું અન્ય નિર્ણાયક પરિમાણ મનોવૈજ્ઞાનિક પુનર્વસન છે પીડિતની મનોસ્થિતિ . સાથેનો વ્યવહાર એક ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે અને સાવધાની અને ચિંતા સાથે વ્યવહાર કરવો જોઈએ સંબંધીઓ અને મિત્રોને ગુમાવવાનો માનસિક આઘાત અને આપત્તિના . આઘાતના ડાઘને ઠીક કરવામાં વધુ સમય લાગી શકે છે , જેની પ્રતિતી આપત્તિ વ્યવસ્થાપનના હિતધારકોને ઘણીવાર થાય છે. આથી પરામર્શ તણાવ વ્યવસ્થાપન માટે આપત્તિ પુનર્વસન યોજનાનો સતત ભાગ બનવો જોઈએ. વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રયાસો કરવા જોઈએઃ

- ચિકિત્સક આરોગ્ય કાર્યક્રમો
- વ્યાયામ ઉપચાર
- ડીબ્રીફીંગ અને આઘાતની સંભાળ
- પ્રણાલિકા, મૂલ્યો, ધારાધોરણો, માન્યતાઓ અને આપત્તિઓની પદ્ધતિઓઅસરગ્રસ્ત લો-કો

૯.૭.૯ ક્ષતિગ્રસ્ત સાંસ્કૃતિક પૌરાણિક સ્થળો/તેમના પરિસરો અને **સંગ્રહાલયોની પુર્નસ્થાપન**

આપત્તિ પછીની મરામત અને નુકશાનગ્રસ્ત સ્થળો /પરિસરોનું પુર્ન નિર્માણ હંમેશા વ્યવસ્થિત દસ્તાવેજીકરણ અને આકારણી પદ્ધતિઓના આધારે હાથ ધરાવવું જોઈએ . નબળી પુર્નનિર્માણ પદ્ધતિ પૌરાણિક ઢાંચાને વધુ નુકસાન પહોંચાડે છે જે તેની માળખાકીય નબળાઈને વધુ ખરાબ કરી શકે છે અને પૂરાતન ધરોહરને ભૂંસી નાખવાનું જોખમ ધરાવે છે . પૂરાતન સ્થળો અને ઇમારતોના અલગ અલગ પ્રકારો માટે પુર્નનિર્માણ અને પુનર્વસન અભિગમોને અનુસરતા પહેલા કાયદાકીય માળખાને ધ્યાનમાં લેવાની જરૂર છે.સામાન્ય રીતે નીચેના સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ .

- ઐતિહાસિક અને પુરાતત્વીય મહત્વના સ્થળો માટે ઓછામાં ઓછો હસ્તક્ષેપનો અભિગમ હાથ જોઈએ અને કોઈપણ હસ્તક્ષેપ વ્યવસ્થિત દસ્તાવેજીકરણ અને સંશોધન પર આધારિત હોવો

જોઈએ. અધિકૃતતા અને દ્રશ્ય અખંડિતતાના પાસાઓ કોઇપણ પુનનિર્માણ, સમારકામ અને અનુરૂપાંતરણના પ્રયાસોનો આધાર હોવો જોઇએ.

- જયાં સુધી શકય હોય ત્યાં સુધી, પરંપરાગત કુશળતા અને તકનીકીઓ જયાં તેઓ હજુ પણ અસ્તિત્વ ધરાવે છે તેવા ક્ષતિગ્રસ્ત માળખાના સમારકામ અને પુન:સ્થાપનમાં કાર્યરત હોવા જોઇએ. આ મકાનો અને હસ્તકલા પરંપરાઓની સાતત્યની ખાતરી કરવામાં મદદ કરે છે.
- ઘણા સાંસ્કૃતિક વારસાના સ્થળો અને પરિસરો મજબુત સાંસ્કૃતિક/સામાજીક-આર્થિક રીતે જોડાયેલા છે. સ્થાનિક વસ્તી સાથે અને તેમને પુન:સ્થાપન કરવાથી આપત્તિ પછી સામાન્યતાની ભાવના આપે છે. આ વિચારણાઓએ એકંદર પુન:સ્થાપના યોજનામાં વારસાના સંરક્ષણ/ પુન:નિર્માણની સુવિધા આપવી જોઇએ.
- સાંસ્કૃતિક વારસા સ્થળોની માળખાકીય સ્થિરતા સુધારવા માટેના પગલાંનો અર્થ એ છે કે , સાંસ્કૃતિક વારસા પર લાગુ ' વધુ સારા નિર્માણ' ની કલ્પના પુરાતત્વીય અને / અથવા સાંસ્કૃતિક પાસાઓને નબળી પાડવી જોઇએ નહી. જેનો અસલ અનુરૂપાંતરણ અને પુન:સ્થાપન હાથ ધરવું જોઇએ.
- સાંસ્કૃતિક,પુરાતત્વીય અને વારસાના પાસાઓને સાચવવા માટે સહભાગીઓ વચ્ચે યોગ્ય પરામર્શ કર્યા પછી જ સાંસ્કૃતિક વારસાની તમામ અનુરૂપાંતરણ અને પુન:સ્થાપન હાથ ધરવું જોઇએ.
- પુરાતત્વીય માળખાની અખંડિતતાન અને સાંસ્કૃતિક મૂલ્યના અનુરૂપાંતરણ પર અસરની ચર્ચા કરવી જોઇએ અને શક્ય તેટલા વહેલા આફત પૂર્વની સ્થિતિમાં પુર્નસ્થાપન માટે યોગ્ય ભાર સાથે યોગ્ય રીતે મૂલ્યાંકન કરવું જોઈએ.
- આપત્તિઓ બાદ વારસાનું પુર્નસ્થાપન અથવા પુર્નનિર્માણ ઇમારતોની ધારણા બહાર થવું જોઈએ અને તેને વારસાની આજીવિકા, પરંપરાગત વેપાર,હસ્તકલા વગેરેની દ્રષ્ટિએ જોવું જોઈએ.

૯.૮ ભંડોળની વ્યવસ્થા

૯.૮.૧ પશ્ચાદ ભૂમિકા

મોટી આફત પછી પુનર્નિર્માણ અને પુનર્વસનની યોજના સામાન્ય રીતે સંસાધનથી અત્યંત સઘન હોય છે. આવી યોજનાઓ માટે ભંડોળ સામાન્ય રીતે સરકારી તિજોરીમાંથી પૂરુ પાડવામાં આવે છે. તાજેતરમાંરાષ્ટ્રીય સરકારો સાથે નજીકના સંકલન સાધીને બહુપક્ષીય/ દ્વિપક્ષીય ભંડોળ સંસ્થાઓ/આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી મોટુ ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે .રાજ્ય સરકાર , કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલય મારફતે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલા ધોરણો અનુસાર ભંડોળની વ્યવસ્થા,ભંડોળનો પ્રવાહ , તેના વિતરણ અને ઉપયોગને નિયંત્રિત કરતી યોગ્ય શરતોનો સમાવેશ કરીને વ્યૂહરચનાને પૂર્ણ કરશે. જેમાં સામેલ હશે:

• નુકસાનની વિગતવાર આકારણીના અહેવાલોના એકીકરણના આધારે અને ક્ષેત્રીય અને પ્રાદેશિક સદરો હેઠળ જરૂરી અંદાજીત ભંડોળ અને

• ભંડોળ એજન્સીઓ સાથે કરાર અને ભંડોળના પ્રવાહને ધ્યાને રાખી કામગીરીની વિગતવાર પ્રક્રિયાઓ વિકસાવવી

૯.૮.૨ એકત્રીકરણ, વિતરણ અને દેખરેખબજેટ પર સરકારી ભંડોળના સ્થાનિક અથવા આંતરિક સ્ત્રોતોમાં સામાન્ય રીતે નીચેનાનો સમાવેશ થાય છે:

• સરકારની કાર્યરત અને મૂડીગત અંદાજપત્ર

• આપત્તિગ્રસ્ત ક્ષેત્રો માટે બજેટની બાબતો વચ્ચે પુર્ન ફાળવણી

• વસૂલાત માટે ખાસ વેરો અથવા કર; અધિક વેરા અથવા સરચાર્જ

• "આકસ્મિક" ભંડોળની ગોઠવણ

• સાર્વભૌમ પુર્નનિર્માણ અથવા વિકાસ બોન્ડ બહાર પાડવા

• ખાનગી ક્ષેત્ર માટે પૂર્વવત સ્થિતિએ લાવવાનો ખર્ચ ઉઠાવવા માટે પ્રોત્સાહનોની નીતિ રજૂ કરવી.

• સામમન્ય જનતા અને ખાનગી દાતાઓ તરફથી સ્વૈચ્છિક યોગદાન

• વીમા/ જોખમ બદલાવ તંત્ર

આપત્તિ પછીના પુર્નનિર્માણ માટે બહુપક્ષીય વિકાસ બેન્કો, પ્રાદેશિક વિકાસ બેન્કો, દ્વિપક્ષીય વિકાસ ભાગીદારો, આંતરરાષ્ટ્રીય બિન સરકારી સંસ્થાઓ, ખાનગી સેવાભાવી દાતાઓ અને સખાવતી સંસ્થાઓ અને મળતા નાણામાંથી બાહ્ય સંસાધનો મેળવી શકાય છે. આપત્તિ પછી પુર્વવત સ્થિતિ ની સ્થાપના અને પુર્નનિર્માણ માટે સંભવિત બહુપક્ષીય નાણાં સંસાધનો મહદઅંશે નીચેનાનો સમાવેશ કરે છે.

• બહુપક્ષીય વિકાસ બેંકો પાસેથી ધિરાણ અથવા લોન

• આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થાઓના હાલના પોર્ટફોલિયોની પુર્ન ફાળવણી

• બહુ-દાતા ટ્રસ્ટ ભંડોળ

• રુણ મુક્તિ

• પ્રમાણભૂત રોકાણ કામગીરીનું આકસ્મિક ઘટક

• જોખમ વીમો

• તૈયાર ભંડોળ

• અણધારી આફત વિકાસને નીચે લાવવાનો વિકલ્પ[64]

[64] વિલંબિત ડ્રો ડાઉન વિકલ્પ સાથે આપત્તિ વિકાસ ધિરાણ એક આકસ્મિક ક્રેડિટ લાઇન છે જે કુદરતી આપત્તિ બાદ આઇબીઆરડી સભ્ય દેશોને તાત્કાલિક તરલતા પૂરી પાડે છે. રુણ લેનારાઓને કુદરતી આપત્તિઓ માટે અસરકારક

પુન પૂર્વવત સ્થિતિએ લાવવાના મોટા કાર્યક્રમના ભંડોળને એકત્રિત અને સંચાલિત કરવાના કેટલાક મહત્વપૂર્ણ પાસાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે અને કોષ્ટક ૯-૩ માં સારાંશ આપવામાં આવેલ છે.

૧. નુકસાન અને ખોટની આકારણી ની સમીક્ષા

૨. બિલ્ડ બેટર બિલ્ડીંગ માટે દ્રષ્ટિ અને ચોક્કસ સમય-નિર્ધારિત લક્ષ્યો વિકસાવવા

૩. પુર્વવત સ્થિતિ સ્થાપવવાના કાર્યક્રમની નાણાકીય જરૂરિયાતોનો અંદાજ

૪. ભંડોળના સંભવિત સ્ત્રોતોને તારવીને વિવિધ વિકલ્પો તપાસો

૫. નાણાકીય વ્યવસ્થાપન માટે મજબૂત નાણાકીય ધોરણો વ્યાખ્યાયિત કરીને લાગુ કરવા

કોષ્ટક ૯-૩: પુર્વવત સ્થિતિ કાર્યક્રમનું ભંડોળ એકત્રિત કર વા અને તેનું સંચાલન કરવા માટેના મહત્વના પાસાઓ

	મોટા પગલા	વર્ણન
૧	નુકશાન અને ખોટની આકારણીની સમીક્ષા	સમગ્ર સેક્ટર , તાલુકા અને જિલ્લાઓમાં જરૂરિયાતો નુકસાન અને હાની માટે માત્રાત્મક અને ગુણાત્મક પાયાની રેખા
૨	સારા નિર્માણ માટેના ચોક્કસ સમયબધ્ધ લક્ષ્યો માટે દ્રષ્ટિ વિકસાવવી	• બીબીબીનો અવકાશ અને લક્ષ્યો વિકસાવવા • આપત્તિ પ્રતિકાર ક્ષમતા, ભૌતિક પુર્વવત સ્થિતિની પ્રાપ્તિ • ઝડપી આર્થિક પુર્વવત સ્થિતિ પ્રાપ્ત કરવા માટે વિકલ્પો • તબક્કાવાર સુધારણા લક્ષ્યો નક્કી કરવા
૩	પુર્વવત સ્થિતિ પ્રાપ્ત કરવા માટે નાણાકીય જરુરીયાતના અંદાજો	• ક્ષેત્રવાર અને તબક્કાવાર નાણાકીય અંદાજો તૈયાર કરવા • વિવિધ વિકલ્પો માટે પરામર્શ અને મૂલ્યાંકન • નાણાકીય અંદાજો આખરી કરવા
૪	ભંડોળના સંભવિત સ્ત્રોતોને તારવીને વિવિધ વિકલ્પો તપાસવા	• ઘરેલુ સંસાધનો: -રાજ્યમાંથી (ચાલુ બજેટ) અને વધારાના ભંડોળ એકત્ર કરવાના વિકલ્પો (બજેટ બહારના)

પ્રતિભાવક યોજના બનાવવામાં મદદ કરવા માટે વિશ્વ બેન્ક ગ્રુપ તરફથી ઉપલબ્ધ જોખમ -સહાયક સાધનોના વ્યાપક ફલકનો એક ભાગ છે.

		- કેન્દ્રીય અનુદાન અને અન્ય વિકલ્પો - ચાલુ બજેટ અને બજેટ બહારના • આઇએફઆઇ પાસેથી ઉધાર સહિત કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકૃત. આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા • અન્ય સ્ત્રોતો: - દાતાઓ - સમાજનું યોગદાન - ખાનગી ક્ષેત્રના કોર્પોરેટ સામાજિક જવાબદારી, જાહેર ખાનગી ભાગીદારી
૫	નાણાકીય વ્યવસ્થાપન માટે મજબૂત નાણાકીય ધોરણો વ્યાખ્યાયિત કરીને લાગુ કરવા	• નવા વિકાસ , મરામત, ઘરના માલિક મારફત પુર્નનિર્માણ (મુખ્યત્વેઘરો) માટે ભંડોળ ફાળવવાના ધોરણો અને નિયમો નક્કી કરવા, • પુર્વવત સ્થિતિ પ્રાપ્ત કરવાના કાર્યક્રમોમાં કાર્યક્ષમતા સાથે જરૂરી લવચિકતાનું માપ સમેત યોગ્ય વિતરણના નિયમો નક્કી કરવા • યોગ્ય ઉપયોગની દેખરેખ માટે અમલવારીના તંત્ર પર દેખરેખ માટે અનુરુપ માહિતી વ્યવસ્થાપન પધ્ધતિ અમલમાં મૂકવી

ભંડોળ એજન્સીઓ દ્વારા એકત્ર કરવામાં આવેલા ભંડોળો સામાન્ય રીતે કડક વિતરણ અને વપરાશ પર પ્રતિબંધો સાથેના હોય છે. આથી ભંડોળના વિતરણ પર નજર રાખવી મહત્વપૂર્ણ છે જેથી કોઈ પણ કરારનો ભંગ ન થાય તેની ખાતરી કરવી. ભંડોળ વિતરણની દેખરેખ નીચેના દ્વારા કરવામાં આવશે:

- મંજૂર યોજનાઓમાં સંસાધન ફાળવણીને પ્રાથમિકતા આપવી
- લાભાર્થીઓને ભંડોળ વિતરણ માટે તંત્રની સ્થાપના
- ભંડોળના ઉપયોગ અને અમલીકરણની પ્રગતિ માટે નિરીક્ષણ તંત્રને બનાવવું

૯.૮.૩ પુર્ન નિર્માણ ખર્ચની વસૂલાત

કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલય સાથે પરામર્શ કરીને રાજ્ય સરકાર પસંદ કરેલા ખર્ચ વસૂલાતનાં પગલાંઓને અંતિમ કરી અમલી બનાવી શકે છે જેમ કે:

- વિશેષ કર/ સરચાર્જ લાદવો (કેન્દ્ર સરકાર)
- સ્થાનિક કર લાદવો

• કરમુક્ત સરકારી બોન્ડ જારી કરવા

૧૦ ક્ષમતા વિકાસ -વિહંગાવલોકન

૧૦.૧ પાર્શ્વભૂમિકા

આ પ્રકરણ અગાઉના પ્રકરણોમાં યોગ્ય સંદર્ભમાં વર્ણવેલ ક્ષમતા વિકાસના પગલાંની ઝાંખી પૂરી પાડી યોજનાના ક્ષમતા નિર્માણના પાસાઓનો સારાંશ અને પરિપ્રેક્ષ્ય બંને રજૂ કરે છે. પાછલા પ્રકરણોમાં સંબંધિત જવાબદારી માળખું અને ચર્ચામાં ક્ષમતા વિકાસના વિશિષ્ટ પાસાઓનું વર્ણન કરે છે. આ પ્રકરણમાં આપેલી યાદી સંપૂર્ણ નથી પરંતુ અગાઉના પ્રકરણોમાં રજૂ વિગતોના સૂચક અને દૃષ્ટાંતરૂપ છે. સમાવિષ્ટ વિષય વ્યાપક રીતે રાષ્ટ્રીય , પ્રાદેશિક અને વૈશ્વિક પધ્ધતિઓ સાથે જ્યારે સુસંગત છે, જેમાં અનિવાર્યપણે ફેરફારો થશે જે સમયાંતરે યોજનાની સમીક્ષા અને તેના અમલીકરણ દરમિયાન સમાવિષ્ટ હોવા જ જોઈએ . ઉભરતી શ્રેષ્ઠ પ્રણાલીઓને અનુસરવા માટે તમામ પ્રયાસો કરવા જ જોઇએ.

ક્ષમતા વિકાસ બધા હિતધારકોનું તમામ સ્તરે સંસ્થાઓ , તંત્ર અને ક્ષમતાઓને મજબૂત કરવાની બાબતોને આવરી લે છે. ડીઆરઆર માટે યુએનઆઇએસડીઆર 'ક્ષમતા વિકાસ ' નીચે મુજબ વ્યાખ્યાયિત કરે છે.

"ક્ષમતા વિકાસ એ એવી પ્રક્રિયા છે કે જે પ્રજા , સંસ્થાઓ અને સમાજને સામાજિક અને આર્થિક લક્ષ્યો સમયસર હાંસલ કરવા માટે તેમની ક્ષમતાઓને ઉત્તેજીત કરે છે અને વિકસાવે છે. તે એક વિચાર છે જે સમય જતાં ક્ષમતા નિર્માણના સમયગાળાને વધારવા અને લાંબાગાળાના ક્ષમતા વૃદ્ધિના તમામ પાસાઓને આવરી લે છે.તેમાં શિક્ષણ અને વિવિધ પ્રકારની તાલીમનો સમાવેશ થાય છે , પરંતુ સંસ્થાઓ, રાજકીય જાગૃતિ, નાણાકીય સંસાધનો, તકનીકી પ્રણાલીઓ તેમજ વિશાળ સક્ષમ પર્યાવરણ વિકસાવવા માટે સતત પ્રયાસોનો પણ સમાવેશ થાય છે. "(યુએનઆઇએસડીઆર, ૨૦૧૬)

સેન્ડાઇ માળખુ તમામ હિસ્સેદારોને તેમના દેશમાં આપત્તિના જોખમનું સંચાલન કરવા માટે સક્ષમ બનાવવા અને ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવા પડકારો આપે છે. આપત્તિનું જોખમ ઘટાડવા માટે તે રોકાણનું મહત્વનું પરિબળ છે. આપત્તિ જોખમના વ્યવસ્થાપન ક્ષેત્રમાં અલગ અલગ સ્તરે જાણીતા જોખમોનો સામનો કરવા માટે સંસ્થાઓ , સરકારો અને સમુદાયોની તકનીકી , નાણાકીય અને વહીવટી ક્ષમતાઓને વધારવાની જરૂરિયાત પર સેન્ડાઇ માળખુ ભાર મૂકે છે . માળખું જોખમ ઘટાડવાનાં પગલાં અમલમાં મૂકવાની ક્ષમતાને મજબૂત કરવા નું કહે છે. ક્ષમતા વિકાસ સામાન્ય રીતે એક પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે જે નું સંચાલન અંદરથી થાય છે અને ક્ષમતાની હાલની મિલ્કતોથી શરૂ થાય છે. સેન્ડાઇ માળખુ આપત્તિ વ્યવસ્થાપનમાં મહિલાઓના ક્ષમતા વિકાસ અને આપત્તિ જોખમ સંચાલનમાં અસરકારક રીતે ભાગ લેવાની તેમની ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

ડીઆરઆર માટે ક્ષમતા વિકાસમાં રોકાણ એ વ્યક્તિઓ , એજન્સીઓ અને સમુદાયોની તેમના આપત્તિ સંચાલનના તેમની કામગીરી સુધારવા માટે અને ક્ષમતામાં વધારો કરવા માટેની સતત પ્રક્રિયા છે. ક્ષમતા નિર્માણની પ્રક્રિયામાં માનવ સંસાધન વિકાસના વ્યક્તિગત તાલીમ , સંગઠનાત્મક વિકાસ જેવા કે જૂથોની કામગીરીમાં સુધારો સંગઠનોનું નિયમન , અને સંસ્થાઓને મજબૂત બનાવવા જેવા ઘટકોનો સમાવેશ થશે . માલિકી અને પ્રતિબદ્ધતા સ્થાપિત કરવા માટે સહભાગી અભિગમો દ્વારા હિસ્સેદારોને સામેલ કરવા આવશ્યક છે. આંતરિક ભાગીદારોની ભાગીદારી અને માલિકીના સ્તર સાથે સીધા સંપર્કથી ક્ષમતા વિકાસની દિશામાં પહેલથી ટકાઉપણું વધે છે. કેન્દ્રના વિવિધ મંત્રાલયો/વિભાગો અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો મારફત પર ક્ષમતા નિર્માણના મુખ્ય પ્રવાહ વગર ડીઆરઆરનો મુખ્ય પ્રવાહ અધૂરો છે. ક્ષમતા નિર્માણમાં પ્રવર્તમાન કાયદાઓ, નિયમો અને વિનિયમો વગેરેમાં સંબંધિત જોગવાઈઓ કરીને પર્યાવરણને સક્ષમ બનાવવા અને તેના નિર્માણનું ધ્યેય પણ સામેલ હોવું જોઈએ. ક્ષમતા વિકાસ વિવિધ સ્તરો જેવા કે કાનૂની અને સંસ્થાકીય માળખા , સંસ્થાઓની વ્યવસ્થાઓ, સંગઠન અને માનવ તથા ભૌતિક સંસાધનોની પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે , આ તમામ પ્રવૃત્તિઓના મિશ્રણને ધ્યાનમાં રાખીને સમય મર્યાદામાં અમલમાં મૂકીને પુનરાવર્તિત , ટૂંકા , મધ્યમ અને લાંબા ગાળાના બધા પડકારોનો સામનો કરવો જરૂરી છે વિવિધ સ્તરો એકબીજા ઉપર નિર્ભર હોવાના કારણે એક સ્તરે કરાતા ફેરફારની અન્ય સ્તરોમાં પણ ફેરફાર કરવાની ઘણીવાર જરૂર પડે છે. તેથી ડીઆરઆર માટે સંસ્થાકીય અને સંગઠનના ક્ષમતા વિકાસના ઘણા પ્રયાસોના મુદ્દાઓ પર પૂરતું ધ્યાન માનવ સંસાધન વિકાસથી ઉપર ઉઠવું જોઈએ. ભાગીદારી અને સહયોગ સંસ્થાકીય ક્ષમતા નિર્માણ માટે અભિન્ન છે. સંસ્થાકીય ક્ષમતા વિકાસમાં હાલની પધ્ધતિમાં સમયને અનુરુપ બદલાવ કરવા માટે અદ્યતન તકનીકોના ઉપયોગ પર પણ ભાર મૂકવો જોઈએ . આપત્તિની પ્રતિકાર ક્ષમતા વધારવા માટે માળખાકીય અને બિન-માળખાકીય પગલાંઓ દ્વારા આપત્તિ જોખમ અટકાવવા અને ઘટાડો કરવામાં જાહેર અને ખાનગી રોકાણ જરૂરી છે. ક્ષમતા વિકાસમાં રોકાણ એ જીવન બચાવવા , નુકસાન અટકાવવા કે ઘટાડવા અને અસરકારક પુર્વવત સ્થિતિને પ્રાપ્ત કરવા અને પુનર્વસનની ખાતરી કરવા માટેનો માર્ગ અસરકારક ખર્ચ છે.

એનપીડીએમ ૨૦૦૯ ક્ષમતા વિકાસ માટે વ્યૂહાત્મક અભિગમની જરૂરિયાત પર ભાર મૂકતા નોંધે છે કે તેને અસરકારક બનાવવા માટે વિવિધ હિસ્સેદારોની સક્રિય અને ઉત્સાહી ભાગીદારી જરૂરી છે. રાષ્ટ્રીય નીતિ નોંધે છે કે "યોગ્ય સંસ્થાકીય માળખું , તેનું વ્યવસ્થાપન પ્રણાલીઓ અને આફતોના અસરકારક નિવારણ અને સંચાલન માટેઅનુરુપ સંસાધનોની ફાળવણી" જેવા પડકારનો સામનો ક્ષમતા વિકાસ કરવો જ જોઇએ. એક સતત પ્રક્રિયા હોવાના કારણે ક્ષમતા વિકાસમાં કર્મચારીઓની સંખ્યાના પડકારો , નવી ભરતીઓને શિક્ષિત કરવાનું કાર્ય , તકનીકી ફેરફારો સાથે તાલમેલ અને વૈજ્ઞાનિક જ્ઞાનમાં ઝડપી આગળ વધવાની બાબતનો સમાવેશ કરવા ઉપર ધ્યાન આપવું જ જોઇએ.

ક્ષમતા વિકાસમાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા માટે એનપીડીએમ ૨૦૦૯ મહત્ત્વની ભૂમિકાની કલ્પના કરે છે. એ જ રીતે, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાઓ અને એટીઆઇ એ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મુખ્ય ભૂમિકા ભજવવી જોઈએ. એનપીડીએમ મંત્રાલયો , તેની શ્રેણીના વિભાગો અને વિવિધ સ્વાયત્ત સંસ્થાઓ સહિત સરકારના તમામ સ્તરે આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં ક્ષમતા વિકાસની કલ્પના કરે છે . તે સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપનના પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે ક્ષમતા વિકાસના પ્રયત્નોના મહત્વ પર પણ ભાર મૂકે છે. નીતિની નોંધ મુજબ ડીઆરઆરને ટકાવી રાખવા માટે શાળાઓમાં વ્યાવસાયિક સંસ્થાઓને આવરી લેતા સમગ્ર શિક્ષણ ક્ષેત્રમાં ક્ષમતા વિકાસ કરવો જરૂરી છે. તમામ ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ સંબંધિત પરવાના , પ્રમાણપત્ર અને ધોરણોને મજબુત કરવા સાથે બહુ-જોખમ પ્રતિરોધક સુવિધાઓનો સમાવેશ કરે છે તે વાત સ્વીકારવામાં આવી છે.

૧૦.૨ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા, નેશનલ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ અને અન્ય સંસ્થાઓ

રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા અન્ય સંશોધન સંસ્થાઓ સાથે ભાગીદારીમાં તાલીમ , સંશોધન, દસ્તાવેજીકરણ અને માહિતીના આધારે વિકાસ સાથે રાષ્ટ્રીય કક્ષાએ તેની મુખ્ય જવાબદારીઓ પૈકી એક ક્ષમતા વિકાસ છે. તે અન્ય જાણકારી આધારિત સંસ્થાઓ સાથે માળખું રચશે અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંગઠન દ્વારા નિર્ધારિત વિશાળ નીતિઓ અને માર્ગદર્શિકાઓની મર્યાદામાં કાર્ય કરશે. તે પ્રશિક્ષક, આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓ અને અન્ય હિતધારકો માટે તાલીમનું આયોજન કરશે. રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન , આપત્તિ વ્યવસ્થાપન ના ક્ષેત્રમાં 'શ્રેષ્ઠતા કેન્દ્ર' તરીકે ઉભરવા પ્રયત્ન કરશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા આપત્તિ વ્યવસ્થાપન તંત્રને તાલીમની સમય પત્રકના અમલીકરણને તૈયાર કરવામાં અને સરળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તે તાલીમ માટે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગ માટે મધ્યસ્થ સંસ્થા પણ હશે.

રાષ્ટ્રિય આપત્તિ બચાવ બળ રાજ્ય આપત્તિ બચાવ બળ , નાગરિક સંરક્ષણ , સમુદાય અને સ્વયંસેવકોની સજ્જતા અને પ્રતિભાવમાં ક્ષમતા વિકાસ અને તાલીમ જરૂરિયાતોને પણ ટેકો આપી શકે છે. તે મહત્વનું છે કે પ્રતિકારમાં સામેલ રાજ્ય આપત્તિ બચાવ બળ અને અન્ય એજન્સીઓ સુમેળમાં કામ કરવા સક્ષમ હોય. જેના માટે તમામ પ્રતિકાર કરનારાઓની તાલીમમાં રાષ્ટ્રીય આપત્તિ બચાવ બળની ભૂમિકા હોવી જરૂરી છે. વિવિધ રાજ્યોમાં ઘણી પ્રખ્યાત સંસ્થાઓ છે , જે આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ આપી રહી છે. આને કુશળ સંસાધન વ્યક્તિઓ અને નાણાકીય સહાયથી મજબુત કરવામાં આવશે અને અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા આ પ્રકારની નકલ કરવામાં આવશે. ઉપરાંત તમામ વહીવટી તાલીમ સંસ્થાઓ , પોલીસ અકાદમીઓ, રાજ્યની ગ્રામ્ય વિકાસ સંસ્થાઓ, એનડીઆરએફ, બીએસએફ, સીઆરપીએફ, સીઆઈએસએફ, આઈટીબીપી, એસએસબી અને નેશનલ ટ્રેનિંગ

એકેડેમીમાંથી સીએપીએફના તાલીમ કેન્દ્રોમાં આપત્તિ વ્યવસ્થાપન શાખાતે સંબંધિત કુશળતા વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

હાલની સંસ્થાઓની ક્ષમતાને પ્રાદેશિક અને સ્થાનિક જરૂરિયાતો અનુસાર અદ્યતન કરવાની જરૂર છે. વિવિધ મંત્રાલયો/ વિભાગો/ સંસ્થાઓ/ રાજય હસ્તકના જાહેર સાહસો સાથે સંકળાયેલી અન્ય ઘણી તાલીમ સંસ્થાઓ છે, પરંતુ તેઓએ તેમના તાલીમ કાર્યક્રમો અને વિભાગીય પરીક્ષાઓમાં ડીઆરઆરનો સમાવેશ કરવો આવશ્યક છે.

૧૦.૩ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ક્ષમતા વિકાસ-શહેરી અને ગ્રામ્ય

આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં પીઆરઆઈ અને યુએલબીની ક્ષમતા વિકસિત થવી જ જોઈએ. પર્યાપ્ત ક્ષમતા વિકાસ વિના, સ્થાનિક સંસ્થાઓ આપત્તિ વ્યવસ્થાપન અથવા તેની યોજનાઓના યોગ્ય અમલીકરણને સુનિશ્ચિત કરવામાં અસરકારક રીતે યોગદાન આપી શકતી નથી. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ખરા સશક્તિકરણ માટે ક્ષમતા વિકાસ પણ જરૂરી છે . પીઆરઆઈ અને યુએલબીના ચૂંટાયેલા નેતાઓ અને અધિકારીઓને વિવિધ પ્રકારની કટોકટીઓને સક્ષમ રીતે સંભાળવા , આપત્તિની તૈયારીમાં યોગદાન આપવા , ઉપલબ્ધ ચેતવણીઓનો યોગ્ય ઉપયોગ કરવા , શોધ, બચાવ, રાહત, તબીબી સહાય જેવા ઓપરેશનનું આયોજન કરવા અને નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે તાલીમ આપવી જોઈએ. . તેઓને આપત્તિ પછીના પુનર્વસનની યોગ્ય જરૂરિયાતોની યોગ્ય સમજ હોવી જોઈએ. સ્થાનિક નેતૃત્વ આપત્તિ વ્યવસ્થાપનના તમામ તબક્કાના આયોજનમાં આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રમાં મોટી ભૂમિકા ભજવી શકે છે. આપત્તિ વ્યવસ્થાપન , ડીઆરઆરને મુખ્ય પ્રવાહમાં લાવવા અને આપત્તિ નિવારણ અને ડીઆરઆરની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક વિકાસ સંસ્થાઓની ક્ષમતા વધારવા માટે ક્ષમતા વિકાસનું લક્ષ્ય હોવું જોઈએ. નાણાકીય , તકનીકી અને સંચાલકીય ક્ષેત્રોમાં સ્થાનિક સંસ્થાઓની ક્ષમતાઓ વિકસિત થવી જોઈએ. રાજ્ય કક્ષાની તાલીમ સંસ્થાઓ (એટીઆઇ , આપત્તિ વ્યવસ્થાપનની રાજ્યની સંસ્થાઓ અને અન્ય) ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ક્ષમતા વિકાસ માટે જરૂરિયાત આધારિત તાલીમ કાર્યક્રમો વિકસાવશે.

૧૦.૪ સમુદાયોને તાલીમ

આપત્તિઓ માટે સમુદાયો પ્રથમ પ્રતિભાવ આપનાર હોવાના કારણે તેઓની ક્ષમતા વધારવી એ ક્ષમતા વિકાસ પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. સેન્ડાઇ માળખુ આપત્તિ જોખમ ઘટાડવા માટે નાગરિક સમાજ , સમુદાયો અને સ્વયંસેવકોનું જ્ઞાનની વૃધ્ધિ કરવાની જરૂરિયાત નોંધે છે. ક્ષમતા નિર્માણમાં સમુદાયો અને સમુદાયના નેતાઓની જાગૃતિ, સંવેદના, અભિગમ અને વિકાસશીલ કૌશલ્યનો સમાવેશ થવો જોઈએ. એનડીઆરએફ, નાગરિક સંરક્ષણ, નાગરિક સમાજ સંસ્થાઓ, સ્થાનિક સમુદાય આધારિત સંસ્થાઓ અને સ્વ-સહાય જૂથો તરફથી સહાયને પ્રોત્સાહિત કરવામાં આવશે. નેતૃત્વ અને પ્રેરણાને પ્રોત્સાહન આપવાની એકંદર જવાબદારી રાજ્ય અને જિલ્લા અધિકારીઓના એકંદર માર્ગદર્શન

હેઠળ સ્થાનિક સત્તાવાળાઓ, પીઆરઆઈ અને યુએલબીની રહેશે.સામુદાયિક તાલીમ કાર્યક્રમો સામાજિક રીતે સમાવિષ્ટ હોવા જોઈએ , અને તેઓએ મહિલાઓ , બાળકો, વૃદ્ધો, અનુસૂચિત જાતિ/જનજાતિ અને વિકલાંગોની ક્ષમતા વધારવા પર વિશેષ ભાર મૂકવો જોઈએ.

૧૦.૫ આપત્તિ સંસાધન માળખું -રાષ્ટ્રિય, રાજ્ય અને જિલ્લા

ભારતીય આપત્તિ સંસાધન નેટવર્ક લગભગ તમામ મૂળભૂત જરૂરિયાતોને આવરી લેતા આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત સંસાધનોની રાષ્ટ્રવ્યાપી જંગમ ચીજવસ્તુઓની યાદી પૂરી પાડતું વેબ આધારિત પોર્ટલ છે. જે સાધનોની યાદી, કુશળ માનવ સંસાધનો અને તત્કાળ પ્રતિભાવ માટેના જટિલ પુરવઠાના સંચાલન માટે છે. આ પોર્ટલનું પ્રાથમિક લક્ષ્ય એ છે કે નિર્ણયકર્તાને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે જરૂરી સાધનો અને માનવ સંસાધનોની ઉપલબ્ધતા પર જવાબો શોધવામાં સક્ષમ બનાવે. રાજ્ય સ્તરે, ભારત સરકારે દરેક રાજ્યને આ પેટર્ન પર પોતાનું રાજ્ય આપત્તિ સંસાધન નેટવર્ક પોર્ટલ સ્થાપવા માટે પ્રોત્સાહિત કર્યા છે. સંસાધન માળખું રાષ્ટ્રીય , રાજ્ય અને જિલ્લા સ્તરની સંસ્થાઓને આવરી લેશે જેઓ આપત્તિ જોખમ સંચાલનમાં સામેલ છે

૧૦.૬ ક્ષમતા વિકાસ વિષય

ક્ષમતા વિકાસ આપત્તિ વ્યવસ્થાપનના તમામ પાસાઓને લાગુ પડે છે. કેન્દ્રીય મંત્રાલયો , વિભાગો અને એજન્સીઓ તેમજ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો વિવિધ હિસ્સેદારોની ક્ષમતા વિકાસ માટે પગલાં લેશે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે જવાબદારીઓનું વિભાજન અલગ પ્રકરણોમાં આપવામાં આવેલી જવાબદારીના માળખામાં વધુ વિગતવાર વર્ણવેલ છે જેની નોંધ લેવી જોઇએ. ડીઆરઆર અને સંબંધિત જવાબદારીઓ માટે ક્ષમતા વિકાસ વિષયોનો સારાંશ કોષ્ટક ૧૦-૧ માં આપવામાં આવ્યો છે. કોષ્ટકની છેલ્લી કોલમમાં દર્શાવેલા પ્રકરણોમાં દરેક પેટા વિષયલક્ષી વિસ્તારને અનુરૂપ વિશિષ્ટતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧૦.૧ ડીઆરઆર માટે ક્ષમતા વિકાસ વિષય -કેન્દ્ર, અને રાજ્ય

ક્રમ	વિષય ક્ષેત્ર	પેટા વિષય ક્ષેત્ર	જવાબદારીઓનું વર્ણન તે પ્રકરણો
૧	અદ્યતન ટેકનોલોજી અને સાધનો ગોઠવવા	• શ્રેષ્ઠ વૈશ્વિક ટેકનોલોજી અપનાવવી • જોખમ અને અનુભવો તેમજ સંવેદનશીલતાના આધારે ટેકનોલોજીની જરૂરિયાતોને તારવવી • શ્રેષ્ઠ અને સૌથી યોગ્ય સાધનોનીપ્રાપ્ત કરવા	૩,૪,૫,૭,૮,૯
૨	આપત્તિ માહિતી પધ્ધતિ	• સંસાધન માળખું જાળવવું • સંસાધન ડેટાની દેખરેખ અને જાળવણી	૩,૪,૫,૭,૮,૯

		• સ્રોત ડેટાને નિયમિત અપડેટ કરો • એડવાન્સ ટેકનોલોજી સાથે યોગ્ય-સુરક્ષિત સંચાર વિકસાવવો • રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની આપત્તિ માહિતી પધ્ધતિ • સમગ્ર કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગ/ રાજ્યો અને અન્ય અધિકૃત પરાશકર્તાઓ માટે સુધારેલા ડેટાનો પ્રવાહ સુધારો • આપત્તિ માહિતી પધ્ધતિઓ સાથે HRVCA ડેટાનું સંકલન • આપત્તિ નુકસાન (પ્રત્યક્ષ અને પરોક્ષ) અને આપત્તિ પછીના પુર્નનિર્માણ પર વિશ્વસનીય અને આધારભૂત ડેટાબેઝની ખાતરી કરવી	
૩	આપત્તિ જોખમનું સંચાલન	• ડીઆરઆરનુ મુખ્ય પ્રવાહ અને સંકલન કરો અને ડીઆરઆર માટે સંસ્થાકીય પદ્ધતિઓને મજબૂત કરવું • સહભાગી અભિગમ , ભાગીદારી અને નેટવર્કને પ્રોત્સાહન આપવું • ગુણવત્તાના ધોરણો , તેના સ્વીકાર અને પ્રોત્સાહનોને ઉત્તેજન આપવું	૧૨
૪	આપત્તિ જોખમ વ્યવસ્થાપન	• વીમા કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓ સાથે સહયોગ કરીને યોગ્ય જોખમ સ્થાનાંતરણ સાધનોને પ્રોત્સાહિત કરો અને સુવિધા આપવું • સમુદાય આધારિત પધ્ધતિઓ સહિત સામાજિક સુરક્ષા-માળખાનાતંત્રની રચના અને અમલ • પ્રાથમિક , માધ્યમિક અને તૃતીયઆરોગ્ય સંભાળમાં આપત્તિ જોખમ વ્યવસ્થાપનને સંકલિત કરીને આરોગ્ય સંભાળ પધ્ધતિઓની આપત્તિ સ્થિતિસ્થાપકતા • વ્યાવસાયિક સ્થિતિસ્થાપકતા અને પુરવઠા	૩,૪,૫,૭,૮,૯

		કડીઓ મારફત આજીવિકા અને ઉત્પાદક સંપત્તિનું રક્ષણ, સેવાઓની સાતત્યતા સુનિશ્ચિત કરે છે	
૫	સ્થાનિક કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપન અને ડીઆઆરની ક્ષમતાઓ	• ડીઆરઆરમાં સ્થાનિક વિવિધ સ્તરે તાલીમનું સંચાલન • તમામ સ્તરે હિસ્સેદારોની જાગૃતિ અને સજ્જતામાં સુધારો કરવો • આપત્તિ વ્યવસ્થાપનની યોજનાઓ તૈયાર કરવી, તેને નિયમિત સુધાર વીવી અને કૃત્રિમ નિદર્શનો કરવા	૩,૪,૫,૭,૮,૯
૬	શિક્ષણ, સંશોધન અને વ્યાવસાયિક શિસ્તમાં ડીઆરઆર	• અભ્યાસક્રમમાં ડીઆરઆરને સુસંગત વિષયો સામેલ કરવા • ડિગ્રી, અભ્યાસક્રમો અને ડિપ્લોમાંજેવા વિશિષ્ટ કાર્યક્રમો દાખલ કરવા • સંસ્થાઓમાં સંબંધિત સંશોધન યોજનાઓ અને સંશોધનના કાર્યક્રમોને અનુદાન દ્વારા પ્રોત્સાહન આપવું • ડીઆરઆરના વિવિધ વિશિષ્ટ પાસાઓ સાથે સંબંધિત તાંત્રિક અને વ્યાવસાયિક કાર્યક્રમો • પ્રશિક્ષકોની તાલીમ વિકસાવી • ડીઆરઆર ના અલગ અલગ ક્ષેત્રોમાં સંશોધન	૩,૪,૫,૭,૮,૯
૭	આગોતરી ચેતવણી	• અદ્યતન પદ્ધતિઓ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવો • તાંત્રિક આંતરમાળખું અને પધ્ધતિ સુધારવી • ઇડબલ્યુ પ્રસારમાં સુધારો કર વો અને સૌથી અંતરિયાળ ભાગોમાં છેલ્લા માઇલ સુધી તેની કનેક્ટિવિટીની ખાતરી કરવી • ચેતવણી આપવાની પધ્ધતિને અલગ અલગ પ્રદેશો અને વિભાગો મુજબ વધુસુસંગત બનાવવા માટે સુધારો કરવો	૭
૮	તાત્કાલિક કાર્યવાહી માટેના કેન્દ્રો મજબૂત કરો	• કટોકટી પ્રતિભાવ ક્ષમતાઓ વધારવી • કટોકટી કામગીરી કેન્દ્રોને મજબુત બનાવવા, માળખાગત સુવિધાઓ સુધારો , તેને અપગ્રેડ	૭,૮

		કરવો, શ્રેષ્ઠ ઉપલબ્ધ ટેકનોલોજી અપનાવવી • દરેક આપત્તિ ઘટના પછી અનુભવના આધારે ક્ષમતાઓમાં સુધારો કરવો • શ્રેષ્ઠ ICTને કામે લગાડો • કટોકટી કામગીરી કેન્દ્રોની ક્ષમતાનું ઓડિટ કરવું • પર્યાપ્ત તાલીમબદ્ધ માનવબળ સાથે રાજ્ય અને જિલ્લા કક્ષાના કટોકટી કામગીરી કેન્દ્રોની સ્થાપના કરવી • નિયમિત સમીક્ષાઓ અને એસઓપી , પ્રોટોકોલ વગેરેની સુધારણા. • ફરતો નિયંત્રણ કક્ષ	
૯	વૈશ્વિક નૃવંશશાસ્ત્રીય આબોહવા પરિવર્તનના જોખમો	• ડીઆરઆરમાં આબોહવા પરિવર્તનના જોખમોને ઓળખવા અને તેના પર ધ્યાન આપવું • વૈશ્વિક નૃવંશશાસ્ત્રીય આબોહવા પરિવર્તનના જોખમો માટે અનુકૂલનને મજબૂત કરવું	૩,૭
૧૦	ડીઆરઆરની મુખ્ય ધારા	• વિકાસ યોજનાઓ અને કાર્યક્રમોમાં ડીઆરઆરનો સમાવેશ • વિકાસ યોજનાઓમાં ડીઆરઆર માટે પ્રધાનમંત્રીના દસ -મુદ્દાના એજન્ડાનો સમાવેશ • ડીઆરઆરને તમામ મંત્રાલય , વિભાગ, રાજ્યની વિકાસ યોજનાઓના અંતર્ગત ભાગરૂપે બનાવવવી • ડીઆરઆરના ક્ષેત્રમાં રુપાંતર વધારવું	૫
૧૧	ડીઆરઆર માટે બિનમાળખાકીય પગલા	• સંસ્થાકીય વ્યવસ્થાઓ, નીતિઓ, કાનૂની સહાય અને નિયમનકારી માળખું • શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારો માટે પુનર્વસન, પુર્નનિર્માણ પદ્ધતિઓ માટેના બાંધકામના કાયદાઓ અને ધોરણો સુધારવા • અનુરૂપાંતરણ માટેના ધોરણો અને પ્રોત્સાહનો • આપત્તિ-પ્રતિરોધક નિર્મિત પર્યાવરણને પ્રોત્સાહન આપવા માટે ડીઆરઆર નિયમોના	૩,૪,૫,૭,૮,૯

		અમલ, દેખરેખ માટેની પધ્ધતિઓને મજબુત કરવી	
૧૨	સમગ્ર ડીઆરઆર વિષયમાં ૨૦૧૫ પછીના વૈશ્વિક માળખાની સુસંગતતા અને પરસ્પર મજબૂતીકરણ	• ૨૦૧૫ પછીના વૈશ્વિક માળખા અને ડીઆરઆર માટે તેનાઅમલીકરણને સમજવું • સેન્ડાઇ માળખુ અને વિવિધ સ્તરે આપત્તિ વ્યવસ્થાપન યોજનાના અમલીકરણમાં તેના એકીકરણને સમજવું • એસડી,એસડીઆરના ડીઆરઆર પાસાઓ અને ડીઆરઆર માટે તેના અમલીકરણને સમજવું • COP૨૧ (આબોહવા પરિવર્તન પર પેરિસ કરાર) અને વિવિધ આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓમાં આબોહવા સંબંધિત બાબતોના સંકલનને સમજવું	3
૧૩	સજ્જતા અને પ્રતિભાવ	• સંસ્થાકીય સુધારા , આધુનિકીકરણ અને કાનૂની માળખામાં ફેરફાર • અગ્નિશમન અને તાકીદની સેવાઓનું મજબૂતીકરણ • નવીનીકરણ , સંસ્થાકીય સુધારાઓ અને આધુનિકીકરણ દ્વારાઅગ્નિશમન અને કટોકટી સેવાનેમજબૂત બનાવવી • સંસ્થાકીય સુધારાઓ અને આધુનિકીકરણ સાથે અગ્નિશમન અને કટોકટી સેવાઓમાં વ્યાપક સુધારા • વૈશ્વિક સારી પ્રથાઓ અપનાવવી અને તે સાથે અનુકૂલન • પ્રથમ પ્રતિભાવ આપનારાઓની સખત તાલીમ અને માનવ સંસાધન વિકાસ • યોજનાઓની સંચાલન તત્પરતા સુધારવા માટે અધિકારી કક્ષાની ચર્ચા , બનાવટી અને કૃત્રિમ નિદર્શન • તમામ સ્તરે બચાવ સાધનો • કટોકટીમાં મૂળભૂત સેવાઓ પૂરી પાડવા	૮

		માટેની પધ્ધતિઓ • તમામ સ્તરે તૈયારી અને પ્રતિભાવ યોજનાઓ • સમુદાય આધારિત ડીઆરઆર અને આપત્તિ વ્યવસ્થાપન	
૧૪	પૂર્વવત સ્થિતિ અને શ્રેષ્ઠ નિર્માણ	• આપત્તિ બાદ જરુરી આકારણી પધ્ધતિ અને નિપૂણતા • વિશ્વસનીય નુકસાન આકારણી પધ્ધતિ અને વિદ્વતા • સર્વાંગી વિકાસના પ્રયાસો અને ધ્યેયો સાથે બીબીબીની સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે ક્ષમતાઓનું આયોજન • બીબીબી મોડેલોમાં પ્રતિકાર ક્ષમતાને સમાવવા માટે અભ્યાસ અને સંશોધન • ઉપયોગી અનુભવ માટે ભૂતકાળની આપત્તિઓ અને પૂર્વવત સ્થિતિ પ્રાપ્ત કરવા પરત્વે અભ્યાસ	૯
૧૫	આપત્તિ પ્રતિકાર ક્ષમતાને માટે કૌશલ્ય વિકાસ	• કડિયાઓ અને અન્ય કારીગરો માટે તાલીમ અને કૌશલ્ય વિકાસ • વિશિષ્ટ જરૂરિયાતો , પ્રાદેશિક વિવિધતા અને બહુ-જોખમી સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવું • સીબીડીઆર પર તાલીમ અને સ્થાનિક સ્તરે સજ્જતા • લિંગ અને ખાસ બાળકો , વિકલાંગો, વૃદ્ધો વગેરે મુદ્દાઓની જરૂરિયાતોને આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં સંકલિત રીતે લક્ષમાં લેવા • ખાનગી ક્ષેત્ર અને નાગરિક સમાજના સમાવેશને પ્રોત્સાહન આપવું • ખાનગી જાહેર ભાગીદારીને પ્રોત્સાહન આપવું	૩,૪,૫,૭,૮,૯
૧૬	ડીઆરઆરમાં સમાજનો સમાવેશ	• લિંગ આધારિત સંવેદનશીલતા • અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ • વૃદ્ધ	૪,૭

		• બાળકો • વિકલાંગ વ્યક્તિઓ	
૧૭	જોખમોની સમજણ	• નિરીક્ષણ માળખું, • માહિતી પધ્ધતિઓ, • સંશોધન • આગાહી • પ્રાદેશિકતા/ નકશા બનાવવા • દેખરેખ • જોખમની સંવેદનશીલતા અને ક્ષમતા મૂલ્યાંકન	૭

૧૧ નાણાકીય વ્યવસ્થાઓ

૧૧.૧ પશ્ચાદભૂમિકા

પુર્નનિર્માણ માટે કરવામાં આવેલા રોકાણોના અનુસંધાને આપત્તિ જોખમ વ્યવસ્થાપનના નાણાકીય પાસાઓ વિકાસના આયોજનથી લઈને આપત્તિ પછી તાત્કાલિક હાથ ધરાતા રાહતકાર્ય સુધીના વિવિધ પરિબળોનો સમાવેશ કરે છે પ્રવર્તમાન પધ્ધતિ મુજબ બજેટ ફાળવણીના ભાગરૂપે સરકાર દ્વારા સજ્જતા, ઉપશમન અને પુનર્નિર્માણ માટે ભંડોળ ફાળવવામાં આવે છે.

જો કે નાણા પંચ દ્વારા ભલામણ કરાયેલ અને પાંચ વર્ષ ધારી લઇને તાત્કાલિક રાહત માટે ભંડોળ અંગે સરકાર દ્વારા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. નાણા પંચ તેના દ્વારા હાથ ધરવામાં આવતા અન્ય વિષયોની વચ્ચે પણ આપત્તિ જોખમ વ્યવસ્થાપન માટે ફાળવણી અંગે ભલામણો કરે છે. બીજા પંચે આવી આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે 'માર્જિન મની' માટે જોગવાઈ કરેલી છે. અનુગામી નાણા પંચો એ વિવિધ હિસ્સેદારો સાથે પરામર્શ કરીને દેશમાં આપત્તિ વ્યવસ્થાપનના ભંડોળના વિવિધ પાસાઓની સમીક્ષા કરી છે. આપત્તિ રાહત માટે ભંડોળ અંગે તેમની ભલામણોના આધારે ભારત સરકાર અને રાજ્યો દ્વારા વિવિધ ભંડોળની જાળવણી કરવામાં આવે છે. ૧૩મા નાણા પંચે આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ ૨૦૦૫ મુજબ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ જાળવવા માટે પોતાની ભલામણો આપી છે. ૧૬ માં નાણા પંચે તેમને આગળ વધારીને સંબંધિત ભલામણો કરી છે. ૨૦૦૫ના આપત્તિ વ્યવસ્થાપન કાનૂને રાષ્ટ્રીય આપત્તિ ઉપશમન ભંડોળની પણ ભલામણ કરી છે, જે સરકારની વિચારણા હેઠળ છે. હમણાં સુધી, ૧૪મા નાણા પંચ (નાણા પંચ -૧૬) એ રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ભંડોળ અંગે કોઈ ભલામણ કરી નથી. જો કે રાષ્ટ્રીય સત્તામંડળ દ્વારા હિસ્સેદારો સાથે ભંડોળની જરૂરિયાત અંગે ચર્ચા કરવામાં આવી રહી છે , તે મુજબ યોગ્ય પગલાં લેવામાં આવશે.

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫માં આપત્તિ વ્યવસ્થાપનના હેતુ માટે મંત્રાલયો અને વિભાગો દ્વારા તેમના બજેટની ફાળવણીમાં ભંડોળ પૂરું પાડવા સ્પષ્ટપણે સરકારને આદેશ આપ્યો છે. સંબંધિત મંત્રાલયો અને વિભાગો દ્વારા તેમની એકંદર કાર્યસૂચિમાં આ હેતુ માટે નિશ્ચિત અંદાજપત્રીય વ્યવસ્થાઓ કરીને આફત જોખમ સંચાલનને મુખ્યધારામાં લાવવાની જરૂરિયાત પર આ કાયદાએ ભાર મૂક્યો છે.

કોઈપણ મંત્રાલય કે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી વિશિષ્ટ યોજનાઓના કિસ્સાઓને બાદ કરતા આપત્તિ વ્યવસ્થાપન માટે સરકાર દ્વારા હમણાં સુધી કોઈ ચોક્કસ ફાળવણી કરવામાં આવી રહી નથી. દેશની મુખ્ય વિકાસ કાર્યસૂચિની મર્યાદામાં પ્રતિકાર ક્ષમતા, આપત્તિ જોખમની જરૂરિયાતને દૂર કરવા માટે ડીઆરઆરની પરિકલ્પનાઓ અનુસાર નાણાકીય મુખ્ય પ્રવાહ જરૂરી છે.

૧૧.૨ રાષ્ટ્રિય આફત પ્રતિભાવ ભંડોળ

આપત્તિની સ્થિતિમાં બચાવ , રાહત અને પુનર્વસનના પગલાં લેવા માટે મુખ્યત્વે રાજ્ય સરકાર જવાબદાર છે. અમુક સમયે કેન્દ્રીય સહાય સાથે તેના પ્રયાસોને મજબૂત કરવા અને પૂરક બનાવવાની જરૂર છે. કુદરતી આપત્તિની સ્થિતિમાં આપત્તિની સજ્જતા , પુર્નસ્થાપન, પુર્નનિર્માણ અને ઉપશમન માટે નાણાકીય સહાય પૂરુ પાડવું એ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળના આદેશનો ભાગ નથી . ગંભીર કુદરતી આફતની સ્થિતિમાં જ્યાં રાહત કામગીરી માટે ભંડોળની જરૂરિયાત રાજ્યના આપત્તિ પ્રતિભાવ ભંડોળ ખાતામાં ઉપલબ્ધ ભંડોળથી વધુ હોય તેવા વખતે નિર્ધારિત પ્રક્રિયાને અનુસરીને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ફંડ તરફથી વધારાની કેન્દ્રીય સહાય પૂરી પાડવામાં આવે છે.

આ પ્રક્રિયા મુજબ રાજ્ય સરકારે ક્ષેત્રવાર નુકસાન અને ભંડોળની જરૂરિયાત દર્શાવતી દરખાસ્ત રજૂ કરવી જરૂરી છે. રાજ્ય તરફથી દરખાસ્ત મળ્યા બાદ રાહત કામગીરી માટે નુકસાન અને ભંડોળની જરૂરિયાતનું સ્થળ પર મૂલ્યાંકન કરવા માટે એક આંતર-મંત્રી કેન્દ્રીય ટીમનું રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ અને રાષ્ટ્રીય આપત્તિની હાલની વસ્તુઓ અને ધોરણો અનુસાર રચના કરી મોકલવામાં આવે છે. એનઈસીની સબ-કમિટી આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫માં ની કલમ ૬ હેઠળ દરખાસ્તની ચકાસણી કરશે. એનઈસી સહાય અને ખર્ચની મર્યાદાનું મૂલ્યાંકન કરશે જે ધોરણો અનુસાર રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી ભંડોળ પૂરું પાડી શકવા માટે ભલામણો કરશે. એનઈસીની પેટા-સમિતિની ભલામણોના આધારે , ગૃહ મંત્રાલયની એક ઉચ્ચ સ્તરીય સમિતિ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી તાત્કાલિક રાહતની રકમ મંજૂર કરશે.

આપત્તિ વ્યવસ્થાપન વિભાગ આ સમિતિને સહાય કરશે. ગૃહ મંત્રાલય રાષ્ટ્રીય આપત્તિ ભંડોળમાંથી પૂરા પાડવામાં આવેલા ભંડોળના ઉપયોગ ઉપર દેખરેખ રાખશે અને ધોરણોનું પાલન થાય તેની ઉપર દેખરેખ રાખશે.

૧૧.૩ રાજ્ય આફત પ્રતિભાવ ભંડોળ

રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળનો ઉપયોગ માત્ર ચક્રવાત, દુષ્કાળ, ભૂકંપ, આગ, હવામાન, સુનામી, કરા, ભૂસ્ખલન, હિમપ્રપાત, વાદળ ફાટવું, જંતુઓનો હુમલો, હિમ અને શીત લહેર, પીડિતોને તાત્કાલિક રાહત આપવા માટે ખર્ચને પહોંચી વળવા માટે કરવામાં આવશે . જ્યારે રાજ્ય કટોકટી પ્રતિભાવ અને રાહત માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી નાણા ખેંચી શકે છે , ત્યારે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી પૂરા પાડવામાં આવેલા ભંડોળ સામે ખર્ચના એક ભાગને જે મહેસુલી વર્ષમાં આ ભંડોળ

આપવામાં આવ્યું હોય તેને અગાઉના મહેસુલી વર્ષમાં રાજયે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડળ અંતર્ગત કરેલા ખર્ચ વચ્ચે સમાયોજિત કરવાની જોગવાઈઓ છે. જો તે જ રાજ્યમાં તે જ વર્ષ દરમિયાન બીજી ગંભીર આપત્તિનો સામનો કરવો પડે , તો એ કિસ્સામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી સહાય જારી કરતી વખતે કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં. રાજ્યના સ્થાનિક સંદર્ભમાં રાજ્યની વિશિષ્ટ આપત્તિઓ, જે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી સહાય માટે પાત્ર આપત્તિઓની જાહેર કરાયેલ યાદીમાં સમાવિષ્ટ ના હોય ત્યારે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી વાર્ષિક ભંડોળની ફાળવણીના ૧૦ ટકાની મર્યાદામાં ફાળવી શકે છે. બન્ને ભંડોળમાં નીચે મુજબની જોગવાઇ છે.

- સ્વૈચ્છિક રાહત
- વાસ્તવિક ખર્ચ મુજબ શોધખોળ અને બચાવ કામગીરી
- રાહતનાં પગલાં
- હવાઇ માર્ગે આવશ્યક પુરવઠો પહોંચાડવો
- પીવાના પાણીનો પુરવઠાની તત્કાળ વ્યવસ્થા
- અસરગ્રસ્ત વિસ્તારમાંથી કાટમાળના સંચાલન સહિત નિકાલ
- કૃષિ, પશુપાલન, મચ્છીમારી, હસ્તકલા, કલા કારીગરી
- ક્ષતિગ્રસ્ત આંતરમાળખાનું સમારકામ/ પુર્નસ્થાપન (તાત્કાલિક પ્રકારના)
- ક્ષમતા વિકાસ

સહાયનો મૂળભૂત સમયગાળો નિર્ધારિત ધોરણો મુજબ છે. જો કે , વાસ્તવિક પરિસ્થિતિની આકારણીના આધારે રાજ્ય મૂલ્યાંકન સમિતિ તેને નિર્ધારિત સમય મર્યાદાથી આ ખાતામાં ખર્ચ ફાળવણી વર્ષ માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી ફાળવણીના ૨૫ ટકાથી વધુ ન હોવો જોઈએ એ શરતને આધીન આગળ લંબાવી શકે છે . રાજ્ય મૂલ્યાંકન સમિતિ સંબંધિત રાજ્ય સરકાર તરફથી યોગદાનની વ્યવસ્થા કરશે, રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળનું સંચાલન કરશે અને સમય -સમય પર ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા ધોરણો અનુસાર રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાં વધારાનું રોકાણ કરશે.

રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળના ૧૦ ટકાની મર્યાદાને આધિન , રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી નહીં પરંતુ રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી ક્ષમતા વિકાસ ખર્ચને પૂરો કરવો જોઈએ. ક્ષમતા વિકાસ નીચે પ્રમાણેની બાબતોને આવરી લે છે.

- રાજ્યમાં તત્કાળ કામગીરી કેન્દ્રોની સ્થાપના / મજબૂતીકરણ
- રાજ્યમાં હિસ્સેદારો અને કાર્યકરોની તાલીમ/ક્ષમતા નિર્માણ
- રાજ્યમાં આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રોને સમર્થન

• ભયજનક , જોખમો અને અસુરક્ષા વિશ્લેષણ પર આધારિત આપત્તિ વ્યવસ્થાપન યોજનાની તૈયારી

• રાજ્ય અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપનનું મજબૂતીકરણ

મોટાભાગના કિસ્સાઓમાં, રાજ્ય મૂલ્યાંકન સમિતિ અને જરૂરી હોય તો જ કેન્દ્રીય ટીમ જરૂરિયાતનું મૂલ્યાંકન કરશે. તમામ વ્યક્તિગત લાભાર્થીલક્ષી સહાય તેઓના બેંક ખાતા માં જમા કરવામાં છે તેની રાજ્ય સરકારોએ અત્યંત કાળજી લઈ અને ખાતરી કરવી જ જોઈએ. 'સ્થાનિક આપત્તિ' સહિત તમામ આપત્તિઓ માટે દરેક ચીજ-વસ્તુ સામે રાહત સહાયનું પ્રમાણ રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ/ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળના ધોરણોથી વધુ ન હોવું જોઈએ. રાજ્ય દ્વારા આવી આપત્તિ માટે ટોચમર્યાદાથી ઉપર ખર્ચવામાં આવતી કોઈપણ રકમ રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી નહીં પણ રાજ્ય સરકારના સંસાધનોમાંથી ઉઠાવવામાં આવશે.

જે આપત્તિઓ માટે આપત્તિ પ્રતિભાવ ભંડોળ ઉપરાંત કેન્દ્રીય મદદની જરૂર હોય તે માટે ભારત સરકારના ગૃહ મંત્રાલય સહાય માટેની રાજ્ય સરકારની વિનંતી પર કાર્યવાહી કરે છે. નાણાં મંત્રાલય પ્રતિભાવ તંત્ર , આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાઓ , હિસ્સેદારોની ક્ષમતા વિકાસ અને ડીઆરઆર માટે જરૂરી રાહત ભંડોળની બજેટની જોગવાઈ કરશે. આ વૈધાનિક જોગવાઈઓના અસરકારક અમલીકરણથી આપત્તિઓને અસરકારક રીતે સંચાલિત કરવા અને તેના સામાજિક-આર્થિક નકારાત્મક પરિણામોને ઘટાડવા માટે ભારતને મજબૂત સ્થિતિમાં મૂકશે. આપત્તિ વ્યવસ્થાપનનું બીજું મહત્વનું પાસું નાણાકીય સ્થિતિસ્થાપકતા છે. આ માટે એક વ્યવસ્થિત અભિગમની જરૂર છે , જે દેશની વર્તમાન આર્થિક સ્થિતિ પર આધારિત અન્ય ભૂતકાળના અને ભંડોળના ત્યારબાદના તંત્રનું શ્રેષ્ઠ સંયોજન કરે છે.

૧૧.૪ રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ભંડોળ

આપત્તિ વ્યવસ્થાપન કાનૂન ૨૦૦૫ની કલમ ૪૭ મુજબ , કેન્દ્ર સરકાર માત્ર નિવારણ યોજનાઓ માટે રાષ્ટ્રીય આફત નિવારણ ભંડોળની રચના કરી શકે છે. ૧૬માં નાણા પંચે પહેલાથી રચેલા ભંડોળો (રાષ્ટ્રિય અને રાજ્ય આફત પ્રતિભાવ ભંડોળ) ના સંદર્ભમાં હાલની વ્યવસ્થાઓ સુધી તેની ભલામણને મર્યાદિત કરી છે.૧૬માં પંચે નિવારણ ભંડોળ માટે કોઈ ચોક્કસ ભલામણ કરી નથી

૧૧.૫ ૧૪માં નાણા પંચની ભલામણો

આપત્તિ વ્યવસ્થાપન માટે અનુદાન અંગે ચૌદમા નાણાં પંચે ૧૩માં નાણા પંચની પ્રક્રિયા અપનાવી છે અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળની આપત્તિ પ્રતિભાવ ભંડોળે વિશિષ્ટતા નક્કી કરવા માટે આપત્તિ રાહત પર ભૂતકાળના ખર્ચનો ઉપયોગ કર્યો છે. ભલામણો કરતી વખતે ૧૬માં નાણા પંચે આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ હેઠળ રાજ્યો અને તેમના જિલ્લા વહીવટીતંત્ર પર વધારાની

જવાબદારીની નોંધ લીધી છે. ૧૬માં નાણા પંચે સૂચિત યાદીમાં ઉલ્લેખિત ન હોય તેવા સ્થાન-વિશિષ્ટ કુદરતી આપત્તિઓની પણ નોંધ લીધી છે, જે કેટલાક રાજ્યો માટે અજોડ છે.

૧૧.૬ વૈધાનિક જોગવાઈઓ

૧૧.૬.૧ ધિરાણ અવરોધ, નિવારણ અને સજ્જતા

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ મુજબ અવરોધ નિવારણ અને સજ્જતાના ભંડોળ સંબંધિત જોગવાઈઓ નીચે પ્રમાણે યાદીકૃત છે:

૧. રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ કલમ ૬ (ગ) નિવારણ હેતુ માટે ભંડોળની ભલામણ કરી શકે તેવી જોગવાઈ પૂરી પાડે છે;

૨. કલમ ૧૮ (૨) (ફ) કે રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળો નિવારણ અને સજ્જતા માટેના પગલાં માટે ભંડોળની ભલામણ કરી શકે તેવી જોગવાઈ પૂરી પાડે છે;

૩. કલમ ૩૫ (૨) (સી) કેન્દ્ર સરકાર ભારત સરકારના મંત્રાલયો અથવા વિભાગો દ્વારા આપત્તિ રોકવા, નિવારણ, ક્ષમતા-નિર્માણ અને સજ્જતામાટે ભંડોળની યોગ્ય ફાળવણી સુનિશ્ચિત કરી શકે તેવી જોગવાઇ પૂરી પાડે છે.

૪. કલમ ૩૬ (ઇ)માં ભારત સરકારના મંત્રાલયો અથવા વિભાગો આપત્તિ નિવારણ, શમન, ક્ષમતા નિર્માણ અને સજ્જતા અંગેના પગલાં માટે ભંડોળ ફાળવશે તેવી જોગવાઇ કરવામાં આવી છે;

૫. કલમ ૩૮ (૨) (ડી)માં , રાજ્ય સરકાર તેના રાજ્ય અને જિલ્લા આયોજનની જોગવાઈઓનુસારરાજ્ય સરકારના વિભાગો દ્વારા આપત્તિ નિવારણ , શમન, ક્ષમતા -નિર્માણ અને સજ્જતા માટેના પગલાં સંબંધી ભંડોળ ફાળવી શકે છે, જોગવાઇ કરવામાં આવી છે;

૬ કલમ ૩૯ (સી)ની જોગવાઇ મુજબ રાજ્ય સરકારના વિભાગો આપત્તિ નિવારણ , શમન, ક્ષમતા નિર્માણ અને સજ્જતા માટે ભંડોળ ફાળવશે.

૧૧.૬.૨ મંત્રાલયો અને વિભાગો દ્વારા ફાળવણી

મંત્રાલયો અને વિભાગો દ્વારા ભંડોળની ફાળવણીની જોગવાઈ કરતા આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૪૯ જણાવે છે કે:

- કલમ ૪૯ (૧) - ભારત સરકારના તમામ મંત્રાલય અથવા વિભાગ તેના વાર્ષિક બજેટમાંતેની આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં નિર્ધારિત પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો હાથ ધરવા ભંડોળ માટે જોગવાઈઓ કરશે.
- પેટા-કલમ (૧) ની જોગવાઈઓ જેમની તેમ રાજ્યના સરકારનાવિભાગોને પરિવર્તનશીલ પરિવર્તન લાગુ પડશે.

૧૧.૬.૩આપત્તિ જોખમ ઘટાડવા માટે કાયદામાં જોગવાઈઓ

ડીઆરઆરને મુખ્ય પ્રવાહમાં લાવવા અને તેની સહાય માટે આપત્તિ વ્યવસ્થાપન કાયદા ૨૦૦૫માં સમાવિષ્ટ કેટલીક વૈધાનિક જોગવાઈઓ નીચે રજૂ કરવામાં આવી છે.

૧. રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ આપત્તિના નિવારણ માટે શમન , અથવા પડકારરુપ પરિસ્થિતિ અથવા આપત્તિનો સામનો કરવા માટે સજ્જતા અને ક્ષમતા નિર્માણ માટે જરૂરી લાગે તેવા અન્ય પગલાં લઈ શકે તે માટેની જોગવાઇ કલમ ૬ (૨) (i) પૂરી પાડે છે.

૨. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ રાજ્યના વિવિધ વિભાગોની વિકાસ યોજનાઓની સમીક્ષા કરી અને તેમાં અટકાવ અને નિવારણનાં પગલાં સંકલિત છે તેની ખાતરી કરી શકે તેવી જોગવાઇ કલમ ૧૮ (૨) (ગ) પૂરી પાડે છે.

૩. રાજ્ય મૂલ્યાંકન સમિતિ આપત્તિઓના વિવિધ સ્વરૂપો માટે રાજ્યના જુદા જુદા ભાગોની અસુરક્ષાની તપાસ કરી શકે અને તે અટકાવવા અથવા નિવારણ માટે લેવાના પગલાં સ્પષ્ટ કરી શકે તેવી જોગવાઇ કલમ ૨૨ (૨) (બી) પૂરી પાડે છે.

૪. રાજ્ય યોજનામાં આપત્તિઓના નિવારણ અને શમન માટે અપનાવવામાં આવતાં પગલાંનો સમાવેશ કરવાની જોગવાઇ કલમ ૨૩ (૪) (બી) પૂરી પાડે છે;

૫. રાજ્ય યોજનામાં વિકાસની યોજનાઓ અને પ્રોજેક્ટ્સ સાથે નિવારણના પગલાં સંકલિત કરવાની રીત સામેલ હશે તેવી જોગવાઇ કલમ ૨૩ (૪) (સી) પૂરી પાડે છે ;

૬. રાજ્ય યોજનામાં ક્ષમતા નિર્માણ અને સજ્જતા પગલાં લેવાના રહેશે તેવી જોગવાઇ કલમ ૨૩ (૪) (ડી)માં કરવામાં આવી છે.

૭. જિલ્લા સત્તામંડળ આપત્તિઓ રોકવા માટેની માર્ગદર્શિકા , તેના પ્રભાવોને ઘટાડવા , રાષ્ટ્રીય અને રાજ્ય સત્તામંડળો દ્વારા નિર્ધારિત કરેલા સજ્જતા અને પ્રતિભાવના પગલાં તમામ વિભાગો દ્વારા જિલ્લા સ્તરે સરકાર અને જિલ્લામાં સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા અનુસરવામાં આવે છે એ સુનિશ્ચિત કરી શકે એવી જોગવાઇ. કલમ ૩૦ (૨) (iv) પૂરી પાડે છે.

૮. સ્થાનિક સત્તાવાળાઓ , સરકારી અને બિનસરકારી સંગઠનોના સહયોગથી જિલ્લા સત્તાવાળા, આપત્તિના અટકાયતી અથવા નિવારણ માટે સામુદાયિક તાલીમ અને જાગૃતિ કાર્યક્રમોની સુવિધા આપી શકે તેવી જોગવાઇ કલમ ૩૦ (૨) (xiii) પૂરી પાડે છે;

૯. જિલ્લા સત્તાધિકારી વહેલી તકે ચેતવણી અને યોગ્ય માહિતી લોકો સુધી પહોંચાડવા માટે તંત્રની સ્થાપના , જાળવણી, સમીક્ષા અને સુધારો કરી શકે તેવી જોગવાઇ કલમ ૩૦ (૨) (xiv) પૂરી પાડે છે.

૧૦. કલમ ૩૧ (૩) (બી)ની જોગવાઇ મુજબ જિલ્લા યોજનામાં જિલ્લા સ્તરે સરકારના વિભાગો અને જિલ્લાના સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા આપત્તિના નિવારણ અને નિવારણ માટેના પગલાંનો સમાવેશ કરવામાં આવશે;

૧૧. જિલ્લા કક્ષાએ દરેક અધિકારીઓ એક યોજના તૈયાર કરશે તેવી જોગવાઇ કલમ ૩૨ (એ) એ પૂરી પાડે છે:

- જિલ્લા યોજનામાં અને વિભાગ અથવા સંબંધિત એજન્સીને સોંપવામાં આવ્યા મુજબના અટકાયતી અને નિવારણ પગલાંની જોગવાઈઓ;
- જિલ્લા યોજનામાં નિર્ધારિત ક્ષમતા-નિર્માણ અને સજ્જતાને લગતા પગલાં લેવા માટેની જોગવાઈઓ;
- કોઈપણ ભયાનક આપત્તિની પરિસ્થિતિ અથવા આપત્તિના કિસ્સામાં પ્રતિભાવ યોજનાઓ અને પ્રક્રિયાઓ

૧૨. કેન્દ્ર સરકાર આપત્તિઓ અટકાવવા અને ભારત સરકારના મંત્રાલયો અથવા વિભાગો દ્વારા તેમની વિકાસ યોજનાઓ અને પ્રોજેક્ટ્સમાં ઉપાયોના સંકલનની ખાતરી કરી શકે તેવી જોગવાઇ કલમ ૩૫ (૨) (બી) પૂરી પાડે છે ;

૧૩. ભારત સરકારના દરેક મંત્રાલય/ વિભાગો તેની વિકાસ યોજનાઓ અને પ્રોજેક્ટ્સમાં સંકલિત થઈ શકે છે , રાષ્ટ્રીય સત્તામંડળ દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકા અનુસાર આપત્તિઓના નિવારણ અથવા ઘટાડવાનાં પગલાં લેવાની જોગવાઇ કલમ ૩૬ (બી) પૂરી પાડે છે.

૧૪. કલમ ૩૭ (૧) (અ) ભારત સરકારના તમામ મંત્રાલયો અને વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવાની ફરજ પાડતી અન્ય બાબતો સ્પષ્ટ કરે છે:

- રાષ્ટ્રીય યોજના અનુસાર આફતોના નિવારણ અને શમન માટે તેના દ્વારા લેવાતા પગલાં;
- રાષ્ટ્રીય સત્તાધિકારી અને રાષ્ટ્રીય કારોબારી સમિતિની માર્ગદર્શિકા અનુસાર તેની વિકાસ યોજનાઓમાં શમન પગલાંઓના સંકલન સંબંધી નિર્દેશો;

૧૫. રાજ્ય સરકાર તેમની વિકાસ યોજનાઓ અને પ્રોજેક્ટ્સમાં રાજ્ય સરકારના વિભાગો દ્વારા આપત્તિ રોકવા અથવા ઘટાડવા માટેના પગલાંના સંકલનની ખાતરી કરી શકે તેવી જોગવાઇ કલમ ૩૮ (૨) (ઇ) પૂરી પાડે છે ;

૧૬. રાજ્ય સરકાર રાજ્ય વિકાસ યોજનામાં સંકલિત થઈ શકે , વિવિધ આપત્તિ માટે રાજ્યના વિવિધ ભાગોની અશક્તિઓને ઘટાડવા અથવા નિવારણનાં પગલાંની જોગવાઇ કલમ ૩૮ (૨) (એફ) પૂરી પાડે છે.

૧૭. રાજ્ય સરકારના વિભાગો તેની વિકાસ યોજનાઓ અને પ્રોજેક્ટ્સ , આપત્તિ નિવારણ માટેના પગલાં અને શમન માટે સંકલિત કરી શકે તેવી જોગવાઇ કલમ ૩૯ (બી) પૂરી પાડે છે.

૧૮. કલમ ૪૦ (૧) (એ) (ii) રાજ્યના તમામ વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવા માટે આદેશ આપે છે જે આપત્તિ નિવારણ અથવા તેના પ્રભાવોને ઘટાડવા તથા વિભાગ દ્વારા તેની વ્યૂહરચનાઓ વિકાસ યોજનાઓ અને કાર્યક્રમો બંને સાથે સંકલિત કરશે.

૧૧.૭ ડીઆરઆરનું અમલીકરણ - નાણાકીય પાસાઓ

૧૧.૭.૧ જાહેર ભંડોળ યોજનાઓ

ભારતમાં ડીઆરઆર સંબંધિત યોજનાઓ અને પ્રોજેક્ટ્સને ભંડોળ આપવાની પ્રાથમિક તકનિકી પ્રક્રિયા કેન્દ્ર અને રાજ્ય સ્તરે જાહેર ભંડોળ યોજનાઓ દ્વારા છે. જ્યાં સુધી ચોક્કસ આપત્તિઓનો સંબંધ હોય ત્યાં સુધી વિવિધ મધ્યસ્થ મંત્રાલયો આપત્તિ વ્યવસ્થાપનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ મધ્યસ્થ મંત્રાલયો તેમજ અન્ય મંત્રાલયો અને વિભાગો સમર્પિત યોજનાઓ છે , જેનો હેતુ તેમના ખાસ ક્ષેત્ર આપત્તિ અટકાયત, નિવારણ, ક્ષમતા નિર્માણ વગેરેનો છે. હાલના ઉદાહરણોમાં અગ્નીશમન અને તાત્કાલિક સેવાઓના મજબૂતીકરણ માટે ગૃહ મંત્રાલયની યોજના , આપત્તિ વ્યવસ્થાપન માટે એટીઆઇ અને અન્ય તાલીમ સંસ્થાઓને નાણાકીય સહાય , વન અને પર્યાવરણ મંત્રાલયની પરામર્શ સમિતિનો સંકલિત દરિયા કિનારાનો પ્રદેશ વ્યવસ્થાપન કાર્યક્રમ અને એમઓજેએસના પુર વ્યવસ્થાપન અને પુરની આગાહીના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ડીઓએસ પાસે આપત્તિ વ્યવસ્થાપનને સહાયક કાર્યક્રમ છે અને એમઓઇએસ પાસે સુનામી અને વરસાદની જાહેરાત પ્રણાલી પરત્વેની યોજના છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ વાવાઝોડાના જોખમ નિવારણ માટે વિશ્વ બેન્ક દ્વારા સહાયિત ભંડોળ ધરાવતી મહત્વની યોજના અમલમાં મૂકી રહ્યું છે. જેમાં રાષ્ટ્રીય વાવાઝોડા જોખમ નિવારણ યોજના, વાવાઝોડાની આગાહી અંગે ભાળ રાખવી અને ચેતવણી પધ્ધતિ , ક્ષમતા નિર્માણ અને માળખાકીય પગલાંનો સમાવેશ થાય છે.

આ સિવાય એવી ઘણી યોજનાઓ જે વિવિધ મંત્રાલયો/ વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવે તેમાં ડીઆરઆર ઘટકો જોડાયેલા છે , દાખલા તરીકે વન અને પર્યાવરણ મંત્રાલયની પરામર્શ સમિતિ દ્વારા અમલમાં મુકાયેલી યોજનાઓ તેમજ અન્ય ઘણા કાર્યક્રમો છે જે સામાજિક પ્રતિકાર ક્ષમતામાં સુધારો કરે છે, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન, મહાત્મા ગાંધી રોજગાર બાંયધરી યોજના અને શહેરી વિકાસનું શહેરી નવીનીકરણ મિશન ડીઆરઆરનો એક મહત્વપૂર્ણ ઘટક છે.

પુન નિર્માણ પ્રવૃત્તિઓ માટેનો ખર્ચ સામાન્ય રીતે કેન્દ્ર સરકારની યોજનાઓ સાથે સાંકળી લેવામાં આવે છે જે " સારૂં નિર્માણ" માન્ય કાર્યક્રમ સાથે સુસંગત છે. આપત્તિ પછીના પુર્નનિર્માણ કાર્યને કેન્દ્ર સરકાર દ્વારા આ ક્ષેત્રમાં ચાલી રહેલા માળખાગત યોજનાઓ માટે વધતા ખર્ચ અને અસરગ્રસ્ત રાજ્યને

વધુ અનુદાનિત અનુદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. કેન્દ્ર/રાજ્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના ભંડોળનો ઉપયોગ ચોક્કસ ક્ષેત્રમાં વિશિષ્ટ હસ્તક્ષેપ માટે પણ કરી શકે છે.

૧૧.૭.૨ કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓના ભાગરૂપે ફ્લેક્સી ફંડ્સ

નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગ અનુસાર , નીતિ આયોગે કાર્યાલય યાદી નંબર ૦ –૧૧૦૧૩/ ૦૨૨૦૧૫-સીએસએસ અને સીએમસી તા.૧૭મી ઓગષ્ટ ,૨૦૧૬ દ્વારા કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓને તર્કસંગત બનાવવા માટે સૂચનાઓ બહાર પડી છે. આ યાદીના ફકરા ૬ મુજબ દરેક પુરસ્કૃત યોજના માટે દરેક યોજના અંતર્ગત સમગ્ર વાર્ષિક ફાળવણીનું ચલ ભંડોળ ફરી સુધારીને રાજ્યો માટે ૨૫ ટકા અને કેન્દ્ર શા સિત રાજ્યો માટે ૩૦ ટકા કરવામાં આવ્યું છે. નીચેના હેતુ હાંસલ કરવા માટે કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓના ઘટકોની મર્યાદામાં ઉપયોગ કરી શકાશે.

એ) પેટા-સદર સ્તરે કોઈપણ યોજનાના એકંદર હેતુની મર્યાદામાં સ્થાનિક જરૂરિયાતો અને તેને પહોંચી વળવા માટે રાજ્યોને સુગમતા પ્રદાન કરવી

બી) પેટાસદર સ્તરે કોઈપણ યોજનાના એકંદર હેતુની મર્યાદામાં કાર્યક્ષમતા સુધારવા માટે પાયલોટ સંશોધન માટે

સી) કુદરતી આફતોના કિસ્સામાં શમન/ પુનસ્થાપન પ્રવૃત્તિઓ હાથ ધરવા અથવા આંતરિક સુરક્ષા વિક્ષેપથી પ્રભાવિત વિસ્તારોમાં સ્થાનિક જરૂરિયાતો સંતોષવા

કુદરતી આફતની સ્થિતિમાં શમન/પુર્નસ્થાપન પ્રવૃત્તિઓ માટે ચલ ફંડનો ઉપયોગ કેન્દ્રિય યોજનાના વ્યાપક ઉદ્દેશો અનુસાર હોવો જોઈએ. એક જ ક્ષેત્રની તમામ યોજનાઓ સાથે ચલ ફંડ ઘટકને જોડવું શક્ય છે પરંતુ ચોક્કસ ક્ષેત્રમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાના ચલ ફંડને અન્ય ક્ષેત્રની પ્રવૃત્તિઓ/યોજનાઓમાં આ ભંડોળ ફેરવવામાં આવશે નહીં . ચલ ફંડ ચોક્કસ કેન્દ્રીય પુરસ્કૃત યોજના-યોજનાઓના એકંદર ઉદ્દેશો જેના હેઠળ તેમને ફાળવવામાં આવે છે એ નિવારણ પ્રવૃત્તિઓ માટે ભંડોળનો સ્ત્રોત બનાવે છે અને હજુ પણ સંપૂર્ણ રીતે ખાસ કરીને બહુવિધ ક્ષેત્રોને આવરી લેતા આપત્તિ નિવારણ સંબંધિત પ્રોજેક્ટ્સના ભંડોળના સંદર્ભમાં તેમાં અવકાશ રહેશે. તેને બાદમાં રાષ્ટ્રીય/રાજ્ય આપત્તિ નિવારણ ફંડની સ્થાપના દ્વારા આવરી લેવામાં આવશે.

૧૧.૭.૩ બહારથી સહાયિત યોજનાઓ

જાહેર ભંડોળ યોજનાઓ દ્વારા ઉપલબ્ધ ભંડોળ ઉપરાંત , કેન્દ્ર દ્વારા આંતરિક નિર્બળતાઓની આકારણી, ક્ષમતા વિકાસ, પ્રતિભાવ તંત્રની સંસ્થાકીય મજબૂતી અને નિવારણ પગલાં વગેરે માટે બાહ્ય

ભંડોળ એજન્સીઓ પાસેથી સંસાધનો એકત્ર કરવા માટે પણ કેન્દ્ર દ્વારા પ્રયાસો કરવામાં આવેે છે.મોટી આફતો બાદ પુનનિર્માણ અને પુનર્વસન માટે વિશ્વ બેંક અને એવી અન્ય બાહ્ય ભંડોળ એજન્સીઓની સહાય મારફત કેન્દ્ર સરકાર રાજ્યોને ટેકો આપવાનું ચાલુ રાખશે.

૧૧.૮ જોખમની તબદીલી અને વીમો

હાલમાં ભારત સરકાર રાહત ભંડોળ (રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ) જાળવવાના હેતુ માટે સ્વ-વીમાદાતા તરીકે કાર્ય કરી રહી છે. નાણા મંત્રાલય સાથે પરામર્શમાં રહીને ગૃહ મંત્રાલય દ્વારા ભંડોળનું નિરીક્ષણ કરવામાં આવે છે. રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ માટે પ્રતિબદ્ધ રકમ કેન્દ્ર દ્વારા સરકારી જામીનગીરીમાં રોકવામાં આવે છે . જરુરીયાત મુજબ જામીનગીરી જાળવણી અને વટાવવા માટે ગૃહ મંત્રાલયે નાણા મંત્રાલયની સલાહ સાથે માર્ગદર્શિકા બહાર પાડે છે જો કે ખાનગી સંસ્થાઓ દ્વારા યોજનાઓ અથવા જોખમની તબદીલીના સાધનોની જરૂરિયાત સરકાર દ્વારા પણ સ્વીકારવામાં આવે છે. અનુરૂપ નીતિમાં ફેરફાર અને ભંડોળની જરૂરિયાત અંગે વીમા નિયમન અને વિકાસ સત્તામંડળ (IRDA), વીમા ક્ષેત્ર અને અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કરીને વિગતવાર ચર્ચા કરવાની રહે છે.

૧૨ આપત્તિ જોખમ શાસન મજબૂત બનાવવું

૧૨.૧ પશ્ચાદભૂમિકા

આપત્તિ જોખમ સંચાલનને મજબુત બનાવવું એ વૈશ્વિક પ્રથાઓ (સંયુક્ત રાષ્ટ્ર સંઘ વિકાસ કાર્યક્રમ ૨૦૧૫) માં જોખમોને સમજવા , ઘટાડવા અને સંચાલન કરવા માટેના પ્રયાસોનો આધારસ્તંભ માનવામાં આવે છે. વિવિધ સ્તરે શાસન દેશના હવાઈ સંચાલનમાં રાજકીય ,આર્થિક અને વહીવટી સત્તાનો ઉપયોગ કરે છે. તે તકનિકી, પ્રક્રિયા અને સંસ્થાઓથી બનેલું છે જેના દ્વારા જૂથો તેમના હિતને સ્પષ્ટ કરે છે , તેમના કાનૂની અધિકારોનો ઉપયોગ કરે છે , તેમની જવાબદારીઓ પૂરી કરે છે અને મતભેદોમાં મધ્યસ્થી કરે છે. શાસન સરકારના અનુભવની સીમા ઓળંગે છે. સરકારી વ્યવસ્થાઓ અને સત્તાઓથી આગળ વધીને.તે સક્રીય નાગરિકોને જોડવા પ્રોત્સાહિત કરે છે. જોખમ સંચાલન આપત્તિઓ સહિત માનવ સમાજો દ્વારા માન્યજોખમોની સંપૂર્ણ શ્રેણી જેમાંજોખમ સંચાલન ,આરોગ્ય અને તબીબી , સલામતી અને સુરક્ષા અનેપર્યાવરણીય જેવા જોખમોનો સમાવેશ કરે છે.

જાહેર સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા અનેક કાર્યો હવે ઘણા સરકારી તેમજ ખાનગી ક્ષેત્ર અથવા નાગરિક સમાજ સંસ્થાઓ દ્વારા પ્રદાન કરવામાં આવતા કાર્યોને સ્વીકૃતિ એ શાસનના ખ્યાલની ઉત્પત્તિને આંશિક રૂપે માન્યતા આપે છે. આવી પધ્ધિતઓ વિવિધ પ્રકારના ધોરણો જેમ કે રાજ્ય નિયમન, સ્વ-નિયમન અને બજાર તંત્રના વિકાસ અને વિવિધતા પર આધાર રાખે છે (ટિર્ની ૨૦૧૨). તે અન્ય પ્રક્રિયાઓ જેમ કે વાટાઘાટ, ભાગીદારી અને જોડાણ પર પણ આધાર રાખી શકે છે, જે સામૂહિક નિર્ણય લેવા અને કામગીરીની સુવિધા આપે છે.આપત્તિ શાસન અંદર અને બહારથી પ્રભાવિત સામાજિક સંચાલન પ્રણાલીઓ છે અને રાજ્ય-નાગરિક સમાજી ક સંબંધો, આર્થિક સંગઠન અને સામાજિક સંક્રમણો જેવા વિવિધ પાસાઓ આપત્તિ શાસન ઉપર અસરો ધરાવે છે. આપત્તિના વિવિધ તબક્કાઓમાં શાસન વ્યવસ્થાઓ અને હિસ્સેદારોની ભાગીદારી અલગ અલગ હોઈ શકે છે.જે શાસન માટે પડકારોની આંટીઘૂટીમાં વધારો કરે છે. વીમા અને પુર્ન વીમા સહીત જોખમ ફેલાવતી પદ્ધતિઓ આપત્તિ શાસનનો અભિન્ન ભાગ છે.

યુએનડીપી જોખમ શાસનનું વર્ણન આ રીતે કરે છે.

"જે રીતે જાહેર સત્તાવાળાઓ , નાગરિક સેવકો, માધ્યમો, ખાનગી ક્ષેત્ર અને રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે નાગરિક સમુદાય આપત્તિ અને આબોહવા સંબંધિત જોખમોનું સંચાલન અને ઘટાડવા માટે સહકાર આપે છે.આનો અર્થ એ છે કે આપત્તિઓ અટકાવવા , તૈયારી કરવા, આપત્તિઓથી બચવા તેનુ સંચાલન કરવા માટે પૂરતી કક્ષાએ ક્ષમતા અને સંસાધનો ઉપલબ્ધ કરાવાયા છે. શાસન નાગરિકો માટે તેમની રુચિઓ, તેમના કાનૂની અધિકારો અને જવાબદારીઓનો ઉપયોગ કરવા અને તેમના તફાવતોમાં મધ્યસ્થી કરવા માટે પધ્ધતતિઓ , સંસ્થાઓ અને પ્રક્રિયાઓનો પણ સમાવેશ કરે છે. "(યુએનડીપી ૨૦૧૩)

યુએનઆઇએસડીઆર તેને આ રીતે વ્યાખ્યાયિત કરે છે.

"આપત્તિ જોખમ ઘટાડવા અને નીતિના સંબંધિત ક્ષેત્રોને માર્ગદર્શન , સંકલન અને દેખરેખ માટે સંસ્થાઓ,પદ્ધતિઓ, નીતિ અને કાનૂની માળખા અને અન્ય વ્યવસ્થાઓની પધ્ધતિ."
(યુએનઆઇએસડીઆર ૨૦૧૬)

વૈશ્વિક આબોહવા પરિવર્તન , પર્યાવરણીય અધોગતિ , નાણાકીય કટોકટીઓ અને સંઘર્ષની પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા સહિત અન્ય પ્રકારના જોખમોના સંચાલનથી આપત્તિના જોખમને કોઇ અલગ કરી શકતું નથી, એ વિચાર નોંધપાત્ર રીતે વિકસિત થયો છે અને વર્તમાન વિચારસરણી સ્વીકારે છે. (યુએનડીપી ૨૦૧૫) ૨૦૦૦ ના મધ્ય ભાગથી, શાસનને સામાન્ય રીતે ડીઆરઆરના મૂળ તરીકે સ્વીકારવામાં આવ્યું હતું , જે અંતર્ગત રાષ્ટ્રીય અને સ્થાનિક સંસ્થાઓની ડીઆરઆર ક્ષમતા વધારવા માટે નીતિ, કાનૂની અને આયોજન માળખાને મજબૂત કરવા, માનવ અને નાણાકીય ક્ષમતા વિકસાવવા અને બહુ લક્ષી-હિસ્સેદારી અને બહુ લક્ષીશિસ્તના અભિગમોને પ્રોત્સાહન આપવાની વ્યાપક કામગીરી ચાલી રહી હતી. હિસ્સેદારોની ભાગીદારી , સહયોગ, જવાબદારી અને પારદર્શિતા પરથી આપત્તિ શાસનની અસરકારકતાનો અંદાજ લગાવી શકાય છે. હવે સૌથી વધુ જોખમ ધરાવતા લોકોની જરૂરિયાતો પ્રત્યે જવાબદારી , પારદર્શિતા, પ્રતિભાવ અને પર્યાપ્ત કાયદાકીય જોગવાઈઓ સાથે કાયદાનું શાસન/પાલન સુનિશ્ચિત કરવા પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. વિકાસને પ્રોત્સાહન આપવા અને જોખમ ઘટાડવાના કાર્યને પ્રેરણા માટે આનું મહત્વ નિર્ણાયક છે.

ઉપરથી નીચે સુધી વિવિધ સ્તરે ડીઆરઆરની નીતિઓનો અમલ કરવામાં આવે છે ત્યારે સંબંધિત વ્યક્તિગત કાર્યકર્તાઓ અને સંસ્થાઓની ક્ષમતાની ભૂમિકા અદા કરવામાં આવે છે.શાસન માળખું લાગુ કરતી વખતે ટકાઉ વિકાસ અને આપત્તિ જોખમમાં ઘટાડાના ઉદ્દેશ (યુએનડીપી ૨૦૦૪) ને ધ્યાનમાં રાખીને ભાગીદારી , કાયદાનું શાસન , પારદર્શિતા, પ્રતિભાવ, સર્વસંમત અભિગમ , તર્કસંગતતા, અસરકારકતા, કાર્યક્ષમતા, જવાબદારી અને વ્યૂહાત્મક દ્રષ્ટિ તેના મુખ્ય પરિબળો છે.

૧૨.૨ સેન્ડાઇ માળખું અને આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ

સેન્ડાઇ માળખું વિવિધ સ્તરે શાસનના આપત્તિના જોખમના અસરકારક અને કાર્યદક્ષ સંચાલનના મહત્વ પર ભાર મૂકે છે. જેમ અગાઉ ચર્ચા કરવામાં આવી હતી એમ માર્ગદર્શન અને સંકલનના સમગ્ર ક્ષેત્રોમાં અસરકારક જોખમ સંચાલનની સ્પષ્ટ દ્રષ્ટિ , યોજનાઓ, યોગ્યતા, સંબંધિત હિસ્સેદારોની ભાગીદારી જરૂરી છે . આપત્તિ જોખમ ઘટાડવા અને ટકાઉ વિકાસના અમલીકરણ માટે સહયોગ અને ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે આપત્તિ જોખમ શાસનને મજબૂત બનાવવું જરૂરી છે. આપત્તિ જોખમ શાસનને મજબૂત કરવા માટે સેન્ડાઇ માળખુ નીચેના પર ભાર મૂકે છે:

એ) સંબંધિત કાયદાઓ, નિયમો અને જાહેર નીતિઓના તમામ ક્ષેત્રોમાં તેમજ તેમાં આપત્તિ જોખમ ઘટાડવાનો મુખ્ય પ્રવાહ અને સંકલિત સુસંગતતા અને વિકાસને પ્રોત્સાહન આપે છે. તેણે જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોને કાનૂની માળખા દ્વારા માર્ગદર્શન આપવાનું જ છે જે ભૂમિકાઓ અને જવાબદારીઓને સ્પષ્ટ રીતે વર્ણવે છે. તેણે જાહેર માલિકી સંચાલિત કે નિયંત્રિત સેવાઓઅને આંતરમાળખામાં આપત્તિના જોખમને ધ્યાને લેવાના છે. તેણે વ્યક્તિઓ, પરિવારો, સમુદાયો અને વ્યવસાયો દ્વારા થતી કામગીરીને પ્રોત્સાહિત કરવાની જ છે. તેણે આપત્તિ જોખમની પારદર્શિતા માટે સંબંધિત પધ્ધતિ અને પહેલોને વધારવી પડશે. તે માટે સંકલન અને સંગઠનાત્મક માળખાં મૂકવા જોઈએ.

બી) જેનો ઉદ્દેશ વિવિધ સ્તરોએ (સ્થાનિકથી રાષ્ટ્રીય) અને સમય મર્યાદાઓમાં આપત્તિ જોખમ ઘટાડવાની વ્યૂહરચનાઓ અને યોજનાઓ અપનાવી અને અમલમાં મૂકી આર્થિક , સામાજિક, આરોગ્ય અને પર્યાવરણીય જોખમનું સર્જન અટકાવવા , હાલના જોખમમાં ઘટાડો અને પ્રતિકાર ક્ષમતાને મજબૂત બનાવવાનો છે.

સી) વિવિધ સ્તરે ઓળખી શકાય તેવા જોખમોનો સામનો કરવા માટે તકનીકી , નાણાકીય અને વહીવટી આપત્તિ જોખમ વ્યવસ્થાપન ક્ષમતાનું મૂલ્યાંકન કરવું.

ડી) જમીનનો ઉપયોગ, શહેરી આયોજન, મકાન સંહિતા[65], પર્યાવરણ, સંસાધન વ્યવસ્થાપન, આરોગ્ય અને સુરક્ષાના ધોરણોને સ્પર્શતા ક્ષેત્રીય કાયદાઓ અને નિયમોની સલામતી વધારતી જોગવાઈઓનું ઉચ્ચ કક્ષાનું પાલન સુનિશ્ચિત કરવા માટે જરૂરી પદ્ધતિઓમાં જ્યાં જરૂર હોય ત્યાં વધુ સારી આપત્તિ જોખમ વ્યવસ્થાપન માટે વૃધ્ધિ કરવા પ્રોત્સાહન આપો અને તેમને અદ્યતન કરવી.

[65] મકાન સંહિતાઃ અદ્યતન/ સુધારેલ ભારતીય ધોરણોને અભિવ્યક્ત કરે છે.

ઇ) વિવિધ આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓની પ્રગતિની સમયાંતરે સમીક્ષા અને મૂલ્યાંકન કરવા તેમજ ડીઆરઆર યોજનાઓ પરત્વે સંસદસભ્યો અને સંબંધિત અધિકારીઓ સહિત સંસ્થાકીય ચર્ચાઓને પ્રોત્સાહન આપવા માટેની પધ્ધતિઓ વિકસાવી મજબૂત કરવી

એફ) આપત્તિ જોખમ વ્યવસ્થાપન સંસ્થાઓ અને પ્રક્રિયાઓ અને નિર્ણય લેવાની બાબતમાં સંબંધિત કાયદાકીય માળખા મારફત સમુદાયના પ્રતિનિધિઓને સ્પષ્ટ ભૂમિકાઓ અને કાર્યો સોંપવા, અને આવા કાયદાઓ અને નિયમનોના વિકાસ દરમિયાન તેના અમલ માટે જાહેર અને સમુદાયની વ્યાપક સલાહ લેવી.

જી) આપત્તિ જોખમ ઘટાડવા માટે રાષ્ટ્રીય અને સ્થાનિક મંચ જેવા રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે સંબંધિત હિસ્સેદારોના બનેલા સરકારી સંકલન ફોરમોની રચના કરી તેને મજબૂત બનાવવી.

એચ) સ્થાનિક અધિકારીઓને સ્થાનિક કક્ષાએ આપત્તિ જોખમ વ્યવસ્થાપનમાં સામાન્ય નાગરિકો, સમુદાયો અને સ્થાનિક લોકો અને સ્થળાંતરિત લોકો સાથે સંકલન કરી કામ કરવા માટે નિયમનકારી અને નાણાકીય પદ્ધતિ દ્વારા યોગ્ય રીતે સક્ષમ બનાવવી.

આઇ) સંબંધિત કાયદા ઘડવા અથવા સુધારા અને બજેટ ફાળવણી નક્કી કરીને આપત્તિ જોખમ ઘટાડવા માટે સંસદસભ્યો સાથે કામ કરવું.

જે) ખાનગી ક્ષેત્ર , જનતા, વ્યાવસાયિક સંગઠનો, વૈજ્ઞાનિક સંગઠનો અને સંયુક્ત રાષ્ટ્રની ભાગીદારી સાથે આપત્તિ જોખમ વ્યવસ્થાપન માટે પ્રમાણપત્રો અને પુરસ્કારો જેવા ગુણવત્તાના ધોરણોના વિકાસને પ્રોત્સાહન આપવું.

કે) આપત્તિ જોખમગ્રસ્ત ક્ષેત્રમાં માનવ વસાહતોના વસવાટના નિવારણ અથવા સ્થાનાંતરણના મુદ્દાઓને ધ્યાને લેવાના હેતુથી સંબંધિત જાહેર નીતિઓ અને કાયદાઓ ઘડવા.

૧૨.૩ આપત્તિ જોખમ શાસનને મજબૂત કરવા માટે જવાબદારીભર્યું માળખું

આપત્તિ જોખમ ઘટાડવા અને પ્રતિકાર ક્ષમતા વધારવા માટે આપત્તિ જોખમ શાસનને મજબૂત કરવા પર વૈશ્વિક સ્તરે આપવામાં આવી રહેલા ભાર ણને ધ્યાનમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકારની સંસ્થાઓએ જવાબદારીના માળખામાં આ વિચારણાઓના આધારે મુખ્ય કામગીરીઓ રજૂ કરવામાં આવે છે. હાલમાં કેન્દ્ર અને રાજ્યોમાં સ્થાનિકથી લઇને રાજ્ય સુધી વિવિધ કક્ષાએ આપત્તિ ઘટાડવા , પ્રતિભાવ અને આપત્તિ જોખમ સંચાલન માટે ભારતમાં સમર્પિત ઘણી સંસ્થાઓ છે. જો કે, કામગીરી, માળખું અને ક્ષમતાઓમાં ઘણો તફાવત છે. આપત્તિ શાસનને મજબૂત કરવા માટે તમામ કેન્દ્રીય મંત્રાલયોમાં આપત્તિ વ્યવસ્થાપન વિભાગની સ્થાપના કરવામાં આવશે અને સંયુક્ત સચિવના હોદ્દાથી નીચે નહીં એ કક્ષાના મધ્યસ્થ અધિકારી નિયુક્ત કરવામાં આવશે . અહીં પ્રસ્તુત માળખાનો ઉપયોગ

કરીને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમ દેશમાં આપત્તિ જોખમ સંચાલનની સમગ્ર વ્યવસ્થાને મજબૂત કરવા માગે છે. પ્રકરણ -૧ માં ચર્ચા કર્યા અનુસાર એનડીએમપી અનુક્રમે ૨૦૨૨ , ૨૦૨૭, ૨૦૩૦ સુધીમાં પૂરા થતા ટૂંકા (ટી૧) , મધ્યમ (ટી૨) અને લાંબા ગાળાના (ટી૩) દેશભરમાં વિવિધ પગલાંના અમલની કલ્પના કરે છે. દેશના વિવિધ રાજ્યો અને જિલ્લાઓમાં સંસ્થાકીય વ્યવસ્થાના અત્યંત અસમાન સ્તરને જોતાં આમાંના ઘણા અત્યંત મહત્વાકાંક્ષી છે . આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓના અમલીકરણની વર્તમાન સ્થિતિના આધારે દરેક કેન્દ્રીય મંત્રાલય , વિભાગ અને રાજ્ય સરકાર યોજનાઓ તૈયાર કરતી વખતે અથવા હાલની યોજનાઓને સુધારતી વખતે અમલીકરણ માટે સંબંધિત આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓનું આ સમયમર્યાદામાં પુનર્ગઠન કરશે.

આ વિભાગમાં આપવામાં આવેલ સામાન્યીકૃત જવાબદારી માળખું કેન્દ્ર અને રાજ્યમાં ડીઆર ગવર્નન્સ અને વિશિષ્ટ સંસ્થઓને તેમની સંબંધિત ભૂમિકાઓ સાથે મજબૂત કરવા માટેના વિષયનો સારાંશ આપે છે. જવાબદારી માળખામાં ૬ વિષયોના ક્ષેત્રોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આપત્તિ જોખમ શાસનને મજબૂત કરવા માટે પગલાં લેવા જોઈએ:

૧. મુખ્ય પ્રવાહ અને ડીઆરઆર તથા સંસ્થાકીય મજબૂતીકરણનું સંકલન

૨. ક્ષમતા વિકાસ , સ્થાનિક સત્તાવાળાઓનું સશક્તિકરણ અને પધ્ધતિઓના સંકલનને મજબૂત બનાવવું

૩. સહભાગી અભિગમ, ભાગીદારી અને માળખાને પ્રોત્સાહન આપવું

૪. ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે કામ કરવું

૫. ફરિયાદ નિવારણ પદ્ધતિ

૬. ગુણવત્તા ધોરણો, પ્રમાણપત્રો અને પુરસ્કારોનો પ્રચાર કરવો

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
૧	• તમામ ક્ષેત્રમાં અને સમગ્ર રીતે આપત્તિ જોખમ ઘટાડવા • મુખ્ય ધારાઓ અને એકીકરણ • સંસ્થાકીય મજબૂતીકરણ	આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓ	**ટૂંકા ગાળાના (ટી૧)** • સંયુક્ત સચિવ કક્ષાથી નીચે નહી એવા પદનામિત નોડલ અધિકારીની દરેક મંત્રાલય વિભાગોની બનેલી આપત્તિ/વ્યવસ્થાપન શાખા • આપત્તિ જોખમ વ્યવસ્થાપનની મૂલ્યાંકન કરવા માટે તાંત્રિક ,નાણાકીય અને વહીવટી ક્ષમતા. • પધ્ધતિઓનું સંકલન અને મજબૂતીકરણ/સ્થાપના • સંબંધિત કાયદાઓ , નિયમો અને જાહેર નીતિઓને સુસંગતતા અને વિકાસને પ્રોત્સાહન આપવું **મધ્યમ ગાળાના (ટી૨)** • સમગ્ર અલગ અલગ કક્ષા અને સમયે આપત્તિ જોખમ ઘટાડવાની વ્યુહ રચના અને યોજનાઓ સ્વીકારી તેનો અમલ • ડીઆરઆરના તમામ પાસાઓના સંદર્ભમાં સમાજના સમાવેશને મજબૂત કરવો	રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા, આપત્તિ વ્યવસ્થાપન વિભાગ,મહેસુલ વિભાગ, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન એજન્સી,પીઆરઆઇ યુએલબી,આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા તમામ	**ટૂંકા ગાળા (૧ ટી)** • સ્થાનિક અધિકારીઓને સશક્ત બનાવવા •રાજ્યમાં તમામ સ્તરે આપત્તિ જોખમ વ્યવસ્થાપન માટે તકનીકી , નાણાકીય અને વહીવટી ક્ષમતાનું મૂલ્યાંકન કરવું **મધ્યમ અવધિ (૨ટી)** • કામની સંસ્કૃતમાં સુધારો લાવવો • સંબિધિત કાયદા, વિનિયમો અને જાહેર નીતિઓની સુસંગતા અને વિકાસને પ્રોત્સાહન આપવું • વિવિધ સ્તરોએ અને સમય મર્યાદામાં આપત્તિ જોખમ ઘટાડવાની વ્યૂહરચના અને યોજનાઓ અપનાવવી અને લાગુ કરવી • સંસ્થાઓને કાર્યક્ષમ અને પ્રભાવશીલ બનાવવી • પારદર્શિતા અને જવાબદારીની ખાતરી કરવા પ્રણાલીઓ અને પ્રક્રિયાઓ વિકસાવવી

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
			લાંબા ગાળાના (૩ ટી) • સલામતી વધારતી જોગવાઇનું ઉચ્ચ સ્તરનું પાલન સુનિશ્ચિત કરવા જરૂરી પદ્ધતિઓ અને પ્રોત્સાહનોને ઉત્તેજન આપવું • સંસ્થાઓને કાર્યક્ષમ અને ઉત્તરદાયી બનાવો, કામની સંસ્કૃતિને સુધારવી • વહીવટ અને વિકાસના તમામ સ્તરે નીતિઓ અને આયોજનને ડીઆરઆરમાં સંકલિત કરવો •તંત્ર વ્યવસ્થાનો વિકાસ કરવો અને પદરદર્શિતા અને ઉત્તરદમયિત્વની પ્રક્રિયાની ખાતરી કરવી	વિભાગો	• પારદર્શિતા માટે સંબંધિત તંત્ર અને પહેલ વધારવી • રાજ્ય, જિલ્લા અને સ્થાનિક સત્રે સંકલન અને કાર્ય પદ્ધતિને મજબૂત કરવી **લાંબા ગાળાના (૩ ટી)** જરૂરી પધ્ધતિને ઉત્તેજન આપ વું અને સલામતી વધારતી જોગવાઈઓનું ઉચ્ચ સ્તરનું પાલન સુનિશ્ચિત કરવા પ્રોત્સાહન આપવું
			પુનરાવર્તિત • વિભાગો, અન્ય સંસ્થાઓ અને રાજ્યોને માર્ગદર્શન, તકનિકી સહાય, નિરીક્ષણ અને દેખરેખ • રાષ્ટ્રીય સંકલિત આપત્તિ જોખમ		પુનરાવર્તિત રાજ્યના મંત્રાલયો , વિભાગો અને સંસ્થાઓમાં અમલીકરણ **ટૂંકી મુદત (૧ટી)** આપત્તિના જોખમને સમજવા માટે રાજ્ય ,

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
૨	•ક્ષમતા વિકાસ સ્થાનિક અધિકારી ને સશક્ત બનાવવા •પધ્ધતિઓના સંકલનને મજબૂત બનાવવું	પ્રકરણ ૧, ૪, ૭, ૮, ૯, ૧૦ માં ઉલ્લેખિત જોખમો મુજબ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા બહુવિધ મંત્રાલયો અને સંસ્થાઓ	ઘટાડવાની પદ્ધતિઓ મજબૂત કરવી • સમગ્ર ક્ષેત્રોમાં ડીઆરઆર માટે સંકલનની અનુકૂળતા કરવી • સિવિલ સોસાયટીઓ, ખાનગી ક્ષેત્ર અને શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારીની અનુકૂળતા કરવી **ટૂંકી મુદત (૧ટી)** તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને સંસથાઓ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમ/આપત્તિ જોખમ પ્રતિભાવ યોજનાઓની તૈયારી **મધ્યમ અવધિ (૨ ટી)** • આપત્તિ જોખમ પ્રતિભાવ માટે નિયમનકારી ધોરણો અને ગુણવત્તાઓને સમજવા અને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે જરૂરી ક્ષમતા વિકસાવવી • રાજ્ય કક્ષાએ થતા પ્રયાસોને ટેકો આપવા	રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો,રાજ્ય SDMA, DMD$ RD,, DDMA, PRs ULBs, આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા તમામ વિભાગો	જિલ્લા, તાલુકા અને સ્થાનિક સ્તરે ક્ષમતાઓ વિકસાવવી, આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ વિકસાવવી, સંબંધિત નીતિઓ, કાયદાઓનો અમલ કરવો અને જોખમ ઘટાડવાના સલામતી ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવું. **મધ્યમ અવધિ (૨ ટી)** • સમુદાયો, પીઆરઆઇ, નગરપાલિકાઓ, શહેરી સ્થાનિક સંસ્થાઓ , વગેરે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નાગરિક, સમાજ સંસ્થાઓ , ખાનગી ક્ષેત્ર અને શૈક્ષણિક સંસ્થાઓને સામેલ કરવા • આપત્તિ જોખમ પ્રતિભાવ માટે નિયમનકારી ધોરણો અને ગુણવત્તાને સમજીને તેને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે જરૂરી ક્ષમતા વિકસાવવી • આપત્તિ જોખમ પ્રતિભાવમાં સામાજિક સમાવેશના મહત્વ વિશે તમામ રાજ્ય વિભાગો અને સંસ્થાઓને સંવેદનશીલ બનાવવી

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
			પર વિશેષ ભાર આપવો • તમામ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની આપત્તિ જોખમ પ્રતિભાવની ક્ષમતાઓને મજબૂત બનાવવી • આપત્તિ જોખમ પ્રતિભાવમાં સામાજિક સમાવેશના મહત્વ વિશે તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને એજન્સીઓને સંવેદનશીલ બનાવો • આપત્તિ જોખમ પ્રતિભાવમાં પર્યાવરણ તંત્રની ભૂમિકા અને જમીનના યોગ્ય ઉપયોગ માટે જાગૃતિ ઉભી કરવી **લાંબા ગાળાના (ટી3)** • વિવિધ સ્તરો પર હાલની આપત્તિ જોખમ પ્રતિભાવ ક્ષમતા (તમામ પ્રકારની) નું મૂલ્યાંકન કરો અને જરૂરિયાતોને પહોંચી વળવા ક્ષમતા વિકાસ કાર્યક્રમોનો અમલ કરવું • આબોહવા પરિવર્તન દ્વારા ઉદ્ભવતા		• આપત્તિ જોખમ પ્રતિભાવમાં પર્યાવરણ તંત્રની ભૂમિકા અને જમીનના યોગ્ય વપરાશ જાગૃતિ ઉભી કરવી **લાંબા ગાળાના (ટી 3)** • વિવિધ સ્તરે હાલની ડીઆરઆર ક્ષમતા (તમામ પ્રકારની) નું મૂલ્યાંકન કરવું અને જરૂરિયાતોને સંતોષવા ક્ષમતા વિકાસ કાર્યક્રમો ચલાવવા • આબોહવા પરિવર્તન દ્વારા ઉદભવતા પડકારોનો સામનો કરવા રાજ્ય અને સ્થાનિક સ્તરે હાલની ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવું અને જરૂરી ક્ષમતા વિકસાવવાના કાર્યક્રમો અમલમાં મૂકવા • તમામ આપત્તિ જોખમ પ્રતિભાવ યોજનાઓમાં પર્યાવરણીય અને યોગ્ય જમીન-ઉપયોગ વ્યવસ્થાપનનું સંકલન કરવું

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
			પડકારોનો સામનો કરવા માટે વર્તમાન ક્ષમતાઓનું મૂલ્યાંકન કર વું અને જરૂરી ક્ષમતાઓ વિકસાવવા માટે કાર્યક્રમોનો અમલ કરવું • તમામ ડીઆરઆર યોજનામાં પર્યાવરણ અને યોગ્ય જમીન વપરાશ વ્યવસ્થાપન સંકલિત કરવું		
3	હિસ્સેદારી અભિગમ , ભાગીદારી અને માળખાને ઉત્તેજન આપવું	આપત્તિ વ્યવસ્થાપન સાથે જોડાયેલા તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓ	**ટૂંકા ગાળાના(ટી૧)** • ભૂમિકાઓ અને કાર્યોની તર્કસંગત સોંપણીની સુવિધા આપવી • જવાબદારી સાથે સહભાગી અભિગમોને સરળ બનાવવા માટે માર્ગદર્શિકા અને ટેકો આપવો **મધ્યમ અવધિ (૨ટી)** • આંતરરાષ્ટ્રીય સહકાર અને ભાગીદારીને પ્રોત્સાહન આપવું (વૈશ્વિક, પ્રાદેશિક, SAARC) આપત્તિ જોખમ પ્રતિભાવના નિષ્ણાતો, સમુદાયો અને વ્યવસાયિકો વચ્ચે સંવાદ અને સહકારને	રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો, SDMA, DMD$, RD, DDMA, PRIs, ULBs, ખાસ કરીને DRD અને UDD આપત્તિ વ્યવસ્થા સાથે સંલગ્ન તમામ વિભાગો	**પુનરાવર્તિત** આપત્તિ વ્યવસ્થાપનના તમામ પાસાઓમાં સમુદાયો, વ્યક્તિઓ, પરિવારો અને વ્યવસાયોની ભાગીદારી માટે પ્રોત્સાહન આપવું ટૂંકા ગાળાના (ટી ૧) પ્રદેશ/ સ્થાન પર વધુ વારંવાર જોખમો પર ભાર મૂકવા સાથે બહુવિધ જોખમો આધારિત આપત્તિ વ્યવસ્થાપનમાં સહભાગી અભિગમોનો અમલ કરવો. લાંબા ગાળાના (ટી 3)

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
			પ્રોત્સાહન આપવું લાંબા ગાળાના (ટી૩) • આપત્તિ જોખમ પ્રતિભાવના નિષ્ણાતો , સંચાલકો અને આયોજકોના રાષ્ટ્રીય , ક્ષેત્રીય અને પ્રાદેશિક નેટવર્કને મજબૂત બનાવવું • આપત્તિ જોખમ પ્રતિભાવના તમામ પાસાઓમાં હિસ્સેદારો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહિત કરો		સંબંધિત હિસ્સેદારોના બનેલા સરકારી સંકલન ફોરમની સ્થાપના અને મજબૂત કરવું
૪	ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે કામ કરવું	NIDM, NDMA, NHA, MOPA	પુનરાવર્તિત • રાજકીય નેતૃત્વને સંવેદનશીલ બનાવો • આપત્તિ જોખમ પ્રતિભાવ પર ચર્ચામાં રાષ્ટ્રીય સ્તરે રાજકીય નેતૃત્વને સામેલ કરો	રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો, SDMA, DMD$, RD, DDMA, PRIs, ULBs, DRD અને UDD ખાસ કરીને આપત્તિ વ્યવસ્થાપન સાથે સંલગ્ન તમામ વિભાગો	પુનરાવર્તિત રાજકીય નેતૃત્વને સંવેદનશીલ બનાવો આપત્તિ જોખમ પ્રતિભાવ પર ચર્ચામાં રા જ્ય, જિલ્લા, તાલુકા અને સ્થાનિક કક્ષાએ રા જકીય નેતૃત્વને સામેલ કરો

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
૫	ફરિયાદ નિવારણ તંત્ર	સમગ્ર સંકલન અને પ્રતિભાવ માટે ભારત સરકાર દ્વારા જોખમવાર સૂચિત મધ્યસ્થ મંત્રાલયો/ વિભાગો	**પુનરાવર્તિત** આપત્તિ પ્રતિભાવમાં સામેલ તમામ મંત્રાલયો/ સંસ્થાઓએ તર્ક સંગત ફરિયાદ નિવારણ પદ્ધતિની કામગીરીની ખાતરી કરવી **ટૂંકા ગાળા (ટી ૧)** • રાજ્ય અને આંતરરાજ્ય જરૂરિયાતોની અંદર રાજ્ય અને કેન્દ્ર માટે લાગુ હાલના ફરિયાદ નિવારણ પધ્ધતિની સમીક્ષા કરો •ફરિયાદ નિવારણ પધ્ધતિ મજબૂત કરવાની યોજનાઓ વિકસાવો **મધ્યમ અવધિ (ટી૨)** ફરિયાદ નિવારણ પધ્ધતિને મજબૂત કરવા માટેની યોજનાઓ અમલમાં મૂકવી	રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો, SDMA, DMD$, RD, DDMA, PRIs, ULBs, આપત્તિ પ્રતિભાવ સાથે સંલગ્ન બધા વિભાગો	**પુનરાવર્તિત** આપત્તિ પ્રતિભાવમાં સામેલ તમામ મંત્રાલયો/ સંસ્થાઓએ તર્ક સંગત ફરિયાદ નિવારણ પદ્ધતિની કામગીરીની ખાતરી કરવી **ટૂંકા ગાળા (ટી૧)** • રાજ્ય, કેન્દ્ર અને રાજ્યમાં લાગુ હાલના ફરિયાદ નિવારણ તંત્રની સમીક્ષા કરવી • ફરિયાદ નિવારણ તંત્રને મજબૂત કરવાની યોજનાઓ વિકસાવવી **મધ્યમ અવધિ (ટી ૨)** •ફરિયાદ નિવારણ તંત્રને મજબૂત કરવા માટેની યોજનાઓ અમલમાં મૂકવી
		MRTH, MOR, AERB, DAE, BIS, MORD, MHUA, MoHRD	**ટૂંકા ગાળા (૧ ટી)** • વ્યાપક જાહેર પરામર્શ સાથે કાયદા, નિયમો ઘડવા • આપત્તિ જોખમ પ્રતિભાવના ક્ષેત્રોમાં		**પુનરાવર્તિત** • ગુણવત્તાના અમલની ખાતરી કરવી • અમલવારી ઉપર દેખરેખ રાખવી **ટૂંકા ગાળા (૧ ટી)** વ્યાપક જાહેર પરામર્શ સાથે રાજ્યકક્ષાના નિયમો

	મુખ્ય વિષય	*આપત્તિ જોખમ શાસનનું મજબૂતીકરણ*			
		કેન્દ્ર/રાજ્યની એજન્સીઓ અને તેની જવાબદારીઓ			
		કેન્દ્ર	જવાબદારીકેન્દ્ર-	રાજ્ય	જવાબદારીરાજ્ય-
૬	આપત્તિ જોખમ વ્યવસ્થાપન માટે પ્રમાણપત્રો અને પુરસ્કારો જેવા ગુણવત્તાના ધોરણોને પ્રોત્સાહન આપવું	વ્યાવસાયિક સંસ્થાઓ, વિકાસ ધોરણો સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ (જોખમ પ્રમાણેની વિગતો પ્રકરણ-૭ માં આપી છે)	રાષ્ટ્રીય ધોરણો પર પરામર્શ શરૂ કરવો **મધ્યમ અવધિ (૨ ટી)** • આપત્તિ જોખમ પ્રતિભાવ પ્રમાણપત્રો અને પુરસ્કારોની પ્રણાલી ઊભી કરવી • અમલીકરણની પદ્ધતિઓ વિકસાવવી **લાંબા ગાળાના (૩ ટી)** • ટેકનો કાનૂની શાસન વિકસાવવું • દેખરેખ પાલન માટે સંસ્થાકીય વ્યવસ્થા ઊભી કરવી • આપત્તિ જોખમ ઘટાડવા માટે ગુણવત્તા, ધોરણો, સંહિતા બનાવવા	રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો, SDMA, DMD$, RD, DDMA, PRIs, ULBs	ઘડવા **મધ્યમ ગાળાની (૨ ટી)** • ખાસ કરીને શહેરી અને ગ્રામીણ વિસ્તારો માટે યોગ્ય પેટા કાયદાઓ ઘડવા • આપત્તિ જોખમ પ્રતિભાવ માટે પ્રમાણપત્રો અને પુરસ્કારોની પ્રણાલી ઊભી કરવી • અમલીકરણની પદ્ધતિઓ વિકસાવવી **લાંબા ગાળાના (૩ ટી)** • ટેકનો કાનૂની શાસનનો અમલ કરવો • દેખરેખ પાલન માટે સંસ્થાકીય વ્યવસ્થા ઊભી કરવી

($) આપત્તિ વ્યવસ્થાપન વિભાગ: રાજ્ય સરકારનો વિભાગ આપત્તિ વ્યવસ્થાપન માટે નોડલ વિભાગ તરીકે કાર્ય કરે છે , જે દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં સમાન નથી

૧૩ આંતર રાષ્ટ્રિય સહકાર

૧૩.૧ આંતર રાષ્ટ્રિય પ્રયાસોમાં સહયોગ

આપત્તિ વ્યવસ્થાપનની વૈશ્વિક પહેલમાં ભારત સક્રિય ભૂમિકા ભજવે છે. આપત્તિ જોખમ ઘટાડવા માટે ભારતે સેન્ડાઇ માળખા પર હસ્તાક્ષર કર્યા છે અને વ્યવસ્થિત અને સંસ્થાકીય પ્રયાસો દ્વારા પ્રાથમિકતાઓ અને ઉદ્દેશો હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. બહુ-પરિમાણીય પહેલ અને કુશળતા સાથે ભારત આપત્તિઓની અસરના નિવારણ અને તેને ઘટાડવામાં પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગના મજબૂત પ્રયાસો કરવામાં અગ્રણી ભૂમિકા ભજવવા માટે પ્રતિબદ્ધ છે.

ભારત ભાગ લેનારા દેશોમાંનો એક છે અને UNISDR સાથે નજીકથી કામ કરે છે. ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ આપત્તિ વ્યવસ્થાપન ટુકડીમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘની એજન્સીઓ જેવી કે ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન, ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન, યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન , યુનાઇટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ , યુનાઇટેડ નેશન્સ હાઇ કમિશન ફોર રેફ્યુજી, યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ, વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનનો સમાવેશ થાય છે . આપત્તિ જોખમ ઘટાડવાના કાર્યક્રમમાં ભારત વૈશ્વિક સુવિધામાં ભાગ લઈ રહ્યું છે.એશિયન ડિઝાસ્ટર રિડક્શન સેન્ટરના સ્થાપક સભ્યોમાંનું ભારત એક છે. આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં સહકાર માટે ભારતે અનેક દેશો સાથે કરાર કર્યા છે. આપત્તિ વ્યવસ્થાપનમાં વિચારો અને કુશળતાના આદાન -પ્રદાન માટે ભારત ઘણા દેશો સાથે નજીકથી કામ કરી રહ્યું છે.

૧૩.૨ વિદેશી સહાય સ્વીકરવી

ભારત સરકાર આપત્તિના પગલે વિદેશી સહાય માટે કોઈ અપીલ જારી કરતી નથી. અલબત , જો અન્ય દેશની રાષ્ટ્રીય સરકાર આપત્તિ પીડિતો સાથે એકતામાં સદ્ભાવનાના સંકેત તરીકે સ્વૈચ્છિક રીતે સહાય ઓફર કરે , તો આવી તમામ ઓફર સ્વીકારવાનો નિર્ણય લેવાનો એક નીતિની બાબત તરીકે ફક્ત કેન્દ્ર સરકારને અધિકાર છે.આવા વિદેશી સહાયકોની સમીક્ષા કરવાની પ્રાથમિક જવાબદારી વિદેશી બાબતોના મંત્રાલયની છે જે ગૃહ મંત્રાલય સાથે પરામર્શ અને સંકલન કરશે.

વિદેશી સરકારો તરફથી મળતા તમામ મદદના પ્રસ્તાવો વિદેશ મંત્રાલય મારફત હાથ ધરવામાં આવશે. તકનીકી સહાય , કટોકટી બચાવ ટીમો , પુનનિર્માણ સહાય વગેરે સહિતની મદદના સ્વરુપનું સંબંધિત રાજ્ય સરકારો તરફથી મળેલી માહિતીના આધારે ગૃહ મંત્રાલય સાથે પરામર્શ કરીને કિસ્સાદીઠ ધોરણે મૂલ્યાંકન કરવામાં આવશે.

બિન નિવાસી ભારતીયો , પીઆઇઓ અને વિદેશી બિન-સરકારી સંસ્થાઓ જેમ કે ફાઉન્ડેશનો વગેરેના યોગદાનના કિસ્સામાં આવા દાન વડાપ્રધાન અને મુખ્યમંત્રી રાહત ફંડ દ્વારા સ્વીકારી શકાય છે. વિદેશી બિન-સરકારી સંસ્થાઓ તરફથી ભારતીય બિન-સરકારી સંસ્થાઓને અન્ય તમામ દાન વિદેશી યોગદાન (નિયમન) અધિનિયમ ૨૦૧૦ સહિત વર્તમાન નિયમોનું પાલન કરવું આવશ્યક છે.

૧૩.૩ બહુપક્ષીય સહાય સ્વીકારવી

સંયુક્ત રાષ્ટ્ર સંઘની એજન્સીઓ તરફથી સહાયના કિસ્સામાં ભારત સરકાર આવી તમામ દરખાસ્તોનું મૂલ્યાંકન કરશે અને તેની યોગ્યતાઓને ધ્યાનમાં લેશે. જો સ્વીકારવામાં આવે તો ભારત સરકાર સંબંધિત મંત્રાલય અથવા રાજ્ય સરકારને સંબંધિત સંયુક્ત રાષ્ટ્ર સંઘની એજન્સી સાથે સંકલન કરવા માટે નિર્દેશો જારી કરશે . આપત્તિની ઘટના સમયે ભારતમાં પહેલેથી જ કાર્યરત સંયુક્ત રાષ્ટ્ર સંઘની એજન્સીઓ અને આંતરરાષ્ટ્રીય બિનસરકારી સંસ્થાઓ , સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગો અને રાજ્ય સરકાર સાથે સંકલન કરીને લાગુ પડતા ધોરણો અને પ્રોટોકોલ અનુસાર અસરગ્રસ્ત ક્ષેત્રમાં લોકોને માનવીય સહાયતા આપવાનું ચાલુ રાખશે.

૧૩.૪ ભાગીદારીનું પાલન

ભારત આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રોમાં અન્ય દેશો સાથે કુશળતા અને કામની વહેંચણી કરવા સાથે કાર્ય કરવા આતુર છે. ભારત એશિયા પેસિફિક ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણ માટે મોટી ભૂમિકા ભજવી શકે છે અને સેન્ડાઇ માળખા હેઠળ હંમેશા પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ભાગીદારીના નિર્માણ માટે આતુર છે. આપત્તિઓ સામે સ્થિતિસ્થાપક દેશો અને સમુદાયો સાથે નિર્માણના ક્ષેત્ર અને તેથી આગળ ભારત આ દેશો સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. જરૂરિયાતમંદ અન્ય દેશોને માનવતાવાદી સહાય પૂરી પાડવા આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે જોડાવા ભારત આતુર છે.

૧૪ યોજનાની જાળવણી, દેખરેખ અને તેમાં સતત સુધારા-વધારા

૧૪.૧ પાશ્વભૂમિકા

આપત્તિ વ્યવસ્થાપનની યોજનાઓની સુસંગતતા અને અસરકારકતાને સુનિશ્ચિત કરવા માટે તેની નિયમિત જાળવણી ગંભીર બાબત છે. યોજનાની જાળવણી ગતિશીલ પ્રક્રિયા છે. વૈશ્વિક અનુભવોને સમાવવા માટે સરકારની નીતિઓ ,પહેલ, પ્રાથમિકતાઓ તેમજ તકનીકી ફેરફારો સાથે યોજનાને સમયાંતરે અદ યતન કરવી. યોજનાની અસરકારકતાનું મૂલ્યાંકન કરવાથી યોજનામાં દર્શાવેલ લક્ષ્યો, ઉદ્દેશો, નિર્ણયો, કાર્યો અને સમય સફળ પ્રતિભાવ તરફ દોરી ગયો છે કે કેમ તે નક્કી કરવા માટે તાલીમી કાર્યક્રમો, આયામો અને -વિશ્વની ઘટનાઓનું વાસ્તવિક સંયોજન સામેલ છે. આ રીતે કટોકટી સજ્જતા માટે આયોજન પ્રક્રિયાનો અભિન્ન ભાગ બની જાય છે. આપત્તિ વ્યવસ્થાપનના ઘડવૈયાઓ ભારતના વિવિધ ભાગો ઉપરાંત સમગ્ર વિશ્વના પદાર્થ પાઠ અને વર્તમાન પ્રવાહોથી વાકેફ હોવા જોઈએ. યોજનાના કાર્યકારી પાસાઓનું મૂલ્યાંકન કરવા , અંતર સુધારીને યોજનાની કાર્યક્ષમતા સુધારવા માટે તાલીમ, કૃત્રિમ નિદર્શન અને અભ્યાસ નિર્ણાયક બાબતો છે. કટોકટીની સંભાવનાઓ અને વાસ્તવિક ઘટનાઓ, નવીનતા રચવા અને યોજનાની સ્ટાન્ડર્ડ ઓફ પ્રેક્ટીસ અને માર્ગદર્શિકાને અદ્યતન કરવા જેવી બાબતો પણ યોજનાના મૂલ્યાંકનના પ્રસંગો છે. કેટલીકવાર જૂની માહિતી, બિનઅસરકારક પ્રક્રિયાઓ, જવાબદારીની ખોટી સોંપણીઓના કારણે સંચાલનમાં પીછેહઠ અનુભવવી પડે છે. વધુમાં સમાવિષ્ટ સમુદાયોનું સ્થળાંતર થવાથી સંસાધનો અથવા કરાર વિસ્તૃત થાય અને ક્ષમતાઓ વિકસિત થાય છે ત્યારે સમય જતાં અધિકારક્ષેત્ર માટેની પ્રાથમિકતાઓ બદલાઈ શકે છે.

૧૪.૨ તાલીમ અને અભ્યાસ

સંબંધિત આપત્તિ વ્યવસ્થાપન યોજના વિકસાવવાની મધ્યસ્થ સંસ્થાએ યોજનાની અમલવારી સાથે સંકળાયેલ અન્ય તમામ સંસ્થાઓને ચોક્કસ જવાબદારીઓ (કેન્દ્રીય મંત્રાલયો/ વિભાગો , રાજ્ય સરકારો/ કેન્દ્રશાસિત પ્રદેશો , વગેરે) સાથે જુદા જુદા સ્તરે તેનો પ્રસાર કરવો. આ મુખ્ય હિસ્સેદાર સંસ્થાઓએ યોજનામાં તારવવામાં આવેલા કાર્યો કરવા માટે જરૂરી જ્ઞાન કુશળતા અને ક્ષમતા માટે તેમના કર્મચારીઓને તાલીમ આપવી જરૂરી છે . દરેક સંસ્થા આપતિ વ્યવસ્થાપન માટે મધ્યસ્થ અધિકારીઓની નિયુક્તિ કરશે અને પૂરતી તાલીમનું સમયપત્રક તૈયાર કરશે. દરેક આપતિ વ્યવસ્થાપન મધ્યસ્થ સંસ્થાએ સમયપત્રક મુજબ વર્ષમાં ફરજિયાત ઓછામાં ઓછા બે વખત નિયમિત કૃત્રિમ નિદર્શન સાથે તાલીમી કાર્યશાળા યોજવી. સંપૂર્ણ તૈયારીઓ સુનિશ્ચિત કરવા અને આપત્તિ

પ્રતિભાવ સંચાલન ટુકડીઓ, સંસ્થાકીય તંત્ર અને સાધનોની કાર્યાત્મક તત્પરતા જાળવવા માટે આવા કાર્યક્રમો નિર્ણાયક છે.

આપત્તિ પ્રતિભાવ કાર્યાન્વિત થયા બાદ શક્ય એટલા ટૂંકા સમયમાં કામે લાગવા માટેની તેમની સજ્જતા ચકાસવા માટે કૃત્રિમ નિદર્શન અને તાલીમનું આયોજન કરવું આવશ્યક છે. અગ્નિશમન વિભાગ અથવા સૈન્ય ટુકડી દ્વારા હાથ ધરવામાં આવતી કવાયતની જેમ એ જ સ્વરુપે તેઓ હાથ ધરશે. આ કાર્યશાળાઓ અને અભ્યાસ અગાઉથી નિયત સ્થળો અથવા અથવા મૂળ સ્થળે ઘટના માટે પદનામિત કમાન્ડરો અને સંબંધિત વિભાગીય વડાઓના માર્ગદર્શન હેઠળ જોઈએ. આ તમામ તાલીમ અને અભ્યાસનો ઉદ્દેશ બંને ટીમોને આપત્તિ વ્યવસ્થાપન યોજના સાથે પરિચિત કરવાનો અને તેમની કાર્યક્ષમતા વધારવાનો છે. તાલીમ નિર્ણાયક છે કારણ કે તેઓ સ્પષ્ટ ચેઇન ઓફ કમાન્ડ સાથે કટોકટીની પ્રતિક્રિયા માટે સુસંગત ટીમ તરીકે કામ કરવાના મહત્વના અગત્યની વ્યક્તિઓમાં વિકસાવવા માટે ખ્યાલો અને માર્ગદર્શિકાઓથી ઉપર છે. કાર્યશાળા અને અભ્યાસ સ્ટાન્ડર્ડ ઓફ પ્રેક્ટિસનો અમલ કરવાની તક પણ આપશે. આ કાર્યશાળાઓ તમામ હિસ્સેદારોને સંકલિત પ્રતિભાવ એકમમાં વિકસિત કરવાની આ ટુકડીઓને તક પણ આપશે.

૧૪.૩ યોજનાનું પરીક્ષણ અને સુધારણા શીખવી

એક યોજનાની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે યોજનામાં સામેલ તાલીમ કાર્યક્રમો , તેનો ઉપયોગ અને વાસ્તવિક બનાવો. યોજનાના લક્ષ્યો, ઉદ્દેશો, નિર્ણયો, ક્રિયાઓ અને સમય સફળ પ્રતિભાવ તરફ દોરી ગયા છે કે કેમ તે નક્કી કરવા માટેનું સંયોજન છે. અભ્યાસો અને ઉપયોગનો હેતુ સંબંધિત તમામ હિસ્સેદારોની સરખી ભાગીદારી સાથે યોજનાનું પરીક્ષણ કરીને સજ્જતાને પ્રોત્સાહન આપવાનો છે. મૂલ્યાંકન અને ક્રિયાઓની ઉપચારાત્મક પ્રક્રિયા આપત્તિ વ્યવસ્થાપન યોજના સાથે સમસ્યાઓને ઓળખીને પ્રકાશિત કરશે અને સુધારશે. આ પ્રક્રિયા તાલીમના ઉપયોગ, આપત્તિ પછીની ટીકાઓ, સ્વ-મૂલ્યાંકન, ઓડિટ, વહીવટી સમીક્ષાઓ કે અનુભવેલી- પ્રક્રિયાઓમાંથી માહિતી મેળવવી આવશ્યક છે જે યોજનામાં રહેલી ખામીઓ અસ્તિત્વમાં છે તે સૂચવે છે . આયોજન ટીમના સભ્યોએ સમસ્યાની ચર્ચા કરવા અને સમગ્ર મિશનના તમામ ક્ષેત્રોમાં ઉપાયો શોધી કાઢવાની જવાબદારી વિચારવા અને સોંપવા માટે ફરી મળવું જોઈએ.

ઉપચારાત્મક કામગીરીના આયોજનની ધારણાઓ અને કાર્યવાહીના ખ્યાલોને સુધારવા , સંગઠનાત્મક કાર્યો બદલવા અથવા સંગઠનાત્મક અમલીકરણ સૂચનાઓ(એટલે કેએસઓપીઓ/ એસઓજીઓ) માં ફેરફાર કરવો સામેલ હોઈ શકે છે. ઉપચારાત્મક પગલાઓમાં ક્ષમતાઓનું પુનઃ મૂલ્યાંકન, આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં કરવામાં આવેલી ધારણાઓનું પુનરાવર્તન અને અવરોધોને દૂર કરવા માટેના ઉકેલોનો સમાવેશ પણ થઈ શકે છે. ઉપચારાત્મક પગલા પ્રક્રિયાનો આખરી ઘટકે સોંપેલ કામગીરીઓ પર નજર રાખવા અને તેનું અનુસરણ કરવાની પદ્ધતિ છે. ઉપચારાત્મક પગલા

પ્રક્રિયા અને/અથવા વાર્ષિક સમીક્ષા દ્વારા ઓળખી શકાય તેવા મહત્વના મુદ્દાઓ અને સમસ્યાઓ આયોજન ટીમને યોજનામાં આવશ્યક પુનરાવર્તન કરવા માટે જરૂરી માહિતી પૂરી પાડવી એ યોગ્ય રહેશે.

૧૪.૪ કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા દેખરેખ

તમામ કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ સંબંધિત આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓના અમલીકરણની પ્રગતિ પર નિયમિત દેખરેખ રાખવા માટે ચકાસણી સૂચકો સાથે ચકાસણી યાદી તૈયાર કરવી જોઈએ. દેખરેખ પ્રણાલી સેન્ડાઇ માળખાનું દેખરેખ ચકાસણી યાદી (પરિશિષ્ટ-૩) માં જોડાયેલી હોવી જોઈએ. સેન્ડાઇ માળખાને સંદર્ભ તરીકે રાખીને , તેઓએ વિવિધ જોખમોને લગતા વિશિષ્ટ ચકાસણી યાદી વિકસાવવી આવશ્યક છે. નિરીક્ષણમાં સમયાંતરે સમીક્ષાઓનો સમાવેશ થવો જોઈએ જે અર્ધ-ચક્રવાત કે પુનરાવર્તિત ચક્રવાત અથવા તોફાન જેવા જોખમોનો પ્રકૃતિ સાથે સુમેળ કરે છે. તેઓએ ચેતવણી વિના પણ ભૂકંપ અથવા સુનામી જેવી અત્યંત ભાગ્યે જ આવતી હોય તેવી આપત્તિઓ માટે નિયમિતપણે તૈયારીની સમીક્ષા કરવી જોઈએ. પુનરાવર્તિત અથવા વારંવારના જોખમો માટે તેઓએ મોસમની શરૂઆત પહેલાં સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે ચકાસણી યાદીનો ઉપયોગ કરવો જોઈએ. આ વાર્ષિક અભ્યાસ તરીકે અન્ય જોખમો માટે હાથ ધરવામાં આવી શકે છે. ભારત સરકારના મંત્રાલયો / વિભાગોએ પણ તેમની યોજનાના અમલીકરણ માટે જરૂરી નાણાકીય જોગવાઈઓની મર્યાદાની સમયાંતરે સમીક્ષા કરવી જોઈએ.

૧૪.૫ સુધારો/ અપડેટ

આ પગલું આયોજન પ્રક્રિયામાં રહી ગયેલી છટકબારી બંધ કરે છે. તે અમલ કરતી વખતે અનુભવમાં આ પગલું તેનો અમલ વખતે ઉપયોગ કરીને મેળવેલી માહિતી ઉમેરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ફરીથી આયોજનનો દોર શરૂ કરે છે. સંબંધિત તમામ હિસ્સેદારોએ યોજનાની સમીક્ષા અને સુધારણા માટેની પ્રક્રિયા સ્થાપવી જોઈએ. દરેક આપત્તિ વ્યવસ્થાપન યોજનાની સમયાંતરે સમીક્ષા અને અપડેટ થવી જોઈએ. નીચે દર્શાવ્યા મુજબ તેની સમીક્ષા અને અપડેટ પણ થાય તે જોવું જોઈએ.

- દરેક મોટી ઘટના પછી મુખ્ય સમીક્ષા અને પુનરાવર્તન
    - ઓપરેશનલ સંસાધનોમાં નોંધપાત્ર ફેરફાર કર્યા પછી (એટલે કે નીતિ , અધિકારીગણ, સંગઠનાત્મક માળખાઓ, સંચાલનની પ્રક્રિયાઓ સગવડતાઓ, સાધનો)
- કોઇપણ જાહેરનામા કે ઔપચારિક અદ્યતન બાદ આયોજનમાં માર્ગદર્શન અથવા ગુણવત્તાઓ
- દરેક કેસ પછી કટોકટીની ધારણા કરીને આયોજનબધ્ધ સક્રિયકરણ
- મુખ્ય આયામો પૂર્ણ થયા બાદ
- જિલ્લાની વસ્તી વિષયકતામાં ફેરફાર અથવા સંકટ અથવા જોખમનો ઇતિહાસ
- નવા અથવા સુધારેલા કાયદાઓ અથવા વટહુકમોનો અમલ

અસાધારણ સંજોગોમાં જ્યાં ઘટનાની તીવ્રતા અથવા વધારાના પગલાં માંગીલેતીપરિસ્થિતિમાં યોગ્ય સત્તામંડળ જરૂરી સુધારા કરશે. વિવિધ મંત્રાલયો , રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જરૂર મુજબ યોજનાને સુધારવાની કવાયતમાં સહકાર આપશે. આપત્તિ વ્યવસ્થાપન કાયદાની કલમ ૧૧(૪) મુજબ, રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમની વાર્ષિક સમીક્ષા અને અપડેટ કરવાના રહે છે.

સંદર્ભ સાહિત્ય

Bal,S. K., Saha,S., Fand, B.B.,Singh, N.P., Rane,J., &Minhas,P.S. (2014). Hailstorms: Causes,damage and post-hail management in agriculture. National Institute of Abiotic StressManagement,IndianCouncil ofAgricultural Researc,TechnicalBulletin,(5),44.

Benson,C.,Twigg,J.,&Rossetto,T.(2007).Toolsformainstreamingdisasterriskreduction:Guidancenotesfordevelopmentorganisations.ProVentionConsortium.

CSO (2016) Elderly in India. Central Statistics Office, MOSPI, Govt. of India, Delhi.http://mospi.nic.in/sites/default/files/publication_reports/ElderlyinIndia_2016.pdf

DesInventar(2016)http://www.desinventar.net/definitions.html(accessedSep20,2019)

FAO (2016) Livestock-related interventions during emergencies—The how-to-do-it manual. AnimalProductionand HealthManual No.18., FAO,Rome.

Fordham, M. (1999) "The Intersection of Gender and Social Class in Disaster: Balancing ResilienceandVulnerability."InternationalJournalofMassEmergenciesandDisasters17,no.1(1999):15-36.

Fothergill,A(1998)."TheNeglectofGenderinDisasterWork:AnOverviewoftheLiterature."In:TheGendered Terrain of Disaster: Through Women's Eyes, edited by Elaine Enarson and Betty HearnMorrow,11-25.Miami, Florida:LaboratoryforSocialandBehavioralResearch,1998.

GCF (2018) Global Catastrophic Risk Report 2018 https://www.humanitarianfutures.org/global-catastrophic-risk-report-2018/(accessed Sept.30, 2019)

GOI(2005)DisasterManagementAct2005

GOI(2009)NationalPolicyonDisasterManagement

Goswami, B.N., Venugopal, V., Sengupta, D., Madhusoodanan, M.S. and Xavier, P. K.,(2006)Increasing trend of Extreme Rain Events over India in a Warming Environment, Science, 314,5804,1442-1445.

HI (2015) Disability in Humanitarian Context: Views from Affected People and Field Organisations,Handicap International. https://handicap-international.ch/sites/ch/files/documents/files/disability-humanitarian-context.pdf(accessed 20Sep 2019)

IMD(2012)AnnualClimate Summary2012,NationalClimate Centre, Pune.IMD(2016)TerminologyonCyclonicdisturbancesovertheNorthIndianOcean. http://www.rsmcnewdelhi.imd.gov.in/images/pdf/cyclone-awareness/terminology/terminology.pdf(accessed20Sep2019)

IPCC (2012) Managing the Risks of Extreme Events and Disasters to Advance Climate ChangeAdaptation.ASpecialReport ofWorkingGroupsIandIIoftheIntergovernmentalPanelonClimateChange, Cambridge University Press,Cambridge, UK,582 pp.

IPCC(2013)ClimateChange2013:ThePhysicalScienceBasis.ContributionofWorkingGroupItotheFifth Assessment Report of the Inter-Governmental Panel on Climate Change, CambridgeUniversityPress,Cambridge, UnitedKingdomandNewYork, NY,USA,1535pp.

Kothawale,D.R.,MunotAA,KrishnaKumarK, (2010).SurfaceairtemperaturevariabilityoverIndiaduring 1901-2007, and its association with ENSO, Climate Research, 42, June 2010, 89-104,doi:10.3354/cr00857(no journal/book etc.)

Le Quesne, F., Tollmann, J., Range, M., Balogun, K., Zissener, M., Bohl, D., Souvignet M, Schuster S,ZwickS,PhillipsJ,andWehnert,B.(2017).Theroleofinsuranceinintegrateddisaster&climateriskmanage

ment: Evidence andlessons learned.
LEGS (2014) Livestock and Emergency Guidelines Standards, Prelims–Livestock and EmergencyGuidelines (LEGS)–2nd edition. In Livestock Emergency Guidelines and Standards (LEGS)-2ndEdition(pp. i-xvi).PracticalActionPublishing.

MA (2005) Millennium Ecosystem Assessment, Ecosystems and Human Well-being: Current StateandTrends: FindingsoftheConditionandTrendsWorkingGroup,IslandPress:Washington,D.C.
MAFW (2016) Drought Management Manual, Ministry of Agriculture & Farmers Welfare, Govt. ofIndia
MOEFCC(2010)ClimateChange andIndia:A4x4Assessment-ASectoralandRegionalAnalysisfor2030s, INCCA Report #2, Ministry of Environment, Forests and Climate Change, p 164.http://www.moef.nic.in/sites/default/files/fin-rpt-incca_0.pdf (Retrieved30-Oct-2017)
OsloPolicyForum (2008) ChangingtheWayWeDevelop:DealingwithDisastersandClimateChange – Report on the findings of the conference. Oslo and Geneva: Norwegian Ministry for ForeignAffairs,ProVentionConsortiumandtheUnitedNationsDevelopmentProgramme.Available atwww.oslopolicyforum.no/front.cfm.
Parkinson, D (2011). Gender and Disaster: Literature Review. Wangaratta, Australia: Women'sHealthGoulburn North East Inc., 2011.
Pattanaik,D.R.andRajeevan,M.(2010)VariabilityofextremerainfalleventsoverIndiaduringsouthwestmonsoon season. Meteorological Applications,17(1), 88-104.
Rajeevan, M., Bhate, J. and Jaswal, A.K. (2008) Analysis of variability and trends of extreme rainfalleventsoverIndiausing104yearsofgriddeddailyrainfalldata.GeophysicalResearchLetters,35,L18707.
Rathore, L.S.,Attri,S.D.,&Jaswal,A.K.(2013).StatelevelclimatechangetrendsinIndia. MeteorologicalMonographNo.ESSO/IMD/EMRC/02/2013,GovernmentofIndiaMinistryofEarthSciences,EarthSystemScienceOrganisation,IndiaMeteorologicalDepartment,p156.
Rathore,L.S.,Attri,S.D.,andJaswal,A.K.(2013)StateLevelClimateChangeTrendsinIndia,MeteorologicalMonographNo. ESSO/IMD/EMRC/02/2013
SatendraandKaushik,A.D.(2014):Forest FireDisasterManagement.NationalInstituteofDisasterManagement,Ministry ofHome Affairs,NewDelhi.
SenRoy,S.,(2009)AspatialanalysisofextremehourlyprecipitationpatternsinIndia.InternationalJournal ofClimatology,29(3),345-355.
Singh, S.K. and Gupta, R.K. (2017) Monitoring of Glacial Lakes & Water Bodies in the HimalayanRegion of Indian River Basins for 2016, CWC/CC&IAD/2016/TR 6. URL:http://www.cwc.gov.in/main/downloads/CWC_lakes_monitor_report_2016.pdf(accessed Sep20,2019)
Tierney,K.(2012),Disastergovernance:Social,political,andeconomicdimensions.AnnualReviewofEnvironmentand Resources, 37, pp.341-363.
Turnbull, M., Sterrett, C.L. and Hilleboe, A. (2013) Toward Resilience: A Guide to Disaster RiskReductionandClimateChangeAdaptation(www.ecbproject.org),PracticalAction PublishingLtd.,Warwickshire.
UN (1989) Convention on the Rights of the Child https://www.unicef.org/crc/ (accessed

Sep 20,2019)

UN (2015) Transforming our world: the 2030 Agenda for Sustainable Development, GeneralAssembly, Resolution 70/1.https://sustainabledevelopment.un.org/post2015/transformingourworld(accessedSep20, 2019)

UNDESA(2008)PracticalStrategiestoPromoteSocialIntegration.Paris,France,10-13September2007 Final Report of the Expert Group Meeting on "Creating an Inclusive Society: Practicalstrategiestopromote social inclusion"

UNDP(2004),ReducingDisasterRisk-AChallengeforDevelopment,UnitedNationsDevelopmentProgramme,NewYork.

UNDP(2012)PuttingResilience attheHeartofDevelopment-InvestinginPreventionandResilientRecovery

UNDP(2013)DisasterriskGovernance:IssueBrief.UNDP.New York.

UNDP(2015)StrengtheningDisasterRiskGovernance:UNDPSupportduringtheHFAImplementationPeriod2005-2015,NewYork.

UNFCC(2015)ParisAgreement,FCCC/CP/2015/10/Add.1

https://unfccc.int/process-and-meetings/conferences/pastconferences/paris-climate-change-conference-november-2015/cop-21/cop-21-decisions

UNISDR (2014) Charter 14 for Older People in Disaster Risk Reduction.https://www.unisdr.org/we/inform/publications/40218(accessedSep20,2019)

UNISDR (2015a), Sendai Framework for Disaster Risk Reduction 2015-2030.http://www.unisdr.org/we/inform/publications/43291(accessedSep20,2019)

UNISDR(2015b)Global AssessmentReport2015.https://www.unisdr.org/we/inform/publications/42809(accessedSep20,2019)

UNISDR(2016)Reportoftheopen-endedintergovernmentalexpertworkinggrouponindicatorsandterminology relating to disaster risk reduction.https://www.unisdr.org/we/inform/publications/51748(accessedSep.20,2019)

UNISDR(2017)BuildBackBetterinRecovery,RehabilitationandReconstruction:ConsultativeVersion

WCDRR(2015)MobilizingWomen'sLeadershipinDisasterRiskReduction,ThirdUnitedNations WorldConferenceonDisasterRiskReduction (3WCDRR),Sendai, Japan,14-18March 2015

WorldBankGroup(2012),TurnDowntheHeat:Whya4^{o}Cwarmerworldmust beavoided.

પરિશિષ્ટ- ૧: રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની માર્ગદર્શિકાઓની સૂચિ

સ્ત્રોત:http://ndma.gov.in/en/ndma-guidelines.html(સપ્ટે ૩૦,૨૦૧૯ની સ્થિતિએ)

૧. જૈવિક આપત્તિ (સંચાલન માર્ગદર્શિકા)

૨. બોટ સલામતી માર્ગદર્શિકા

૩. રાસાયણિક આપત્તિઓ માર્ગદર્શિકા

૪. રાસાયણિક (આંતકવાદ) આપત્તિ સંચાલક માર્ગદર્શિકા

૫. સાંસ્કૃતિક ઇમારતો અને આસપાસના પરિસર માર્ગદર્શિકા

૬. ચક્રવાત વ્યવસ્થાપન માર્ગદર્શિકા

૭. આપત્તિ પછી મોતના વ્યવસ્થાપન માર્ગદર્શિકા

૮. અપંગતા સમાવિષ્ટ આપત્તિ જોખમ ઘટાડા માર્ગદર્શિકા

૯. અનાવૃષ્ટિ વ્યવસ્થાપન માર્ગદર્શિકા

૧૦. ભૂકંપ

૧૧. અગ્નિ શમન સેવાઓ (માત્રા, સાધનોના પ્રકા અને તાલીમ માર્ગદર્શિકા

૧૨. પૂર વ્યવસ્થાપન માર્ગદર્શિકા

૧૩. ગરમીની લહેર (કાર્યયોજના, અટકાવ અને વ્યવસ્થાપન માર્ગદર્શિકા)

૧૪. હોસ્પિટલ સલામતી માર્ગદર્શિકા

૧૫. ઘટના પ્રતિભાવ પદ્ધતિ માર્ગદર્શિકા

૧૬. બરફ, હિમપ્રપાત અને ભૂસ્ખલન માર્ગદર્શિકા

૧૭. તબીબી સજ્જતા અને સામૂહિક અકસ્માત વ્યવસ્થાપન માર્ગદર્શિકા

૧૮. સંગ્રહાલયો માર્ગદર્શિકા

૧૯. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માહિતી અને સંદેશાવ્યવહાર પ્રણાલી માર્ગદર્શિકા

૨૦. પરમાણુ અને કિરણોત્સર્ગ કટોકટી વ્યવસ્થાપન માર્ગદર્શિકા

૨૧. આપત્તિઓમાં મનો-સામજિક આધાર અને માનસિક આરોગ્ય સેવાઓની માર્ગદર્શિકા

૨૨. રાહત ન્યુનતમ ધોરણોની માર્ગદર્શિકા

૨૩. શાળા સલામતી નીતિ માર્ગદર્શિકા

૨૪. ભૂકંપકીય જર્જરિત ઇમારતો અને માળખા અનુરૂપાંતરણ માર્ગદર્શિકા

૨૫. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન યોજના માર્ગદર્શિકા

૨૬. આપત્તિ અસરગ્રસ્ત પરિવારો માટે અસ્થાયી આશ્રયસ્થાનોની માર્ગદર્શિકા

૨૭. વાવાઝોડુ અને વીજળી પડવી, આંધી, ભારે વરસાદની માર્ગદર્શિકા

૨૮. સુનામી વ્યવસ્થાપન માર્ગદર્શિકા

૨૯. શહેરી પુર વ્યવસ્થાપન માર્ગદર્શિકા

પરિશિષ્ટ- ૨: ભારત માટે જોખમ નકશા

ભારતીય વન્નાબીલીટી એટલાસ, ત્રીજી આવૃત્તિ 2019, મકાન સામગ્રી અને ટેકનોલોજી પ્રમોશન કાઉન્સિલ (BMTPC)

http://www.bmtpc.org/DataFiles/CMS/file/VAI2019/Index.html (accessed Oct 15, 2019)

ભૂકંપ સંકટ નકશો

(http://www.bmtpc.org/DataFiles/CMS/file/VAI2019/eq.html , accessed Oct 15, 2019)



BMTPC : Vulnerability Atlas - 3rd Edition : Peer Group, MoHUA, GOI; Map is Based on digitised data of SOI; Seismic Zones of India Map IS 1893 (Part I): 2002, BIS; Earthquake Epicentre from IMD; Seismotectonic Atlas of India and its Environs, GSI; Houses/Population as per Census 2011; *Houses including vacant & locked houses. Disclaimer: The maps are solely for thematic presentation.

પવન સંકટ નકશો

(http://www.bmtpc.org/DataFiles/CMS/file/VAI2019/wind.html , accessed Oct 15, 2019)

BMTPC : Vulnerability Atlas- 3rd Edition; Peer Group, MoHUA; Map is Based on digitised data of SOI, GOI; Basic Wind Speed Map National Building Code: 2016; Cyclone Data, 1891-2015, IMD, GOI. Houses/Population as per Census 2011; *Houses including vacant & locked houses. Disclaimer: The maps are solely for thematic presentation.

પુર સંકટ નકશો

(http://www.bmtpc.org/DataFiles/CMS/file/VAI2019/flood.html , accessed Oct 15, 2019)



BMTPC : Vulnerability Atlas - 3rd Edition; Peer Group, MoHUA; Map is Based on digitised data of SOI, GOI; Census of India 2011; Flood Atlas (1987),Task Force Report (2004), C.W.C., G.O.I. Houses/Population as per Census 2011; * Houses including vacant & locked houses. Disclaimer: The maps are solely for thematic presentation.

ભૂસ્ખલન સંકટ નકશો

(http://www.bmtpc.org/DataFiles/CMS/file/VAI2019/landslide.html , accessed Oct 15, 2019)

BMTPC: Vulnerability Atlas - 3rd Edition: Peer Group, MoHUA,GOI: Map is Based on digitised data of SOI; Landslide Incidence data GSI; Annual Rainfall data IMD. Houses/Population as per Census 2011;
* Houses including vacant & locked houses. Disclaimer: The maps are solely for thematic presentation.

વાવાઝોડાની ઘટનાનો નકશો

(http://www.bmtpc.org/DataFiles/CMS/file/VAI2019/th.html , accessed Oct 15, 2019)

BMTPC: Vulnerability Atlas - 3rd Edition: Peer Group, MoHUA, GOI; Map is Based on digitised data of SOI;Thunderstorm data from IMD. Disclaimer: The maps are solely for thematic presentation.

પરિશિષ્ટ- ૩: સેન્ડાઇ માળખાના સૂચકો

આપત્તિ જોખમ ઘટાડવા માટે સેન્ડાઇ માળખાના અમલીકરણમાં વૈશ્વિક પ્રગતિને માપવા માટે ૩૮ સૂચકોનો સમૂહ ઓળખી કાઢવામાં આવ્યો હતો. આ સૂચકો સેન્ડાઇ માળખાના વૈશ્વિક લક્ષ્યોને હાંસલ કરવામાં પ્રગતિને માપશે અને જોખમ અને નુકશાન ઘટાડવા વૈશ્વિક વલણો નક્કી કરશે

વૈશ્વિક લક્ષ્ય એ: ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક આપત્તિથી મૃત્યુદરને નોંધપાત્ર રીતે ઘટાડવાનું છે , ૨૦૦૫-૨૦૧૫ની સરખામણીમાં ૨૦૨૦-૨૦૩૦ વચ્ચે ૧ ,૦૦,૦૦૦ વૈશ્વિક મૃત્યુદર સરેરાશ ઘટાડવાનું લક્ષ્ય છે.

એ-૧ (સંયુક્ત)	આપત્તિઓને લીધે દર ૧,૦૦,૦૦૦ મૃત્યુ અને ગુમ થયેલ વ્યક્તિઓની સંખ્યા , (સંયોજન)
એ-૨	આપત્તિઓના લીધે વસ્તી દીઠ ૧,૦૦,૦૦૦ મૃત્યુ.
એ-૩	આપત્તિઓના લીધે વસ્તી દીઠ ૧,૦૦,૦૦૦ લાપત્તા વ્યક્તિઓની સંખ્યા. આ અને અનુગામી લક્ષ્યોમાં આપત્તિનો અવકાશ અંગે આપત્તિ જોખમમાં ઘટાડા માટે સેન્ડાઇ માળખુ ૨૦૧૫-૨૦૩૦ના ફકરા ૧૫માં ઠરાવેલ છે અને તે નાના અથવા મોટા પાયે, વારંવાર અને અવારનવાર , કુદરતી અથવા માનવસર્જિત જોખમો , તેમજ સંબંધિત પર્યાવરણીય, તકનીકી અને જૈવિક જોખમો અને ભયની અચાનક અને ધીમી શરૂઆતની આપત્તિઓને લાગુ પડે છે.

વૈશ્વિક લક્ષ્ય બી: વર્ષ ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક સ્તરે અસરગ્રસ્ત લોકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો, ૨૦૦૫-૨૦૧૫ની તુલનામાં ૨૦૨૦-૨૦૩૦ વચ્ચે ૧૦૦ ,૦૦૦ દીઠ સરેરાશ વૈશ્વિક મૂલ્ય ઘટાડવાનું લક્ષ્ય.

બી -૧આફતોને લીધે ૧૦૦,૦૦૦ વસ્તી દીઠ સીધા અસરગ્રસ્ત લોકોની સંખ્યા.

(સંયોજન)

બી-૨ આપત્તિઓને કારણે ઘાયલ અથવા બીમાર લોકોની સંખ્યા , પ્રતિ ૧૦૦,૦૦૦ વસ્તી દીઠ.

બી-૩ જેમના મકાનોને આપત્તિથી નુકસાન થયું છે એવા લોકોની સંખ્યા.

બી-૪ જેમના મકાનો આપત્તિઓને કારણે નાશ પામ્યા છે એવા લોકોની સંખ્યા

બી-૫ એવા લોકોની સંખ્યા કે જેમની આજીવિકા આપત્તિઓને કારણે ખોરવાઈ અથવા નાશ પામી હતી,

વૈશ્વિક લક્ષ્ય સીઃ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક જથ્થાબંધ ઘરેલુઉત્પાદનના સંબંધમાં સીધા આર્થિક નુકશાનમાં ઘટાડો

સી-1 (સંયોજન) વૈશ્વિક કુલ ઘરેલુ ઉત્પાદનના સંબંધમાં આપત્તિઓને કારણે પ્રત્યક્ષ આર્થિક નુકસાન

સી-૨ *કૃષિને સીધી નુકસાની આપત્તિઓને આભારી છે.કૃષિમાં પાક, પશુધન,માછીમારી, ઉછેર, જળચર ઉછેર અને વન ક્ષેત્રો તેમજ સંબંધિત સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય તેવું માનવામાં આવે છે.*

સી-૩ *અન્ય તમામ ક્ષતિગ્રસ્ત અથવા નાશ પામેલી ઉત્પાદક સંપત્તિઓને સીધી આર્થિક ખોટ આફતોને આભારી છે.પ્રમાણભૂત આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ અનુસાર સેવાઓ સહિત આર્થિક ક્ષેત્ર દ્વારાઉત્પાદક સંપત્તિનું વિભાજન કરવામાં આવશે. દેશો તેમની અર્થવ્યવસ્થાને લગતાઆર્થિક ક્ષેત્રો સામે રિપોર્ટ કરશે. આ સંબંધિત મેટાડેટામાં વર્ણવવામાં આવશે.*

સી-૪ *આવાસ ક્ષેત્રમાં સીધું આર્થિક નુકસાન આપત્તિઓને કારણે થાય છે. ક્ષતિગ્રસ્ત અને નાશ પામેલા મકાનો અનુસાર વિગતોને અલગ પાડવામાં આવશે.*

સી-૫ આપત્તિઓને લીધે નુકસાનગ્રસ્ત અથવા નાશ પામેલા ગંભીર માળખાને કારણે સીધું આર્થિક નુકસાન. *ગંભીર માળખાના એ તત્વો ગણતરીમાં સમાવિષ્ટ કરવા માટે સંબંધિત નિર્ણય સભ્ય દેશો પર છોડી દેવામાં આવશે અને સાથેના મેટાડેટામાં વર્ણવવામાં આવશે. જ્યાં સંબંધિત હોય ત્યાં રક્ષણાત્મક માળખું અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થવો જોઈએ.*

સી-૬ સાંસ્કૃતિક વારસાને સીધું આર્થિક નુકસાન અથવા વિનાશ આપત્તિઓને આભારી છે

વૈશ્વિક લક્ષ્ય ડી: ૨૦૩૦ સુધીમાં તેમની સ્થિતિસ્થાપકતા વિકસાવવા સહિત , આરોગ્ય અને શૈક્ષણિક સુવિધાઓ વચ્ચે , જટિલ માળખાને આપત્તિથી નુકસાન અને મૂળભૂત સેવાઓના વિક્ષેપને નોંધપાત્ર રીતે ઘટાડે છે.

ડી -૧ (સંયોજન) આપત્તિઓને પરિણામે જટિલ માળખાને નુકસાન

ડી -૨ નાશ પામેલી અથવા ક્ષતિગ્રસ્ત થયેલી આરોગ્ય સુવિધાઓની સંખ્યા આપત્તિઓને આભારી છે

ડી -૩ આપત્તિઓને લીધે નાશ પામેલી અથવા ક્ષતિગ્રસ્ત શૈક્ષણિક સુવિધાઓની સંખ્યા

ડી-૪ આપત્તિઓને પરિણામે વિનાશ અથવા ક્ષતિગ્રસ્ત થયેલ ગંભીર માળખાકીય એકમો અને સુવિધાઓની સંખ્યા

નિર્ણાયક માળખાના તે તત્વો ગણતરીમાં સમાવિષ્ટ કરવા માટેનો સંબંધિત નિર્ણય સભ્ય દેશો પર છોડી દેવામાં આવશે અને સાથેના મેટાડેટામાં વર્ણવવામાં આવશે. જ્યાં લાગતું વળગતું હોય ત્યાં રક્ષણાત્મક માળખા અને ગ્રીન માળખાનો સમાવેશ થવો જોઈએ

ડી -૫ (સંયોજન)આપત્તિઓને પરિણામે મૂળભૂત સેવાઓમાં વિક્ષેપોની સંખ્યા

ડી-૬ આપત્તિઓને કારણે શૈક્ષણિક સેવાઓમાં વિક્ષેપોની સંખ્યા

ડી-૭ આફતોને લીધે આરોગ્ય સેવાઓમાં વિક્ષેપોની સંખ્યા

ડી-૮ આપત્તિઓને પરિણામે અન્ય મૂળભૂત સેવાઓમાં વિક્ષેપોની સંખ્યા.

ગણતરીમાં સમાવિષ્ટ થનારી મૂળભૂત સેવાઓના તત્વો સંબંધિત નિર્ણય સભ્ય રાજ્યો પર છોડી દેવામાં આવશે અને સાથેના મેટાડેટામાં વર્ણવવામાં આવશે.

વૈશ્વિક લક્ષ્ય ઇ: ૨૦૨૦ સુધીમાં રાષ્ટ્રીય અને સ્થાનિક આપત્તિ જોખમ ઘટાડવાની વ્યૂહરચના ધરાવતા દેશોની સંખ્યામાં નોંધપાત્ર વધારો.

ઇ-૧ આપત્તિ જોખમ ઘટાડવા માટે સેન્ડાઇ ફ્રેમવર્ક ૨૦૧૫-૨૦૩૦ અનુસાર જેઓ રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડવાની વ્યૂહરચના અપનાવે છે અને તેનો અમલ કરે છે એવાદેશોની સંખ્યા

ઇ-૨ જે રાષ્ટ્રીય વ્યૂહરચનાઓ અનુસાર સ્થાનિક આપત્તિ જોખમ ઘટાડવાની વ્યૂહરચના અપનાવે છે અને તેનો અમલ કરે છે તે સ્થાનિક સરકારોની ટકાવારી.આપત્તિ જોખમ ઘટાડવાની જવાબદારી સાથે રાષ્ટ્રીય સ્તરની નીચેની સરકારને યોગ્ય સ્તરે માહિતી પૂરી પાડવી જોઈએ

વૈશ્વિક લક્ષ્ય એફ: ૨૦૩૦ સુધીમાં આ માળખાના અમલીકરણ માટે તેમની રાષ્ટ્રીય કામગીરીઓને પૂરક બનાવવા માટે પર્યાપ્ત અને લાંબાગાળાના સમર્થન દ્વારા વિકાસશીલ દેશોને આંતરરાષ્ટ્રીય સહયોગમાં નોંધપાત્ર વધારો.

એફ-૧ રાષ્ટ્રિય આપત્તિ જોખમ ઘટાડવાના પગલાઓ માટે સંપૂર્ણ સત્તાવાર આંતરરાષ્ટ્રિય સહયોગ, સત્તાવાર વિકાસ સહાય (ઓફિશ્યલ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ) ઉપરાંત અન્ય સત્તાવાર સતત મદદનો પ્રવાહ.

આપત્તિ જોખમ ઘટાડવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની જોગવાઈ અથવા સ્વીકારનો અહેવાલ સંબંધિત દેશોમાં લાગુ પદ્ધતિઓ અનુસાર કરવામાં આવશે. પ્રાપ્તકર્તા દેશોને રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડવાના ખર્ચની અંદાજિત રકમ અંગે માહિતી આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે

એફ-૨ બહુપક્ષીય એજન્સીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડવાની કાર્યવાહી માટે કુલ સત્તાવાર આંતરરાષ્ટ્રીય સહયોગ, સત્તાવાર વિકાસ મદદ ઓફિશ્યલ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ) ઉપરાંત(અન્ય સત્તાવાર મદદનો પ્રવાહ)

એફ -૩ રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડવાની કામગીરી માટે દ્વિપક્ષીય રીતે પૂરો પાડવામાં આવેલ કુલ સત્તાવાર આંતરરાષ્ટ્રીય સહયોગ , સત્તાવાર વિકાસ મદદ (ઓફિશ્યલ ડેવલપમેન્ટ ઉપરાંત અન્ય સહાયનો સત્તાવાર પ્રવાહ).

એફ -૪ આપત્તિ જોખમ ઘટાડવા માટે સંબંધિત ટેકનોલોજીની તબદીલી અને વિનિમય માટે કુલ આંતરરાષ્ટ્રીય સત્તાવાર સહયોગ , સત્તાવાર વિકાસ સહાય (ઓફિશ્યલ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ ઉપરાંત અન્ય સહાયનો પ્રવાહ)

એફ-૫ વિકાસશીલ દેશો માટે આપત્તિ જોખમ ઘટાડવાના વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાના સ્થાનાંતરણ અને વિનિમય માટે આંતરરાષ્ટ્રીય , પ્રાદેશિક અને દ્વિપક્ષીય કાર્યક્રમો અને પહેલોની સંખ્યા.

એફ-૬ આપત્તિ જોખમ ઘટાડવાની ક્ષમતા-નિર્માણ માટે સત્તાવાર કુલ આંતરરાષ્ટ્રીય સમર્થન (સત્તાવાર વિકાસ મદદ ઉપરાંત અન્ય મદદનો પ્રવાહ).

એફ-૭ વિકાસશીલ દેશોમાં આપત્તિ જોખમ ઘટાડવા સંબંધિત ક્ષમતા-નિર્માણ માટે આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને દ્વિપક્ષીય કાર્યક્રમો અને પહેલોની સંખ્યા

૮ જે આપત્તિ જોખમ ઘટાડવા સંબંધિત આંકડાકીય ક્ષમતાને મજબૂત કરવા આંતરરાષ્ટ્રીય , પ્રાદેશિક અને દ્વિપક્ષીય પહેલ દ્વારા સમર્થિત છે એ વિકાસશીલ દેશોની સંખ્યા

વૈશ્વિક લક્ષ્ય જી: ૨૦૩૦ સુધીમાં લોકો માટે બહુ-જોખમી પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ અને આપત્તિ જોખમ માહિતી અને આકારણીઓની ઉપલબ્ધતા અને આકારણીમાં નોંધપાત્ર વધારો

જી-૧ (સંયોજન જી૨-જી૫) એવા દેશોની સંખ્યા કે જેમાં બહુ જોખમી પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ છે.

જી -૨ એવા દેશોની સંખ્યા કે જેમાં બહુ-જોખમોની દેખરેખ અને આગાહીની પધ્ધતિઓ છે.

જી-૩ સ્થાનિક સરકારો દ્વારા અથવા રાષ્ટ્રીય પ્રસાર પદ્ધતિઓ દ્વારા વહેલી ચેતવણી માહિતી દ્વારા પ્રતિ ૧૦૦,૦૦૦ લોકોની સંખ્યા દીઠ આવરી લેવામાં આવે છે.

જી-૪ પ્રારંભિક ચેતવણીઓ પર પગલા લેવાની યોજના ધરાવતી સ્થાનિક સરકારોની ટકાવારી.

જી-૫ જે સુલભ, સમજી શકાય તેવા, ઉપયોગી અને સંબંધિત આપત્તિ જોખમની માહિતી અને મૂલ્યાંકન રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે લોકો માટે ઉપલબ્ધ છે એવા દેશોની સંખ્યા .

જી-૬ પ્રારંભિક ચેતવણીને પગલે પૂર્વ-ખાલી કરાવવા દ્વારા સુરક્ષિત આફતોના સંપર્કમાં અથવા જોખમમાં રહેલી વસ્તીની ટકાવારી.

આમ કરવાની સ્થિતિમાં રહેલા સભ્ય રાજ્યોને ખાલી કરાયેલા લોકોની સંખ્યા અંગે માહિતી આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સ્ત્રોત:https://www.preventionweb.net/sendai-framework/sendai-framework-monitor/indicators